

પદાર્થ પ્રકાશ ભાગ : ૨૪

# પ્રવચન સારોદ્ધાર

ભાગ : ૨

(૧૩૦ મા દ્વારથી ૨૭૬ મા દ્વાર સુધી)

પદાર્થસંગ્રહ

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પદાર્થ પ્રકાશ ભાગ ૨૪

# પ્રવચનસારોદ્ધાર

(પદાર્થસંગ્રહ)

## ભાગ-૨

(૧૩૦મા દ્વારથી ૨૭૬મા દ્વાર સુધી)


સંકલક + સંપાદક

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા



પ્રકાશક

સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ

સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ

# પ્રાપ્તિસ્થાન

- **સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન**
  પ્રેમકુંજ, તુલસીબાગ સોસાયટી, પરિમલ જૈન ઉપાશ્રયની સામે,
  આનંદમંગલ કોમ્પલેક્ષ IIIની પાસે, હીરાબાગ ક્રોસીંગ, આંબાવાડી, અમદા.
  દિનેશભાઈ મો. ૯૮૨૪૦૩૨૪૩૬, યોગેશભાઈ મો. ૯૯૭૪૫૮૭૮૭૯
- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **અક્ષયભાઈ જે. શાહ**
  અર્હમ્ એન્ટરપ્રાઈઝ, ૨૦/૪૮, જયમહલ એસ્ટેટ,
  ૭-૯, બીજે માળે, લોહારચાલ, બાદશાહ કોલ્ડ્રીંક પાસે,
  મુંબઈ-૪૦૦૦૦૨, મો. ૮૬૫૨૫૫૫૫૫૪
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે,
  સર્વોદયનગર, મુલુંડ (પ.) મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫૫૫૫૦૫
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૪, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાન નગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ફોન : ૨૬૬૭૦૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાલા**
  હીરા જૈન સોસાયટી, સિદ્ધાચલ બંગલોઝ,
  સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫, મો. ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫, (ઉ.ગુ.), ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩


**પ્રથમ આવૃત્તિ ● નકલ : ૫૦૦ ● મૂલ્ય રૂ. ૨૦૦/-**
**વીર સંવત્ ૨૫૪૨ ● વિક્રમ સંવત્ ૨૦૭૨ ● ઈ.સન્ ૨૦૧૬**
**ટાઈપસેટિંગ : વિરતિ ગ્રાફિક્સ, અમદાવાદ, મો. 85305 20629**
**મુદ્રક : શિવકૃપા ઑફસેટ, અમદાવાદ, મો. 9898034899**

## દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી** મહારાજા,
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
અને
પરમ પૂજ્ય સમતાસાગર પન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** મહારાજા
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી** મહારાજા અને
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાની
અમીદૃષ્ટિ સદા અમારી
ઉપર વરસતી રહો.

## ઉપકારી ઉપકાર તમારો કદીય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

●

પૂ. પ્રવર્ત્તિની શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ

●

પૂ.સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ

●

પૂ. સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ

●

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

● ● ●

# પ્રકાશકીય

**'પદાર્થપ્રકાશ ભાગ ૨૪'**ને ઉલ્લાસ અને આનંદ સાથે પ્રકાશિત કરીએ છીએ. **'પ્રવચનસારોદ્ધાર'** ગ્રંથના પદાર્થોનું સરળ ભાષામાં સંકલન થયું છે જે બે ભાગોમાં પ્રકાશિત થઈ રહ્યું છે. પહેલા ભાગનું પ્રકાશન **'પદાર્થપ્રકાશ ભાગ ૨૩'**માં થઈ રહ્યું છે. બીજા ભાગનું પ્રકાશન પ્રસ્તુત પુસ્તકમાં થઈ રહ્યું છે.

શાસ્ત્રીય પદાર્થોને ટૂંકમાં અને સહેલાઈથી સમજી શકાય એ રીતે તેમનું નિરૂપણ પદાર્થપ્રકાશશ્રેણિમાં કર્યું છે. તેથી જ્ઞાનપિપાસુ જનોને આ શ્રેણિના પુસ્તકો ખૂબ જ ઉપયોગી બને છે.

પ્રસ્તુત પુસ્તક પણ અભ્યાસુઓને ખૂબ ઉપકારક બનશે એમાં કોઈ બેમત નથી.

આ પુસ્તકના પઠન-પાઠન દ્વારા સહુ કોઈ પોતાની સમ્યગ્જ્ઞાનસમૃદ્ધિને વધારે એ જ શુભેચ્છા.

આ પુસ્તકનું સુંદર ટાઈપસેટીંગ કરનાર વિરતિ ગ્રાફિક્સવાળા અખિલેશભાઈ મિશ્રાજી અને સુભગ મુદ્રણકાર્ય કરનાર શિવકૃપા ઑફસેટવાળા ભાવિનભાઈ-રીતેશભાઈ અને આકર્ષક ટાઈટલ તૈયાર કરનાર મલ્ટીગ્રાફિક્સવાળા મુકેશભાઈને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ છીએ.

ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર ચઢિયાતી શ્રુતભક્તિ કરવાની સન્મતિ અને શક્તિ અમને મળે એવી શ્રુતાધિષ્ઠાત્રી શારદાદેવીને પ્રાર્થના.

**લી.**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

**(૧) ધરણેન્દ્ર અંબાલાલ શાહ (૨) પુંડરીક અંબાલાલ શાહ**

**(૩) મુકેશ બંસીલાલ શાહ (૪) ઉપેન્દ્ર તારાચંદ શાહ**

# થોડામાં ઘણું

જૈનશાસનમાં પદાર્થવિષયક અનેક ગ્રંથો વિદ્યમાન છે. **'પ્રવચન-સારોદ્ધાર'** તેવો જ એક પદાર્થભરપૂરગ્રંથ છે. આ ગ્રંથમાં ૨૭૬ દ્વારોમાં અનેક પદાર્થોનું નિરૂપણ કરાયું છે. **શ્રીનેમિચન્દ્રસૂરિજી**એ આ મૂળગ્રંથની રચના કરી છે. તેની ઉપર **શ્રીસિદ્ધસેનસૂરિજી**એ ટીકા રચી છે. ગ્રંથ, ગ્રંથકાર, ટીકા અને ટીકાકાર સંબંધી વિશેષ હકીકતો 'પદાર્થપ્રકાશ ભાગ ૨૩'ની પ્રસ્તાવનામાં કહી છે. તે ત્યાંથી જાણી લેવી.

મૂળગ્રંથ અને ટીકાના આધારે પ્રવચનસારોદ્ધારના પદાર્થોનો સંગ્રહ **'પદાર્થપ્રકાશ ભાગ ૨૩'** અને **'પદાર્થપ્રકાશ ભાગ ૨૪'**માં કર્યો છે. ભાગ ૨૩માં પહેલા દ્વારથી ૧૨૯મા દ્વાર સુધીના દ્વારોનો સંગ્રહ કર્યો છે. ભાગ ૨૪મા ૧૩૦મા દ્વારથી ૨૭૬મા દ્વાર સુધીના દ્વારોનો સંગ્રહ કર્યો છે.

આ પુસ્તક પ્રવચનસારોદ્ધારના પદાર્થસંગ્રહના બીજા ભાગ રૂપ છે. જેમ શીરો સહેલાઈથી ગળે ઊતરી જાય છે તેમ આ પુસ્તકના માધ્યમે ગહન પદાર્થો સહેલાઈથી મગજમાં ઊતરી જાય છે.

સરળ શૈલીમાં લખાયેલું આ પુસ્તક બધા માટે ખૂબ ઉપયોગી છે. ચિત્રો, કોઠાઓ વગેરે દ્વારા આ પુસ્તકમાં પદાર્થોને ખૂબ સુંદર રીતે સમજાવ્યા છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ જીવો પદાર્થવિજ્ઞાન મેળવી તેનાથી પોતાના મનને તરબતર બનાવે એ જ શુભભાવના

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ નિરૂપણ થયું હોય તો તેની ક્ષમા યાચું છું અને વિદ્વાનોને તેને સુધારવા વિનંતિ કરું છું.

વિ.સં ૨૦૭૨,
માગસર વદ ૧૦
(પોષદશમી)
ઓપેરા સોસાયટી,
અમદાવાદ

લિ.
**પરમ પૂજ્ય સમતાસાગર**
**પં. પદ્મવિજયજી મહારાજના**
ચરણકજમધુકર
**આચાર્ય વિજયહેમચન્દ્રસૂરિ**

●●●

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા **લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ**

૧. અધ્યાત્મયોગી કલાપૂર્ણસૂરિ
૨. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૧)
૩. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૨)
૪. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૩)
૫. આર્હન્ત્ય
૬. ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો
૭. કામ સુભટ ગયો હારી
૮. ગુરુ દીવો ગુરુ દેવતા
૯. ગુરુની શીખડી, અમૃતની વેલડી (ભાગ-૧)
૧૦. ગુરુની શીખડી, અમૃતની વેલડી (ભાગ-૨)
૧૧. ચાતુર્માસિક અને જીવનના નિયમો
૧૨. ચિત્કાર
૧૩. જયતિહુઅણ સ્તોત્ર
૧૪. જય વીયરાય
૧૫. તીર્થ-તીર્થાધિપતિ
૧૬. ત્રિલોક તીર્થ વંદના
૧૭. ધર્માચાર્ય બહુમાન કુલક
૧૮. નમોક્કાર એક વિભાવના
૧૯. નરક દુઃખ વેદના ભારી
૨૦. નવકાર જાપ અભિયાન
૨૧. નેમિ દેશના
૨૨. પંચસૂત્ર (પ્રથમસૂત્ર સાનુવાદ)
૨૩. પંચસૂત્રનું પરિશીલન
૨૪. પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ)
૨૫. પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુસંગ્રહણી)
૨૬. પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લો-૨જો કર્મગ્રંથ)
૨૭. પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જો-૪થો કર્મગ્રંથ)
૨૮. પદાર્થપ્રકાશ ભાગ-૫ (ત્રણ ભાષ્ય)
૨૯. પદાર્થપ્રકાશ ભાગ-૬ (પાંચમો કર્મગ્રંથ)
૩૦. પદાર્થપ્રકાશ ભાગ-૭ (છઠ્ઠો કર્મગ્રંથ)
૩૧. પદાર્થપ્રકાશ ભાગ-૮ (બૃહત્સંગ્રહણિ)

૩૨. પદાર્થપ્રકાશ ભાગ-૯ (બૃહત્ક્ષેત્રસમાસ+લઘુક્ષેત્રસમાસ)
૩૩. પદાર્થપ્રકાશ ભાગ-૧૦ (કર્મપ્રકૃતિ-બંધનકરણ)
૩૪. પદાર્થપ્રકાશ ભાગ-૧૧ (કર્મપ્રકૃતિ-સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ)
૩૫. પદાર્થપ્રકાશ ભાગ-૧૨ (કર્મપ્રકૃતિ-ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણ)
૩૬. પદાર્થપ્રકાશ ભાગ-૧૩ (કર્મપ્રકૃતિ-ઉદયાધિકાર, સત્તાધિકાર)
૩૭. પદાર્થપ્રકાશ ભાગ-૧૪ (શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિદ્વાત્રિંશિકા)
૩૮. પદાર્થપ્રકાશ ભાગ-૧૫ (શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહ-સ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલ-પરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી, શ્રીસમવરણસ્તવ)
૩૯. પદાર્થપ્રકાશ ભાગ-૧૬ (તત્ત્વાર્થ)
૪૦. પદાર્થપ્રકાશ ભાગ-૧૭ (શ્રીશ્રાવકવ્રતભંગપ્રકરણ અને શ્રીગાંગેયભંગપ્રકરણ)
૪૧. પદાર્થપ્રકાશ ભાગ-૧૮ (શ્રીસિદ્ધપ્રાભૃત અને શ્રીસિદ્ધપંચાશિકા)
૪૨. પદાર્થપ્રકાશ ભાગ-૧૯ (સંસ્કૃત નિયમાવલી)
૪૩. પદાર્થપ્રકાશ ભાગ ૨૦ (વિચારસપ્તતિકા)
૪૪. પદાર્થપ્રકાશ ભાગ ૨૧ (ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા)
૪૫. પદાર્થપ્રકાશ ભાગ ૨૨ (યતિદિનચર્યા)
૪૬. પદાર્થપ્રકાશ ભાગ ૨૩ (પ્રવચનસારોદ્ધાર ભાગ-૧)
૪૭. પરમ પ્રાર્થના
૪૮. પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
૪૯. પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
૫૦. પ્રતિકાર
૫૧. પ્રભુ તુજ વચન અતિભલું (ભાગ-૧)
૫૨. પ્રભુ તુજ વચન અતિભલું (ભાગ-૨)
૫૩. પ્રભુદર્શન સુખ સંપદા
૫૪. પ્રેમપ્રભા (ભાગ-૧)
૫૫. પ્રેમપ્રભા (ભાગ-૨)
૫૬. બંધનથી મુક્તિ તરફ
૫૭. બ્રહ્મચર્યસમાધિ
૫૮. બ્રહ્મવૈભવ
૫૯. ભક્તિમાં ભીંજાણા
૬૦. ભાવે ભજો અરિહંતને
૬૧. મનોનુશાસન
૬૨. મહાવિદેહના સંત ભરતમાં

૬૩. મુક્તિનું મંગલ દ્વાર
૬૪. રત્નકુક્ષી માતા પાહીણી
૬૫. રત્નનિધિ
૬૬. રસથાળ (ભાગ-૧)
૬૭. રસથાળ (ભાગ-૨)
૬૮. રસથાળ (ભાગ-૩)
૬૯. રસથાળ (ભાગ-૪)
૭૦. લક્ષ્મી-સરસ્વતી સંવાદ
૭૧. વિમલ સ્તુતિ
૭૨. વીશ વિહરમાન જિન સચિત્ર
૭૩. વીશ વિહરમાન જિન પૂજા
૭૪. વેદના સંવેદના
૭૫. વૈરાગ્યશતક, ઇન્દ્રિયપરાજયશતકાદિ સાનુવાદ
૭૬. શુદ્ધિ (ભવ આલોચના)
૭૭. શ્રી સીમંધરસ્વામીની આરાધના
૭૮. સતી સોનલ
૭૯. સમતામહોદધિ મહાકાવ્ય
૮૦. સમતાસાગર (નાની)
૮૧. સમતાસાગરચરિતમ્ (ગદ્ય) (સંસ્કૃત)
૮૨. સમાધિ સાર
૮૩. સાધુતાનો ઉજાસ
૮૪. સાત્ત્વિકતાનો તેજ સિતારો
૮૫. સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વરાઃ (સંસ્કૃત)
૮૬. સુમતિસુધા
૮૭. સ્તવના
૮૮. A Shining Star of Spirituality
૮૯. Padartha Prakash Part-1
૯૦. Pahini-A Gem-womb Mother
૯૧. Sangrahani Sutra
૯૨. હેમદીપ
૯૩. હેમાંજલિ

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

●●●

# વિષયાનુક્રમ


| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | દ્વાર ૧૩૦મું-ગુરુ વગેરેની કેટલો કાળ સેવા કરવી ? | ૩૯૧ |
| ૨. | દ્વાર ૧૩૧મું-ઉપધિ ધોવાનો કાળ | ૩૯૨ |
| ૩. | દ્વાર ૧૩૨મું-ભોજનના ભાગ | ૩૯૩ |
| ૪. | દ્વાર ૧૩૩મું-વસતિશુદ્ધિ | ૩૯૪-૩૯૫ |
| ૫. | દ્વાર ૧૩૪મું-૧૨ વર્ષની સંલેખના | ૩૯૬-૩૯૭ |
| ૬. | દ્વાર ૧૩૫મું-વૃષભની કલ્પનાથી વસ્ત્રગ્રહણ | ૩૯૮ |
| ૭. | દ્વાર ૧૩૬મું-ઉષ્ણ અને અચિત્ત પાણીને સચિત્ત થવાનો કાળ | ૩૯૯ |
| ૮. | દ્વાર ૧૩૭મું-તિર્યંચો, મનુષ્યો અને દેવોમાં પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ કેટલી ? | ૩૯૯ |
| ૯. | દ્વાર ૧૩૮મું-૧૦ આશ્ચર્યો | ૪૦૦-૪૦૩ |
| ૧૦. | દ્વાર ૧૩૯મું-૪ ભાષાઓ | ૪૦૪-૪૧૦ |
| ૧૧. | દ્વાર ૧૪૦મું-૧૬ પ્રકારના વચન | ૪૧૧ |
| ૧૨. | દ્વાર ૧૪૧મું-૫ પ્રકારના માસો | ૪૧૨-૪૧૩ |
| ૧૩. | દ્વાર ૧૪૨મું-૫ પ્રકારના વર્ષ | ૪૧૪ |
| ૧૪. | દ્વાર ૧૪૩મું-લોકનું સ્વરૂપ | ૪૧૫-૪૨૨ |
| ૧૫. | દ્વાર ૧૪૪મું-૩ સંજ્ઞાઓ | ૪૨૩ |
| ૧૬. | દ્વાર ૧૪૫મું-૪ સંજ્ઞાઓ | ૪૨૪-૪૨૫ |
| ૧૭. | દ્વાર ૧૪૬મું-૧૦ સંજ્ઞાઓ | ૪૨૬ |
| ૧૮. | દ્વાર ૧૪૭મું-૧૫ સંજ્ઞાઓ | ૪૨૭ |
| ૧૯. | દ્વાર ૧૪૮મું-સમ્યક્ત્વના ૬૭ ભેદ | ૪૨૮-૪૩૬ |
| ૨૦. | દ્વાર ૧૪૯મું-એક પ્રકારથી દસ પ્રકાર સુધીનું સમ્યક્ત્વ | ૪૩૭-૪૪૭ |
| ૨૧. | દ્વાર ૧૫૦મું-જીવોની કુલકોટિની સંખ્યા | ૪૪૮ |
| ૨૨. | દ્વાર ૧૫૧મું-૮૪ લાખ યોનિ | ૪૪૯-૪૫૧ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૩. | દ્વાર ૧૫૨મું-ત્રણ કાળ, છ દ્રવ્ય વગેરે | ૪૫૨-૪૫૮ |
| ૨૪. | દ્વાર ૧૫૩મું-શ્રાવકની ૧૧ પ્રતિમાઓ | ૪૫૯-૪૬૧ |
| ૨૫. | દ્વાર ૧૫૪મું-અનાજોનું અબીજપણું | ૪૬૨ |
| ૨૬. | દ્વાર ૧૫૫મું-મીઠું વગેરે કેટલા ક્ષેત્ર પછી અચિત્ત થાય ? | ૪૬૩ |
| ૨૭. | દ્વાર ૧૫૬મું-૨૪ પ્રકારના અનાજ | ૪૬૪ |
| ૨૮. | દ્વાર ૧૫૭મું-૧૭ પ્રકારના મરણ | ૪૬૫-૪૬૭ |
| ૨૯. | દ્વાર ૧૫૮મું-પલ્યોપમ | ૪૬૮-૪૬૯ |
| ૩૦. | દ્વાર ૧૫૯મું-સાગરોપમ | ૪૭૦-૪૭૧ |
| ૩૧. | દ્વાર ૧૬૦મું-અવસર્પિણી | ૪૭૨ |
| ૩૨. | દ્વાર ૧૬૧મું-ઉત્સર્પિણી | ૪૭૩ |
| ૩૩. | દ્વાર ૧૬૨મું-પુદ્ગલપરાવર્ત | ૪૭૪-૪૭૬ |
| ૩૪. | દ્વાર ૧૬૩મું-૧૫ કર્મભૂમિઓ | ૪૭૭ |
| ૩૫. | દ્વાર ૧૬૪મું-૩૦ અકર્મભૂમિઓ | ૪૭૭ |
| ૩૬. | દ્વાર ૧૬૫મું-૮ મદ | ૪૭૮ |
| ૩૭. | દ્વાર ૧૬૬મું-પ્રાણાતિપાતના ૨૪૩ ભેદ | ૪૭૯ |
| ૩૮. | દ્વાર ૧૬૭મું-પરિણામના ૧૦૮ ભેદ | ૪૮૦-૪૮૧ |
| ૩૯. | દ્વાર ૧૬૮મું-૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય | ૪૮૧ |
| ૪૦. | દ્વાર ૧૬૯મું-કામના ૨૪ ભેદ | ૪૮૨-૪૮૩ |
| ૪૧. | દ્વાર ૧૭૦મું-૧૦ પ્રાણ | ૪૮૪ |
| ૪૨. | દ્વાર ૧૭૧મું-૧૦ પ્રકારના કલ્પવૃક્ષો | ૪૮૫ |
| ૪૩. | દ્વાર ૧૭૨મું-૭ નરકો | ૪૮૬ |
| ૪૪. | દ્વાર ૧૭૩મું-નરકાવાસ | ૪૮૬ |
| ૪૫. | દ્વાર ૧૭૪મું-નરકમાં વેદના | ૪૮૭-૪૯૦ |
| ૪૬. | દ્વાર ૧૭૫મું-નરકમાં આયુષ્ય | ૪૯૦ |
| ૪૭. | દ્વાર ૧૭૬મું-નરકમાં શરીરની અવગાહના | ૪૯૧ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૮. | દ્વાર ૧૭૭મું-નરકમાં ઉત્પત્તિવિરહકાળ, ચ્યવનવિરહકાળ | ૪૯૨ |
| ૪૯. | દ્વાર ૧૭૮મું-નરકમાં લેશ્યા | ૪૯૩ |
| ૫૦. | દ્વાર ૧૭૯મું-નરકમાં અવધિજ્ઞાનના ક્ષેત્રનું પ્રમાણ | ૪૯૪ |
| ૫૧. | દ્વાર ૧૮૦મું-૧૫ પરમાધામી | ૪૯૫-૪૯૬ |
| ૫૨. | દ્વાર ૧૮૧મું-નરકમાંથી નીકળેલાને લબ્ધિનો સંભવ | ૪૯૭ |
| ૫૩. | દ્વાર ૧૮૨મું-જીવોની નરકમાં ઉત્પત્તિ | ૪૯૮ |
| ૫૪. | દ્વાર ૧૮૩મું-નરકમાં એકસમયમાં ઉત્પત્તિસંખ્યા | ૪૯૯ |
| ૫૫. | દ્વાર ૧૮૪મું-નરકમાં એકસમયમાં ચ્યવનસંખ્યા | ૪૯૯ |
| ૫૬. | દ્વાર ૧૮૫મું-તિર્યંચ-મનુષ્યની કાયસ્થિતિ | ૫૦૦-૫૦૧ |
| ૫૭. | દ્વાર ૧૮૬મું-તિર્યંચ-મનુષ્યની ભવસ્થિતિ | ૫૦૨ |
| ૫૮. | દ્વાર ૧૮૭મું-તિર્યંચ-મનુષ્યની અવગાહના | ૫૦૩-૫૦૫ |
| ૫૯. | દ્વાર ૧૮૮મું-ઇન્દ્રિયોના સ્વરૂપ અને વિષયો | ૫૦૬-૫૦૭ |
| ૬૦. | દ્વાર ૧૮૯મું-તિર્યંચ-મનુષ્યની લેશ્યા | ૫૦૮ |
| ૬૧. | દ્વાર ૧૯૦મું-તિર્યંચ-મનુષ્યની ગતિ | ૫૦૯-૫૧૦ |
| ૬૨. | દ્વાર ૧૯૧મું-તિર્યંચ-મનુષ્યની આગતિ | ૫૧૧ |
| ૬૩. | દ્વાર ૧૯૨મું-તિર્યંચ-મનુષ્યનો ઉત્પત્તિવિરહકાળ અને મરણવિરહકાળ | ૫૧૨ |
| ૬૪. | દ્વાર ૧૯૩મું-તિર્યંચ-મનુષ્યની એકસમય-ઉત્પત્તિસંખ્યા | ૫૧૩ |
| ૬૫. | દ્વાર ૧૯૪મું-દેવોની સ્થિતિ | ૫૧૪-૫૨૧ |
| ૬૬. | દ્વાર ૧૯૫મું-દેવોના ભવનો, નગરો, વિમાનોની સંખ્યા | ૫૨૨-૫૨૪ |
| ૬૭. | દ્વાર ૧૯૬મું-દેવોની અવગાહના | ૫૨૫ |
| ૬૮. | દ્વાર ૧૯૭મું-દેવોની લેશ્યા | ૫૨૬ |
| ૬૯. | દ્વાર ૧૯૮મું-દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર | ૫૨૭-૫૨૮ |
| ૭૦. | દ્વાર ૧૯૯મું-દેવોનો ઉત્પત્તિવિરહકાળ | ૫૨૯-૫૩૦ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭૧. | દ્વાર ૨૦૦મું-દેવોનો ઉદ્વર્તનાવિરહકાળ | ૫૨૯-૫૩૦ |
| ૭૨. | દ્વાર ૨૦૧મું-દેવોની એકસમયઉત્પત્તિસંખ્યા, એકસમયઉદ્વર્તનસંખ્યા | ૫૩૦ |
| ૭૩. | દ્વાર ૨૦૨મું-દેવોની ગતિ | ૫૩૧ |
| ૭૪. | દ્વાર ૨૦૩મું-દેવોની આગતિ | ૫૩૨ |
| ૭૫. | દ્વાર ૨૦૪મું-સિદ્ધિગમનનો વિરહકાળ | ૫૩૨ |
| ૭૬. | દ્વાર ૨૦૫મું-જીવોના આહાર અને ઉચ્છ્વાસ | ૫૩૩-૫૩૪ |
| ૭૭. | દ્વાર ૨૦૬મું-૩૬૩ પાખંડીઓ | ૫૩૫-૫૪૨ |
| ૭૮. | દ્વાર ૨૦૭મું-પ્રમાદના ૮ પ્રકાર | ૫૪૩ |
| ૭૯. | દ્વાર ૨૦૮મું-આ અવસર્પિણીના ૧૨ ચક્રવર્તી | ૫૪૩ |
| ૮૦. | દ્વાર ૨૦૯મું-આ અવસર્પિણીના ૯ બળદેવ | ૫૪૪ |
| ૮૧. | દ્વાર ૨૧૦મું-આ અવસર્પિણીના ૯ વાસુદેવ | ૫૪૪ |
| ૮૨. | દ્વાર ૨૧૧મું-આ અવસર્પિણીના ૯ પ્રતિવાસુદેવ | ૫૪૪ |
| ૮૩. | દ્વાર ૨૧૨મું-ચક્રવર્તીના ૧૪ રત્નો | ૫૪૫-૫૪૮ |
| ૮૪. | દ્વાર ૨૧૩મું-૯ નિધિ | ૫૪૯-૫૫૧ |
| ૮૫. | દ્વાર ૨૧૪મું-જીવોના પ્રકારો | ૫૫૨-૫૫૯ |
| ૮૬. | દ્વાર ૨૧૫મું-૮ કર્મો | ૫૫૯ |
| ૮૭. | દ્વાર ૨૧૬મું-૮ કર્મોની ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓ | ૫૬૦-૫૮૫ |
| ૮૮. | દ્વાર ૨૧૭મું-બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ | ૫૮૬-૫૯૦ |
| ૮૯. | દ્વાર ૨૧૮મું-કર્મોની સ્થિતિ અને અબાધા | ૫૯૧-૫૯૨ |
| ૯૦. | દ્વાર ૨૧૯મું-૪૨ પુણ્યપ્રકૃતિઓ | ૫૯૩ |
| ૯૧. | દ્વાર ૨૨૦મું-૮૨ પાપપ્રકૃતિઓ | ૫૯૪ |
| ૯૨. | દ્વાર ૨૨૧મું-છ ભાવો અને તેમના ભેદો | ૫૯૫-૬૦૫ |
| ૯૩. | દ્વાર ૨૨૨મું-૧૪ જીવસ્થાનક | ૬૦૬ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૪. | દ્વાર ૨૨૩મું-અજીવના ૧૪ પ્રકાર | ૬૦૭-૬૦૯ |
| ૯૫. | દ્વાર ૨૨૪મું-૧૪ ગુણઠાણા | ૬૧૦-૬૧૭ |
| ૯૬. | દ્વાર ૨૨૫મું-૧૪ માર્ગણાસ્થાન | ૬૧૮-૬૨૦ |
| ૯૭. | દ્વાર ૨૨૬મું-૧૨ ઉપયોગ | ૬૨૧ |
| ૯૮. | દ્વાર ૨૨૭મું-૧૫ પ્રકારના યોગ | ૬૨૨-૬૨૪ |
| ૯૯. | દ્વાર ૨૨૮મું-ગુણઠાણાઓમાં પરલોકગતિ | ૬૨૪ |
| ૧૦૦. | દ્વાર ૨૨૯મું-ગુણઠાણાનો કાળ | ૬૨૫ |
| ૧૦૧. | દ્વાર ૨૩૦મું-ઉત્તરવૈક્રિયશરીરનો ઉત્કૃષ્ટકાળ | ૬૨૬ |
| ૧૦૨. | દ્વાર ૨૩૧મું-૭ સમુદ્‌ઘાત | ૬૨૭-૬૩૦ |
| ૧૦૩. | દ્વાર ૨૩૨મું-૬ પર્યાપ્તિઓ | ૬૩૧-૬૩૨ |
| ૧૦૪. | દ્વાર ૨૩૩મું-ચાર અણાહારી | ૬૩૩-૬૩૫ |
| ૧૦૫. | દ્વાર ૨૩૪મું-૭ ભયસ્થાનો | ૬૩૬ |
| ૧૦૬. | દ્વાર ૨૩૫મું-૬ અપ્રશસ્ત ભાષાઓ | ૬૩૭ |
| ૧૦૭. | દ્વાર ૨૩૬મું-શ્રાવકોના અણુવ્રતોના ભાંગા | ૬૩૮-૬૫૩ |
| ૧૦૮. | દ્વાર ૨૩૭મું-૧૮ પાપસ્થાનકો | ૬૫૪-૬૫૫ |
| ૧૦૯. | દ્વાર ૨૩૮મું-૨૭ સાધુગુણ | ૬૫૬-૬૫૮ |
| ૧૧૦. | દ્વાર ૨૩૯મું-૨૧ શ્રાવકગુણ | ૬૫૯-૬૬૦ |
| ૧૧૧. | દ્વાર ૨૪૦મું-તિર્યંચસ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ | ૬૬૦ |
| ૧૧૨. | દ્વાર ૨૪૧મું-મનુષ્યસ્ત્રીની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ | ૬૬૦ |
| ૧૧૩. | દ્વાર ૨૪૨મું-મનુષ્યસ્ત્રીના ગર્ભમાં રહેલ જીવની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ | ૬૬૦ |
| ૧૧૪. | દ્વાર ૨૪૩મું-ગર્ભમાં રહેલ જીવનો આહાર | ૬૬૧ |
| ૧૧૫. | દ્વાર ૨૪૪મું-પુરુષના ભોગ પછી સ્ત્રીને કેટલા સમય સુધી ગર્ભ રહે ? | ૬૬૧ |
| ૧૧૬. | દ્વાર ૨૪૫મું-ગર્ભમાં પુત્રોની સંખ્યા | ૬૬૨ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧૭. | દ્વાર ૨૪૬મું-એક પુત્રના પિતાની સંખ્યા | ૬૬૨ |
| ૧૧૮. | દ્વાર ૨૪૭મું-સ્ત્રીને ગર્ભ ન રહેવાનો કાળ, પુરુષને અબીજ થવાનો કાળ | ૬૬૨ |
| ૧૧૯. | દ્વાર ૨૪૮મું-શરીરમાં વીર્ય વગેરેનું પ્રમાણ | ૬૬૩-૬૬૫ |
| ૧૨૦. | દ્વાર ૨૪૯મું-સમ્યક્ત્વ વગેરે ગુણોના લાભનું ઉત્કૃષ્ટ અંતર | ૬૬૬ |
| ૧૨૧. | દ્વાર ૨૫૦મું-જે જીવો મરીને બીજા ભવમાં મનુષ્યપણું પામતા નથી | ૬૬૭ |
| ૧૨૨. | દ્વાર ૨૫૧મું-૧ પૂર્વાંગનું પ્રમાણ | ૬૬૭ |
| ૧૨૩. | દ્વાર ૨૫૨મું- ૧ પૂર્વનું પ્રમાણ | ૬૬૭ |
| ૧૨૪. | દ્વાર ૨૫૩મું-લવણસમુદ્રની શિખાનું પ્રમાણ | ૬૬૮-૬૬૯ |
| ૧૨૫. | દ્વાર ૨૫૪મું-ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને પ્રમાણાંગુલનું પ્રમાણ | ૬૭૦-૬૭૪ |
| ૧૨૬. | દ્વાર ૨૫૫મું-તમસ્કાય | ૬૭૫-૬૭૬ |
| ૧૨૭. | દ્વાર ૨૫૬મું-અનંતષટ્ક | ૬૭૬ |
| ૧૨૮. | દ્વાર ૨૫૭મું-નિમિત્તના ૮ અંગો | ૬૭૭-૬૭૮ |
| ૧૨૯. | દ્વાર ૨૫૮મું-માન, ઉન્માન, પ્રમાણ | ૬૭૯ |
| ૧૩૦. | દ્વાર ૨૫૯મું-૧૮ ભક્ષ્યભોજ્ય | ૬૮૦ |
| ૧૩૧. | દ્વાર ૨૬૦મું-ષટ્સ્થાનવૃદ્ધિહાનિ | ૬૮૧-૭૧૫ |
| ૧૩૨. | દ્વાર ૨૬૧મું-જેમનું અપહરણ ન થઈ શકે | ૭૧૫ |
| ૧૩૩. | દ્વાર ૨૬૨મું-અંતરદ્વીપ | ૭૧૬-૭૨૦ |
| ૧૩૪. | દ્વાર ૨૬૩મું-જીવો-અજીવોનું અલ્પબહુત્વ | ૭૨૧-૭૨૫ |
| ૧૩૫. | દ્વાર ૨૬૪મું-યુગપ્રધાન આચાર્યોની સંખ્યા | ૭૨૫ |
| ૧૩૬. | દ્વાર ૨૬૫મું-ઉત્સર્પિણીના છેલ્લા તીર્થંકરના તીર્થનું પ્રમાણ | ૭૨૬ |
| ૧૩૭. | દ્વાર ૨૬૬મું-દેવોનો પ્રવીચાર | ૭૨૭ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૩૮. | દ્વાર ૨૬૭મું-કૃષ્ણરાજીઓનું સ્વરૂપ | ૭૨૮-૭૩૦ |
| ૧૩૯. | દ્વાર ૨૬૮મું-અસ્વાધ્યાય | ૭૩૧-૭૩૯ |
| ૧૪૦. | દ્વાર ૨૬૯મું-નંદીશ્વરદ્વીપની સ્થિતિ | ૭૪૦-૭૪૪ |
| ૧૪૧. | દ્વાર ૨૭૦મું-લબ્ધિઓ | ૭૪૫-૭૫૨ |
| ૧૪૨. | દ્વાર ૨૭૧મું-તપ | ૭૫૩-૭૭૮ |
| ૧૪૩. | દ્વાર ૨૭૨મું-પાતાલકલશ | ૭૭૯-૭૮૨ |
| ૧૪૪. | દ્વાર ૨૭૩મું-આહારકશરીરનું સ્વરૂપ | ૭૮૩ |
| ૧૪૫. | દ્વાર ૨૭૪મું-અનાર્ય દેશો | ૭૮૪-૭૮૫ |
| ૧૪૬. | દ્વાર ૨૭૫મું-આર્ય દેશો | ૭૮૬-૭૮૭ |
| ૧૪૭. | દ્વાર ૨૭૬મું-સિદ્ધના ૩૧ ગુણો | ૭૮૮-૭૯૦ |


●●●

+ સાધુ પુણ્યનો નહીં, નિર્જરાનો અર્થી હોય. બાહ્ય વાહ-વાહનો નહીં, સંયમનો ખપી હોય.

+ હાડકા થીજવી દે એવી ઠંડી અને પરસેવે રેબઝેબ થઈ જવાય એવી ગરમીની પરવા કર્યા વગર જે સખત મહેનત કરે છે તેને વિજયશ્રી મળે છે.

+ માત્ર બોલવાથી જીવન જીવાય છે. બોલેલુ કરીને બતાવવાથી જીવન જીતાય છે.

+ સંયમને ઉજળુ કરવા માટે શાસ્ત્રો છે અર્થાત્ સંયમશુદ્ધિ ન હોય તો શાસ્ત્રો ભણવાનો કે શાસ્ત્રોની મોટી મોટી વાતો કરવાનો કોઈ અર્થ નથી.

+ સાધુપણામાં પુણ્યની નહીં, સંયમની કિંમત છે. સંયમ ગયું એટલે સર્વસ્વ ગયું. જેમની પાસે સંયમની મૂડી નથી, બ્રહ્મચર્યની શુદ્ધિ નથી તેઓ ભાવપ્રાણ વિહોણા હોઈ જીવતા મડદા બરાબર જ છે.

# દ્વાર ૧૩૦મું - ગુરુ વગેરેની કેટલો કાળ સેવા કરવી ?

રોગ વગેરેથી પીડાયેલા શરીરવાળા અને ક્ષેત્ર-કાળ વગેરેની હાનિને લીધે અન્ન વગેરે નહીં પામનારા આચાર્ય વગેરેની સાધુઓએ અને શ્રાવકોએ નિર્દોષ કે દોષિત અન્ન વગેરે વડે આટલો કાળ સેવા કરવી -

આચાર્યની-જીવનપર્યંત.

વૃષભની-૧૨ વર્ષ. ત્યાર પછી શક્તિ હોય તો તે વૃષભ અનશન કરે. ૧૨ વર્ષમાં બીજા વૃષભ તૈયાર થઈ જાય.

સાધુની-૧૮ માસ. ત્યાર પછી શક્તિ હોય તો તે સાધુ અનશન કરે.

**વ્યવહારભાષ્ય**માં સામાન્યથી ગ્લાનની સેવા આ રીતે કરવાનું કહ્યું છે-

આચાર્ય ૬ માસ સુધી ગ્લાનની ચિકિત્સા કરાવે. છતાં સારું ન થાય તો કુળને તે ગ્લાન સોંપે.

કુળ ૩ વરસ સુધી ગ્લાનની ચિકિત્સા કરાવે. છતાં સારું ન થાય તો ગણને તે ગ્લાન સોંપે.

ગણ ૧ વરસ સુધી ગ્લાનની ચિકિત્સા કરાવે. છતાં સારું ન થાય તો સંઘને તે ગ્લાન સોંપે.

સંઘ નિર્દોષ કે દોષિત અન્ન વગેરેથી જીવનપર્યંત ગ્લાનની ચિકિત્સા કરાવે.

જે અનશન ન કરી શકે તેની ઉપર કહ્યા મુજબ ચિકિત્સા કરાવવી. જે અનશન કરી શકે તેણે ૧૮ માસ સુધી ચિકિત્સા કરાવ્યા પછી સારું ન થાય તો અનશન કરવું. ૧૮ માસ સુધી ચિકિત્સા કરાવવાનું કારણ એ છે કે સંસારમાં વિરતિ સહિતનું જીવન દુર્લભ છે.

● ● ●

# દ્વાર ૧૩૧મું - ઉપધિ ધોવાનો કાળ

વર્ષાકાળની પહેલા પાણી વગેરેની સામગ્રી પૂરતી હોય તો ઉત્કૃષ્ટથી બધી ઉપધિને સાધુઓ ધોવે. પાણી ન હોય તો જઘન્યથી પાત્રનિર્યોગને ધોવે. અન્યકાળે વસ્ત્ર ધોવા સાધુને ન કલ્પે.

આચાર્ય, ઉપાધ્યાય, ગ્લાન વગેરેના મેલા વસ્ત્રો વારંવાર ધોવે.

આચાર્ય, ઉપાધ્યાય વગેરે મેલા વસ્ત્રો પહેરે તો લોકોમાં નિંદા થાય.

ગ્લાન મેલા વસ્ત્રો પહેરે તો ઠંડા પવનના સંપર્કમાં વસ્ત્રો ઠંડા થવાથી આહાર ન પચવાથી અજીર્ણ થાય અને માંદગી વધી જાય.

●●●

+ ચારિત્રમોહનીય કર્મનો મોટો ગંજ આત્મા પર લાગેલો છે. તે માત્ર નિમિત્તોની જ રાહ જુવે છે. પેટ્રોલની ટાંકી ભરેલી પડી છે. હવે ભડકો કરવા માટે એક નાની ચીનગારી કાફી છે. તેથી પેટ્રોલપંપ આગળ સ્મોકીંગની મનાઈ હોય છે.

બસ નિમિત્તની એક નાની ચીનગારી જ તમારા આખા આત્મામાં મોટો ભડકો ઊભો કરીને આત્મગુણોને અને પુણ્યને ભસ્મીભૂત કરી શકે છે. માટે જ સ્મોકીંગ = નિમિત્તોની મનાઈ કરવી જરૂરી છે.

+ આજ્ઞા છોડી દઈએ આપણે પ્રભુની, ઉપેક્ષા કરતા રહીએ ગુરુદેવના માર્ગદર્શનની અને પછી ય આપણા પુરુષાર્થને આપણે સફળ બનાવી શકીએ ? સર્વથા અસંભવ.

+ અત્યારે આપણે શોભાયાત્રામાં કામ લાગતા પુણ્યના ઘોડા પર સવાર છીએ કે વિજયયાત્રા માટે નક્કી થયેલા ગુણના ઘોડા પર સવાર છીએ ?

+ ઉપાદાનશુદ્ધિ એ જ સાધનાની ફળશ્રુતિ છે.

# દ્વાર ૧૩૨મું - ભોજનના ભાગ

પુરુષનો આહાર = ૩૨ કોળિયા.

સ્ત્રીનો આહાર = ૨૮ કોળિયા.

પેટના ૬ ભાગ કલ્પવા.

| | અશન-વ્યંજનના ભાગ | દ્રવના ભાગ | વાયુસંચારના ભાગ | કુલ ભાગ |
|---|---|---|---|---|
| સામાન્યકાળ, મધ્યમઠંડી-મધ્યમગરમી | ૩ | ૨ | ૧ | ૬ |
| અતિશય ઠંડી | ૪ | ૧ | ૧ | ૬ |
| અતિશય ગરમી | ૨ | ૩ | ૧ | ૬ |

આમ અશન-વ્યંજનના ૨ ભાગ, દ્રવનો ૧ ભાગ અને વાયુ-સંચારનો ૧ ભાગ અવસ્થિત છે. બાકીના ૨ ભાગની અશન-વ્યંજનમાં અને પાણીમાં વધ-ઘટ થાય છે. (અશન = રોટલી, ભાત વગેરે. વ્યંજન = દાળ, શાક વગેરે. દ્રવ = પ્રવાહી.)

●●●

\+ કેમેરા શરીર સુધી પહોંચે છે, એક્સ-રે અંદર સુધી પહોંચે છે. આપણા સૂત્રો, સ્તવનો, સજ્ઝાયો, ક્રિયાઓ કેમેરા જેવા છે કે એક્સ-રે મશીન જેવા છે તે વિચારીએ.

# દ્વાર ૧૩૩મું - વસતિશુદ્ધિ

**વસતિના ૭ મૂળગુણ છે -**

(૧) **પૃષ્ઠવંશ** - ઉપરનું તીરછું લાકડું. તેને મોભ કહેવાય.

(૨-૩) **૨ મૂલધારિણી** - બે મોટા થાંભલા કે જેની ઉપર પૃષ્ઠવંશ રખાય.

(૪-૭) **૪ મૂલવેલી** - બન્ને મૂલધારિણીની બન્ને બાજુ ૧-૧ થાંભલો હોય તે.

વસતિના આ ૭ મૂળગુણ ગૃહસ્થે પોતાની માટે બનાવ્યા હોય તો એ વસતિ સાધુ માટે નિર્દોષ છે. જો વસતિના ૭ મૂળગુણ સાધુ માટે બનાવ્યા હોય તો એ વસતિ આધાકર્મી છે.

વસતિના ઉત્તરગુણ બે પ્રકારે છે -

(૧) **મૂલોત્તરગુણ** - તે ૭ છે -

**(i)** **વંશક** - મૂલવેલીની ઉપર વાંસ રખાય છે તે.

**(ii)** **કટન** - પૃષ્ઠવંશ (મોભ)ની ઉપર તીરછી ચટાઈ વગેરેથી ચારે બાજુથી ઢાંકવું.

**(iii)** **ઉત્કંબન** - ઉપર કંબિકાઓ (વાંસ કે વેલી)ને બાંધવી તે.

**(iv)** **છાદન** - ઘાસ વગેરેથી છાપરુ ઢાંકવું તે.

**(v)** **લેપન** - દીવાલોને કાદવ કે છાણથી લીંપવી તે.

**(vi)** **દ્વારકરણ** - બારણું બીજી તરફ કરવું કે નાનું-મોટું કરવું તે.

**(vii)** **ભૂમિસમકરણ** - વિષમભૂમિને સમ કરવી તે.

આ ૭ મૂલોત્તરગુણો સાધુ માટે ન કર્યા હોય તો એ વસતિ નિર્દોષ છે.

(૨) **ઉત્તરોત્તરગુણ** -

**(i)** **દૂમિત** - જેમાં કોમળ લેપ વડે દીવાલને કોમળ કરી હોય અને ખડી

વડે દીવાલને ધોળી કરી હોય તે.

(ii) **ધૂપિત** - દુર્ગંધ દૂર કરવા અગુરુધૂપ વગેરેથી જેને સુગંધી કરી હોય તે.

(iii) **વાસિત** - જેમાં સુગંધી ચૂર્ણ, પુષ્પ વગેરેથી દુર્ગંધ દૂર કરી હોય તે.

(iv) **ઉદ્યોતિત** - જેમાં રત્ન, દીવા વગેરેથી પ્રકાશ કર્યો હોય તે.

(v) **બલીકૃત** - જેમાં પૂડલા, ભાત વગેરેથી બલીની વિધિ કરી હોય તે.

(vi) **અવ્યક્ત** - જેમાં છાણ, માટી, પાણી વગેરેથી ભૂમિ લેપાયેલી હોય તે.

(vii) **સિક્ત** - જેમાં પાણી છાંટેલ હોય તે.

(viii) **સંમૃષ્ટ** - જે સાવરણીથી સાફ કરેલ હોય તે.

આ ઉત્તરોત્તરગુણો સાધુ માટે ન કર્યા હોય તો તે વસતિ નિર્દોષ છે. ૭ મૂળગુણ અને ૭ મૂલોત્તરગુણ - એ ૧૪ ગુણ અવિશોધિકોટિના છે. ૮ ઉત્તરોત્તરગુણો વિશોધિકોટિના છે.

મૂળગુણ અને ઉત્તરગુણના દોષોથી રહિત વસતિમાં અને સ્ત્રી-પશુ-નપુંસકથી રહિત વસતિમાં રહેવું.

સાધુઓ શ્રુતના અધ્યયન વગેરેમાં વિઘ્ન ન આવે એ માટે ગામડા વગેરેમાં રહેતા હોય છે. ત્યાં તેમને પૃષ્ઠવંશ વગેરે વાળી જ વસતિ મળે છે. માટે તેના ગુણ ઉપર બતાવ્યા છે. તેના પરથી ચોરસ મકાન વગેરેના ગુણો સમજી લેવા.

●●●

+ વિષયના ત્યાગ વિના જેઓ વૈરાગ્યને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓ અપથ્યના ત્યાગ વિના રોગના નાશને ઇચ્છે છે.

# દ્વાર ૧૩૪મું - ૧૨ વર્ષની સંલેખના

શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ શરીર વગેરેને શોષવું તે સંલેખના. તે ૩ પ્રકારે છે -

(૧) **ઉત્કૃષ્ટ સંલેખના** - તે ૧૨ વર્ષની છે. તે આ પ્રમાણે છે -

(i) પહેલા ચાર વર્ષ ૧ ઉપવાસ, ૨ ઉપવાસ, ૩ ઉપવાસ, ૪ ઉપવાસ, ૫ ઉપવાસ વગેરે વિચિત્ર તપ કરે છે. પારણે સર્વ રસવાળો નિર્દોષ આહાર વાપરે છે.

(ii) બીજા ચાર વર્ષ ઉપર પ્રમાણે વિચિત્ર તપ કરીને પારણે ઉત્કૃષ્ટ રસ વિનાની નિવિ કરે.

(iii) પછી બે વર્ષ એકાંતરે ઉપવાસ કરીને પારણે આયંબિલ કરે.

(iv) ૧૧મા વર્ષે પહેલા છ મહિના અતિવિકૃષ્ટ તપ ન કરે, એટલે કે ઉપવાસ કે છટ્ઠ કરે, અટ્ઠમ વગેરે ન કરે. પારણે ઊણોદરીપૂર્વકનું આયંબિલ કરે.

(v) ૧૧મા વર્ષે પછીના છ મહિના ૩ ઉપવાસ, ૪ ઉપવાસ, ૫ ઉપવાસ વગેરે વિકૃષ્ટ તપ કરે. પારણે પેટ ભરીને આયંબિલ કરે.

(vi) ૧૨મા વર્ષે નિરંતર આયંબિલ કરે. મતાંતરે ૧૨મા વર્ષે એકાંતરે ઉપવાસ કરે, પારણે આયંબિલ કરે. આવા ઘણા મતાંતરો છે. ૧૨મા વર્ષે જેમ દીવામાં તેલ અને વાટનો એકસાથે ક્ષય થાય તેમ શરીર અને આયુષ્યનો એકસાથે ક્ષય થાય એ માટે દરરોજ ભોજનમાં ૧-૧ કોળિયો ઓછો વાપરે. યાવત્ ૧ કોળિયો વાપરે. પછી ૧-૧ દાણો ઓછો વાપરે. યાવત્ ૧ દાણો વાપરે. ૧૨મા વર્ષે છેલ્લા ૪ મહિના એકાંતરે મોઢામાં તેલનો કોગળો લાંબા કાળ સુધી રાખીને પછી રાખના પ્યાલામાં નાંખી દે અને ગરમ પાણીથી

સાફ કરે. રૂક્ષપણાને લીધે મોઢું બંધ થઈ જાય તો છેલ્લા સમયે નવકારનું ઉચ્ચારણ ન કરી શકે. આવું ન થાય એ માટે તેલના કોગળા કરે.

આમ ૧૨ વર્ષની સંલેખના કરીને પછી છ કાયની હિંસા ન થાય તેવા પર્વતની ગુફા કે બીજા સ્થાનમાં જઈને ભક્તપરિજ્ઞા, ઇંગિની કે પાદપોપગમન - આ ત્રણમાંથી ૧ અનશન સ્વીકારે.

(૨) **મધ્યમ સંલેખના** - તે એક વર્ષની છે. તે ઉપર મુજબ જ જાણવી, પણ વર્ષની બદલે મહિના સમજવા.

(૩) **જઘન્ય સંલેખના** - તે છ મહિનાની છે. તે ઉપર મુજબ જ જાણવી, પણ વર્ષની બદલે પક્ષ સમજવા.

●●●

\+ ભગવાન જ મારા નાથ છે.
ભગવાન જ મારા સ્વામી છે.
ભગવાન જ મારા દેવ છે.
ભગવાન જ મારા પ્રભુ છે.
આ વાત અસ્થિમજ્જા થવી જોઈએ.
અર્થાપત્તિથી -
પ્રભુ ! હું તારો આશ્રિત છું.
પ્રભુ ! હું તારો સેવક છું.
પ્રભુ ! હું તારો દાસ છું.
પ્રભુ ! હું તારો નોકર છું.
આ વાત આત્મવ્યાપી બની જવી જોઈએ.

# દ્વાર ૧૩૫મું - વૃષભની કલ્પનાથી વસતિગ્રહણ

નગર, ગામ વગેરેમાં જેટલા ક્ષેત્રમાં લોકો રહેતા હોય તેટલા ક્ષેત્રને ૧ પગ લાંબો કરીને પૂર્વાભિમુખ ડાબા પડખે બેઠેલા બળદરૂપે કલ્પીને સારા પ્રદેશોમાં સાધુઓ વસે છે.

બળદના ક્યા અવયવમાં વસતિ કરવાથી શું લાભ થાય ?

| ક્ર. | અવયવ | ફળ |
|---|---|---|
| ૧ | સીંગડા | સાધુઓનો ઝઘડો થાય. |
| ૨ | પગ | અવસ્થાન ન થાય. |
| ૩ | ગુદા | પેટનો રોગ થાય |
| ૪ | પુછડી | વસતિમાંથી કાઢી મૂકે. |
| ૫ | મુખ | સારુ ભોજન મળે. |
| ૬ | બે સીંગડાની વચ્ચે કે ખૂંધ | સારા વસ્ત્ર, પાત્રા વગેરે મળવારૂપ પૂજા અને ઊભા થવું વગેરે રૂપ સત્કાર થાય. |
| ૭ | સ્કંધ, પીઠ | બધેથી આવતા સાધુઓથી વસતિ ભરાઈ જાય. |
| ૮ | પેટ | આહાર વગેરેથી તૃપ્ત થાય. |

●●●

+ હે હૃદય ! સુખ માટે ક્લેશથી યુક્ત એવા વૈભવને તું કેમ ઇચ્છે છે ? આત્માને સંતોષમાં સ્થાપિત કરીને તું સુખી થઈ જા.

## દ્વાર ૧૩૬મું - ઉષ્ણ અને અચિત્ત પાણીને સચિત્ત થવાનો કાળ

ત્રણ ઉકાળાવાળું ઉષ્ણ અને અચિત્ત પાણી

ઉનાળામાં પાંચ પ્રહર પછી સચિત્ત થાય.

શિયાળામાં ચાર પ્રહર પછી સચિત્ત થાય.

ચોમાસામાં ત્રણ પ્રહર પછી સચિત્ત થાય.

જો આટલા કાળ પછી પણ પાણી રાખવું હોય તો તે કાળ પૂરો થાય તે પહેલા તેમાં ક્ષાર નાંખવો, જેથી ફરી સચિત્ત ન થાય. કોઈપણ કાળમાં પાણી વહોર્યા પછી સાધુઓએ ત્રણ પ્રહરમાં તે વાપરી લેવું, કેમકે ત્યાર પછી તે કાલાતિક્રાંત થઈ જાય છે. ગ્લાન, વૃદ્ધ વગેરે માટે ત્રણ પ્રહરથી વધુ રાખી શકાય.

●●●

## દ્વાર ૧૩૭મું - તિર્યંચો, મનુષ્યો અને દેવોમાં પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ કેટલી ?

પુરુષતિર્યંચો કરતા સ્ત્રીતિર્યંચો ૩ ગુણ + ૩ વધુ છે.

પુરુષમનુષ્યો કરતા સ્ત્રીમનુષ્યો ૨૭ ગુણ + ૨૭ વધુ છે.

દેવો કરતા દેવીઓ ૩૨ ગુણ + ૩૨ વધુ છે.

●●●

+ જેનું મન સદા ધર્મમાં રમે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

# દ્વાર ૧૩૮મું - ૧૦ આશ્ચર્યો

(૧) **ઉપસર્ગ** - તીર્થંકરોના પુણ્યથી ૧ યોજનના ક્ષેત્રમાં વૈર, મારી, લશ્કરનો ભય, દુકાળ વગેરે ઉપદ્રવો શાંત થઈ જાય છે. છતાં મહાવીરસ્વામી પ્રભુને છદ્મસ્થકાળમાં અને કેવલીકાળમાં મનુષ્યો, દેવો અને તિર્યંચોના ઉપસર્ગો આવ્યા. તે આશ્ચર્ય છે, કેમકે તીર્થંકરો સત્કારનું સ્થાન છે, ઉપસર્ગનું નહીં.

(૨) **ગર્ભહરણ** - મહાવીરસ્વામી પ્રભુના જીવે મરીચિના ભવમાં બાંધેલા નીચગોત્ર કર્મના ઉદયથી છેલ્લા ભવમાં તેમનો જીવ અષાઢ સુદ ૬ની રાત્રીએ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવ્યો. સૌધર્મેન્દ્રે ૮૨ દિવસ પછી અવધિજ્ઞાનથી જાણીને હરિણેગમેષીદેવ પાસે આસો વદ ૧૩ની રાત્રીએ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી પ્રભુના જીવનું ત્રિશલાદેવીની કુક્ષિમાં સંહરણ કરાવ્યું. તે આશ્ચર્ય છે, કેમકે તીર્થંકરના જીવનું ક્યારેય ગર્ભસંહરણ થતું નથી.

(૩) **સ્ત્રીતીર્થ** - મહાવિદેહક્ષેત્રમાં મહાબલ રાજાએ ૬ મિત્રો સાથે દીક્ષા લીધી. તેમણે બધાએ એક જ તપ કરવાની પ્રતિજ્ઞા લીધી. મહાબલમુનિએ વિશિષ્ટ તપ કરવા માટે માયાથી માથું દુઃખવું, પેટ દુઃખવું વગેરે બહાના કાઢીને વિશિષ્ટ તપ કર્યો. તેથી સ્ત્રીવેદકર્મ બાંધ્યું. વીસસ્થાનકની આરાધના કરીને તેમણે તીર્થંકરનામકર્મ બાંધ્યું. ત્યાંથી કાળ કરી દેવ થઈને તેઓ કુંભરાજાની મલ્લિ નામે દીકરીરૂપે થયા. તેણે ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી તીર્થ સ્થાપ્યું. તે આશ્ચર્ય છે, કેમકે તીર્થ હંમેશા પુરુષો જ સ્થાપે છે, સ્ત્રીઓ નહીં.

(૪) **ચારિત્રધર્મને અયોગ્ય પર્ષદા** - શ્રીમહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયા પછી પહેલા સમવસરણમાં પ્રભુએ મર્યાદાનું પાલન કરવા દેશના આપી, પણ તેમાં કોઈએ વિરતિ ન સ્વીકારી. તે આશ્ચર્ય છે, કેમકે

તીર્થંકરની પહેલી દેશનામાં અવશ્ય વિરતિનો સ્વીકાર થાય છે.

(૫) **કૃષ્ણનું અપરકંકાનગરીમાં ગમન** - એકવાર નારદજી દ્રૌપદીના મહેલમાં આવ્યા. દ્રૌપદીએ નારદજી અવિરત હોવાથી તેમનો સત્કાર ન કર્યો. તેથી નારદજીએ દ્રૌપદીને સંકટમાં પાડવા ધાતકીખંડના ભરતક્ષેત્રની અપરકંકા નગરીમાં પદ્મનાભ રાજા પાસે જઈને દ્રૌપદીના રૂપનું વર્ણન કર્યું, રાજાએ દેવને દ્રૌપદીને લાવવા કહ્યું. દેવ દ્રૌપદીને લઈ આવ્યો. પાંડવોએ કૃષ્ણને વાત કરી. તેઓ પાંડવો સાથે અપરકંકા ગયા. રાજા સાથે યુદ્ધ કરીને દ્રૌપદીને પાછી મેળવી. પાછા વળતા ત્યાંના કપિલ વાસુદેવે શંખ વગાડ્યો. સામે કૃષ્ણે પણ શંખ વગાડ્યો. કૃષ્ણ અપરકંકામાં ગયા તે આશ્ચર્ય છે, કેમકે વાસુદેવ અન્ય દ્વીપમાં ન જાય.

(૬) **ચંદ્રસૂર્યનું અવતરણ** - શ્રીમહાવીરપ્રભુ કૌશાંબીમાં સમવસર્યા હતા ત્યારે ચંદ્ર-સૂર્ય પોતાના મૂળ વિમાન સાથે વંદન કરવા આવ્યા હતા. તે આશ્ચર્ય છે, કેમકે ચંદ્ર-સૂત્ર પોતાના ઉત્તરવૈક્રિયવિમાન સાથ આવે, મૂળવિમાન સાથે નહીં.

(૭) **હરિવંશકુલની ઉત્પત્તિ** - સુમુખ રાજાએ વીરક નામના શાળવીની વનમાલા નામની પત્નીને પોતાના અંતઃપુરમાં નાંખી. વીરક ગાંડો થઈને ભમવા લાગ્યો. રાજા અને વનમાલાને તેને જોઈને પસ્તાવો થયો. તે જ વખતે વીજળી પડી. તે બન્ને મરીને હરિવર્ષક્ષેત્રમાં હરિ-હરિણી નામના યુગલિક થયા. રાજા-વનમાલાને મરેલા જાણી વીરક ખુશ થયો. તેણે ગાંડપણ છોડી અજ્ઞાન તપ કર્યું. તેથી પહેલા દેવલોકમાં તે કિલ્બિષિયો દેવ થયો. અવધિજ્ઞાનથી તેણે તે યુગલિકને જોયા. 'યુગલિકકાળમાં સુખ અનુભવી તેઓ દેવલોકમાં પણ સુખ અનુભવશે.' આમ વિચારી તેમને દુઃખી કરવા તે દેવ તે બન્નેને ત્યાંથી ચંપાપુરીમાં લાવ્યો. તેમને રાજા-રાણી બનાવ્યા.

તેમનું આયુષ્ય અને શરીર ઘટાડ્યા. તેમને દારૂ-માંસના રવાડે ચડાવ્યા. તે હરિરાજાનો વંશ તે હરિવંશ. તેની ઉત્પત્તિ થઈ તે આશ્ચર્ય છે, કેમકે આવું ક્યારેય થતું નથી.

(૮) **ચમરનો ઉત્પાત** - પૂરણ શેઠ તાપસ બની તપ તપી ચમરેન્દ્ર થયો. તે અવધિજ્ઞાનથી પોતાની ઉપર સૌધર્મેન્દ્રને જોઈ ગુસ્સે થયો. વીરપ્રભુનું શરણ લઈ સૌધર્મેન્દ્રની સાથે યુદ્ધ કરવા તે દેવલોકમાં ગયો. સૌધર્મેન્દ્રે તેની ઉપર વજ્ર છોડ્યું. ચમરેન્દ્ર ભાગીને વીરપ્રભુના બે પગની વચ્ચે ભરાઈ ગયો. સૌધર્મેન્દ્રે વજ્ર પ્રભુના પગથી ૪ અંગુલ દૂર હતું ત્યારે લઈ લીધું. બન્ને પ્રભુની સ્તુતિ કરી પોતપોતાના સ્થાનમાં ગયા. ચમરેન્દ્ર સૌધર્મદેવલોકમાં ગયો તે આશ્ચર્ય, કેમકે આવું ક્યારેય થતું નથી.

(૯) **૧૦૮ સિદ્ધ** - ઋષભદેવપ્રભુના નિર્વાણ વખતે એકસમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થયા તે આશ્ચર્ય, કેમકે આવું ક્યારેય થતું નથી. એકસમયે મધ્યમ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય છે, પણ એકસમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થતા નથી.

(૧૦) **અસંયતપૂજા** - સુવિધિનાથ ભગવાનના નિર્વાણ પછી થોડા સમય પછી સાધુઓનો વિચ્છેદ થયો. તેથી લોકો સ્થવિરશ્રાવકોને ધર્મ પૂછવા લાગ્યા. તેઓ તેમને ધર્મ કહેવા લાગ્યા. લોકો તેમની ધન, વસ્ત્ર વગેરેથી પૂજા કરવા લાગ્યા. આવું શીતલનાથ ભગવાનના તીર્થ સુધી ચાલ્યું. તે આશ્ચર્ય છે, કેમકે સંયતની જ પૂજા થાય, અસંયતની પૂજા ન થાય.

આ ૧૦ આશ્ચર્યો અનંતકાળે આ અવસર્પિણીમાં થયા. બીજા પણ આવા અનંતકાળે થનારા ભાવો તે આશ્ચર્યરૂપ જાણવા.

| કોના શાસનમાં ? | ક્યા આશ્ચર્ય ? | કુલ |
|---|---|---|
| ઋષભદેવ ભગવાન | ૧૦૮ સિદ્ધ | ૧ |
| સુવિધિનાથ ભગવાન[૧] | અસંયત પૂજા | ૧ |
| શીતલનાથ ભગવાન | હરિવંશની ઉત્પત્તિ | ૧ |
| મલ્લિનાથ ભગવાન | સ્ત્રીતીર્થ | ૧ |
| નેમિનાથ ભગવાન | કૃષ્ણનું અપરકંકાગમન | ૧ |
| મહાવીરસ્વામી ભગવાન | ગર્ભહરણ, ઉપસર્ગ,<br>ચમરેન્દ્રનો ઉત્પાત,<br>અયોગ્ય પર્ષદા,<br>ચન્દ્ર-સૂર્યનું અવતરણ | ૫ |
| | | ૧૦ |

●●●

+ જગતના સર્વ જીવો પ્રત્યે કોઈ પણ બાહ્ય સંબંધ વિના જ પ્રભુ બંધુ કરતા પણ અધિક સ્નેહ રાખે છે.
+ પ્રભુના દર્શનથી આત્મામાં એવા શુભ અનુબંધ પડે છે કે જેથી સુકૃતોની પરંપરા જીવનમાં પ્રાપ્ત થાય છે.

---

૧. સુવિધિનાથ ભગવાનથી શાંતિનાથ ભગવાન સુધીના ૮ તીર્થંકરોના ૭ આંતરાઓમાં તીર્થોચ્છેદ થવાથી અસંયતપૂજા થઈ. બાકીના ઋષભદેવ વગેરે જિનેશ્વરોનું શાસન પ્રવર્તમાન હોતે છતે પણ મરીચિ, કપિલ વગેરે અસંયતોની પૂજા થઈ છે. તેથી અસંયતપૂજારૂપ આશ્ચર્ય પ્રાયઃ બધા તીર્થંકરોના તીર્થમાં થયું છે.

# દ્વાર ૧૩૯મું - ૪ ભાષાઓ

બોલાય તે ભાષા. તે ૪ પ્રકારની છે -

(i) **સત્યભાષા** - મૂલોત્તરગુણો કે જીવાદિ પદાર્થો માટે હિતકારી હોય તે સત્યભાષા. તે ૧૦ પ્રકારે છે -

(૧) **જનપદસત્ય** - જે દેશમાં જે અર્થના વાચક તરીકે જે ભાષા રૂઢ થઈ હોય બીજા દેશમાં પણ તે અર્થના વાચક તરીકે તે ભાષાનો પ્રયોગ થાય તો તે જનપદસત્ય છે. દા.ત. કોંકણ વગેરે જુદા જુદા દેશોમાં પાણીને પયઃ, પિચ્ચ, નીર, ઉદક કહેવાય તે.

(૨) **સમ્મતસત્ય** - બધા લોકોને જે સત્ય તરીકે સમ્મત હોય તે સમ્મતસત્ય. દા.ત. કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ - આ બધા કાદવમાં ઊગતા હોવા છતાં લોકોમાં સમ્મત હોવાથી અરવિંદને જ પંકજ કહેવાય છે તે સમ્મતસત્ય છે.

(૩) **સ્થાપનાસત્ય** - તેવા પ્રકારના આંકડા અને મહોરછાપ જોઈને જેનો પ્રયોગ થાય તે સ્થાપનાસત્ય છે. દા.ત. એકડાની આગળ બે મિંડા જોઈને 'આ સો છે.' એમ કહેવું, એકડાની આગળ ત્રણ મિંડા જોઈને 'આ હજાર છે.' એમ કહેવું તે સ્થાપનાસત્ય છે. સિક્કા પર તેવી મહોરછાપ જોઈને 'આ માસ છે, આ કાર્ષાપણ છે.' એમ કહેવું તે સ્થાપનાસત્ય છે.

અથવા જે મૂર્તિ વગેરેમાં અરિહંત વગેરેની સ્થાપના કરાય છે તેને તે અરિહંત વગેરે રૂપે કહેવું તે સ્થાપનાસત્ય છે. દા.ત. અરિહંતની મૂર્તિને 'આ અરિહંત છે.' એમ કહેવું તે સ્થાપનાસત્ય છે.

(૪) **નામસત્ય** - માત્ર નામથી સત્ય હોય તે નામસત્ય. દા.ત. કુલને વધારતો ન હોવા છતાં પણ કુલવર્ધન કહેવાય તે નામસત્ય છે.

(૫) **રૂપસત્ય** - રૂપ (વેષ)થી સત્ય હોય તે રૂપસત્ય. દા.ત. દંભથી સાધુનો વેષ પહેર્યો હોય તેને 'આ સાધુ છે.' એમ કહેવું તે રૂપસત્ય છે.

(૬) **પ્રતીત્યસત્ય** - બીજી વસ્તુને આશ્રયીને જે સત્ય હોય તે પ્રતીત્યસત્ય. દા.ત. કનિષ્ઠા આંગળીને આશ્રયીને અનામિકા આંગળી લાંબી છે એમ કહેવું તે પ્રતીત્યસત્ય છે.

(૭) **વ્યવહારસત્ય** - લોકોની વિવક્ષાથી જે સત્ય હોય તે વ્યવહારસત્ય. દા.ત. પર્વત પર રહેલા ઘાસ વગેરે બળતા હોય તો લોકો કહે છે 'પર્વત બળે છે.' તે વ્યવહારસત્ય છે.

(૮) **ભાવસત્ય** - જેમાં જે વર્ણ વગેરે ભાવો વધુ હોય તેને તે વર્ણનો વગેરે કહેવો તે ભાવસત્ય છે. દા.ત. બગલામાં પાંચે રંગો હોવા છતાં સફેદ રંગ વધુ હોવાથી બગલાને સફેદ કહેવાય તે ભાવસત્ય છે.

(૯) **યોગસત્ય** - સંબંધથી જે સત્ય હોય તે યોગસત્ય. દા.ત. જેની પાસે દંડ હોય તેને દંડી કહેવાય તે યોગસત્ય છે.

(૧૦) **ઔપમ્યસત્ય** - ઉપમારૂપ સત્ય તે ઔપમ્યસત્ય છે. દા.ત. 'તડાવ સમુદ્ર જેવું હોય છે.' એમ કહેવું તે ઔપમ્યસત્ય છે.

**(ii) મૃષાભાષા** - સત્યભાષાથી વિપરીત સ્વરૂપવાળી ભાષા તે મૃષાભાષા. તે ૧૦ પ્રકારે છે -

(૧) **ક્રોધનિઃસૃતભાષા** - ગુસ્સે થયેલો માણસ ઝઘડો કરવાની બુદ્ધિથી બીજાને સમજાવવા માટે જે સાચું-ખોટું બોલે તે ક્રોધનિઃસૃતભાષા. દા.ત. ગુસ્સે થયેલા પિતા પુત્રને કહે કે, 'તું મારો પુત્ર નથી.' તો એ ક્રોધનિઃસૃતભાષા છે.

(૨) **માનનિઃસૃતભાષા** - માનથી બોલાયેલી ભાષા તે માનનિઃસૃતભાષા.

દા.ત. પૂર્વે નહીં અનુભવેલા એવા પણ ઐશ્વર્યને પોતાની જાતને ચઢિયાતી બતાવવા 'મેં ઐશ્વર્યને ત્યારે જ અનુભવ્યું હતું.' એમ કહેવું તે માનનિઃસૃતભાષા છે.

(૩) **માયાનિઃસૃતભાષા** - માયાથી બોલાયેલી ભાષા તે માયાનિઃસૃતભાષા. દા.ત. બીજાને ઠગવા માટે જે સાચું-ખોટું બોલાય તે માયા-નિઃસૃતભાષા છે.

(૪) **લોભનિઃસૃતભાષા** - લોભથી બોલાયેલી ભાષા તે લોભનિઃસૃતભાષા. દા.ત. વેપારી વગેરે બીજી રીતે ખરીદેલ વસ્તુને બીજી રીતે ખરીદેલી કહે તે લોભનિઃસૃતભાષા.

(૫) **પ્રેમનિઃસૃતભાષા** - પ્રેમથી બોલાયેલી ભાષા તે પ્રેમનિઃસૃતભાષા. દા.ત. અતિશય પ્રેમથી 'હું તારો દાસ છું.' એમ કહેવું તે પ્રેમનિઃસૃતભાષા.

(૬) **દ્વેષનિઃસૃતભાષા** - દ્વેષથી બોલાયેલી ભાષા તે દ્વેષનિઃસૃતભાષા. દા.ત. ઈર્ષ્યાળુ ગુણવાનને પણ 'આ નિર્ગુણ છે.' એમ કહે તે દ્વેષનિઃસૃતભાષા.

(૭) **હાસ્યનિઃસૃતભાષા** - હાસ્યથી બોલાયેલી ભાષા તે હાસ્યનિઃસૃતભાષા. દા.ત. કોઈકની કોઈક વસ્તુ લઈને તે પૂછે તો મશ્કરીથી 'નથી જોઈ.' એમ કહેવું તે હાસ્યનિઃસૃતભાષા.

(૮) **ભયનિઃસૃતભાષા** - ભયથી બોલાયેલી ભાષા તે ભયનિઃસૃતભાષા. દા.ત. ચોર વગેરેના ભયથી જેમ-તેમ બોલવું તે ભયનિઃસૃતભાષા છે.

(૯) **આખ્યાયિકાનિઃસૃતભાષા** - કથામાં બોલાયેલી ભાષા તે આખ્યાયિકા-નિઃસૃતભાષા. દા.ત. અસંભવિત વસ્તુને કથામાં ઘટેલી કહેવી તે આખ્યાયિકાનિઃસૃતભાષા.

(૧૦) **ઉપઘાતનિઃસૃતભાષા** - કોઈને ખોટું આળ આપવું તે ઉપઘાત-

નિઃસૃતભાષા. દા.ત. ચોર ન હોય તેને 'તું ચોર છે.' એમ કહેવું તે ઉપઘાતનિઃસૃતભાષા.

(iii) **સત્યામૃષાભાષા** - સત્યભાષા અને મૃષાભાષા એ બન્નેના સ્વરૂપવાળી ભાષા તે સત્યામૃષાભાષા. તે ૧૦ પ્રકારે છે -

(૧) **ઉત્પન્નમિશ્રિતભાષા** - સંખ્યા પૂરવા માટે ઉત્પન્ન નહીં થયેલાની સાથે બોલાયેલી ભાષા તે ઉત્પન્નમિશ્રિતભાષા. દા.ત. કોઈક ગામમાં ઓછા-વધુ બાળકો જન્મવા પર 'આજે અહીં ૧૦ બાળકો જન્મ્યા.' એમ કહેવું તે ઉત્પન્નમિશ્રિતભાષા.

(૨) **વિગતમિશ્રિતભાષા** - સંખ્યા પૂરવા માટે નહીં મરેલાની સાથે બોલાયેલી ભાષા તે વિગતમિશ્રિતભાષા. દા.ત. કોઈ ગામમાં ઓછા-વધુ વૃદ્ધો મૃત્યુ પામવા છતાં 'આજે અહીં ૧૦ વૃદ્ધો મર્યા.' એમ કહેવું તે વિગતમિશ્રિતભાષા.

(૩) **ઉત્પન્નવિગતમિશ્રિતભાષા** - સંખ્યા પૂરવા માટે નહીં જન્મેલા અને નહીં મરેલાની સાથે બોલાયેલી ભાષા તે ઉત્પન્નવિગત-મિશ્રિતભાષા. દા.ત. ઓછા-વધુ બાળકો જન્મ્યા હોવા છતાં અને ઓછા-વધુ વૃદ્ધો મર્યા હોવા છતાં 'આજે અહીં ૧૦ બાળકો જન્મ્યા અને ૧૦ વૃદ્ધો મર્યા.' એમ કહેવું તે ઉત્પન્નવિગતમિશ્રિતભાષા.

(૪) **જીવમિશ્રિતભાષા** - કોઈ ઢગલામાં ઘણા જીવતા અને થોડા મરેલા હોય તો 'આ જીવોનો ઢગલો છે.' એમ કહેવું તે જીવમિશ્રિતભાષા. દા.ત. શંખના ઢગલામાં ઘણા જીવતા અને થોડા મરેલા હોય તો 'આ જીવોનો ઢગલો છે.' એમ કહેવું તે જીવમિશ્રિતભાષા છે.

(૫) **અજીવમિશ્રિતભાષા** - કોઈ ઢગલામાં ઘણા મરેલા અને થોડા જીવતા હોય તો 'આ અજીવોનો ઢગલો છે.' એમ કહેવું તે અજીવ-મિશ્રિતભાષા. દા.ત. શંખના ઢગલામાં ઘણા મરેલા અને થોડા જીવતા હોય તો 'આ અજીવોનો ઢગલો છે.' એમ કહેવું તે

અજીવમિશ્રિતભાષા છે.

(૬) **જીવાજીવમિશ્રિતભાષા** - કોઈ ઢગલામાં ઓછા-વધુ જીવતા હોય અને ઓછા-વધુ મરેલા હોય તો 'આમાં આટલા જીવતા છે અને આટલા મરેલા છે' એમ કહેવું તે જીવાજીવમિશ્રિતભાષા છે. દા.ત. જીવતા અને મરેલા શંખના ઢગલામાં 'આમાં ૧૦ જીવતા છે અને ૧૦ મરેલા છે એમ કહેવું તે જીવાજીવમિશ્રિતભાષા છે.

(૭) **અનંતમિશ્રિતભાષા** - પ્રત્યેક વનસ્પતિકાયથી મિશ્રિત અનંતકાય માટે એમ કહેવું કે 'આ અનંતકાય છે.' તે અનંતમિશ્રિતભાષા. દા.ત. ટમેટા, દુધી વગેરેથી મિશ્રિત મૂળા માટે એમ કહેવું કે 'આ અનંતકાય છે.' તે અનંતમિશ્રિતભાષા.

(૮) **પ્રત્યેકમિશ્રિતભાષા** - અનંતકાયથી મિશ્રિત પ્રત્યેકવનસ્પતિકાય માટે એમ કહેવું કે 'આ પ્રત્યેકવનસ્પતિકાય છે.' તે પ્રત્યેકમિશ્રિત-ભાષા. દા.ત. ગાજરથી મિશ્રિત ભિંડા માટે એમ કહેવું કે 'આ પ્રત્યેકવનસ્પતિકાય છે.' તે પ્રત્યેકમિશ્રિતભાષા છે.

(૯) **અદ્ધામિશ્રિતભાષા** - દિવસ કે રાત્રીરૂપ કાળથી મિશ્રિત ભાષા તે અદ્ધામિશ્રિતભાષા. દા.ત. હજી રાત હોય ત્યારે કોઈક વ્યક્તિ બીજાને ઉતાવળ કરાવતા કહે કે, 'ઊભો થા, ઊભો થા, દિવસ થઈ ગયો.' તો એ અદ્ધામિશ્રિતભાષા છે.

(૧૦) **અદ્ધાઅદ્ધામિશ્રિતભાષા** - દિવસ કે રાત્રીના એક અંશરૂપ કાળથી મિશ્રિતભાષા તે અદ્ધાઅદ્ધામિશ્રિતભાષા. દા.ત. પહેલા પ્રહરમાં કોઈક વ્યક્તિ બીજાને કહે કે, 'ચાલ, ચાલ, બપોર થઈ ગઈ.' તો એ અદ્ધાઅદ્ધામિશ્રિતભાષા છે.

(iv) **અસત્યામૃષા** - ઉપરની ત્રણે ભાષાઓમાં જેનો સમાવેશ ન થાય તેવી ભાષા તે અસત્યામૃષા ભાષા. તે ૧૨ પ્રકારે છે -

(૧) **આમંત્રણીભાષા** - જેનાથી બીજાને આમંત્રણ અપાય તેવી ભાષા તે

આમંત્રણીભાષા. દા.ત. 'હે દેવદત્ત !...' એમ કહેવું તે.

(૨) **આજ્ઞાપનીભાષા** - જેનાથી બીજાને કાર્યમાં પ્રવર્તાવાય તેવી ભાષા તે આજ્ઞાપનીભાષા. દા.ત. 'આમ કર.' એમ કહેવું તે.

(૩) **યાચનીભાષા** - જેનાથી કોઈ વસ્તુ મંગાય તેવી ભાષા તે યાચનીભાષા. દા.ત. 'મને કંબલ આપ.' એમ કહેવું તે.

(૪) **પ્રચ્છનીભાષા** - નહીં જાણેલા કે શંકાવાળા કોઈ અર્થને એના જાણકાર પાસે પૂછવું તે પ્રચ્છનીભાષા. દા.ત. 'આ શી રીતે ?' એમ પૂછવું તે.

(૫) **પ્રજ્ઞાપનીભાષા** - બીજાને ઉપદેશ આપવો તે પ્રજ્ઞાપનીભાષા. દા.ત. 'જીવહિંસાથી અટકેલાને બીજા ભવમાં લાંબુ આયુષ્ય મળે છે.' એમ કહેવું તે.

(૬) **પ્રત્યાખ્યાનીભાષા** - માંગનારાનો પ્રતિષેધ કરનારું વચન તે પ્રત્યાખ્યાનીભાષા. દા.ત. 'મારી પાસ કંબલ નથી.' એમ કહેવું તે.

(૭) **ઈચ્છાનુલોમાભાષા** - ઇચ્છાને અનુસરનારું વચન તે ઇચ્છાનુલોમાભાષા. દા.ત. કોઈ વ્યક્તિ કોઈ કાર્ય કરવાની ઇચ્છાથી બીજાને પૂછે ત્યારે તે કહે કે, 'હા, તું કર, મને પણ એ ઈષ્ટ છે.' તો એ ઈચ્છાનુલોમાભાષા છે.

(૮) **અનભિગૃહીતાભાષા** - નિશ્ચયવિનાની ભાષા તે અનભિગૃહીતાભાષા. દા.ત. ઘણા કાર્યો કરવાના હોય ત્યારે કોઈક વ્યક્તિ બીજાને પૂછે કે, 'શું કરું ?' ત્યારે તે એમ કહે છે કે, 'જે ઠીક લાગે તે કર.' તે અનભિગૃહીતાભાષા.

અથવા વસ્તુનો આશ્રય કર્યા વિના સામાન્યથી જે બોલાય તે અનભિગૃહીતા ભાષા. દા.ત. 'ડિત્થ' એમ કહેવું તે.

(૯) **અભિગૃહીતાભાષા** - નિશ્ચયવાળી ભાષા તે અભિગૃહીતાભાષા. દા.ત. 'અત્યારે આ કરવાનું છે, આ નહીં.' એમ કહેવું તે.

અથવા વસ્તુનો આશ્રય કરીને જે બોલાય તે અભિગૃહીતાભાષા. દા.ત. 'ઘટ' એમ કહેવું તે.

(૧૦) **સંશયકરણીભાષા** - જે એક ભાષા અનેક અર્થોને કહેનારી હોવાથી સંશય પેદા કરે તે સંશયકરણી ભાષા. દા.ત. 'સૈન્ધવ-માનય' એમ કહેવું તે. સૈન્ધવ = મીઠુ, વસ્ત્ર, પુરુષ, ઘોડો.

(૧૧) **વ્યાકૃતાભાષા** - પ્રગટ અર્થવાળી ભાષા તે વ્યાકૃતાભાષા.

(૧૨) **અવ્યાકૃતાભાષા** - ગંભીર અર્થવાળી કે અસ્પષ્ટ અક્ષરોવાળી ભાષા તે અવ્યાકૃતાભાષા.

●●●

+ દુર્જનની વિદ્યા વિવાદ માટે, ધન અભિમાન માટે અને શક્તિ બીજાને પીડવા માટે હોય છે.

  સજ્જનોનો સ્વભાવ આનાથી વિપરીત હોય છે, એટલે કે એમની વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ પરના રક્ષણ માટે હોય છે.

+ જેઓએ ગુરુને હૃદયમાં રાખ્યા છે તે આત્માઓ ધન્ય છે. પરંતુ જેઓ ગુરુના હૃદયમાં વસી ગયા છે તે ધન્યાતિધન્ય છે.

+ નરકમાં સમ્યગ્દૃષ્ટિ જીવો તત્ત્વની વિચારણા દ્વારા સ્વકૃત કર્મનો ઉદય જાણી બીજા દ્વારા અપાતા દુઃખોને સ્વયં સહન કરે છે, પણ પોતે બીજા જીવો પર પ્રહાર કરતા નથી.

+ સમકિત વિનાના સદ્ગુણોથી પણ આપણે સંતુષ્ટ કે પછી સમકિતની સ્પર્શના માટે આપણે અતિચિંતિત ?

# દ્વાર ૧૪૦મું - ૧૬ પ્રકારના વચન

(૧-૩) **કાલત્રિકવચન** - ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળનો નિર્દેશ કરનારા વચનો. દા.ત. તેણે કર્યું, તે કરે છે, તે કરશે.

(૪-૬) **વચનત્રિકવચન** - એકવચન, દ્વિવચન અને બહુવચનને કહેનારા વચનો. દા.ત. એક, બે, ઘણાં.

(૭-૯) **લિંગત્રિકવચન** - સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગનો નિર્દેશ કરનારા વચનો. દા.ત. આ સ્ત્રી, આ પુરુષ, આ કુળ.

(૧૦) **પરોક્ષવચન** - પરોક્ષનો નિર્દેશ કરનારું વચન. દા.ત. તે.

(૧૧) **પ્રત્યક્ષવચન** - પ્રત્યક્ષનો નિર્દેશ કરનારું વચન. દા.ત. આ.

(૧૨) **ઉપનયઉપનયવચન** - ગુણ કહીને બીજો ગુણ કહેનારું વચન. દા.ત. આ સ્ત્રી રૂપાળી અને સુશીલ છે.

(૧૩) **ઉપનયઅપનયવચન** - ગુણ કહીને દોષ કહેનારું વચન. દા.ત. આ સ્ત્રી રૂપાળી છે પણ દુષ્ટ શીલવાળી છે.

(૧૪) **અપનયઉપનયવચન** - દોષ કહીને ગુણ કહેનારું વચન. દા.ત. આ સ્ત્રી કદ્રૂપી છે પણ સુશીલ છે.

(૧૫) **અપનયઅપનયવચન** - દોષ કહીને બીજો દોષ કહેનારું વચન. દા.ત. આ સ્ત્રી કદ્રૂપી છે અને દુષ્ટ શીલવાળી છે.

(૧૬) **અધ્યાત્મવચન** - બીજાને ઠગવાની બુદ્ધિથી મનમાં જુદુ વિચારીને બહાર જુદુ બોલવા જતા અચાનક જે મનમાં હોય તે જ બોલે તે અધ્યાત્મવચન.

●●●

# દ્વાર ૧૪૧મું - ૫ પ્રકારના માસો

(૧) **નક્ષત્રમાસ** - જેટલા કાળમાં ચન્દ્ર અભિજિતથી માંડીને ઉત્તરાષાઢા સુધીના બધા નક્ષત્રો સાથે જાય છે તે નક્ષત્રમાસ.

સૂર્યનું ૧ અયન = ૧૮૩ અહોરાત્ર.

૧ યુગમાં ૫ ઉત્તરાયણ અને ૫ દક્ષિણાયન થાય એટલે કે ૧૦ અયન થાય.

∴ ૧ યુગમાં ૧૮૩ × ૧૦ = ૧૮૩૦ અહોરાત્ર છે.

૧ યુગમાં ૬૭ નક્ષત્ર માસ છે.

∴ ૬૭ નક્ષત્રમાસ = ૧૮૩૦ અહોરાત્ર.

∴ ૧ નક્ષત્રમાસ = $\frac{૧૮૩૦}{૬૭}$ = ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર.

(૨) **ચન્દ્રમાસ** - યુગની શરૂઆતમાં શ્રાવણ વદ ૧ થી પૂનમ સુધીનો કાળ તે ચન્દ્રમાસ. એક પૂનમથી બીજી પૂનમ સુધીનો કાળ તે ચન્દ્રમાસ.

૧ યુગમાં ૬૨ ચન્દ્રમાસ છે.

∴ ૬૨ ચન્દ્રમાસ = ૧૮૩૦ અહોરાત્ર.

∴ ૧ ચન્દ્રમાસ = $\frac{૧૮૩૦}{૬૨}$ = ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર.

(૩) **ઋતુમાસ** - ૧ ઋતુના અડધા પ્રમાણવાળો હોય તે ઋતુમાસ. તેને કર્મમાસ કે સાવનમાસ પણ કહેવાય છે.

૧ યુગમાં ૬૧ ઋતુમાસ છે.

∴ ૬૧ ઋતુમાસ = ૧૮૩૦ અહોરાત્ર.

∴ ૧ ઋતુમાસ = $\frac{૧૮૩૦}{૬૧}$ = ૩૦ અહોરાત્ર.

(૪) **આદિત્યમાસ** - ૧ અયનનો ૬ઠ્ઠો ભાગ તે આદિત્યમાસ.

૧ યુગમાં ૬૦ આદિત્યમાસ છે.

∴ ૬૦ આદિત્યમાસ = ૧૮૩૦ અહોરાત્ર.

∴ ૧ આદિત્યમાસ = $\frac{૧૮૩૦}{૬૦}$ = ૩૦ $\frac{૧}{૨}$ અહોરાત્ર.

(૫) **અભિવર્ધિતમાસ** - અભિવર્ધિતવર્ષનો ૧૨મો ભાગ તે અભિવર્ધિતમાસ.

૧ ચન્દ્રમાસ = ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર.

૧ અભિવર્ધિતવર્ષ = ૧૩ ચન્દ્રમાસ.

∴ ૧ અભિવર્ધિતવર્ષ = ૧૩ × ૨૯ $\frac{૩૨}{૬૨}$ = ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર.

૧ અભિવર્ધિતવર્ષ = ૧૨ અભિવર્ધિતમાસ.

∴ ૧૨ અભિવર્ધિતમાસ = ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર.

∴ ૧ અભિવર્ધિતમાસ = $\frac{૩૮૩\frac{૪૪}{૬૨}}{૧૨}$ = ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર.

●●●

+ પાનાંની પસંદગી તમારા હાથણાં નથી પણ પાનાં કેમ રમવાં એ તમારા હાથમાં છે. બસ, એ જ રીતે જીવનની કે સામગ્રીની પસંદગી આપણા હાથમાં નથી, પણ આપણને મળેલા જીવનનો અને સામગ્રીનો ઉપયોગ કેવી રીતે કરવો એ આપણા હાથમાં છે.

+ સંપત્તિ સતત ઘટી રહ્યાનો ખ્યાલ મનને જો બેચેન બનાવીને જ રહે છે, સ્મરણશક્તિ મંદ પડી રહ્યાનો ખ્યાલ મનને જો વ્યથિત કરીને જ રહે છે તો રોજરોજ આયુષ્ય ઘટી રહ્યાનો ખ્યાલ મનને અલ્પ પણ ખભળભાવે નહીં ?

# દ્વાર ૧૪૨મું - ૫ પ્રકારના વર્ષ

૧ યુગમાં પાંચ વર્ષ હોય છે. તે આ પ્રમાણે -

(૧) ચન્દ્રવર્ષ (૨) ચન્દ્રવર્ષ (૩) અભિવર્ધિતવર્ષ (૪) ચન્દ્રવર્ષ (૫) અભિવર્ધિતવર્ષ.

૧ ચન્દ્રમાસ = ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર.

૧ ચન્દ્ર વર્ષ = ૧૨ ચન્દ્રમાસ = ૧૨ × ૨૯$\frac{૩૨}{૬૨}$ = ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર.

૧ અભિવર્ધિતમાસ = ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર.

૧ અભિવર્ધિતવર્ષ = ૧૨ અભિવર્ધિતમાસ = ૧૨×૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ = ૩૮૩$\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર.

૧ યુગ = ૩ ચન્દ્રવર્ષ + ૨ અભિવર્ધિતવર્ષ

= (૩×૧૨) ચન્દ્રમાસ + (૨×૧૨) અભિવર્ધિતમાસ

= ૩૬ ચન્દ્રમાસ + (૨×૧૩) ચન્દ્રમાસ

= ૩૬ ચન્દ્રમાસ + ૨૬ ચન્દ્રમાસ

= ૬૨ ચન્દ્રમાસ.

●●●

+ આપણા સંપર્કમાં આવનારા પાસે પાપની પ્રશંસા ક્યારેય કરવી નહીં અને ધર્મની પ્રશંસા કર્યા વિના ક્યારેય રહેવું નહીં, કેમકે પ્રશંસા એ અનેક જીવો માટે પ્રવૃત્તિ-નિવૃત્તિનું પ્રેરકબળ બની રહેતી હોય છે.

+ મનની આજ્ઞા આપણે માનતા નથી, હૃદયના અવાજને આપણે દબાવતા નથી એ નક્કી ખરું ?

# દ્વાર ૧૪૩મું - લોકનું સ્વરૂપ

## ચૌદ રાજલોકનું સ્વરૂપ તથા વૈમાનિક દેવલોકો અને નરકોના સ્થાનો



- તમસ્તમઃપ્રભા નામની સાતમી નરકપૃથ્વીના નીચેના તળીયાથી લોકના ઉપરના છેડા સુધી લોક ૧૪ રજ્જુ પ્રમાણ ઊંચો છે. ૧ રજ્જુ = સ્વયંભૂરમણસમુદ્રની પૂર્વવેદિકાથી પશ્ચિમવેદિકા સુધીનું અંતર.

- સાતમી નરકપૃથ્વીના નીચેના ભાગે વિસ્તાર દેશોન ૭ રજ્જુ છે. ત્યાર પછી ઉપર તિર્ચ્છાલોકના મધ્ય ભાગે રહેલ સમ ભૂમિભાગ સુધી તીરછો વિસ્તાર $\frac{\text{અંગુલ}}{\text{અંસખ્ય}}$ પ્રમાણ ઘટતો જાય છે.

  તિર્ચ્છાલોકના મધ્યભાગે રહેલ સમ ભૂમિભાગનો વિસ્તાર ૧ રજ્જુ છે. ત્યાંથી ઉપર ઊર્ધ્વલોકના મધ્યભાગ સુધી તીરછો વિસ્તાર $\frac{\text{અંગુલ}}{\text{અંસખ્ય}}$ પ્રમાણ વધતો જાય છે.

  ઊર્ધ્વલોકના મધ્યભાગનો વિસ્તાર ૫ રજ્જુ છે.

  ત્યાંથી ઉપર લોકના ઉપરના છેડા સુધી તીરછો વિસ્તાર $\frac{\text{અંગુલ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ઘટતો જાય છે.

  લોકના ઉપરના છેડાનો વિસ્તાર ૧ રજ્જુ છે.

- લોકના ત્રણ વિભાગ છે - ઊર્ધ્વલોક, તિર્ચ્છાલોક અને અધોલોક. તિર્ચ્છાલોકની મધ્યમાં જંબૂદ્વીપમાં રત્નપ્રભાના ઉપરના પડની મધ્યમાં મેરુપર્વતની મધ્યમાં ૮ રુચકપ્રદેશો છે. તે ગાયના સ્તનના આકારે રહેલા છે. તે ૪ ઉપર અને ૪ નીચે રહેલા છે. આ રુચકપ્રદેશોથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે એમ ૧૮૦૦ યોજન પ્રમાણ તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકની ઉપર લોકના ઉપરના છેડા સુધી દેશોન ૭ રજ્જુ પ્રમાણ ઊર્ધ્વલોક છે. તિર્ચ્છાલોકની નીચે લોકના નીચેના છેડા સુધી સાધિક ૭ રજ્જુ પ્રમાણ અધોલોક છે.

## ચૌદ રાજલોકનું સ્વરૂપ તથા વૈમાનિક દેવલોકો અને નરકોના સ્થાનો



રુચકપ્રદેશોથી નીચે રત્નપ્રભા પૃથ્વીમાં અસંખ્ય કરોડ યોજનો ગયા પછી લોકનો મધ્યભાગ આવે છે.

- લોકનો આકાર-એક ઊંધા કોળિયા ઉપર બીજુ કોળિયું સીધુ રાખી તેની ઉપર ત્રીજી કોળિયું ઊંધું રાખવું. આવો લોકનો આકાર છે.
- અસત્કલ્પનાથી લોકના ખંડકો -

૪ ખંડક = ૧ રજ્જુ

ઉપરથી નીચે ૫૬ પંક્તિઓમાં ખંડકોની સંખ્યા -

| પંક્તિ ક્રમાંક | ખંડક સંખ્યા | મતાંતરે ખંડક સંખ્યા | દેવલોક-નરક |
|---|---|---|---|
| ૧ | ૪ | ૪ | સિદ્ધિક્ષેત્ર, ૫ અનુત્તર, ૯ ગ્રૈવેયક |
| ૨ | ૪ | ૪ | |
| ૩ | ૬ | ૬ | |
| ૪ | ૬ | ૬ | |
| ૫ | ૮ | ૮ | આરણ દેવલોક-અચ્યુત દેવલોક-આનત દેવલોક-પ્રાણત દેવલોક |
| ૬ | ૮ | ૧૦ | |
| ૭ | ૮ | ૧૨ | |
| ૮ | ૧૦ | ૧૨ | |
| ૯ | ૧૦ | ૧૬ | સહસ્રાર દેવલોક-મહાશુક્ર દેવલોક-લાંતક દેવલોક-બ્રહ્મલોક દેવલોક |
| ૧૦ | ૧૦ | ૧૬ | |
| ૧૧ | ૧૨ | ૨૦ | |
| ૧૨ | ૧૨ | ૨૦ | |
| ૧૩ | ૧૬ | ૨૦ | |
| ૧૪ | ૧૬ | ૨૦ | |
| ૧૫ | ૨૦ | ૧૬ | |
| ૧૬ | ૨૦ | ૧૬ | |
| ૧૭ | ૨૦ | ૧૨ | |
| ૧૮ | ૨૦ | ૧૨ | |
| ૧૯ | ૧૬ | ૧૦ | સનત્-કુમાર દેવલોક-માહેંદ્ર દેવલોક |
| ૨૦ | ૧૬ | ૧૦ | |
| ૨૧ | ૧૨ | ૧૦ | |
| ૨૨ | ૧૨ | ૮ | |

| પંક્તિ ક્રમાંક | ખંડક સંખ્યા | મતાંતરે ખંડક સંખ્યા | દેવલોક-નરક |
|---|---|---|---|
| ૨૩ | ૧૦ | ૮ | સૌધર્મ દેવલોક-ઈશાન દેવલોક |
| ૨૪ | ૮ | ૮ | |
| ૨૫ | ૬ | ૬ | |
| ૨૬ | ૬ | ૬ | |
| ૨૭ | ૪ | ૪ | |
| ૨૮ | ૪ | ૪ | |
| ૨૯ | ૪ | ૪ | રત્ન-પ્રભા |
| ૩૦ | ૪ | ૪ | |
| ૩૧ | ૪ | ૪ | |
| ૩૨ | ૪ | ૪ | |
| ૩૩ | ૧૦ | ૧૦ | શર્કરા-પ્રભા |
| ૩૪ | ૧૦ | ૧૦ | |
| ૩૫ | ૧૦ | ૧૦ | |
| ૩૬ | ૧૦ | ૧૦ | |
| ૩૭ | ૧૬ | ૧૬ | વાલુકા પ્રભા |
| ૩૮ | ૧૬ | ૧૬ | |
| ૩૯ | ૧૬ | ૧૬ | |
| ૪૦ | ૧૬ | ૧૬ | |
| ૪૧ | ૨૦ | ૨૦ | પંકપ્રભા |
| ૪૨ | ૨૦ | ૨૦ | |
| ૪૩ | ૨૦ | ૨૦ | |
| ૪૪ | ૨૦ | ૨૦ | |
| ૪૫ | ૨૪ | ૨૪ | ધૂમપ્રભા |
| ૪૬ | ૨૪ | ૨૪ | |
| ૪૭ | ૨૪ | ૨૪ | |
| ૪૮ | ૨૪ | ૨૪ | |
| ૪૯ | ૨૬ | ૨૬ | તમ:પ્રભા |
| ૫૦ | ૨૬ | ૨૬ | |
| ૫૧ | ૨૬ | ૨૬ | |
| ૫૨ | ૨૬ | ૨૬ | |
| ૫૩ | ૨૮ | ૨૮ | તમસ્તમ:-પ્રભા |
| ૫૪ | ૨૮ | ૨૮ | |
| ૫૫ | ૨૮ | ૨૮ | |
| ૫૬ | ૨૮ | ૨૮ | |

અધોલોકના ખંડક = ૫૧૨

ઊર્ધ્વલોકના ખંડક = ૩૦૪

સંપૂર્ણ લોકના ખંડક = ૫૧૨ + ૩૦૪ = ૮૧૬

રજ્જુના ૩ પ્રકાર -

(i) **સૂચિરજ્જુ** - ૪ ખંડક લાંબી અને ૧ ખંડક પહોળી શ્રેણિ તે સૂચિરજ્જુ.

(ii) **પ્રતર રજ્જુ** - ૪ ખંડક લાંબુ અને ૪ ખંડક પહોળુ ૧૬ ખંડકનું પ્રતર તે પ્રતરરજ્જુ.

(iii) **ઘનરજ્જુ** - ૪ ખંડક લાંબુ, ૪ ખંડક પહોળુ અને ૪ ખંડક જાડુ ૬૪ ખંડકનું ઘન તે ઘનરજ્જુ.

(૧) અધોલોકના ખંડક = ૫૧૨

૧૬ ખંડક = ૧ પ્રતરરજ્જુ

$\therefore$ ૫૧૨ ખંડક = $\frac{૫૧૨}{૧૬}$ = ૩૨ પ્રતરરજ્જુ

$\therefore$ અધોલોકના પ્રતરરજ્જુ = ૩૨

(૨) ઊર્ધ્વલોકના ખંડક = ૩૦૪

૩૦૪ ખંડક = $\frac{૩૦૪}{૧૬}$ = ૧૯ પ્રતરરજ્જુ

$\therefore$ ઊર્ધ્વલોકના પ્રતરરજ્જુ = ૧૯

(૩) સંપૂર્ણલોકના પ્રતરરજ્જુ = ૩૨+૧૯=૫૧

(૪) **ઘનીકૃતલોક** -

લોકને કલ્પનાથી આ રીતે ઘન કરવો -


(૧)


(૨)


(3)

(i) ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની જમણી બાજુના બ્રહ્મલોકની નીચેના અને ઉપરના ૨ રજ્જુ પહોળા અને દેશોન $૩\frac{૧}{૨}$ રજ્જુ ઊંચા બે ટુકડા લઈને ત્રસનાડીની ડાબી બાજુ ઊંધા કરીને લગાડવા. તેથી ઊર્ધ્વલોક ૩ રજ્જુ પહોળો અને દેશોન ૭ રજ્જુ ઊંચો બને છે. બ્રહ્મલોકની વચ્ચે તેની જાડાઈ ૫ રજ્જુ છે, બીજે જાડાઈ અનિયત છે.

(ii) અધોલોકમાં ત્રસનાડીની જમણીબાજુનો દેશોન ૩ રજ્જુ પહોળો અને સાધિક ૭ રજ્જુ ઊંચો ટુકડો લઈને ત્રસનાડીની ડાબી બાજુ ઊંધો કરીને લગાડવો. તેથી અધોલોક દેશોન ૪ રજ્જુ પહોળો અને સાધિક ૭ રજ્જુ ઊંચો બને છે. જાડાઈ ક્યાંક દેશોન ૭ રજ્જુ છે, બીજે જાડાઈ અનિયત છે.

(iii) ઊર્ધ્વલોકને અધોલોકની જમણી બાજુ જોડવો. તેથી ઘન થાય છે. તેની ઊંચાઈ ક્યાંક સાધિક ૭ રજ્જુ છે, ક્યાંક દેશોન ૭ રજ્જુ છે. તેની પહોળાઈ દેશોન ૭ રજ્જુ છે.

(iv) ઊંચાઈમાં જે ૭ રજ્જુથી વધુ છે તે ડાબી બાજુ ઉપર-નીચે જોડાય છે. તેથી પહોળાઈ ૭ રજ્જુ થાય છે.

(v) ઘનીકૃત ઊર્ધ્વલોકની જાડાઈ ક્યાંક ૫ રજ્જુ છે અને ઘની-અધોલોકની જાડાઈ ક્યાંક દેશોન ૭ રજ્જુ છે. તેથી ઘનીકૃત-અધોલોકની જાડાઈ ઘનીકૃત ઊર્ધ્વલોકની જાડાઈ કરતા દેશોન ૨ રજ્જુ વધું છે. તેમાંથી અડધી જાડાઈ લઈને ઘનીકૃત ઊર્ધ્વલોકની જાડાઈમાં જોડવી. આમ ઘનીકૃત લોકની જાડાઈ કેટલાક ભાગમાં દેશોન ૬ રજ્જુ થઈ.

(vi) આમ ઘનીકૃત લોક બને છે. તેની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ ૭ રજ્જુથી ઓછી-વધુ હોવા છતાં વ્યવહારનયથી તેની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ ૭ રજ્જુ મનાય છે. તે ચોરસ છે.

(૫) ઘનીકૃત લોકના ઘન રજ્જુ -

વ્યવહારનયથી - $૭ \times ૭ \times ૭ = ૩૪૩$ ઘનરજ્જુ.

નિશ્ચયનયથી - પૂર્વે બતાવેલ ૫૬ પંક્તિની દરેક પંક્તિની ખંડકસંખ્યાનો વર્ગ કરીને તેમને જોડીને ૬૪થી ભાગ લેવો.

| પંક્તિ ક્રમાંક | ખંડક સંખ્યાનો વર્ગ | પંક્તિ ક્રમાંક | ખંડક સંખ્યાનો વર્ગ | પંક્તિ ક્રમાંક | ખંડક સંખ્યાનો વર્ગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬ | ૨૦ | ૨૫૬ | ૩૯ | ૨૫૬ |
| ૨ | ૧૬ | ૨૧ | ૧૪૪ | ૪૦ | ૨૫૬ |
| ૩ | ૩૬ | ૨૨ | ૧૪૪ | ૪૧ | ૪૦૦ |
| ૪ | ૩૬ | ૨૩ | ૧૦૦ | ૪૨ | ૪૦૦ |
| ૫ | ૬૪ | ૨૪ | ૬૪ | ૪૩ | ૪૦૦ |
| ૬ | ૬૪ | ૨૫ | ૩૬ | ૪૪ | ૪૦૦ |
| ૭ | ૬૪ | ૨૬ | ૩૬ | ૪૫ | ૫૭૬ |
| ૮ | ૧૦૦ | ૨૭ | ૧૬ | ૪૬ | ૫૭૬ |
| ૯ | ૧૦૦ | ૨૮ | ૧૬ | ૪૭ | ૫૭૬ |
| ૧૦ | ૧૦૦ | ૨૯ | ૧૬ | ૪૮ | ૫૭૬ |
| ૧૧ | ૧૪૪ | ૩૦ | ૧૬ | ૪૯ | ૬૭૬ |
| ૧૨ | ૧૪૪ | ૩૧ | ૧૬ | ૫૦ | ૬૭૬ |
| ૧૩ | ૨૫૬ | ૩૨ | ૧૬ | ૫૧ | ૬૭૬ |
| ૧૪ | ૨૫૬ | ૩૩ | ૧૦૦ | ૫૨ | ૬૭૬ |
| ૧૫ | ૪૦૦ | ૩૪ | ૧૦૦ | ૫૩ | ૭૮૪ |
| ૧૬ | ૪૦૦ | ૩૫ | ૧૦૦ | ૫૪ | ૭૮૪ |
| ૧૭ | ૪૦૦ | ૩૬ | ૧૦૦ | ૫૫ | ૭૮૪ |
| ૧૮ | ૪૦૦ | ૩૭ | ૨૫૬ | ૫૬ | ૭૮૪ |
| ૧૯ | ૨૫૬ | ૩૮ | ૨૫૬ | કુલ | ૧૫,૨૯૬ |

૬૪ ખંડક = ૧ ઘનરજ્જુ

$\therefore$ ૧૫,૨૯૬ ખંડક = $\frac{૧૫૨૯૬}{૬૪}$ = ૨૩૯ ઘનરજ્જુ

●●●

# દ્વાર ૧૪૪મું - ૩ સંજ્ઞાઓ

સંજ્ઞા = જ્ઞાન. તે ૨ પ્રકારે છે -

**(i) ક્ષાયોપશમિકી સંજ્ઞા** - જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી થનારી સંજ્ઞા. તેના ૩ પ્રકાર છે -

(૧) **દીર્ઘકાલોપદેશિકીસંજ્ઞા** - જેનાથી ત્રણે કાળની વિચારણા થઈ શકે તે દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞા.

સંજ્ઞી - મનપર્યાપ્તિથી પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, દેવ, નારક.

અસંજ્ઞી - સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય, એકેન્દ્રિય.

બધે સંજ્ઞી-અસંજ્ઞી દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાને આશ્રયીને સમજવા.

(૨) **હેતુવાદોપદેશિકીસંજ્ઞા** - જેમાં પ્રાયઃ માત્ર વર્તમાનકાલનું જ જ્ઞાન હોય અને જેનાથી ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ થાય તે હેતુવાદોપદેશિકી સંજ્ઞા.

સંજ્ઞી-વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય.

અસંજ્ઞી-એકેન્દ્રિય.

(૩) **દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા** - ક્ષાયોપશમિકજ્ઞાનમાં રહેલ સમ્યગ્-દૃષ્ટિજીવને જે સંજ્ઞા હોય તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા.

સંજ્ઞી-સમ્યગ્દૃષ્ટિ

અસંજ્ઞી - મિથ્યાદૃષ્ટિ

**(ii) ઔદયિકીસંજ્ઞા** - કર્મના ઉદયથી થનારી સંજ્ઞા. તે ૪ પ્રકારે છે. તે ૧૪૫મા દ્વારમાં કહેવાશે.

●●●

# દ્વાર ૧૪૫મું - ૪ સંજ્ઞાઓ

(૧) **આહારસંજ્ઞા** - ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી કવલાહાર વગેરે માટે તેવા પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરવાની ક્રિયા કરવી તે આહાર-સંજ્ઞા. તે ૪ કારણથી થાય છે -

(i) પેટ-ખાલી હોવાથી.

(ii) ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી.

(iii) આહારકથાના શ્રવણ વગેરેથી થયેલી બુદ્ધિથી.

(iv) સતત આહારનો વિચાર કરવાથી.

(૨) **ભયસંજ્ઞા** - ભયમોહનીય કર્મના ઉદયથી ડરેલા જીવની આંખ-મુખ વિકૃત થવા, રોમાંચ ઊભા થવા વગેરે ક્રિયા તે ભયસંજ્ઞા. તે ૪ કારણથી થાય છે -

(i) સત્ત્વ ન હોવાથી.

(ii) ભયમોહનીય કર્મના ઉદયથી.

(iii) ભયની વાતના શ્રવણ, ભયંકર દૃશ્યના દર્શન વગેરેથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી.

(iv) સતત ૭ પ્રકારના ભયનો વિચાર કરવાથી.

(૩) **પરિગ્રહસંજ્ઞા** - લોભના ઉદયથી રાગપૂર્વકની સચિત્ત-અચિત્ત દ્રવ્યોને ભેગા કરવાની ક્રિયા તે પરિગ્રહસંજ્ઞા. તે ૪ કારણથી થાય છે -

(i) પરિગ્રહ હોવાથી.

(ii) લોભમોહનીય કર્મના ઉદયથી.

(iii) સચિત્ત-અચિત્ત વગેરે પરિગ્રહના દર્શન વગેરેથી થયેલી બુદ્ધિથી.

(iv) સતત પરિગ્રહનો વિચાર કરવાથી.

(૪) **મૈથુનસંજ્ઞા** - પુરુષવેદના ઉદયથી મૈથુન માટે સ્ત્રીને જોવાથી મુખ પ્રસન્ન થવું, સાથળ કંપવા વગેરે રૂપ ક્રિયા થવી તે મૈથુનસંજ્ઞા. તે ૪ કારણથી થાય છે -

(i) લોહી-માંસની પુષ્ટતાથી.

(ii) વેદમોહનીય કર્મના ઉદયથી.

(iii) કામક્રીડાની વાતના શ્રવણ વગેરેથી પેદા થયેલી બુદ્ધિથી.

(iv) સતત મૈથુનનો વિચાર કરવાથી.

બધા જીવોને ચારે સંજ્ઞા હોય છે.

●●●

+ મોક્ષ એ જો મકાન છે, સદ્ગતિ એ જો મકાનનો દરવાજો છે, સમાધિ એ જો મકાનના દરવાજા પર લાગેલું તાળું છે તો સહનશીલતા એ તાળાને ખોલી નાખવાની ચાવી છે.

+ પ્રભુ જ ગમે, એ અધ્યાત્મ જગતના પ્રવેશની નિશાની છે, પ્રભુને જે જીવો ગમ્યા એ જીવો પણ ગમે એ અધ્યાત્મ જગતમાં આત્માની થયેલી પધરામણીની નિશાની છે અને પ્રભુએ સાધનાનો જે માર્ગ સ્વીકાર્યો એ માર્ગ ગમી જાય એ અધ્યાત્મ જગતમાં આત્માની થઈ ગયેલી પ્રતિષ્ઠાની નિશાની છે.

+ પ્રચંડ સંકલ્પ, મજબૂત સત્ત્વ અને નિશ્ચિત લક્ષ્ય - આ ત્રણ મૂડી વિના સાધનામાર્ગ પર ટકી શકાય એવી કોઈ જ શક્યતા નથી.

+ ઘાસનું દૂધમાં રૂપાંતરણ એ ગાયની ઉત્તમતા છે. દ્વેષનું પ્રેમમાં રૂપાંતરણ એ સંયમીની ઉત્તમતા છે.

# દ્વાર ૧૪૬મું - ૧૦ સંજ્ઞાઓ

સંજ્ઞા = વેદનીય-મોહનીય કર્મોના ઉદયથી અને જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મોના ક્ષયોપશમથી થનારી વિચિત્ર પ્રકારની આહાર વગેરે પ્રાપ્ત કરવાની ક્રિયા તે સંજ્ઞા. તે ૧૦ પ્રકારે છે. તેમાં ૪ પ્રકાર ૧૪૫મા દ્વારમાં કહ્યા છે. બાકીના ૬ પ્રકાર આ પ્રમાણે છે -

(૫) **ક્રોધસંજ્ઞા** - ક્રોધમોહનીયકર્મના ઉદયથી ગુસ્સે થઈને કઠોરતાપૂર્વક મુખ, આંખ, દાંત, હોઠ ફરકવા વગેરે રૂપ ક્રિયા તે ક્રોધસંજ્ઞા.

(૬) **માનસંજ્ઞા** - માનમોહનીયકર્મના ઉદયથી પોતાની બડાઈ વગેરેના પરિણામરૂપ અહંકાર કરવો તે માનસંજ્ઞા.

(૭) **માયાસંજ્ઞા** - માયામોહનીયકર્મના ઉદયથી અશુભ સંક્લેશથી ખોટું બોલવા વગેરેની ક્રિયા તે માયાસંજ્ઞા.

(૮) **લોભસંજ્ઞા** - લોભમોહનીયકર્મના ઉદયથી લાલસાથી સચિત્ત-અચિત્ત દ્રવ્યોની માંગણી કરવી તે લોભસંજ્ઞા.

(૯) **ઓઘસંજ્ઞા - સ્થાનાંગટીકાનો મત**-મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી થનારી શબ્દ વગેરે વસ્તુ સંબંધી સામાન્ય બોધની ક્રિયા તે ઓઘસંજ્ઞા. અર્થાત્ દર્શનોપયોગ તે ઓઘસંજ્ઞા.

**આચારાંગટીકાનો મત**-વેલડીઓના ઊંચે ચડવા વગેરેની અવ્યક્ત ઉપયોગરૂપ સંજ્ઞા તે ઓઘસંજ્ઞા.

**મતાંતરે** જ્ઞાનોપયોગ તે ઓઘસંજ્ઞા.

(૧૦) **લોકસંજ્ઞા - સ્થાનાંગટીકાનો મત** - મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી થનારી શબ્દ વગેરે વસ્તુ સંબંધી વિશેષબોધની ક્રિયા તે લોકસંજ્ઞા. અર્થાત્ જ્ઞાનોપયોગ તે લોકસંજ્ઞા.

**આચારાંગટીકાનો મત** - પોતાની મરજીથી કલ્પેલા લૌકિક આચાર-રૂપ ક્રિયા તે લોકસંજ્ઞા.

**મતાંતરે** દર્શનોપયોગ તે લોકસંજ્ઞા.

બધા જીવોને દસે સંજ્ઞા હોય છે.

# દ્વાર ૧૪૭મું - ૧૫ સંજ્ઞાઓ

સંજ્ઞાઓ ૧૫ છે. તેમાં ૧૦ પ્રકાર ૧૪૬મા દ્વારમાં કહ્યા છે. બાકીના ૫ પ્રકાર આ પ્રમાણે છે -

(૧૧) **સુખસંજ્ઞા** - સાતા વેદનીયના અનુભવરૂપ સંજ્ઞા તે સુખસંજ્ઞા.

(૧૨) **દુઃખસંજ્ઞા** - અસાતાવેદનીયના અનુભવરૂપ સંજ્ઞા તે દુઃખસંજ્ઞા.

(૧૩) **મોહસંજ્ઞા** - મિથ્યાત્વરૂપ સંજ્ઞા તે મોહસંજ્ઞા.

(૧૪) **વિચિકિત્સાસંજ્ઞા** - મનના ડામાડોળપણારૂપ સંજ્ઞા તે વિચિકિત્સા-સંજ્ઞા.

(૧૫) **ધર્મસંજ્ઞા** - ક્ષમા વગેરેને ધારણ કરવારૂપ સંજ્ઞા તે ધર્મસંજ્ઞા.

બધા જીવોને પંદરે સંજ્ઞા હોય છે.

આચારાંગમાં ૧૬ સંજ્ઞાઓ કહી છે. તેમાં ૧૫ સંજ્ઞા ઉપર મુજબ છે. ૧૬મી સંજ્ઞા આ પ્રમાણે છે -

(૧૬) **શોકસંજ્ઞા** - વિલાપ કરવો, મનમાં દુભાવું વગેરે રૂપ સંજ્ઞા તે શોકસંજ્ઞા.

●●●

+ જેની પાસે આત્મરમણતાનો આનંદ છે એને બહિર્ભાવના આનંદને માણવાની ઇચ્છા જ થતી નથી.

+ પાપ પહેલા મનમાં આવે છે, પછી વચનમાં અને પછી કાયામાં, જ્યારે ધર્મ પહેલા કાયામાં આવે છે, પછી વચનમાં અને પછી મનમાં.

+ અત્યારે આપણી નજર ક્યાં ? ચારિત્રપાલનમાં અતિચાર ન લાગે એ તરફ કે દેવ-ગુરુ પ્રત્યેના સમર્પણભાવમાં કડાકો ન બોલાય એ તરફ ?

# દ્વાર ૧૪૮મું - સમ્યક્ત્વના ૬૭ ભેદ

| સમ્યક્ત્વના ભેદ | પેટાભેદ |
|---|---|
| શ્રદ્ધાન | ૪ |
| લિંગ | ૩ |
| વિનય | ૧૦ |
| શુદ્ધિ | ૩ |
| દોષ | ૫ |
| પ્રભાવના | ૮ |
| ભૂષણ | ૫ |
| લક્ષણ | ૫ |
| જયણા | ૬ |
| આગાર | ૬ |
| ભાવના | ૬ |
| સ્થાન | ૬ |
| કુલ | ૬૭ |

(૧) ૪ **શ્રદ્ધાન** - જેનાથી 'સમ્યક્ત્વ છે' એવી ખબર પડે છે તે શ્રદ્ધાન. તેના ૪ પ્રકાર છે -

(i) **પરમાર્થસંસ્તવ** - બહુમાનપૂર્વક જીવ વગેરે પદાર્થોનો અભ્યાસ કરવો તે.

(ii) **સુદૃષ્ટપરમાર્થસેવન** - જીવ વગેરે પદાર્થોના સારી રીતે જાણકાર એવા આચાર્ય વગેરેની આરાધના અને શક્તિમુજબ વૈયાવચ્ચ કરવી તે.

(iii) **વ્યાપન્નદર્શનવર્જન** - સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા નિહ્નવ વગેરેનો ત્યાગ કરવો તે.

(iv) **કુદર્શનવર્જન** - મિથ્યાદૃષ્ટિ એવા બૌદ્ધો વગેરેનો ત્યાગ કરવો તે.

(૨) **૩ લિંગ** - જેનાથી 'સમ્યક્ત્વ ઉત્પન્ન થયું છે.' એવું નક્કી થાય તે લિંગ. તેના ૩ પ્રકાર છે -

(i) **શુશ્રૂષા** - સદ્બોધના સફળ કારણરૂપ ધર્મશાસ્ત્રને સાંભળવાની ઈચ્છા તે શુશ્રૂષા. ચતુરાઈ વગેરે ગુણોવાળા યુવાન પુરુષને કિન્નરનું ગીત સાંભળવાનો જેવો રાગ હોય તેના કરતા પણ સમ્યક્ત્વીને ધર્મશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા વધુ હોય.

(ii) **ધર્મરાગ** - જંગલ પાર કરીને આવેલા, ગરીબ, ભૂખ્યા બ્રાહ્મણને ઘેબર ખાવાની જેવી અભિલાષા હોય તેના કરતા પણ સમ્યક્ત્વીને ચારિત્રધર્મની તેવા કર્મોદયને લીધે આરાધના ન કરવા છતાં તેની વધુ અભિલાષા હોય છે.

(iii) **દેવગુરુવૈયાવચ્ચનો નિયમ** - ભગવાન અને ગુરુદેવની સેવા, શારીરિક શુશ્રૂષા, પૂજા વગેરેને અવશ્ય કરવા રૂપે સ્વીકારવી.

(૩) **૧૦ વિનય** -

(i) **અરિહંત** - તીર્થંકર.

(ii) **સિદ્ધ** - જેમના ૮ કર્મોનો ક્ષય થઈ ગયો છે તેવા મુક્તાત્માઓ.

(iii) **ચૈત્ય** - જિનપ્રતિમા.

(iv) **શ્રુત** - આચારાંગ વગેરે શાસ્ત્રો.

(v) **ધર્મ** - ક્ષમા વગેરે રૂપ.

(vi) **સાધુસમુદાય** - શ્રમણોનો સમૂહ.

(vii) **આચાર્ય** - ૩૬ ગુણયુક્ત મહાત્મા.

(viii) **ઉપાધ્યાય** - ૨૫ ગુણયુક્ત મહાત્મા.

(ix) **પ્રવચન** - સંઘ

(x) **દર્શન** - સમ્યક્ત્વ

આ દસના ભક્તિ, પૂજા, વર્ણોજ્જ્વલન, અવર્ણવાદત્યાગ અને આશાતનાત્યાગ કરવા તે વિનય.

(i) **ભક્તિ** - સામે લેવા જવું, આસન આપવું, સેવા કરવી, અંજલિ કરવી, મૂકવા જવું વગેરે.

(ii) **પૂજા** - ગંધ (વાસક્ષેપ), માળા, વસ્ત્ર, પાત્રા, અન્ન, પાણી વગેરે આપવા.

(iii) **વર્ણોજ્જ્વલન** - જ્ઞાન વગેરે ગુણોની પ્રશંસા કરવી.

(iv) **અવર્ણવાદત્યાગ** - નિંદાનો ત્યાગ કરવો.

(v) **આશાતનાત્યાગ** - મન-વચન-કાયાથી પ્રતિકૂળ વર્તનનો ત્યાગ.

(૪) **૩ શુદ્ધિ** - જેનાથી સમ્યક્ત્વની નિર્મળતા થાય તે શુદ્ધિ. તે ૩ પ્રકારે છે -

(i) **જિન** - વીતરાગ અરિહંત.

(ii) **જિનમત** - તીર્થંકરોએ બતાવેલું સ્યાદ્વાદથી યુક્ત એવું જીવ, અજીવ વગેરે તત્ત્વોનું સાચું સ્વરૂપ.

(iii) **જિનમતસ્થિત** - જિનશાસનને સ્વીકારેલ સાધુઓ વગેરે.

આ ત્રણ સિવાયનું એકાંતના કદાગ્રહવાળું આખું જગત કચરાની જેમ અસાર છે એમ વિચારવું.

(૫) **૫ દોષ** - સમ્યક્ત્વને મલિન કરનારા અતિચારો તે દોષ. તે ૫ પ્રકારે છે -

(i) **શંકા** - સર્વજ્ઞ ભગવાને કહેલા વચનમાં સંશય કરવો.

(ii) **કાંક્ષા** - અન્ય ધર્મોની ઇચ્છા કરવી.

(iii) **વિચિકિત્સા** - સદાચાર, સાધુ વગેરેની નિંદા કરવી.

(iv) **કુલિંગીપ્રશંસા** - મિથ્યાદૃષ્ટિઓની પ્રશંસા કરવી.

(v) **કુલિંગીસંસ્તવ** - મિથ્યાદષ્ટિઓની સાથે વાર્તાલાપ કરીને પરિચય કરવો.

આ પાંચ દોષોનો સમ્યક્ત્વી ત્યાગ કરે.

(૬) **૮ પ્રભાવના** - સ્વયં પ્રકાશિત જિનશાસનને દેશ-કાળ વગેરેને ઉચિત રીતે સહાય કરીને પ્રકાશિત કરવું તે પ્રભાવના. તેના ૮ પ્રકાર છે -

(i) **પ્રાવચની** - અતિશયવાળું બાર અંગોનું જ્ઞાન જેને હોય તે. તેઓ તે તે કાળે વિદ્યમાન શાસ્ત્રોના જાણકાર હોય.

(ii) **ધર્મકથી** - ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિવાળા જેઓ મેઘધ્વનિ જેવા અવાજ વડે લોકોના મનને આનંદ કરનારી, આક્ષેપણી, વિક્ષેપણી, સંવેજની, નિર્વેદની - આમ ચાર પ્રકારની ધર્મકથા કહે તે.

(iii) **વાદી** - વાદી, પ્રતિવાદી, સભ્ય, સભાપતિરૂપ ૪ પ્રકારની પર્ષદામાં સામાપક્ષનું નિરાકરણ કરવાપૂર્વક પોતાના પક્ષને સ્થાપવા જે વાદ કરે તે.

(iv) **નૈમિત્તિક** - ત્રણે કાળના લાભ-નુકસાન વગેરેના નિમિત્તને જાણે તે.

(v) **તપસ્વી** - અઠ્ઠમ વગેરે દુષ્કર તપ કરે તે.

(vi) **વિદ્યાવાન** - પ્રજ્ઞપ્તિ વગેરે શાસનદેવતાઓની સહાયવાળા હોય તે. દા.ત. વજ્રસ્વામી.

(vii) **સિદ્ધ** - જેની પાસે અંજન આંજીને અદૃશ્ય થવાની, પગમાં લેપ લગાવીને આકાશમાં ઊડવાની, તિલક, ગુટિકા, બધા જીવોને આકર્ષવાની, વૈક્રિયલબ્ધિ વગેરે સિદ્ધિઓ હોય તે.

(viii) **કવિ** - નવી નવી રચનાવાળા, પાકેલા રસ જેવા સ્વાદથી સજ્જનોને આનંદ પમાડનારા, બધી ભાષામાં રચાયેલા, ગદ્ય-પદ્ય પ્રબંધો વડે વર્ણન કરે તે.

આ ૮નું કાર્ય તે ૮ પ્રકારની પ્રભાવના.

બીજી રીતે ૮ પ્રભાવકો -

(i) **અતિશેષઋદ્ધિ** - અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, આમર્ષોષધિ વગેરે અતિશયોની ઋદ્ધિવાળા હોય તે.

(ii) **ધર્મકથી**

(iii) **વાદી**

(iv) **આચાર્ય**

(v) **ક્ષપક** - તપસ્વી

(vi) **નૈમિત્તિક**

(vii) **વિદ્યાવાન**

(viii) **રાજગણસંમત** - રાજાને અને મહાજન વગેરેને વહાલા અને માન્ય હોય તે.

(૭) **૫ ભૂષણ** - સમ્યક્ત્વને અલંકૃત કરનારા ગુણો. તે ૫ પ્રકારે છે -

(i) **જિનશાસનમાં કુશલતા** - તેનાથી જુદા જુદા ઉપાયો વડે સુખેથી બીજાને પ્રતિબોધ કરે છે.

(ii) **જિનશાસનની પ્રભાવના** - તે ૮ પ્રકારની પૂર્વે કહી છે. તે સ્વ અને પર ઉપર ઉપકાર કરનાર હોવાથી અને તીર્થંકરનામકર્મના બંધનું કારણ હોવાથી તેની પ્રધાનતા બતાવવા અહીં ફરી કહી છે.

(iii) **આયતન આસેવના** - આયતન બે પ્રકારે છે -

(a) દ્રવ્યઆયતન - જિનાલય વગેરે.

(b) ભાવઆયતન-જ્ઞાન, દર્શન, ચારિત્રના આધારરૂપ સાધુ વગેરે. બન્ને પ્રકારના આયતનની આરાધના કરવી.

(iv) **સ્થિરતા** - જિનધર્મ પ્રત્યે ચલિત ચિત્તવાળા બીજાને સ્થિર કરવા,

અથવા પરદર્શનની સમૃદ્ધિ જોવા છતાં જિનધર્મમાં પોતે અડગ રહેવું.

(v) **ભક્તિ** - જિનશાસનના વિનય-વૈયાવચ્ચ કરવા.

(૮) **૫ લક્ષણ** - જેનાથી બીજામાં રહેલું સમ્યક્ત્વ જણાય તે લક્ષણ. તે ૫ પ્રકારે છે -

(i) **ઉપશમ** - અપરાધી ઉપર પણ ગુસ્સો ન કરવો. તે કષાયનું પરિણામ જોઈને કે સ્વાભાવિક રીતે થાય છે.

(ii) **સંવેગ** - મનુષ્યો-દેવોના સુખને દુઃખરૂપ માનીને મુક્તિના સુખની અભિલાષા કરવી. મતાંતરે ભવથી વૈરાગ્ય થવો તે સંવેગ.

(iii) **નિર્વેદ** - નરક-તિર્યંચ વગેરે સાંસારિક દુઃખોનો કંટાળો. મતાંતરે મોક્ષની અભિલાષા તે નિર્વેદ.

(iv) **અનુકંપા** - પક્ષપાત વિના દુઃખી પ્રાણીઓના દુઃખ દૂર કરવાની ઈચ્છા. અનુકંપા બે પ્રકારે છે -

(a) **દ્રવ્ય અનુકંપા** - શક્તિ હોય તો બીજાના દુઃખનો પ્રતિકાર કરવો.

(b) **ભાવ અનુકંપા** - હૃદય ભીનું થવું.

(v) **આસ્તિક્ય** - બીજા ધર્મોના તત્ત્વો સાંભળવા છતાં પણ તેમની આકાંક્ષા કર્યા વિના ભગવાને બતાવેલા તત્ત્વોને સ્વીકારવા.

(૯) **૬ જયણા** - જેમાં યત્ન કરવાથી સમ્યક્ત્વને ઓળંગે નહીં તે જયણા. તે ૬ પ્રકારે છે -

(i-ii) પરિવ્રાજક વગેરે અન્ય દર્શનના સાધુઓને, રુદ્ર, વિષ્ણુ, બુદ્ધ વગેરે અન્ય દર્શનના દેવોને અને અન્ય દર્શનવાળાએ સ્વીકારેલ જિન-પ્રતિમાઓને વંદન અને નમસ્કાર ન કરવા. વંદન = મસ્તક નમાવવું. નમસ્કાર = પ્રમાણપૂર્વક સારા શબ્દોથી ગુણો બોલવા. તેમને વંદન-નમસ્કાર કરવાથી તેમના ભક્તો મિથ્યાત્વમાં સ્થિર થાય.

(iii-iv) અન્ય દર્શનવાળાએ પહેલા ન બોલાવ્યા હોય તો તેમની સાથે આલાપ અને સંલાપ ન કરવા. આલાપ = થોડું બોલવું. સંલાપ = વારંવાર બોલવું. તેમની સાથે બોલવાથી તેમનો પરિચય થવાથી તેમની ક્રિયા જોવા-સાંભળવાથી મિથ્યાત્વનો ઉદય થાય. અન્યદર્શનવાળાએ પહેલા બોલાવ્યા હોય તો લોકવ્યવહાર માટે થોડું બોલવું.

(v) અન્યદર્શનવાળાને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્રા વગેરે ન આપવા. તેમને આપવાથી પોતાને કે બીજાને તેમના પર બહુમાન થવાથી મિથ્યાત્વ આવે. અનુકંપાથી તેમને આપી શકાય.

(vi) અન્ય દર્શનવાળાના દેવોની અને અન્ય દર્શનવાળાએ સ્વીકારેલ જિનપ્રતિમાઓની પૂજા વગેરે માટે ગંધ, પુષ્પ વગેરે ન મોકલવા, તેમના વિનય, વૈયાવચ્ચ, યાત્રા, સ્નાત્ર વગેરે ન કરવા. તેમના પૂજા વગેરે કરવાથી લોકોનું મિથ્યાત્વ સ્થિર થાય.

(૧૦) **૬ આગાર** - આગાર = અપવાદ. અન્ય દર્શનીઓને વંદન વગેરે જેનો સમ્યક્ત્વીને ઉપર નિષેધ કહેલ છે તેને જે કારણોથી ભક્તિ વિના દ્રવ્યથી આચરવા છતાં સમ્યક્ત્વને ઓળંગે નહીં તે આગાર. તે ૬ પ્રકારે છે -

**(i)** **રાજાભિયોગ** - ઇચ્છા ન હોવા છતાં રાજાના કહેવાથી કરવું તે.

**(ii)** **ગણાભિયોગ** - ઇચ્છા ન હોવા છતાં સ્વજનો વગેરેના સમુદાયના કહેવાથી કરવું તે.

**(iii)** **બલાભિયોગ** - ઇચ્છા ન હોવા છતાં બળવાનની હઠને લીધે કરવું તે.

**(iv)** **દેવાભિયોગ** - ઇચ્છા ન હોવા છતાં કુળદેવતા વગેરેના કારણે કરવું તે.

**(v)** **કાન્તારવૃત્તિ** - જંગલમાં કે મુશ્કેલીમાં નિર્વાહ કરવા માટે કરવું તે.

**(vi) ગુરુનિગ્રહ** - માતા, પિતા, વિદ્યાગુરુ, આ ત્રણના સ્વજનો, વૃદ્ધો અને ધર્મનો ઉપદેશ આપનારા - આ ગુરુઓના આગ્રહથી કરવું તે.

**(૧૧) ૬ ભાવના** - જેનાથી સમ્યક્ત્વ આત્મામાં ભાવિત થાય તે ભાવના. તે ૬ પ્રકારની છે -

(i) સમ્યક્ત્વ એ ધર્મવૃક્ષનું મૂળ છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ મૂળ વિનાનું વૃક્ષ પવનથી પડી જાય છે તેમ સમ્યક્ત્વ વિનાનો ધર્મ અન્યદર્શનવાળાના મતરૂપી પવનની સામે સ્થિર રહી શકતો નથી.

(ii) સમ્યક્ત્વ એ ધર્મનગરનું દ્વાર છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ દ્વાર વિના નગરમાં પ્રવેશ થઈ શકતો નથી તેમ સમ્યક્ત્વ વિના ધર્મમાં પ્રવેશ થઈ શકતો નથી.

(iii) સમ્યક્ત્વ એ ધર્મમહેલનો પાયો છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ પાયા વિનાનો મહેલ નિશ્ચલ બનતો નથી તેમ સમ્યક્ત્વ વિનાનો ધર્મ નિશ્ચલ બનતો નથી.

(iv) સમ્યક્ત્વ એ ધર્મજગતનો આધાર છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ પૃથ્વીના આધાર વિના જગત રહી શકતું નથી તેમ સમ્યક્ત્વ વિના ધર્મ પણ ટકી શકતો નથી.

(v) સમ્યક્ત્વ એ ધર્મવસ્તુનું ભાજન (વાસણ) છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ કુંડ વગેરે વાસણ વિના દૂધ વગેરે વસ્તુ રહી શકતી નથી, તેમ સમ્યક્ત્વરૂપી ભાજન વિના ધર્મ રહી શકતો નથી.

(vi) સમ્યક્ત્વ એ ધર્મધનનું નિધાન છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. જેમ નિધાન વિના મણિ, મોતી, સોનું વગેરે ન મળે તેમ સમ્યક્ત્વરૂપી નિધાન વિના અનુપમ સુખ આપનાર ધર્મધન મળતું નથી.

**(૧૨) ૬ સ્થાન** - જે હોતે છતે સમ્યક્ત્વ હોય તે સ્થાન. તે ૬ છે -

(i) **જીવ છે** - ચૈતન્ય એ ભૂતોનો ધર્મ કે કાર્ય નથી. દરેક જીવને ચૈતન્ય સ્વસંવેદનપ્રમાણથી સિદ્ધ છે. આ ચૈતન્ય જેનું છે તે જીવ છે. આનાથી નાસ્તિકમતનું નિરાકરણ કર્યું.

(ii) **જીવ નિત્ય છે** - જીવનું કોઈ ઉત્પાદક કારણ ન હોવાથી જીવની ઉત્પત્તિ થતી નથી. વિદ્યમાન વસ્તુનો સર્વથા વિનાશ થઈ શકતો નથી. આમ જીવના ઉત્પત્તિ-વિનાશ ન હોવાથી જીવ નિત્ય છે. આનાથી બૌદ્ધમતનું નિરાકરણ કર્યું.

(iii) **જીવ કર્મ બાંધે છે** - મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ રૂપી બંધહેતુઓવડે જીવ કર્મ બાંધે છે. જો એમ ન માનીએ તો દરેક પ્રાણીને જે વિચિત્ર સુખ-દુ:ખનો અનુભવ થાય છે તે ન ઘટે. આનાથી સાંખ્યમતનું નિરાકરણ કર્યું.

(iv) **જીવ પોતે બાંધેલા કર્મોને ભોગવે છે** - જો જીવ કર્મોને ભોગવતો ન હોય તો સાતાવેદનીયકર્મ - અસાતાવેદનીયકર્મનો અનુભવ ન થવાથી તેને સુખદુ:ખનો અનુભવ ન થાય. સુખ-દુ:ખનો અનુભવ તો થાય છે. તેથી જીવ કર્મોને ભોગવે છે. આનાથી ‘જીવ કર્મોનો ભોક્તા નથી.’ એવા મતનું નિરાકરણ કર્યું.

(v) **જીવનું નિર્વાણ છે** - નિર્વાણ એટલે મોક્ષ એટલે કે રાગ, દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા, રોગ વગેરે દુ:ખોના ક્ષયરૂપ જીવની વિશેષ પ્રકારની અવસ્થા. આનાથી જીવના અભાવરૂપ મોક્ષને માનનારા બૌદ્ધોનું નિરાકરણ કર્યું.

(vi) **મોક્ષનો ઉપાય છે** - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો ઉપાય છે. આનાથી ‘મોક્ષનો ઉપાય નથી’ એમ કહેનારા મતનું નિરાકરણ કર્યું.

●●●

# દ્વાર ૧૪૯મું - એક પ્રકારથી દસ પ્રકાર સુધીનું સમ્યક્ત્વ

(૧) **એક પ્રકારનું સમ્યક્ત્વ** - તત્ત્વરૂપ પદાર્થોની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ.

(૨) **બે પ્રકારનું સમ્યક્ત્વ** -

(i) **દ્રવ્યસમ્યક્ત્વ** - વિશેષ પ્રકારની વિશુદ્ધિથી વિશુદ્ધ કરાયેલા મિથ્યાત્વમોહનીયના પુદ્ગલો તે દ્રવ્યસમ્યક્ત્વ.

(ii) **ભાવસમ્યક્ત્વ** - દ્રવ્યસમ્યક્ત્વના આધારે થયેલો જીવનો ભગવાને કહેલા તત્ત્વોની રુચિનો ભાવ તે ભાવસમ્યક્ત્વ.

અથવા,

(i) **નિશ્ચયસમ્યક્ત્વ** - દેશ-કાળ-સંઘયણને અનુરૂપ સંયમના યથા-શક્તિ બરાબર પાલનરૂપ સંપૂર્ણ સાધ્વાચાર તે નિશ્ચયસમ્યક્ત્વ.

(ii) **વ્યવહારસમ્યક્ત્વ** - ઉપશમ વગેરે લિંગોથી જણાતો આત્માનો શુભ ભાવ અને તેના કારણરૂપ જિનશાસનની પ્રીતિ વગેરે.

અથવા,

(i) **પૌદ્ગલિકસમ્યક્ત્વ** - સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલોને ભોગવવા-રૂપ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ તે પૌદ્ગલિકસમ્યક્ત્વ.

(ii) **અપૌદ્ગલિકસમ્યક્ત્વ** - દર્શન ૩ ના ક્ષય કે ઉપશમથી થયેલું જીવના પરિણામરૂપ ક્ષાયિકસમ્યક્ત્વ કે ઔપશમિકસમ્યક્ત્વ તે અપૌદ્ગલિકસમ્યક્ત્વ.

અથવા,

(i) **નિસર્ગસમ્યક્ત્વ** - ગુરુના ઉપદેશ વગેરે નિમિત્ત વિના સ્વાભાવિક રીતે કર્મના ઉપશમ વગેરેથી થનારું સમ્યક્ત્વ તે નિસર્ગસમ્યક્ત્વ. તે નારકી વગેરેને હોય છે.

(ii) **અધિગમસમ્યક્ત્વ** - ગુરુનો ઉપદેશ, જિનપ્રતિમાનું દર્શન વગેરે નિમિત્તથી થનારા કર્મના ઉપશમ વગેરેથી થનારું સમ્યક્ત્વ તે અધિગમસમ્યક્ત્વ.

(૩) **૩ પ્રકારનું સમ્યક્ત્વ** -

(i) **ક્ષાયિકસમ્યક્ત્વ** - અનંતાનુબંધી ૪ અને દર્શન ૩ના ક્ષયથી થનારું સમ્યક્ત્વ તે ક્ષાયિકસમ્યક્ત્વ.

(ii) **ક્ષાયોપશમિકસમ્યક્ત્વ** - ઉદયમાં આવેલા મિથ્યાત્વમોહનીયનો ક્ષય થવાથી અને ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વમોહનીયનો ઉપશમ થવાથી થનારું સમ્યક્ત્વ તે ક્ષાયોપશમિકસમ્યક્ત્વ. ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વમોહનીયનો ઉપશમ બે સ્વરૂપે થાય -

(a) મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયના ઉદયને અટકાવવા રૂપે.

(b) સમ્યક્ત્વમોહનીયરૂપે બનાવવા રૂપે. તેનો ઉદય થાય.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોય છે.

(iii) **ઔપશમિકસમ્યક્ત્વ** - તે બે પ્રકારે છે -

(a) **ઉપશમશ્રેણિમાં ઔપશમિકસમ્યક્ત્વ** - તે દર્શન ૩ના ઉપશમથી થાય છે. તેનું સ્વરૂપ પૂર્વે ૯૦મા દ્વારમાં ઉપશમશ્રેણિમાં કહ્યું છે. તેમાં મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોતો નથી.

(b) **પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ** - તે મિથ્યાત્વમોહનીય કર્મના ઉપશમથી થાય છે. તે આ પ્રમાણે -

(૧) અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ યથાપ્રવૃત્તકરણ વડે આયુષ્ય સિવાયના ૭ કર્મોની સ્થિતિને ખપાવીને ૧ કોડાકોડી સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ કરે.

(૨) પછી વિશેષ પ્રકારના અધ્યવસાય રૂપ અપૂર્વકરણ વડે રાગ-દ્વેષના પરિણામથી થયેલી, વજ્રના પથ્થરની જેમ દુઃખેથી ભેદી શકાય

તેવી કર્મની ગાંઠને ભેદીને અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે.

(૩) અનિવૃત્તિકરણમાં ઉદયમાં આવેલા મિથ્યાત્વમોહનીયને ભોગવતા ભોગવતા ઉદયમાં નહીં આવેલ મિથ્યાત્વમોહનીયનું અંતરકરણ કરે છે. તે આ રીતે - અંતરકરણની સ્થિતિમાંથી દલિક લઈને પહેલી સ્થિતિમાં અને બીજીસ્થિતિમાં નાંખે છે. આમ અંતર્મુહૂર્ત-કાળમાં અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે.

(૪) અંતરકરણ કર્યા પછી પહેલીસ્થિતિને ઉદયથી ભોગવે છે અને બીજીસ્થિતિને ઉપશમાવે છે.

(૫) પહેલી સ્થિતિ સંપૂર્ણ ભોગવાઈ જાય ત્યારે બીજી સ્થિતિ ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછી જીવ અંતરકરણમાં પેસી ઔપશમિક સમ્યક્ત્વ પામે છે.

(૬) ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં જીવ મિથ્યાત્વમોહનીયના ૩ પુંજ કરે છે. જેમ મીણ પાયેલ કોદ્રવને ઔષધથી શુદ્ધ કરવા પર કેટલાક કોદ્રવ શુદ્ધ થાય છે, કેટલાક અડધા શુદ્ધ થાય છે અને કેટલાક શુદ્ધ થતા નથી, તેમ મિથ્યાત્વમોહનીયને શુદ્ધ કરતા તેના જે પુદ્ગલો શુદ્ધ થાય છે તેને સમ્યક્ત્વમોહનીય કહેવાય છે, જે પુદ્ગલો અડધા શુદ્ધ થાય છે તેને મિશ્રમોહનીય કહેવાય છે અને જે પુદ્ગલો અશુદ્ધ રહે છે તેને મિથ્યાત્વમોહનીય કહેવાય છે.

(૭) ઔપશમિક સમ્યક્ત્વનો અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં ત્રણમાંથી ૧ પુંજનો ઉદય થાય છે. જો સમ્યક્ત્વમોહનીયનો ઉદય થાય તો જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામીને ૪થા ગુણઠાણે જાય. જો મિશ્ર-મોહનીયનો ઉદય થાય તો ૩જા ગુણઠાણે જાય. જો મિથ્યાત્વ-મોહનીયનો ઉદય થાય તો ૧લા ગુણઠાણે જાય.

(૮) આ કર્મગ્રંથનો મત છે.

(૯) સિદ્ધાંતના મતે અનાદિ મિથ્યાદષ્ટિ બે રીતે સમ્યક્ત્વ પામે -

(i) કોઈક અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ગ્રંથિભેદ કરીને અપૂર્વકરણવડે ત્રણ પુંજ કરીને અનિવૃત્તિકરણમાં સમ્યક્ત્વમોહનીયના ઉદયે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે.

(ii) કોઈક અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ત્રણ કરણ કરીને અંતરકરણમાં ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. તે ૩ પુંજ કરતો નથી. તેથી ઔપશમિક સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતા મિથ્યાત્વમોહનીયના ઉદયે તે ૧લા ગુણઠાણે જ જાય છે.

(૧૦) ઔપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોતો નથી. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોય છે. પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વમાં અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં આટલો ભેદ છે.

**મતાંતર**-ઉપશમશ્રેણિના ઔપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વ-મોહનીયનો પ્રદેશોદય ન હોય. પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય હોય છે. છતાં પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વમાં અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં આટલો ભેદ છે - ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોય છે અને પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોતો નથી.

અથવા,

**(i) કારકસમ્યક્ત્વ** - જે સમ્યક્ત્વ હોતે છતે શાસ્ત્રમાં જે રીતે અનુષ્ઠાનો કહ્યા છે તેમને દેશ, કાળ, સંઘયણને અનુસારે શક્તિ ગોપવ્યા વિના તે જ રીતે કરે તે કારકસમ્યક્ત્વ.

**(ii) રોચકસમ્યક્ત્વ** - જે સમ્યક્ત્વ હોતે છતે શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાનો ગમે પણ કરે નહીં તે રોચકસમ્યક્ત્વ. દા.ત. શ્રેણિકમહારાજાનું સમ્યક્ત્વ.

**(iii) દીપકસમ્યક્ત્વ** - જે પોતે મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય હોય અને ધર્મકથાથી કે માયાપૂર્વકના અનુષ્ઠાનથી કે કોઈ અતિશયથી બીજાને ભગવાને

કહેલા તત્ત્વો સમજાવે તેના પોતાનામાં સમ્યક્ત્વ ન હોવા છતાં તેનો ભાવ બીજાના સમ્યક્ત્વનું કારણ બનતો હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેનામાં દીપકસમ્યક્ત્વ કહેવાય છે. દા.ત. અંગારમર્દકાચાર્ય.

(૪) **૪ પ્રકારનું સમ્યક્ત્વ** -

(i) **ક્ષાયિક સમ્યક્ત્વ**

(ii) **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**

(iii) **ઔપશમિક સમ્યક્ત્વ**

(iv) **સાસ્વાદન સમ્યક્ત્વ** - ઔપશમિક સમ્યક્ત્વનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો બાકી હોય ત્યારે કોઈક જીવને અનંતાનુબંધીકષાયનો ઉદય થાય છે, હજી મિથ્યાત્વ-મોહનીયનો ઉદય થયો નથી. તે જીવ સાસ્વાદનસમ્યક્ત્વ પામે છે. ઔપશમિક સમ્યક્ત્વને વમીને મિથ્યાત્વે જતો તે જીવ સમ્યક્ત્વના કંઈક સ્વાદને અનુભવે છે. તેથી તેનું સમ્યક્ત્વ તે સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય છે. તેનો કાળ જઘન્યથી ૧ સમય, ઉત્કૃષ્ટથી ૬ આવલિકા. સાસ્વાદન સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતાં જીવને અવશ્ય મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે અને તે મિથ્યાત્વે જાય છે.

(૫) **૫ પ્રકારનું સમ્યક્ત્વ** -

(i) **ક્ષાયિકસમ્યક્ત્વ**

(ii) **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**

(iii) **ઔપશમિક સમ્યક્ત્વ**

(iv) **સાસ્વાદન સમ્યક્ત્વ**

(v) **વેદક સમ્યક્ત્વ** - ક્ષપકશ્રેણિ માંડનાર જીવ અનંતાનુબંધી ૪ને ખપાવીને મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયને ખપાવ્યા પછી સમ્યક્ત્વમોહનીયને ખપાવતા તેના છેલ્લા પુદ્ગલોને ભોગવતો હોય ત્યારે તેનું સમ્યક્ત્વ તે વેદકસમ્યક્ત્વ. તે એક પ્રકારનું ક્ષાયોપશમિક-

સમ્યક્ત્વ છે.

(૬) **૧૦ પ્રકારનું સમ્યક્ત્વ** - ઉપર કહેલા ૫ પ્રકારના સમ્યક્ત્વ નિસર્ગથી અને અધિગમથી એમ બે રીતે થતાં હોવાથી ૫ × ૨ = ૧૦ પ્રકારના સમ્યક્ત્વ થાય છે.

અથવા,

(i) **નિસર્ગરુચિ** - ભગવાને જાણીને કહેલા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી કે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ૪ પ્રકારના જીવ વગેરે ભાવોની બીજાના ઉપદેશ વિના જાતિસ્મરણજ્ઞાન, પ્રતિભા વગેરે રૂપ પોતાની બુદ્ધિથી જ 'આ ભાવો આ પ્રમાણે જ છે.' એમ શ્રદ્ધા કરવી તે.

(ii) **ઉપદેશરુચિ** - ભગવાને જાણીને કહેલા ૪ પ્રકારના જીવ વગેરે ભાવોની છદ્મસ્થ કે કેવળી એવા બીજાના ઉપદેશથી શ્રદ્ધા કરવી તે.

(iii) **આજ્ઞારુચિ** - રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આંશિક રીતે નાશ પામ્યા હોવાથી કદાગ્રહ વિના ભગવાને કહેલા પદાર્થોની માત્ર તીર્થંકર વગેરેની આજ્ઞાથી જ શ્રદ્ધા કરવી તે. દા.ત. માષતુષમુનિ.

(iv) **સૂત્રરુચિ** - સૂત્રને ભણતા ભણતા અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્ર વડે સમ્યક્ત્વ પામવું તે. દા.ત. ગોવિંદવાચક.

(v) **બીજરુચિ** - જેમ પાણીમાં પડેલું તેલનું ટીપું ફેલાય છે એમ એક પદાર્થની રુચિ થયા પછી તેવા ક્ષયોપશમથી બધા પદાર્થોની રુચિ થવી તે.

(vi) **અધિગમરુચિ** - જેણે ૧૧ અંગ, પયન્ના, દૃષ્ટિવાદ રૂપ શ્રુતજ્ઞાનને અર્થથી જાણ્યું હોય તેની રુચિ તે.

(vii) **વિસ્તારરુચિ** - દ્રવ્યોના બધા ભાવો બધા પ્રમાણો અને બધા નયોથી જેણે જાણ્યા હોય તેની રુચિ તે.

(viii) **ક્રિયારુચિ** - ભાવથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમિતિ,

ગુપ્તિના અનુષ્ઠાનમાં રુચિ હોવી તે.

(ix) **સંક્ષેપરુચિ** - જેણે પૂર્વે કોઈ ધર્મને સ્વીકાર્યો ન હોય અને જે જિનધર્મ કે અન્યધર્મના સ્વરૂપને જાણતો ન હોય તેવો જીવ જેમ ચિલાતીપુત્ર ઉપશમ વગેરે ૩ પદોથી તત્ત્વોની રુચિ પામ્યો તેમ સંક્ષેપથી તત્ત્વોની રુચિ પામે તેની રુચિ તે.

(x) **ધર્મરુચિ** - ધર્માસ્તિકાય વગેરેના ધર્મની (સ્વભાવની), શ્રુતધર્મની અને ચારિત્રધર્મની શ્રદ્ધા કરવી તે ધર્મરુચિ.

**જીવોને વિષે સમ્યક્ત્વ** -

| **જીવો** | **સમ્યક્ત્વ** | **વિશેષ** |
|---|---|---|
| રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા | ઔપશમિક | અનાદિમિથ્યાદૃષ્ટિ નારકી પહેલી વાર સમ્યક્ત્વ પામે ત્યારે. |
| | ક્ષાયોપશમિક | (i) ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી. (તે ભવનું) અથવા ૧લા કે ૩જા ગુણઠાણાથી સમ્યક્ત્વમોહનીયના ઉદયે ક્ષાયોપશમિક સમકિત પામે તે. (તે ભવનું) |
| | | (ii) ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ કે મનુષ્ય નરકમાં ઉત્પન્ન થાય તેને.[1] (પરભવનું) |

૧. સિદ્ધાન્તનો મત - સમ્યક્ત્વ લઈને છઠ્ઠી નરકપૃથ્વી સુધી ઉત્પન્ન થઈ શકે. કર્મગ્રન્થનો મત - મનુષ્ય-તિર્યંચ સમ્યક્ત્વ લઈને વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થાય. મનુષ્ય-તિર્યંચ સમ્યક્ત્વ વમીને વૈમાનિકદેવ સિવાય બીજે ઉત્પન્ન થાય.

| જીવો | સમ્યક્ત્વ | વિશેષ |
|---|---|---|
| | ક્ષાયિક | નરકાયુષ્ય બાંધીને પછી ક્ષાયિક-સમ્યક્ત્વ પામે તે કાળ કરીને નરકમાં આવે ત્યારે. (પર-ભવનું) |
| વૈમાનિક દેવ | ઔપશમિક | અનાદિ મિથ્યાદષ્ટિ દેવ પહેલી વાર સમ્યક્ત્વ પામે ત્યારે. |
| | ક્ષાયોપશમિક | (i) ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી. (તે ભવનું) અથવા ૧લા કે ૩જા ગુણ-ઠાણાથી સમ્યક્ત્વમોહ-નીયના ઉદયે ક્ષાયોપશમિક સમકિત પામે તે. (તે ભવનું) |
| | | (ii) ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ તિર્યંચ કે મનુષ્ય વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય તેને. (પરભવનું) |
| | ક્ષાયિક | દેવાયુષ્ય બાંધીને પછી ક્ષાયિક-સમ્યક્ત્વ પામે તે કાળ કરીને વૈમાનિકદેવમાં આવે ત્યારે. (પરભવનું) |
| સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય | ઔપશમિક | (i) પહેલું સમ્યક્ત્વ પામે ત્યારે. (ii) ઉપશમશ્રેણિમાં |

| જીવો | સમ્યક્ત્વ | વિશેષ |
|---|---|---|
| | ક્ષાયોપશમિક | (i) ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી. (તે ભવનું) અથવા ૧લા કે ૩જા ગુણઠાણાથી સમ્યક્ત્વમોહનીયના ઉદયે ક્ષાયોપશમિક સમકિત પામે તે. (તે ભવનું) |
| | | (ii) ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ દેવ વગેરે મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે. (પરભવનું) |
| | ક્ષાયિક | (i) ક્ષપકશ્રેણિમાં (તે ભવનું) |
| | | (ii) પૂર્વે આયુષ્ય બંધાયા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે તે. (તે ભવનું) |
| | | (iii) ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ દેવ-નારક મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે. (પરભવનું) |
| અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ | ઔપશમિક | પહેલું સમ્યક્ત્વ પામે ત્યારે. |
| | ક્ષાયોપશમિક | (i) ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી. (તે ભવનું) અથવા ૧લા કે ૩જા ગુણઠાણાથી સમ્યક્ત્વમોહનીયના ઉદયે ક્ષાયોપશમિક સમકિત પામે તે. (તે ભવનું) |
| | | (ii) કર્મગ્રન્થનો મત-ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લઈને |

| જીવો | સમ્યક્ત્વ | વિશેષ |
|---|---|---|
| | | આમનામાં કોઈ ઉત્પન્ન ન થાય. તેથી પરભવનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું ન હોય.<br>સિદ્ધાંતનો મત-ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લઈને આમનામાં ઉત્પન્ન થાય ત્યારે પરભવનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય. |
| | ક્ષાયિક | આમનું આયુષ્ય બાંધીને ક્ષાયિક સમ્યક્ત્વ પામે તે કાળ કરીને આમનામાં આવે ત્યારે. (પરભવનું) |
| શેષ ૪ નરક, તિર્યંચ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ | ઔપશમિક | પહેલું સમ્યક્ત્વ પામે ત્યારે. |
| | ક્ષાયોપશમિક | (i) ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી. (તે ભવનું) અથવા ૧લા કે ૩જા ગુણઠાણાથી સમ્યક્ત્વમોહનીયના ઉદયે ક્ષાયોપશમિક સમકિત પામે તે. (તે ભવનું)<br>(ii) સિદ્ધાંતના મતે વિરાધિત સમ્યક્ત્વ સાથે છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થાય છે. તેથી ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ૪થી, ૫મી, ૬ઠ્ઠી નરકમાં ઉત્પન્ન થાય ત્યારે |

| જીવો | સમ્યક્ત્વ | વિશેષ |
|---|---|---|
| | | તેને પરભવનું ક્ષાયોપ-શમિક સમ્યક્ત્વ હોય. |
| અપર્યા.બા.પૃથ્વીકાય, અપર્યા.બા. અપ્કાય, અપર્યા.બા. પ્ર. વનસ્પતિકાય, અપર્યા. વિકલેન્દ્રિય, અપર્યા. અસંજ્ઞી પંચેન્દ્રિય, અપર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય | સાસ્વાદન | કર્મગ્રન્થના મતે - પરભવનું સિદ્ધાંતના મતે - આમને સાસ્વાદન સમ્યક્ત્વ ન હોય. |
| પર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય | સાસ્વાદન | તે ભવનું. |
| સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર તેઉકાય, બાદર વાયુકાય, પર્યાપ્ત એકેન્દ્રિય, પર્યાપ્ત વિકલેન્દ્રિય, પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય | સમ્યક્ત્વ ન હોય | |

●●●

+ તપશ્ચર્યાના ત્રણ શ્રેષ્ઠ લાભો છે -
(૧) સત્ત્વ પ્રગટાવે છે.
(૨) માંદગી અને મોત વખતની સમાધિ સુલભ બનાવે છે.
(૩) આત્માને શુદ્ધ કરે છે.

+ કારણ વિના પારકાના ઘરમાં પ્રવેશ ન કરવો. - ધર્મરત્નપ્રકરણ.

+ શરમથી પણ જે આત્મા શીલધર્મનું પાલન કરે છે તે ધન્યવાદને પાત્ર છે.
- મહાનિશીથ.

# દ્વાર ૧૫૦મું - જીવોની કુલકોટિની સંખ્યા

કુલ = એક યોનિમાં ઉત્પન્ન થનારા જુદા જુદા પ્રકારના જીવો. દા.ત. છાણયોનિમાં કૃમિનું કુલ, કીડાનું કુલ, વીંછીનું કુલ વગેરે ઉત્પન્ન થાય છે. અથવા છાણયોનિમાં પીળાવીંછીનું કુલ, લાલવીંછીનું કુલ વગેરે અનેક પ્રકારના કુલ ઉત્પન્ન થાય છે.

| જીવો | કુલકોટી |
|---|---|
| પૃથ્વીકાય | ૧૨ લાખ |
| અપ્કાય | ૭ લાખ |
| તેઉકાય | ૩ લાખ |
| વાયુકાય | ૭ લાખ |
| વનસ્પતિકાય | ૨૮ લાખ |
| બેઇન્દ્રિય | ૭ લાખ |
| તેઇન્દ્રિય | ૮ લાખ |
| ચઉરિન્દ્રિય | ૯ લાખ |
| જલચર | ૧૨.૫ લાખ |
| ચતુષ્પદ | ૧૦ લાખ |
| ઉરપરિસર્પ | ૧૦ લાખ |
| ભુજપરિસર્પ | ૯ લાખ |
| ખેચર | ૧૨ લાખ |
| દેવ | ૨૬ લાખ |
| નારક | ૨૫ લાખ |
| મનુષ્ય | ૧૨ લાખ |
| કુલ | ૧૯૭.૫ લાખ |

કુલકોટી = કરોડ કુલો.

●●●

# દ્વાર ૧૫૧મું - ૮૪ લાખ યોનિ

યોનિ = જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો. દા.ત. છાણયોનિ વગેરે. સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા ઘણા સ્થાનોનો ૧ યોનિમાં સમાવેશ થાય છે. તેથી યોનિ ૮૪ લાખ છે. તે આ પ્રમાણે -

| જીવો | યોનિ |
|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ |
| અપ્કાય | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ |
| વાયુકાય | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ |
| બેઇન્દ્રિય | ૨ લાખ |
| તેઇન્દ્રિય | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | ૨ લાખ |
| દેવ | ૪ લાખ |
| નારક | ૪ લાખ |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૪ લાખ |
| મનુષ્ય | ૧૪ લાખ |
| કુલ | ૮૪ લાખ |

**૩ પ્રકારની યોનિ -**

(i) શીતયોનિ, (ii) ઉષ્ણયોનિ, (iii) શીતોષ્ણયોનિ.

| જીવો | યોનિ |
|---|---|
| રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા | શીત |
| પંકપ્રભા | ઉપરના ઘણા નરકવાસોમાં શીત<br>નીચેના થોડા નરકાવાસોમાં ઉષ્ણ |
| ધૂમપ્રભા | ઉપરના ઘણા નરકાવાસોમાં ઉષ્ણ<br>નીચેના થોડા નરકાવાસોમાં શીત |
| તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા | ઉષ્ણ |
| દેવ, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય | શીતોષ્ણ |
| તેઉકાય | ઉષ્ણ |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્ય | શીત, ઉષ્ણ, શીતોષ્ણ. |

અથવા,

(i) સચિત્તયોનિ, (ii) અચિત્તયોનિ, (iii) મિશ્રયોનિ.

| જીવો | યોનિ |
|---|---|
| દેવ, નારક | અચિત્ત |
| ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય | મિશ્ર |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્ય | સચિત્ત, અચિત્ત, મિશ્ર |

અથવા,

(i) સંવૃતયોનિ, (ii) વિવૃતયોનિ, (iii) સંવૃતવિવૃતયોનિ.

| જીવો | યોનિ |
|---|---|
| દેવ, નારક, એકેન્દ્રિય | સંવૃત |
| વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્ય | વિવૃત |
| ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય | સંવૃતવિવૃત |

મનુષ્યયોનિના ૩ પ્રકાર -

(i) **કર્મોન્નતાયોનિ** - કાચબાની પીઠની જેમ જે યોનિ ઊંચી હોય તે. તેમાં તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ ઉત્પન્ન થાય છે.

(ii) **શંખાવર્તાયોનિ** - જે યોનિમાં શંખના આવર્તની જેમ આવર્ત હોય તે. તે ચક્રવર્તીના સ્ત્રીરત્નને હોય. તેમાં ઉત્પન્ન થયેલ ગર્ભ તીવ્ર કામાગ્નિના તાપથી નાશ પામે છે.

(iii) **વંશીપત્રાયોનિ** - જે યોનિ વાંસના જોડાયેલા બે પાંદડાના આકારે હોય તે. તેમાં સામાન્ય મનુષ્યો ઉત્પન્ન થાય છે.

●●●

+ પૂનાથી અમદાવાદ જવા માગતો માણસ ‘અમદાવાદમાં હું ઊતરીશ ક્યાં ?’ એ પહેલા નક્કી કરી લેતો હોય છે. આ જીવન સમાપ્ત થયા બાદ ‘પરલોકમાં હું ઊતરીશ ક્યાં ?’ એ આપણે અત્યારે વિચારી લીધું છે ખરું ?

+ સંસારની રખડપટ્ટીનો ભય અને પરમપદનું આકર્ષણ આ બન્ને પરિબળો એવા છે જે પુદ્‌ગલોના સારા-નરસાપણાની નોંધથી મનને કાયમ માટે મુક્ત જ રાખે છે.

# દ્વાર ૧૫૨મું - ત્રણ કાળ, છ દ્રવ્ય વગેરે

(૧) ૩ કાળ -

(i) **ભૂતકાળ** - જે કાળ પસાર થઈ ગયો છે તે.

(ii) **વર્તમાનકાળ** - જે કાળ વર્તી રહ્યો છે તે.

(iii) **ભવિષ્યકાળ** - જે કાળ થવાનો છે તે.

(૨) ૬ દ્રવ્યો -

(i) **ધર્માસ્તિકાય** - પોતે જ ગતિક્રિયામાં પરિણત થયેલા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય કરે તે ધર્માસ્તિકાય. અસ્તિ = પ્રદેશો, કાય = સમૂહ, અસ્તિકાય = પ્રદેશોનો સમૂહ. ધર્માસ્તિકાય ૧૪ રાજલોકવ્યાપી, અસંખ્યપ્રદેશવાળુ, અરૂપી દ્રવ્ય છે.

(ii) **અધર્માસ્તિકાય** - સ્થિતિપરિણામમાં પરિણત થયેલા જીવો અને પુદ્ગલોને સ્થિતિમાં સહાય કરે તે અધર્માસ્તિકાય. તે ૧૪ રાજલોકવ્યાપી, અસંખ્યપ્રદેશવાળુ અરૂપી દ્રવ્ય છે.

(iii) **આકાશાસ્તિકાય** - જેમાં બધા દ્રવ્યો રહે છે તે આકાશાસ્તિકાય. તે લોક-અલોકવ્યાપી, અનંતપ્રદેશવાળું દ્રવ્ય છે.

(iv) **કાળ** - વસ્તુને ઉત્પન્ન થયાને આટલો સમય થયો છે એમ જેનાથી જણાય તે કાળ. તે સમય, આવલિકા વગેરે રૂપ છે.

(v) **પુદ્ગલાસ્તિકાય** - જેઓ કોઈક દ્રવ્યને પુષ્ટ કરે છે અને કોઈક દ્રવ્યમાંથી છુટા પડે છે તે પુદ્ગલાસ્તિકાય. તે પરમાણુથી અનંત અણુવાળા સ્કંધ સુધીના છે.

(vi) **જીવાસ્તિકાય** - જેઓ જીવ્યા, જીવે છે અને જીવશે તે જીવો. લોકમાં રહેલા બધા જીવોનો સમૂહ તે જીવાસ્તિકાય. જીવો અસંખ્ય પ્રદેશવાળા છે.

**(૩) ૯ પદો (તત્ત્વો) -**

(i) **જીવ** - સુખ, દુઃખ, ઉપયોગરૂપી લક્ષણવાળા.

(ii) **અજીવ** - જીવથી વિપરીત ધર્માસ્તિકાય વગેરે.

(iii) **પુણ્ય** - શુભકર્મ.

(iv) **પાપ** - અશુભકર્મ.

(v) **આશ્રવ** - જેનાથી આત્મામાં શુભ-અશુભ કર્મો આવે તે હિંસા વગેરે.

(vi) **સંવર** - જેનાથી આત્મામાં કર્મોના આશ્રવને અટકાવાય તે ગુપ્તિ વગેરે.

(vii) **નિર્જરા** - ઉદયથી કે તપથી કર્મોના અમુક ભાગને ખપાવવો તે.

(viii) **બંધ** - જીવ અને કર્મની એકમેકતા.

(ix) **મોક્ષ** - બધા કર્મોનો ક્ષય થવાથી આત્માનું પોતાના સ્વભાવમાં રહેવું તે.

આમાં આશ્રવ, બંધ, પુણ્ય, પાપ એ સંસારના મુખ્ય કારણ હોવાથી છોડવા યોગ્ય છે. સંવર અને નિર્જરા મોક્ષના મુખ્ય કારણ છે તથા મોક્ષ એ મુખ્ય સાધ્ય છે. માટે સંવર, નિર્જરા, મોક્ષ એ ગ્રહણ કરવા યોગ્ય છે.

આમ મધ્યમથી ૯ પદો છે.

સંક્ષેપથી જીવ-અજીવ એ ૨ પદ છે. બાકીના પદોનો તેમાં સમાવેશ થાય છે.

વિસ્તારથી દરેક પદના ઉત્તરભેદોની અપેક્ષાએ અનંત પદો છે.

મતાંતરે પુણ્ય-પાપનો બંધમાં સમાવેશ કરી ૭ પદો છે.

**(૪) ૬ જીવો -**

(i) **એકેન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિયરૂપ ૧ ઇન્દ્રિયવાળા જીવો દા.ત. પૃથ્વીકાય,

અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય.

(ii) **બેઈન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિયરૂપ ૨ ઇન્દ્રિયોવાળા જીવો. દા.ત. શંખ, કૃમિ, પોરા વગેરે.

(iii) **તેઈન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિયરૂપ ૩ ઇન્દ્રિયોવાળા જીવો. દા.ત. કીડી, જૂ, માકડ વગેરે.

(iv) **ચઉરિન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિયરૂપ ચાર ઇન્દ્રિયોવાળા જીવો. દા.ત. ભમરા, માખી, મચ્છર વગેરે.

(v) **પંચેન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-શ્રોત્રેન્દ્રિય રૂપ પાંચ ઇન્દ્રિયોવાળા જીવો. દા.ત. હાથી, મગર, મનુષ્ય વગેરે.

(vi) **અનિન્દ્રિય** - ઇન્દ્રિયો વિનાના જીવો - સિદ્ધો.

(૫) **૬ કાય** -

(i) **પૃથ્વીકાય** - પૃથ્વીરૂપ શરીરવાળા જીવો.

(ii) **અપ્કાય** - પાણીરૂપ શરીરવાળા જીવો.

(iii) **તેઉકાય** - અગ્નિરૂપ શરીરવાળા જીવો.

(iv) **વાયુકાય** - પવનરૂપ શરીરવાળા જીવો.

(v) **વનસ્પતિકાય** - વેલડી વગેરે રૂપ શરીરવાળા જીવો.

(vi) **ત્રસકાય** - હલન-ચલન કરવાના સ્વભાવવાળા શરીરધારી જીવો.

(૬) **૬ લેશ્યા** -

કૃષ્ણ વગેરે દ્રવ્યોના સંયોગથી આત્મામાં ઊભો થતો પરિણામ તે લેશ્યા. તે કૃષ્ણ વગેરે દ્રવ્યોને કેટલાક યોગની અંતર્ગત દ્રવ્યો કહે છે, કેટલાક ૮ કર્મોના ઝરણારૂપ કહે છે અને કેટલાક કાર્મણવર્ગણાથી બનેલા અને કાર્મણશરીરની જેમ ૮ કર્મોથી જુદા કહે છે. પરિણામ તે ભાવલેશ્યા

છે. કૃષ્ણ વગેરે દ્રવ્યો તે દ્રવ્યલેશ્યા છે. લેશ્યા ૬ છે -

| | | |
|---|---|---|
| (i) | કૃષ્ણલેશ્યા | અશુભલેશ્યા |
| (ii) | નીલલેશ્યા | |
| (iii) | કાપોતલેશ્યા | |
| (iv) | તેજોલેશ્યા | શુભલેશ્યા |
| (v) | પદ્મલેશ્યા | |
| (vi) | શક્લલેશ્યા | |

**લેશ્યાના સ્વરૂપને સમજવા જાંબુ ખાવા ઈચ્છતા ૬ પુરુષોનું દૃષ્ટાંત-**

એક જંગલમાં ૬ ભૂખ્યા મનુષ્યોએ જાંબુનું ઝાડ જોયું. એકે કહ્યું, 'આ ઝાડને મૂળમાંથી કાપી નાંખીએ.' બીજાએ કહ્યું, 'મોટી ડાળી કાપીએ.' ત્રીજાએ કહ્યું, 'નાની ડાળીઓ કાપીએ.' ચોથાએ કહ્યું, 'જાંબુના ઝુમખા કાપીએ.' પાંચમાએ કહ્યું, 'જાંબુ કાપીએ.' છઠ્ઠાએ કહ્યું, 'નીચે પડેલા જાંબુ ખાઈએ.'

**લેશ્યાના સ્વરૂપને સમજવા ગામનો ઘાત કરનાર ૬ પુરુષોનું દૃષ્ટાંત -**

૬ મનુષ્યોએ કોઈક ગામમાં ધાડ પાડી. એકે કહ્યું, 'જે દેખાય તે બધાને મારી નાંખો.' બીજાએ કહ્યું, 'મનુષ્યોને જ મારો, જાનવરોને નહીં.' ત્રીજાએ કહ્યું, 'પુરુષોને જ મારો, સ્ત્રીઓને નહીં.' ચોથાએ કહ્યું, 'શસ્ત્રધારી પુરુષોને જ મારો, બીજાને નહીં.' પાંચમાએ કહ્યું, 'જે શસ્ત્રધારી યુદ્ધ કરે તેને જ મારો, બીજાને નહીં.' છઠ્ઠાએ કહ્યું, 'કોઈને મારો નહીં, માત્ર ધનને હરો.'

**બન્ને દૃષ્ટાંતોનો ઉપનય -**

પહેલા મનુષ્ય જેવા અત્યંત ક્રૂર પરિણામ તે કૃષ્ણલેશ્યા.

બીજા મનુષ્ય જેવા તેનાથી ઓછા ક્રૂર પરિણામ તે નીલલેશ્યા.

ત્રીજા મનુષ્ય જેવા તેનાથી ઓછા ક્રૂર પરિણામ તે કાપોતલેશ્યા.

ચોથા મનુષ્ય જેવા કંઈક સારા પરિણામ તે તેજોલેશ્યા.

પાંચમા મનુષ્ય જેવા વધુ સારા પરિણામ તે પદ્મલેશ્યા.

છઠ્ઠા મનુષ્ય જેવા શ્રેષ્ઠ સારા પરિણામ તે શુક્લલેશ્યા.

**(૭) ૫ અસ્તિકાય** -

(i) ધર્માસ્તિકાય, (ii) અધર્માસ્તિકાય, (iii) આકાશાસ્તિકાય, (iv) પુદ્ગલાસ્તિકાય, (v) જીવાસ્તિકાય.

કાળમાં પ્રદેશોનો સમૂહ ન હોવાથી કાલાસ્તિકાય ન કહેવાય. કાળ વર્તમાન ૧ સમયરૂપ છે, ભૂતકાળ નાશ પામ્યો છે અને ભવિષ્યકાળ ઉત્પન્ન થયો નથી. આવલિકા, મુહૂર્ત, દિવસ વગેરેની પ્રરૂપણા વ્યવહારનયથી થાય છે. નિશ્ચયનયથી કાળ ૧ સમયરૂપ છે.

**(૮) ૫ વ્રતો** - વ્રત = શાસ્ત્રમાં કહેલ નિયમ. તે ૫ છે -

(i) પ્રાણિવધવ્રત, (ii) મૃષાવાદવ્રત, (iii) અદત્તાદાનવ્રત, (iv) મૈથુનવ્રત, (v) પરિગ્રહવ્રત. ૫ વ્રતોનું સ્વરૂપ ૬૬મા દ્વારમાં કહ્યું છે.

**(૯) ૫ સમિતિ** -

(i) ઈર્યાસમિતિ, (ii) ભાષાસમિતિ, (iii) એષણાસમિતિ, (iv) આદાનનિક્ષેપસમિતિ, (v) પારિષ્ઠાપનિકાસમિતિ.

૫ સમિતિનું સ્વરૂપ ૬૭મા દ્વારમાં કહ્યું છે.

**(૧૦) ૫ ગતિ** - જ્યાં જવાય તે ગતિ, અથવા પોતાના કર્મોરૂપી દોરડા વડે જીવો જ્યાં જાય તે ગતિ. તે ૫ છે -

**(i) નરકગતિ** - નારકોની ગતિ.

**(ii) તિર્યંચગતિ** - તિર્યંચોની ગતિ.

**(iii) મનુષ્યગતિ** - મનુષ્યોની ગતિ.

**(iv) દેવગતિ** - દેવોની ગતિ.

(v) **સિદ્ધગતિ** - સિદ્ધોની ગતિ

### (૧૧) ૫ જ્ઞાન -

(i) મતિજ્ઞાન, (ii) શ્રુતજ્ઞાન, (iii) અવધિજ્ઞાન, (iv) મનઃપર્યવજ્ઞાન, (v) કેવળજ્ઞાન. ૫ જ્ઞાનનું સ્વરૂપ આગળ (૨૧૬મા દ્વારમાં) કહેવાશે.

### (૧૨) ૫ ચારિત્ર -

જેનાથી સંસારસમુદ્રના પારને પમાય તે ચારિત્ર. તે ૫ પ્રકારે છે -

(i) **સામાયિક** - રાગ-દ્વેષ રહિત પ્રવૃત્તિ કરવી તે સામાયિક. અથવા સમ = જ્ઞાન-દર્શન-ચારિત્ર. આય = લાભ. જેનાથી જ્ઞાન-દર્શન-ચારિત્રનો લાભ થાય તે સામાયિક. તે બે પ્રકારે છે -

(a) **ઈત્વર સામાયિક** - અલ્પ કાળ માટેનું સામાયિક. ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં પહેલા-છેલ્લા ભગવાનના શાસનમાં નાની દીક્ષાથી વડી દીક્ષા સુધી આ ચારિત્ર હોય છે.

(b) **યાવત્કથિક સામાયિક** - તે જીવનપર્યન્તનું છે. ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં ૨૨ ભગવાનના શાસનમાં અને મહાવિદેહક્ષેત્રના ભગવાનના શાસનમાં આ ચારિત્ર હોય છે.

(ii) **છેદોપસ્થાપનીય** - જેમાં પૂર્વ ચારિત્રપર્યાયનો છેદ કરી ફરીથી મહાવ્રતોનું આરોપણ કરાય તે. તે બે પ્રકારે છે -

(a) **નિરતિચાર** - તે બે પ્રકારે છે -

(I) નાની દીક્ષાવાળાને વડીદીક્ષા અપાય ત્યારે આ ચારિત્ર હોય.

(II) એક ભગવાનનું શાસન છોડી બીજા ભગવાનનું શાસન સ્વીકારે ત્યારે આ ચારિત્ર હોય. દા.ત. પાર્શ્વનાથ ભગવાનનું શાસન છોડી મહાવીરસ્વામી ભગવાનનું શાસન સ્વીકારે ત્યારે આ ચારિત્ર હોય.

(b) **સાતિચાર** - સાધુને મૂળગુણના ઘાતે ફરી મહાવ્રતોનું આરોપણ કરાય ત્યારે આ ચારિત્ર હોય.

(iii) **પરિહારવિશુદ્ધિ** - તેનું સ્વરૂપ ૬૯મા દ્વારમાં બતાવ્યું છે.

(iv) **સૂક્ષ્મસંપરાય** - સૂક્ષ્મ લોભકષાયના ઉદયવાળું ચારિત્ર. તે બે પ્રકારે છે -

(a) **વિશુદ્ધ થતું** - ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ પર ચઢનારને હોય.

(b) **સંક્લિષ્ટ થતું** - ઉપશમશ્રેણિથી પડનારને હોય.

(v) **યથાખ્યાત (અથાખ્યાત)** - કષાય વિનાનું નિરતિચાર ચારિત્ર. તે બે પ્રકારે છે -

(a) **છદ્મસ્થનું** - ૧૧મા-૧૨મા ગુણઠાણાઓમાં હોય.

(b) **કેવળીનું** - ૧૩મા-૧૪મા ગુણઠાણાઓમાં હોય.

●●●

+ શરીર જ્યાં સુધી રોગગ્રસ્ત બન્યું નથી, વૃદ્ધાવસ્થાએ જ્યાં સુધી શરીર પર કબજો જમાવ્યો નથી, ઇન્દ્રિયોની જ્યાં સુધી ઘટી નથી, આયુષ્ય જ્યાં સુધી સમાપ્ત થયું નથી, ત્યાં સુધી જ આત્મહિતની શક્યતા છે.

+ શરીરમાં સ્ફૂર્તિ એ જો મિઠાઈ પચી ગયાની નિશાની છે, તો સામી વ્યક્તિને એની ભૂલ બદલ માફ કરી દેવાની તાકાત આપણામાં આવે, એ આપણી પાસે રહેલું જ્ઞાન પચી ગયાની નિશાની છે.

+ ક્રોધ એ કષાયરૂપી વૃક્ષનું પુષ્પ છે અને હિંસાદિ પાપો એ એનું ફળ છે.

+ આપણી લાલ આંખ દોષ તરફ કે દોષના કારણો તરફ ? પ્રયાસ દોષ દૂર કરવાના કે દોષના કારણોને રવાના કરવાના ?

# દ્વાર ૧૫૩મું - શ્રાવકની ૧૧પ્રતિમાઓ

(૧) **દર્શન પ્રતિમા** - તેમાં ૧ મહિના સુધી કદાગ્રહ અને અતિચાર વિનાનું નિર્મળ સમ્યક્ત્વ પાળવાનું હોય છે.

(૨) **વ્રતપ્રતિમા** - તેમાં ૨ મહિના સુધી શ્રાવકના ૧૨ વ્રતો અતિચાર-રહિત અને અપવાદરહિત પાળવા. પહેલી પ્રતિમાના બધા અનુષ્ઠાનો અહીં કરવા. એમ આગળ પણ પછી પછીની પ્રતિમામાં પૂર્વે પૂર્વેની પ્રતિમાના બધા અનુષ્ઠાનો કરવા એમ સમજવું.

(૩) **સામાયિકપ્રતિમા** - તેમાં ૩ મહિના સુધી દરરોજ ઉભયટંક સામાયિક કરવું.

(૪) **પૌષધપ્રતિમા** - તેમાં ૪ મહિના સુધી આઠમ-ચૌદશ વગેરે પર્વતિથિએ આહાર-શરીરસત્કાર-અબ્રહ્મ-વ્યાપારના ત્યાગરૂપ પૌષધ કરવો.

(૫) **પ્રતિમાપ્રતિમા** - તેમાં ૫ મહિના સુધી પર્વતિથિએ એક રાત્રીનો કાઉસ્સગ્ગ કરવો. આ પ્રતિમા કરનારો સાત્ત્વિક અને જ્ઞાની હોય. બાકીના દિવસોમાં તે સ્નાન ન કરે, રાત્રિભોજન ન કરે, દિવસે પ્રકાશમાં વાપરે, વસ્ત્રનો કછોટો ન બાંધે, દિવસે બ્રહ્મચર્ય પાળે, રાત્રે સ્ત્રીઓનું કે તેના ભોગોનું પ્રમાણ કરે. કાઉસ્સગ્ગમાં તે જિનેશ્વર ભગવંતોનું કે પોતાના દોષોના પ્રતિપક્ષી ઉપાયોનું ધ્યાન કરે.

(૬) **અબ્રહ્મવર્જનપ્રતિમા** - તેમાં ૬ મહિના સુધી કામકથા, વધુ પડતી વિભૂષા, સ્ત્રીકથા અને અબ્રહ્મનો ત્યાગ કરવો.

(૭) **સચિત્તાહારવર્જનપ્રતિમા** - તેમાં ૭ મહિના સુધી સચિત્ત આહારનો ત્યાગ કરવો.

(૮) **આરંભવર્જનપ્રતિમા** - તેમાં ૮ મહિના સુધી પૃથ્વી વગેરેની હિંસારૂપ આરંભ પોતે ન કરવો. આજીવિકા માટે નોકરો વગેરે

પાસે આરંભ કરાવે.

(૯) **પ્રેષ્યારંભવર્જનપ્રતિમા** - તેમાં ૯ મહિના સુધી પોતે તો આરંભ ન જ કરવો પણ બીજા પાસે પણ આરંભ ન કરાવવો.

(૧૦) **ઉદ્દિષ્ટભક્તવર્જનપ્રતિમા** - તેમાં ૧૦ મહિના સુધી પોતાને ઉદ્દેશીને બનાવેલું ભોજન ન વાપરવું. તે અસ્ત્રાથી મુંડન કરાવે કે ચોટલી રાખે. પુત્ર વગેરે સ્વજનો ભૂમિ વગેરેમાં દાટેલ ધન વગેરે પૂછે તે પોતે જાણતો હોય તો કહે, ન જાણતો હોય તો 'નથી જાણતો' એમ કહે. તે સિવાય તે ઘરનું કંઈ પણ કાર્ય ન કરે.

(૧૧) **શ્રમણભૂતપ્રતિમા** - અસ્ત્રાથી મુંડન કરાવે કે લોચ કરાવે, સાધુના બધા ઉપકરણો રાખે, સાધુની જેમ બધી સાધુસામાચારી પાળે, ભિક્ષા લેવા જાય ત્યારે 'પ્રતિમા સ્વીકારેલ શ્રમણોપાસકને ભિક્ષા આપો.' એમ કહે. કોઈ પૂછે કે, 'તું કોણ છે ?' તો 'હું પ્રતિમા સ્વીકારેલ શ્રમણોપાસક છું.' એમ કહે, સાધુની જેમ માસકલ્પ વગેરે વિહાર કરે. આમ ૧૧ મહિના સુધી કરે, તે મમત્વ વિના સ્વજનોને મળવા તેમના સ્થાનમાં જાય છે. ત્યાં પણ સાધુની જેમ રહે છે, ઘરની ચિંતા વગેરે કરતો નથી, સાધુની જેમ નિર્દોષ અન્ન-પાણી ગ્રહણ કરે છે.

બધી પ્રતિમાઓનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. તે મરણ વખતે કે દીક્ષા વખતે હોય છે.

**આવશ્યકચૂર્ણિના** મતે છેલ્લી સાત પ્રતિમા આ પ્રમાણે છે -

(૫) **રાત્રિભોજનવર્જનપ્રતિમા** - તેમાં ૫ મહિના સુધી રાત્રિભોજનનો ત્યાગ કરવો.

(૬) **સચિત્તાહારવર્જનપ્રતિમા** - તેમાં ૬ મહિના સુધી સચિત્ત આહારનો ત્યાગ કરવો.

(૭) **દિવસબ્રહ્મચર્યપ્રતિમા** - તેમાં ૭ મહિના સુધી દિવસે બ્રહ્મચર્ય પાળે અને રાત્રે પરિમાણ કરે.

(૮) **દિવસરાતબ્રહ્મચર્યપ્રતિમા** - તેમાં ૮ મહિના સુધી દિવસ-રાત બ્રહ્મચર્ય પાળે, સ્નાન ન કરે, વાળ-દાઢી-મૂછ-નખની શોભા ન કરે.

(૯) **સ્વારંભત્યાગપ્રતિમા** - તેમાં ૯ મહિના સુધી પોતે આરંભ ન કરે.

(૧૦) **પ્રેષ્યારંભત્યાગપ્રતિમા** - તેમાં ૧૦ મહિના સુધી બીજા પાસે પણ આરંભ ન કરાવે.

(૧૧) **ઉદ્દિષ્ટાન્નવર્જન-શ્રમણ[illegible]તિમા** - તેમાં ૧૧ મહિના સુધી પોતાની માટે બનાવેલ આહારને વર્જે અને સાધુની જેમ રહે.

●●●

+ ત્રણ પ્રકારના હાસ્ય નુકસાનકારક છે -

(૧) ઉદારતા વિનાની સંપત્તિનું.

(૨) નમ્રતા વિનાની સફળતાનું.

(૩) પવિત્રતા વિનાની સ્વસ્થતાનું.

+ કોઈ ગધેડો એવો મૂરખ નથી હોતો કે જે એકના એક ખાડામાં બે વાર પડતો હોય ! આપણે એવા મૂરખ છીએ કે અનેક વખત ખોટા અનુભવો થયા પછી પણ કષાયના કે વિષયના રસ્તેથી પાછા ફરી જવા તૈયાર નથી.

+ સાધના અંગેની આપણામાં તાકાત કેટલી છે તેનો તાગ મેળવવાનો એક જ ઉપાય છે, આપણે સાધના શરૂ કરી દેવી.

# દ્વાર ૧૫૪મું - અનાજોનું અબીજપણું

| કોઠાર વગેરેમાં નાંખ્યા પછી ઢાંકીને છાણથી લીપીને માટીથી મુદ્રિત કરેલ અનાજ | અબીજપણું (વાવવા છતાં ઊગે નહીં) | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટથી | જઘન્યથી |
| જવ, ઘઉં, જવજવ (વિશેષ પ્રકારના જવ), શાલી (કલમ વગેરે વિશેષ પ્રકારના ચોખા), ડાંગર = ૫ | ૩ વર્ષ પછી | અંતર્મુહૂર્ત પછી |
| તલ, મગ, અડદ, ચોળા, મસૂર (મતાંતરે ચણા), કલાય (ત્રિપુટ નામનું વિશેષ પ્રકારનું અનાજ), કળથી, તુવેર, ગોળ ચણા, વાલ = ૧૦ | ૫ વર્ષ પછી | અંતર્મુહૂર્ત પછી |
| અળસી, લટ્ટ (કસુંબો), કંગુ (પીળા ચોખા), કોરદૂષક (વિશેષ પ્રકારના કોદ્રવ), શણ (છાલવાળુ વિશેષ પ્રકારનું અનાજ), બરઠ (વિશેષ પ્રકારનું ધાન્ય), સરસવ, કોદ્રવ, રાળક, મૂલકબીજ (વિશેષ પ્રકારના શાકનું બીજ) = ૧૦ | ૭ વર્ષ પછી | અંતર્મુહૂર્ત પછી |

●●●

+ આ તો સંસાર છે ! અહીં માંગેલું બધું જ મળતું નથી, જે મળે છે એ બધું માંગેલું હોતું નથી.

# દ્વાર ૧૫૫મું - મીઠું વગેરે કેટલા ક્ષેત્ર પછી અચિત્ત થાય ?

મીઠું, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, હરતાળ, મણશીલ, પિપર, ખજુર, દ્રાક્ષ, હરડે વગેરે ૧૦૦ યોજન પછી (મતાંતરે ૧૦૦ ગાઉ પછી) ભિન્ન-આહાર મળવાથી અચિત્ત થાય છે. આ વસ્તુઓ એક વાસણમાંથી બીજા વાસણમાં નાંખવાથી ૧૦૦ યોજનની અંદર પણ અચિત્ત થાય છે.

આ વસ્તુઓને અચિત્ત થવાના કારણો -

(૧) ગાડા, બળદની પીઠ વગેરે પર ચડાવવાથી.

(૨) ગાડા, બળદની પીઠ વગેરે પરથી ઉતારવાથી.

(૩) તેની ઉપર પુરુષ વગેરે બેસવાથી.

(૪) બળદ વગેરેના શરીરની ગરમીથી.

(૫) પૃથ્વી વગેરેના આહારનો વિચ્છેદ થવાથી.

(૬) સ્વકાયશસ્ત્ર-પરકાયશસ્ત્રરૂપ ઉપક્રમોથી.

●●●

+ વિદ્યાર્થી જેમ જેમ ઉપરના ક્લાસમાં જતો જાય છે તેમ તેમ એની પરીક્ષાના પેપરો અઘરા આવતા જાય છે. સાધક સાધનામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ એને પડકારો મોટા ને મોટા આવતા જાય છે.

+ માણસ મરી જવા તૈયાર થઈ જાય છે, પણ પોતાનો ખરાબ સ્વભાવ સુધારી દેવા તૈયાર થતો નથી.

+ મનના બે જાલિમ દોષો છે - અસ્થિરતા અને આક્રમકતા.

# દ્વાર ૧૫૬મું - ૨૪ પ્રકારના અનાજ

(૧) જવ.
(૨) ઘઉં.
(૩) શાલી-વિશેષ પ્રકારના ચોખા-કલમ વગેરે.
(૪) વ્રીહી-સામાન્ય ચોખા.
(૫) ષષ્ઠિકા-૬૦ રાતમાં પાકે તેવા વિશેષ પ્રકારના ચોખા.
(૬) કોદરા-એક પ્રકારનું હલકું અનાજ.
(૭) અણુકા-જુગંધરી.
(૮) કંગુ-મોટી નસવાળું અનાજ.
(૯) રાળક-નાની નસવાળું અનાજ.
(૧૦) તલ
(૧૧) મગ
(૧૨) અડદ
(૧૩) અળસી
(૧૪) હરિમંથ-કાળા ચણા
(૧૫) ત્રિપુટિકા-મકાઈ, માળવા દેશમાં પ્રસિદ્ધ અનાજ.
(૧૬) વાલ
(૧૭) શિલિન્દ - મકુષ્ટ-મઠ
(૧૮) ચોળા
(૧૯) ઇક્ષુ - બંટી નામનું અનાજ
(૨૦) મસૂર
(૨૧) તુવેર
(૨૨) કળથી
(૨૩) કુસુંભરી - ધાણા
(૨૪) કલાય - ગોળ ચણા-વટાણા

●●●

# દ્વાર ૧૫૭મું - ૧૭ પ્રકારના મરણ

(૧) **આવીચિમરણ** - અનુભવાતા આયુષ્યના પ્રતિસમય નવા નવા દલિકોનો ઉદય થવાથી જુના જુના દલિકોનો નાશ થવા રૂપ મરણ તે આવીચિમરણ. તે ૫ પ્રકારનું છે -

(i) **દ્રવ્યઆવીચિમરણ** - નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવનું ઉત્પત્તિસમયથી માંડીને પોતપોતાના આયુષ્યકર્મના દલિકોને દરેક સમયે અનુભવવું તે દ્રવ્યઆવીચિમરણ. તે નારકી વગેરેના ભેદથી ૪ પ્રકારનું છે.

(ii) **ક્ષેત્રઆવીચિમરણ** - તે તે ક્ષેત્રમાં થતો આયુષ્યકર્મના દલિકોનો પ્રતિસમય અનુભવ તે ક્ષેત્રઆવીચિમરણ. તે નારકી વેગેરેના ભેદથી ૪ પ્રકારનું છે.

(iii) **કાળઆવીચિમરણ** - તે તે કાળમાં થતો આયુષ્યકર્મના દલિકોનો પ્રતિસમય અનુભવ તે કાળઆવીચિમરણ. તે દેવાયુષ્કકાળ વગેરેના ભેદથી ૪ પ્રકારનું છે.

(iv) **ભવઆવીચિમરણ** - તે તે ભવમાં થતો આયુષ્યકર્મના દલિકોનો પ્રતિસમય અનુભવ તે ભવઆવીચિમરણ. તે નરક વગેરે ભવના ભેદથી ૪ પ્રકારનું છે.

(v) **ભાવઆવીચિમરણ** - આયુષ્યના ક્ષયરૂપ ભાવની પ્રધાનતાની અપેક્ષાએ થતો આયુષ્યકર્મના દલિકોનો પ્રતિસમય અનુભવ તે ભાવઆવીચિમરણ. તે નારકી વગેરેના ભેદથી ૪ પ્રકારનું છે.

(૨) **અવધિમરણ** - આયુષ્યકર્મના જે દલિકોને અનુભવીને જીવ મરે ફરી તે જ દલિકોને અનુભવીને મરે તો તે અવધિમરણ છે. તે આવીચિમરણની જેમ ૫ પ્રકારનું છે.

(૩) **આત્યંતિકમરણ** - આયુષ્યકર્મના જે દલિકોને અનુભવીને જીવ મરે ફરી તે દલિકોને અનુભવીને ન મરે તો તે આત્યંતિકમરણ છે. તે

આવીચિમરણની જેમ ૫ પ્રકારનું છે.

(૪) **વલન્મરણ** - ચારિત્રના યોગોમાં સીદાતા, જેના ચારિત્રના ભાવ ભાંગી ગયા છે એવા સાધુનું મરણ તે વલન્મરણ.

(૫) **વશાર્તમરણ** - ઇન્દ્રિયોના વિષયોની આસક્તિથી થતું મરણ તે વશાર્તમરણ.

(૬) **અંતઃશલ્યમરણ** - રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવના કાદવમાં ખૂપેલા જેઓ પોતાના રસ, ઋદ્ધિ, સાતાનો અભાવ થવાના ભયથી આચાર્યને પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી અતિચારો કહ્યા વિના મરે તે અંતઃશલ્યમરણ.

(૭) **તદ્ભવમરણ** - પોતે જે ભવમાં હોય તેવા જ ભવનું આયુષ્ય બાંધીને મરવું તે તદ્ભવમરણ. તે સંખ્યાતાવર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચને હોય છે.

(૮) **બાલમરણ** - અવિરત (પાપોથી નહીં અટકેલા)નું મરણ તે બાલમરણ.

(૯) **પંડિતમરણ** - વિરત (પાપોથી અટકેલા)નું મરણ તે પંડિતમરણ.

(૧૦) **મિશ્રમરણ (બાલપંડિતમરણ)** - દેશવિરત (પાપોથી આંશિક રીતે અટકેલા)નું મરણ તે મિશ્રમરણ.

(૧૧) **છદ્મસ્થમરણ** - મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની અને મનઃપર્યવ-જ્ઞાની સાધુઓનું મરણ તે છદ્મસ્થમરણ.

(૧૨) **કેવલીમરણ** - કેવલજ્ઞાનીનું મરણ તે કેવલીમરણ.

(૧૩) **વૈહાયસમરણ** - ઝાડની શાખા પર ફાંસો ખાવો, ઝાડ કે પર્વત પરથી પડવું વગેરેથી પોતે જ મરવું તે વૈહાયસમરણ.

(૧૪) **ગૃધ્રપૃષ્ઠમરણ** - પીઠ પર મહેંદીની પૂણીઓ બાંધીને ગીધ વગેરે પાસે પોતાની પીઠ વગેરેને ખવડાવીને મરવું તે ગૃધ્રપૃષ્ઠમરણ.

શાસનની હીલના અટકાવવી વગેરે કારણે વૈહાયસમરણ અને ગૃધ્રપૃષ્ઠમરણ આ બે મરણોની અનુમતિ છે.

(૧૫) **ભક્તપરિજ્ઞામરણ** - 'ભૂતકાળમાં અમે ઘણું ખાધું છે, ખાવા માટે જ બધા પાપો થાય છે.' એમ જાણીને જીવનપર્યંત ચાર પ્રકારના કે ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરીને મરવું તે ભક્તપરિજ્ઞામરણ. અહીંથી આગળ કહેવાતા ૩ મરણોમાં આ જઘન્ય મરણ છે, કેમકે સાધ્વીજી પણ આ મરણથી મરી શકે છે.

(૧૬) **ઈંગિનીમરણ** - જીવનપર્યંત ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને નિશ્ચિત કરેલા ક્ષેત્રમાં સમાધિ રહે એટલા માટે પડખુ ફેરવવું વગેરે ચેષ્ટા કરીને મરવું તે ઈંગિનીમરણ. આ મધ્યમ મરણ છે, કેમકે સાધ્વીજી આ મરણ સ્વીકારી શકતા નથી.

(૧૭) **પાદપોપગમનમરણ** - ઝાડ જે રીતે પડ્યું હોય તેમ જ પડ્યું રહે છે, હલતું નથી, તેમ સમાન કે વિષમ ભૂમિમાં અંગ કે ઉપાંગ જે રીતે પડ્યા હોય તેમને હલાવ્યા વિના જીવનપર્યંત ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને મરવું તે પાદપોપગમનમરણ. આ ઉત્કૃષ્ટ-મરણ છે, કેમકે પહેલા સંઘયણવાળા જ આ મરણ સ્વીકારી શકે છે.

●●●

+ આવતી કાલ પહેલી આવશે કે આવતો જન્મ પહેલા આવશે એની આપણને ખબર નથી. માટે ધર્મ આજે જ કરી લેવા જેવો છે.

+ જીભ જેવા બની જાઓ. ઘી જીભ પર છતાં જીભ ચીકણી નહીં. શરીર સંસારમાં પણ મન પર એની અસર નહીં.

+ 'તપશ્ચર્યા મેં કરી.' આ છે સંસારી ચિત્ત. 'પ્રભુની કૃપાથી તપશ્ચર્યા થઈ.' આ છે સાધક ચિત્ત.

# દ્વાર ૧૫૮મું - પલ્યોપમ

જે કાળના પ્રમાણમાં પલ્ય (પ્યાલા)ની ઉપમા હોય તે પલ્યોપમ. તે ૩ પ્રકારે છે -

(૧) **ઉદ્ધારપલ્યોપમ** - તે બે પ્રકારે છે -

(a) **બાદર ઉદ્ધારપલ્યોપમ** - અસત્કલ્પનાથી ઉત્સેધાંગુલથી બનેલા ૧ યોજન લાંબા, પહોળા, ઊંડા અને ૩ યોજન + ન્યૂન $\frac{૧}{૬}$ યોજનની પરિધિવાળા ગોળ પ્યાલાને મસ્તક મુંડાવ્યા પછીના ૧થી ૭ દિવસ સુધીના વાળના ટુકડા (વાલાગ્ર)થી એવો ઠાંસીઠાંસીને ભરવો કે એ વાલાગ્રો પવનથી ઊડે નહીં, અગ્નિથી બળે નહીં અને પાણી તેમાં પેસી ન શકે. આ પ્યાલામાંથી સમયે સમયે ૧-૧ વાલગ્ર બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતા જેટલો સમય લાગે તે ૧ બાદર ઉદ્ધારપલ્યોપમ. તે સંખ્યાતા સમય પ્રમાણ છે.

(b) **સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ** - ઉપર કહેલા દરેક વાલાગ્રના અસંખ્ય ટુકડા કરવા. તે ટુકડાનું પ્રમાણ - દ્રવ્યથી આંખથી દેખાય તેવા સૂક્ષ્મ પુદ્ગલદ્રવ્યના અસંખ્યાતમા ભાગ જેટલા. ક્ષેત્રથી સૂક્ષ્મ નિગોદના શરીર કરતા અસંખ્યગુણ. મતાંતરે બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર જેટલા. આ ટુકડાઓથી ઉપર કહેલા પ્યાલાને તે જ રીતે ભરવો. આ પ્યાલામાંથી સમયે સમયે ૧-૧ સૂક્ષ્મવાલાગ્ર બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતા જેટલો સમય લાગે તે ૧ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ. તે સંખ્યાતા કરોડ વર્ષ પ્રમાણ છે.

(૨) **અદ્ધાપલ્યોપમ** - તે બે પ્રકારે છે -

(a) **બાદર અદ્ધાપલ્યોપમ** - બાદર ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા પ્યાલામાંથી દર સો વર્ષે ૧-૧ વાલાગ્ર બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતા જેટલો સમય લાગે તે ૧ બાદર અદ્ધાપલ્યોપમ. તે સંખ્યાતા કરોડ

વર્ષ પ્રમાણ છે.

(b) **સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ** - સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા પ્યાલામાંથી દર સો વર્ષે ૧-૧ વાલાગ્ર બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતાં જેટલો સમય લાગે તે ૧ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ. તે અસંખ્ય કરોડ વર્ષ પ્રમાણ છે.

(૩) **ક્ષેત્રપલ્યોપમ** - તે બે પ્રકારે છે -

(a) **બાદર ક્ષેત્રપલ્યોપમ** - બાદર ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા પ્યાલામાં વાલાગ્રોને સ્પર્શેલા આકાશપ્રદાશોને સમયે સમયે બહાર કાઢતા બધા સ્પર્શેલા આકાશપ્રદેશો ખાલી થતાં જેટલો સમય લાગે તે ૧ બાદર ક્ષેત્રપલ્યોપમ. તે અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ છે.

(b) **સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ** - સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા પ્યાલામાં વાલાગ્રોને સ્પર્શેલા કે નહીં સ્પર્શેલા આકાશપ્રદેશોને સમયે સમયે બહાર કાઢતા બધા આકાશપ્રદેશો ખાલી થતાં જેટલો સમય લાગે તે ૧ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ. તે અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ છે.

સૂક્ષ્મ વાલાગ્રો કરતા પણ આકાશપ્રદેશો અત્યંત સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મ વાલાગ્રોથી ઠાંસીઠાંસીને ભરેલા તે પ્યાલામાં પણ વાલાગ્રોને નહીં સ્પર્શેલા આકાશપ્રદેશો હોય છે.

સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમમાં 'બધા આકાશપ્રદેશો' એમ ન કહેતા 'વાલાગ્રોને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા આકાશપ્રદેશો' એમ કહ્યું તેનું કારણ એ છે કે દૃષ્ટિવાદમાં કેટલાક દ્રવ્યોનું પ્રમાણ સ્પર્શેલા આકાશપ્રદેશો જેટલું કહ્યું છે અને કેટલાક દ્રવ્યોનું પ્રમાણ સ્પર્શેલા - નહીં સ્પર્શેલા આકાશપ્રદેશો જેટલું કહ્યું છે.

● ● ●

# દ્વાર ૧૫૯મું - સાગરોપમ

જે કાળપ્રમાણને સાગરની ઉપમા હોય તે સાગરોપમ. તે ૩ પ્રકારે છે -

(૧) **ઉદ્ધારસાગરોપમ** - તે બે પ્રકારે છે -

**(a) બાદર ઉદ્ધારસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ બાદર ઉદ્ધારપલ્યોપમ = ૧ બાદર ઉદ્ધારસાગરોપમ.

**(b) સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ = ૧ સૂક્ષ્મ ઉદ્ધાર-સાગરોપમ. ૨$\frac{૧}{૨}$ સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમ (એટલે કે ૨૫ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ)ના સમય જેટલા તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે.

(૨) **અદ્ધાસાગરોપમ** - તે બે પ્રકારે છે -

**(a) બાદર અદ્ધાસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ બાદર અદ્ધાપલ્યોપમ = ૧ બાદર અદ્ધા-સાગરોપમ.

**(b) સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ = ૧ સૂક્ષ્મ અદ્ધા-સાગરોપમ. તેનાથી જીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ મપાય છે.

(૩) **ક્ષેત્રસાગરોપમ** - તે બે પ્રકારે છે -

**(a) બાદર ક્ષેત્રસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ બાદર ક્ષેત્રપલ્યોપમ = ૧ બાદર ક્ષેત્ર-

સાગરોપમ.

**(b) સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમ -**

૧૦ × કરોડ × કરોડ × ૧ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ = ૧ સૂક્ષ્મ ક્ષેત્ર-સાગરોપમ. તેનાથી દૃષ્ટિવાદમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયનું પરિમાણ કહ્યું છે.

ત્રણે સૂક્ષ્મ પલ્યોપમોનું પ્રયોજન ત્રણે સૂક્ષ્મ સાગરોપમોની જેમ જાણવું.

બાદર પલ્યોપમો અને બાદર સાગરોપમની પ્રરૂપણા કર્યા પછી સૂક્ષ્મ પલ્યોપમો અને સૂક્ષ્મ સાગરોપમો સહેલાઈથી સમજી શકાય છે માટે બાદર પલ્યોપમો અને બાદર સાગરોપમોની પ્રરૂપણા કરી છે. તે સિવાય તેમનું બીજું કોઈ પ્રયોજન નથી.

●●●

+ જ્ઞાન ત્રણ પ્રકારના છે -
(૧) શ્રુતજ્ઞાન - તે પાણી જેવું છે.
(૨) ચિંતાજ્ઞાન - તે દૂધ જેવું છે.
(૩) ભાવનાજ્ઞાન - તે અમૃત જેવું છે.

+ સંસારના સુખને ત્રણ કલંક વળગેલા છે -
(૧) એ પરાધીન છે.
(૨) એ થોડો સમય જ ટકે છે.
(૩) એ દુઃખમિશ્રિત છે.

+ દોષો જો મને ખરેખર નથી જ ગમતા તો પછી એ દોષો કોઈનાય જીવનમાં હોય, મારે શા માટે એમને જોવા જોઈએ ?

# દ્વાર ૧૬૦મું - અવસર્પિણી

જેમાં આરાઓ, આયુષ્ય, શરીર વગેરે ઘટતા જાય તે અવસર્પિણી. તેનું પ્રમાણ ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ છે. તેમાં ૬ આરા છે. તેમના નામ, પ્રમાણ, તેમાં મનુષ્યના આયુષ્ય, અવગાહના વગેરે નીચે પ્રમાણે છે -

| આરા ક્ર. | આરાનું નામ | આરાનું પ્રમાણ | મનુષ્યોની અવગાહના | મનુષ્યોનું આયુષ્ય | કલ્પવૃક્ષ વગેરેનો પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧લો | સુષમસુષમ | ૪ કોડાકોડી સાગરોપમ | ૩ ગાઉ | ૩ પલ્યોપમ | શુભ |
| ૨જો | સુષમ | ૩ કોડાકોડી સાગરોપમ | ૨ ગાઉ | ૨ પલ્યોપમ | હીનતર |
| ૩જો | સુષમ-દુઃષમ | ૨ કોડાકોડી સાગરોપમ | ૧ ગાઉ | ૧ પલ્યોપમ | હીનતર |
| ૪થો | દુઃષમ-સુષમ | ૧ કોડાકોડી સાગરોપમ–૪૨,૦૦૦ વર્ષ | ૫૦૦ ધનુષ્ય થી ૭ હાથ સુધી | ૧ ક્રોડ પૂર્વ | ખૂબ જ હીન. |
| ૫મો | દુઃષમ | ૨૧,૦૦૦ વર્ષ | ૭ હાથથી ૨ હાથ સુધી | ૧૦૦ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ઔષધિ, શક્તિ વગેરેની અનંત-ગુણ-હાનિ |
| ૬ઠ્ઠો | દુઃષમ-દુઃષમ | ૨૧,૦૦૦ વર્ષ | ૨ હાથથી ૧ હાથ સુધી | ૨૦ વર્ષથી ૧૬ વર્ષ સુધી | ઔષધિ વગેરેની સંપૂર્ણ હાનિ |

# દ્વાર ૧૬૧મું - ઉત્સર્પિણી

જેમાં આરાઓ, આયુષ્ય, શરીર વગેરે વધતા જાય તે ઉત્સર્પિણી. તેનું પ્રમાણ ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ છે. તેમાં ૬ આરા છે. તેમના નામ, પ્રમાણ વગેરે અવસર્પિણીના આરાઓ કરતા વિપરીત ક્રમે જાણવા.

૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = ૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાળચક્ર. ૫ ભરતક્ષેત્રોમાં અને ૫ ઐરવતક્ષેત્રોમાં અનાદિકાળથી અનંતકાળ સુધી આવું કાળચક્ર ફર્યા કરે છે.

●●●

+ રોગની કબૂલાત કરનાર દર્દી પ્રત્યે ડૉક્ટરને જો સહાનુભૂતિ જ હોય છે તો દોષની કબૂલાત કરનાર વ્યક્તિ પ્રત્યે આપણે તિરસ્કારભાવ દાખવીએ એ તો ચાલે જ કેમ ?

+ ગાયને ઘાસથી દૂર રાખનારો હકીકતમાં તો દૂધથી જ દૂર થઈ જાય છે. તેમ સાધનાથી દૂર રહેતો આત્મા હકીકતમાં તો સિદ્ધિથી જ દૂર થઈ જાય છે.

+ કાયિક અસહિષ્ણુતા સમાધિ તોડે છે.
વાચિક અસહિષ્ણુતા મૈત્રી તોડે છે.
માનસિક અસહિષ્ણુતા પરિણતિ તોડે છે.

+ તલવાર પર ભરોસો, એ મિથ્યાત્વ છે.
ઢાલ પર ભરોસો, એ સમ્યક્ત્વ છે.
શસ્ત્રહીન અવસ્થા પર ભરોસો, એ સર્વવિરતિ છે.

# દ્વાર ૧૬૨મું - પુદ્ગલપરાવર્ત

અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી = ૧ પુદ્ગલપરાવર્ત.
અનંત પુદ્ગલપરાવર્ત = અતીત(ભૂત) કાળ.
અતીતકાળ × અનંત = અનાગત (ભવિષ્ય)કાળ.
પુદ્ગલપરાવર્ત ૪ પ્રકારે છે -

(૧) **દ્રવ્ય પુદ્ગલપરાવર્ત** - તે બે પ્રકારે છે -

(i) **બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં જગતના બધા પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મન આ ૭ પદાર્થો રૂપે (મતાંતરે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ - આ ૪ પદાર્થોરૂપે) ભોગવીને મૂકે તેટલો કાળ તે ૧ બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્ત. આહારકશરીર એક જીવને ૪ વાર જ સંભવતું હોવાથી તેનો અહીં ઉપયોગ નથી.

(ii) **સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં જગતના બધા પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મન - આ ૭ પદાર્થોમાંથી કોઈપણ ૧ રૂપે (મતાંતરે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ - આ ૪ પદાર્થોમાંથી કોઈપણ ૧ રૂપે) ભોગવીને મૂકે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્ત.

(૨) **ક્ષેત્રપુદ્ગલપરાવર્ત** - તે બે પ્રકારે છે -

(i) **બાદરક્ષેત્રપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકના બધા આકાશપ્રદેશોને ક્રમથી કે ઉત્ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે બાદર ક્ષેત્રપુદ્ગલપરાવર્ત.

(ii) **સૂક્ષ્મક્ષેત્રપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકના બધા આકાશપ્રદેશોને ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત. જ્યાં મરે ત્યાં અવધિરૂપ ૧ આકાશપ્રદેશ

ગણાય. મતાંતરે જ્યાં મરે ત્યાં બધા આકાશપ્રદેશ ગણાય.

(૩) **કાળપુદ્ગલપરાવર્ત** - તે બે પ્રકારે છે -

(i) **બાદર કાળપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧ ઉત્સર્પિણી-૧ અવસર્પિણીના બધા સમયોને ક્રમથી કે ઉત્ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ બાદર કાળપુદ્ગલપરાવર્ત.

(ii) **સૂક્ષ્મ કાળપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧ ઉત્સર્પિણી-૧ અવસર્પિણીના બધા સમયોને ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ કાળપુદ્ગલપરાવર્ત.

(૪) **ભાવપુદ્ગલપરાવર્ત** - તે બે પ્રકારે છે -

(i) **બાદર ભાવપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં રસબંધના અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ બધા અધ્યવસાયસ્થાનોને ક્રમથી કે ઉત્ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ બાદર ભાવપુદ્ગલપરાવર્ત.

(ii) **સૂક્ષ્મ ભાવપુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં રસબંધના અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ બધા અધ્યવસાયસ્થાનોને ક્રમથી સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ ભાવપુદ્ગલપરાવર્ત.

ચારે પ્રકારના બાદર પુદ્ગલપરાવર્તોની પ્રરૂપણા કર્યા પછી સૂક્ષ્મ પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ સહેલાઈથી સમજી શકાય છે, માટે બાદર પુદ્ગલપરાવર્તોની પ્રરૂપણા કરી છે. તે સિવાય તેમનું બીજું કોઈ પ્રયોજન નથી. જીવાભિગમ વગેરેમાં મિથ્યાદૃષ્ટિ વગેરેની સ્થિતિ વગેરે કહેવા માટે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્તનો ઉપયોગ કર્યો છે. જ્યાં કોઈ વિશેષ નિર્દેશ ન કર્યો હોય ત્યાં પુદ્ગલપરાવર્તથી સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલ-પરાવર્ત લેવો.

ભાવ પુદ્ગલપરાવર્તમાં રસબંધના અધ્યવસાયસ્થાનો કહ્યા. તે રસબંધના અધ્યવસાયસ્થાનો નીચેના અલ્પબહુત્વથી જાણી શકાય છે -

## રસબંધના અધ્યવસાયસ્થાનોનું પ્રમાણ જાણવા અલ્પબહુત્વ -

| ક્ર. | વિષય | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|---|
| ૧. | અન્યકાય અને બાદર તેઉકાયમાંથી સૂક્ષ્મતેઉકાયમાં ઉત્પન્ન થનારા જીવો | અલ્પ | અસંખ્યલોકાકાશ-પ્રદેશ પ્રમાણ |
| ૨. | પૂર્વોત્પન્ન સૂક્ષ્મતેઉકાયના જીવો | અસંખ્યગુણ | (અંતર્મુહૂર્તના સમય × અસંખ્યલોકાકાશ પ્રદેશ) પ્રમાણ |
| ૩. | સૂક્ષ્મતેઉકાયની કાયસ્થિતિ | અસંખ્યગુણ | અસંખ્યઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ |
| ૪. | સ્થિતિબંધસ્થાનો | અસંખ્યગુણ | |
| ૫. | રસબંધસ્થાનો | અસંખ્યગુણ | દરેક સ્થિતિબંધસ્થાનમાં અસંખ્ય રસબંધસ્થાનો હોય છે. |
| ૬. | રસબંધના અધ્યવસાયસ્થાનો | તુલ્ય | અસંખ્યલોકાકાશ-પ્રદેશ પ્રમાણ |
| ૭. | સંયમસ્થાનો | તુલ્ય | અસંખ્યલોકાકાશ-પ્રદેશ પ્રમાણ |

**રસબંધસ્થાન** = એક કાષાયિક અધ્યવસાયથી ગ્રહણ કરેલા કર્મ-પુદ્‌ગલોમાં ૧ સમયમાં બંધાયેલો રસ તે રસબંધસ્થાન છે.

**રસબંધના અધ્યવસાયસ્થાન** = રસબંધસ્થાનના કારણરૂપ કષાયોદયરૂપ અધ્યવસાયો તે રસબંધના અધ્યવસાયસ્થાન છે.

સંયમસ્થાનોનું સ્વરૂપ આગળ કહેવાશે.

●●●

+ પરમાત્માએ જે રાગ-દ્વેષને દુશ્મન માન્યા છે એના જ ખોળામાં માથું મૂકીને આપણે નિશ્ચિંતતાથી જીવન પસાર કરીએ છીએ ! શેં સદ્‌ગતિ થશે ?

## દ્વાર ૧૬૩મું - ૧૫ કર્મભૂમિઓ

**કર્મભૂમિ** - ખેતી-વેપાર વગેરે રૂપ કર્મ કે મોક્ષના અનુષ્ઠાનરૂપ કર્મ જ્યાં થતું હોય તે કર્મભૂમિ. તે પંદર છે -

૫ ભરતક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ મહાવિદેહક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ ઐરવતક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં

૧૫ કર્મભૂમિ

●●●

## દ્વાર ૧૬૪મું - ૩૦ અકર્મભૂમિઓ

**અકર્મભૂમિ** - ખેતી-વેપાર વગેરે રૂપ કર્મ કે મોક્ષના અનુષ્ઠાનરૂપ કર્મ જ્યાં ન થતું હોય તે અકર્મભૂમિ. તે પંદર છે -

૫ હૈમવતક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ હરિવર્ષક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ દેવકુરુ = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ ઉત્તરકુરુ = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ રમ્યકક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં
૫ ઐરણ્યવતક્ષેત્ર = ૧ જંબૂદ્વીપમાં + ૨ ધાતકીખંડમાં + ૨ પુષ્કરવરાર્ધદ્વીપમાં

૩૦ અકર્મભૂમિ.

આ અકર્મભૂમિઓમાં યુગલિક મનુષ્યો અને તિર્યંચો રહે છે. તેમને ત્યાં ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો પાસેથી અન્ન, પાણી, વસ્ત્ર, અલંકાર વગેરે ભોગો મળે છે.

●●●

# દ્વાર ૧૬૫મું - ૮ મદ

(૧) **જાતિમદ** - માતાની હોય તે જાતિ. અથવા બ્રાહ્મણ વગેરે જાતિ. તેનું અભિમાન તે જાતિમદ.

(૨) **કુલમદ** - પિતાનું હોય તે કુળ. અથવા ઉગ્ર વગેરે કુળ. તેનું અભિમાન તે કુલમદ.

(૩) **રૂપમદ** - શરીરના સૌંદર્યનું અભિમાન તે રૂપમદ.

(૪) **બળમદ** - સામર્થ્યનું અભિમાન તે બળમદ.

(૫) **શ્રુતમદ** - અનેક શાસ્ત્રોના જ્ઞાનનું અભિમાન તે શ્રુતમદ.

(૬) **તપમદ** - અનશન વગેરે ૧૨ પ્રકારના તપનું અભિમાન તે તપમદ.

(૭) **લાભમદ** - ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થવારૂપ લાભનું અભિમાન તે લાભમદ.

(૮) **ઐશ્વર્યમદ** - પ્રભુત્વનું અભિમાન તે ઐશ્વર્યમદ.

જાતિ વગેરેનો મદ કરવાથી જીવને પરભવમાં જાતિ વગેરે હીન મળે છે અને સંસારમાં ઘણું ભમવું પડે છે.

●●●

+ દર્દી ડૉક્ટર પાસે રોગ નથી જ છુપાવતો. તેમ સાધક આત્મા ગુરુ પાસે દોષ નથી જ છુપાવતો.

+ દુષ્ટ મન એ જ દુશ્મન છે.

+ સંયોગ-વિયોગ કર્મને બંધાયેલા છે, પણ સમાધિ-સંક્લેશ તો આપણા પુરુષાર્થને બંધાયેલા છે.

# દ્વાર ૧૬૬મું - પ્રાણાતિપાતના ૨૪૩ ભેદ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીકાય<br>અપ્કાય<br>તેઉકાય<br>વાયુકાય<br>વનસ્પતિકાય<br>બેઈન્દ્રિય<br>તેઈન્દ્રિય<br>ચઉરિન્દ્રિય<br>પંચેન્દ્રિય | ૯ની હિંસા × | મન<br>વચન<br>કાય | 3 × | કરણ<br>કરાવણ<br>અનુમોદન | 3 × | ભૂતકાળ<br>વર્તમાનકાળ<br>ભવિષ્યકાળ | 3 = | પ્રાણાતિ-<br>પાતના<br>૨૪૩<br>ભેદ |

**ભાવાર્થ** - પૃથ્વીકાય વગેરે ૯ની મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપ હિંસા ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળમાં થાય છે. તેથી પ્રાણાતિપાતના ૨૪૩ ભેદ છે.

●●●

+ આપણને કેરી ગમે છે ‘જીભ’ ના કારણે.
  પરમાત્માને કેરી ગમે છે ‘જીવ’ ના કારણે.

+ કર્મસત્તા પાસે ઘણું આપવાની તાકાત છે, પણ ધર્મસત્તા પાસે તો બધું જ આપવાની તાકાત છે.

+ સુખનું કારણ સામગ્રી નથી પણ સંતોષ છે.
  ધર્મનું કારણ કેવળ ક્રિયા નથી પણ પરિણતિ છે.

+ પરમાત્માએ આપણા અનંત ગુનાઓ માફ કરી દીધા છે તો આપણે કોઈના પાંચ-સાત ગુનાઓ પણ માફ ન કરી શકીએ ?

# દ્વાર ૧૬૭મું - પરિણામના ૧૦૮ ભેદ

**પરિણામ** = મન વગેરેની વિશેષ પ્રકારની પરિણતિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સંરંભ | | મન | | કરણ | | ક્રોધ | | |
| સમારંભ | 3 × | વચન | 3 × | કરાવણ | 3 × | માન | ૪ = | પરિણામના |
| આરંભ | | કાયા | | અનુમોદન | | માયા | | ૧૦૮ ભેદ |
| | | | | | | લોભ | | |

**ભાવાર્થ - સંરંભ** = હિંસાનો સંકલ્પ, અધ્યવસાય, ભાવ.

**સમારંભ** = બીજાને પીડા કરવી.

**આરંભ** = બીજાને મારી નાંખવા.

સંરંભ-સમારંભ-આરંભ મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવારૂપે ક્રોધ-માન-માયા-લોભથી થાય છે. તેથી પરિણામના ૧૦૮ ભેદ છે.

સંરંભ-સમારંભ-આરંભ-એ ત્રણ શુદ્ધનયોને સમ્મત છે, અશુદ્ધનયોને નહીં.

**શુદ્ધનય** = નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય એ ત્રણ નયો શુદ્ધનયો છે, કેમકે અનુયાયી દ્રવ્યને માનનારા છે. તેથી સંરંભ વગેરે તેમને સંમત છે.

**અશુદ્ધનય** = ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય એ ચાર નયો અશુદ્ધનયો છે, કેમકે પર્યાયને અને તેમના અત્યંત ભેદને માનનારા છે. તેથી સંરંભ વગેરે તેમને સંમત નથી.

અથવા,

સંરંભ-સમારંભ-આરંભ-એ ત્રણ અશુદ્ધનયોને સમ્મત છે, શુદ્ધનયોને નહીં.

**અશુદ્ધનય** = નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય એ ત્રણ નયો અશુદ્ધનયો છે, કેમકે વ્યવહારને માનનારા છે. તેથી સંરંભ વગેરે તેમને સંમત છે.

**શુદ્ધનય** = ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય એ ચાર નયો શુદ્ધનયો છે, કેમકે નિશ્ચયને માનનારા છે. તેથી હિંસાના ભાવવાળા આત્માને જ હિંસા માને છે, બાહ્ય જીવ વગેરેની હિંસાને માનતા નથી. તેથી સંરંભ વગેરે તેમને સંમત નથી.

●●●

## દ્વાર ૧૬૮મું - ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય

| | |
|---|---|
| વૈક્રિયશરીરસંબંધી (દેવસંબંધી) મૈથુનનો મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદનરૂપે ત્યાગ કરવો. | = ૯ |
| ઔદારિકશરીરસંબંધી (મનુષ્યસંબંધી-તિર્યંચસંબંધી) મૈથુનનો મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદનરૂપે ત્યાગ કરવો. | = ૯ |
| | બ્રહ્મચર્યના ૧૮ ભેદ. |

●●●

+ પ્રેરણાના ઘીને પામીને આપણે આપણા આત્માને શીઘ્ર ભાવિત કરી દેતા હોઈએ તો સમજવું પડે કે આપણી પાત્રતા ગરમ રોટલી જેવી છે પણ આત્મદ્રવ્યને ભાવિત થતા જો બહુ સમય લાગતો હોય તો સમજવું પડે કે આપણું આત્મદ્રવ્ય ઠંડી રોટલી જેવું છે.

# દ્વાર ૧૬૯મું - કામના ૨૪ ભેદ

કામના બે પ્રકાર છે -

(૧) **સમ્પ્રાપ્ત કામ** - કામીઓના પરસ્પર સંગમથી થયેલ કામ તે સંપ્રાપ્તકામ. તે ૧૪ પ્રકારે છે -

(૧) **દૃષ્ટિસંપાત** - સ્ત્રીઓના સ્તન વગેરે જોવા.

(૨) **દૃષ્ટિસેવા** - હાવભાવપૂર્વક સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવવી.

(૩) **સંભાષણ** - યોગ્યકાળે સ્ત્રી સાથે કામકથા કરવી.

(૪) **હસિત** - વાંકા વચન કહી સ્ત્રી સાથે હસવું.

(૫) **લલિત** - પાશા વગેરેથી સ્ત્રી સાથે ક્રીડા કરવી.

(૬) **ઉપગૂઢ** - સ્ત્રીને ગાઢ રીતે આલિંગન કરવું.

(૭) **દંતપાત** - સ્ત્રીના શરીરે દાંતથી છેદ કરવો.

(૮) **નખનિપાત** - સ્ત્રીના શરીરે નખ ભરાવવા.

(૯) **ચુમ્બન** - સ્ત્રી સાથે મુખનો સંયોગ કરવો.

(૧૦) **આલિંગન** - સ્ત્રીને થોડો સ્પર્શ કરવો.

(૧૧) **આદાન** - સ્ત્રીના સ્તન વગેરે પકડવા.

(૧૨) **કરણ** - વાત્સ્યાયનશાસ્ત્રમાં પ્રસિદ્ધ, કામક્રીડાની શરૂઆત કરનારું ૮૪ પ્રકારનું યંત્ર.

(૧૩) **આસેવન** - મૈથુનક્રિયા.

(૧૪) **અનંગક્રીડા** - મુખ વગેરે પર અર્થક્રિયા કરવી.

(૨) **અસંપ્રાપ્તકામ** - કામીઓના વિયોગથી થયેલ કામ તે અસંપ્રાપ્તકામ. તે ૧૦ પ્રકારે છે -

(૧) **અર્થ** - સ્ત્રીને જોયા વિના પણ સાંભળીને તેની ઇચ્છા કરવી.

(૨) **ચિંતા** - 'અરે ! રૂપ વગેરે તેના ગુણો કેવા સુંદર છે !' એમ રાગથી વિચારવું.

(૩) **શ્રદ્ધા** - સ્ત્રીના સંગમની અભિલાષા.

(૪) **સંસ્મરણ** - વિચારેલા સ્ત્રીના રૂપને ચિત્ર વગેરેમાં જોઈને પોતાને ખુશ કરવો.

(૫) **વિક્લવતા** - સ્ત્રીના વિરહના અતિશય દુઃખથી આહાર વગેરેમાં પણ નિરપેક્ષપણું.

(૬) **લજ્જાનાશ** - ગુરુ વગેરેની સામે પણ સ્ત્રીના ગુણો કહેવા.

(૭) **પ્રમાદ** - સ્ત્રી માટે જ બધા આરંભો કરવા.

(૮) **ઉન્માદ** - મનના ડામાડોળપણાથી જેમ તેમ બોલવું.

(૯) **તદ્ભાવના** - થાંભલા વગેરેને પણ સ્ત્રી સમજીને આલિંગન વગેરે કરવું.

(૧૦) **મરણ** - મૂર્ચ્છિત થવું.

●●●

+ સાધન દ્વારા જે પણ મળે છે તે સુખ છે અને સાધના દ્વારા જે પણ મળે છે તે આનંદ છે.

+ વર્તમાનકાળના તીવ્રતમ દુઃખો એ આપણા જ પોતાના ભૂતકાળના તીવ્રતમ પાપોની જાહેરાત છે.

+ જે પાપ પાછળ પશ્ચત્તાપ ન થાય કે પ્રાયશ્ચિત્તની બુદ્ધિ ન જાગે તે પાપ આત્મા માટે ભારે ખતરનાક નીવડે છે.

+ જ્ઞાનીઓ જન્મને જ ખરાબ કહે છે, આપણને મરણ જ ખરાબ લાગે છે.

# દ્વાર ૧૭૦મું - ૧૦ પ્રાણ

પ્રાણ ૧૦ પ્રકારના છે -

(૧-૫) **૫ ઈન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય.

(૬-૮) **૩ બળ** - મનબળ, વચનબળ, કાયબળ.

(૯) **શ્વાસોચ્છ્વાસ** - શ્વાસ લેવો - મૂકવો તે.

(૧૦) **આયુષ્ય** - આયુષ્ય કર્મના દલિકોને ભોગવવા તે.

## જીવોને વિષે પ્રાણ

| જીવો | પ્રાણ | કુલ |
|---|---|---|
| એકેન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | ૪ |
| બેઇન્દ્રિય | ઉપરના ૪ + રસનેન્દ્રિય, વચનબળ | ૬ |
| તેઇન્દ્રિય | ઉપરના ૬ + ઘ્રાણેન્દ્રિય | ૭ |
| ચઉરિન્દ્રિય | ઉપરના ૭ + ચક્ષુરિન્દ્રિય | ૮ |
| અસંજ્ઞી પંચેન્દ્રિય | ઉપરના ૮ + શ્રોત્રેન્દ્રિય | ૯ |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ઉપરના ૯ + મનબળ | ૧૦ |

●●●

+ તેલ દિપકને પ્રજ્વલિત રાખે છે.
  સમ્યગ્જ્ઞાન શ્રદ્ધાને જ્વલંત રાખે છે.

+ જેની પાસે આંસુની મૂડી નથી એ અધ્યાત્મ જગતનો મોટામાં મોટો ભિખારી છે.

# દ્વાર ૧૭૧મું - ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો

કલ્પ = મનવાંછિત. તેને પૂરનાર વૃક્ષ તે કલ્પવૃક્ષ. તે ૧૦ પ્રકારના છે -

(૧) **મત્તાંગદ (મત્તાંગક)** - તેઓ દારૂ આપે છે. દારૂથી ભરેલા તેમના ફળો ફૂટી ફૂટીને દારૂ આપે છે.

(૨) **ભૃતાંગ** - તેઓ થાળી વગેરે વાસણો આપે છે. જેમ ઝાડ પર ફળો હોય છે તેમ તેમની ઉપર વાસણો હોય છે.

(૩) **ત્રુટિતાંગ** - તેઓ વાજિંત્રો આપે છે. જેમ ઝાડ પર ફળો હોય છે તેમ તેમની ઉપર વાજિંત્રો હોય છે.

(૪) **દીપાંગ** - તેઓ દીવાની જેમ ઉદ્યોત કરે છે.

(૫) **જ્યોતિરંગ** - તેઓ સૂર્યની જેમ બધું પ્રકાશિત કરે છે.

(૬) **ચિત્રાંગ** - તેઓ ફૂલની માળા આપે છે. તેમની ઉપર અનેક પ્રકારના સુગંધી પુષ્પોની માળા હોય છે.

(૭) **ચિત્રરસાંગ** - તેઓ ભોજન આપે છે. તેમના ફળો ભોજનના પદાર્થોથી ભરેલા હોય છે.

(૮) **મણ્યંગ** - તેઓ આભૂષણો આપે છે. તેમની ઉપર કડા, કુંડલ, બાજુબંધ વગેરે અલંકારો હોય છે.

(૯) **ગૃહાકાર** - તેમની ઉપર વિવિધ પ્રકારના ભવનો હોય છે.

(૧૦) **અનગ્ન** - તેઓ વસ્ત્રો આપે છે. તેમની ઉપર વિવિધ પ્રકારના વસ્ત્રો હોય છે.

●●●

# દ્વાર ૧૭૨મું - ૭ નરકો

નરકો ૭ છે. અન્વર્થવાળુ હોય તે ગોત્ર. અન્વર્થ વિનાનું હોય તે નામ. ૭ નરકના નામ અને ગોત્ર આ પ્રમાણે છે -

| નરક | નામ | ગોત્ર | અર્થ |
|---|---|---|---|
| ૧લી | ઘર્મા | રત્નપ્રભા | તેમાં રત્નોની બહુલતા છે. |
| ૨જી | વંશા | શર્કરાપ્રભા | તેમાં કાંકરાની બહુલતા છે. |
| ૩જી | શૈલા | વાલુકાપ્રભા | તેમાં રેતીની બહુલતા છે. |
| ૪થી | અંજના | પંકપ્રભા | તેમાં કાદવની બહુલતા છે. |
| ૫મી | રિષ્ટા | ધૂમપ્રભા | તેમાં ધૂમાડા જેવા દ્રવ્યની બહુલતા છે. |
| ૬ઠ્ઠી | મઘા | તમઃપ્રભા | તેમાં અંધકારની બહુલતા છે. |
| ૭મી | માઘવતી | તમસ્તમઃપ્રભા | તેમાં ગાઢ અંધકારની બહુલતા છે. |

●●●

# દ્વાર ૧૭૩મું - નરકાવાસ

નરકમાં નારકીઓને રહેવાના આવાસો તે નરકાવાસો. ૭ નરકમાં ૮૪ લાખ નરકાવાસો છે. તે આ પ્રમાણે -

| નરક | નરકાવાસ |
|---|---|
| ૧લી | ૩૦ લાખ |
| ૨જી | ૨૫ લાખ |
| ૩જી | ૧૫ લાખ |
| ૪થી | ૧૦ લાખ |
| ૫મી | ૩ લાખ |
| ૬ઠ્ઠી | ૧ લાખ—૫ |
| ૭મી | ૫ |
| કુલ | ૮૪ લાખ |

●●●

# દ્વાર ૧૭૪મું - નરકમાં વેદના

નરકમાં નારકીઓને ૩ પ્રકારની વેદનાઓ હોય છે -

(૧) **ક્ષેત્રસ્વભાવજ વેદના** - તે અનેક પ્રકારની છે -

(i) **ઉષ્ણવેદના** - ભર ઉનાળામાં બપોરે વાદળ રહિત આકાશમાં સૂર્ય તપતો હોય, જરા ય પવન ન વાતો હોય, ત્યારે પ્રચંડ પિત્તવાળા અને ગુસ્સાવાળા, છત્ર વિનાના, જેની ચારે બાજુ અગ્નિ સળગતો હોય તેવા મનુષ્યને જે ઉષ્ણવેદના હોય છે તેના કરતા અનંતગુણ ઉષ્ણવેદના નરકમાં હોય છે.

ઉષ્ણવેદનાવાળી નરકમાંથી નારકીને ઉપાડીને ધમણથી પ્રજ્વલિત અંગારાની શય્યા પર સુવડાવાય તો તે જાણે કે અમૃતના રસથી સિંચાયો હોય તેમ ઠંડક પામતો સુખેથી સૂઈ જાય.

(ii) **શીતવેદના** - પોષ મહિનાની રાતે વાદળ વિનાના આકાશમાં શરીરને કંપાવી દે તેવો પવન વાતે છતે હિમાલય પર્વત પર બેઠેલા, અગ્નિ વિનાના, આશ્રય વિનાના, વસ્ત્ર વિનાના, બરફની વર્ષાના સંપર્કવાળા મનુષ્યને જેવી શીતવેદના હોય છે તેના કરતા અનંતગુણ શીતવેદના નરકમાં હોય છે.

શીતવેદનાવાળી નરકમાંથી નારકીને ઉપાડીને ઉપર કહેલા મનુષ્યના સ્થાને સુવડાવાય તો તે પવન વિનાના સ્થાનની જેમ સુખેથી ઊંઘી જાય.

(iii) **ભૂખ** - સંપૂર્ણ જગતના બધા આહારથી પણ તૃપ્તિ ન થાય તેવી ભૂખની પીડા નરકમાં સતત હોય છે.

(iv) **તરસ** - બધા સમુદ્રોનું બધું પાણી પીવા છતાં શાંત ન થાય તેવી તરસની પીડા નરકમાં સતત હોય છે.

(v) **કંડૂ (ખંજવાળ)** - છરીથી ખણવા છતાં શાંત ન થાય તેવી ખંજવાળની પીડા નરકમાં સતત હોય છે.

(vi) **પરવશતા** - અહીંની પરવશતા કરતા અનંતગુણ પરવશતા નરકમાં સતત હોય છે.

(vii) **જ્વર** - અહીંના તાવ કરતા અનંતગુણ તાવ નરકમાં સતત હોય છે.

(viii) **દાહ** - અહીંના દાહ કરતા અનંતગુણ દાહ નરકમાં સતત હોય છે.

(ix) **ભય** - અહીંના ભય કરતા અનંતગુણ ભય નરકમાં સતત હોય છે.

(x) **શોક** - અહીંના શોક કરતા અનંતગુણ શોક નરકમાં સતત હોય છે.

અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાનથી નારકીઓ દુઃખના હેતુને આવતો જોઈને ભય પામે છે.

(૨) **પરસ્પરોદીરિત વેદના** - મિથ્યાદૃષ્ટિ નારકીઓ વાસ્તવિકતાને નહીં જાણતા એકબીજાને પીડા કરે છે.

સમ્યગ્દૃષ્ટિ નારકીઓ 'પૂર્વે મેં કરેલા પાપોનું આ ફળ છે.' એમ સમજીને બીજાએ કરેલી પીડાને સહન કરે છે, પણ પોતે બીજાને પીડા કરતા નથી.

નવા કુતરાને આવતો જોઈને જેમ ગામના કુતરા તેની ઉપર પ્રહાર કરે છે તેમ નારકીઓ વિભંગજ્ઞાનથી બીજા નારકીને આવતો જોઈને તેની ઉપર પ્રહાર કરે છે.

પરસ્પરોદીરિત વેદના બે પ્રકારે છે -

(i) **શરીરકૃત** - ભયંકર વૈક્રિય શરીર બનાવીને તેનાથી એક-બીજાને પીડા કરવી તે.

(ii) **પ્રહરણકૃત** - પૃથ્વીના પરિણામરૂપ કે વૈક્રિય ભાલા, તલવાર, કુહાડી, લાકડી વગેરે શસ્ત્રોથી એક-બીજાને પીડા કરવી તે.

(૩) **પરમાધામીકૃત વેદના** - નરકના જીવોને દુઃખ આપનારા અસુરકુમારના એક પ્રકારના દેવો તે પરમાધામી. તેઓ નારકીને અનેક રીતે પીડા આપે છે -

(i) તપેલું સીસુ પીવડાવવું.

(ii) તપેલી લોઢાની પુતળી સાથે આલિંગન કરાવવું.

(iii) કાંટાળા શાલ્મલીવૃક્ષની ટોચ પર ચઢાવવા.

(iv) લોઢાના ઘનથી મારવા.

(v) રંધાથી છોલવું.

(vi) ઘા ઉપર મીઠાવાળું ઊકળતું તેલ નાખવું.

(vii) ભાલા વગેરેમાં પરોવવાં.

(viii) ભટ્ઠીમાં ભૂંજવા.

(ix) યંત્રમાં પીલવા.

(x) કરવતથી કાપવા.

(xi) વૈક્રિય કાગડા, સિંહ વગેરેથી હેરાન કરવા.

(xii) તપેલી રેતીમાં ઉતારવા.

(xiii) અસિપત્રવનમાં પ્રવેશ કરાવી તેના તલવાર જેવા પાંદડાથી શરીરના અંગો છેદવા.

(xvi) વૈતરણી નદીમાં ડુબકી મરાવવી.

(xv) પરસ્પર લડાવવા.

(xvi) કુંભીમાં પકાવાતા નારકીઓ તીવ્રતાપથી ૫૦૦ યોજન સુધી ઊછળે છે. પડતા એવાં તેમને વજ્ર જેવા મુખવાળા પક્ષીઓ ફાડે છે. બાકીના જેટલા બચે તેને ભૂમિ ઉપર પડ્યા પછી વાઘ વગેરે ખાય છે.

| નરક | વેદના |
|---|---|
| ૧લી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના, પ્રહરણકૃતપરસ્પરોદીરિતવેદના, પરમાધામીકૃતવેદના |
| ૨જી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના, પ્રહરણકૃતપરસ્પરોદીરિતવેદના, પરમાધામીકૃતવેદના |
| ૩જી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના, પ્રહરણકૃતપરસ્પરોદીરિતવેદના, પરમાધામીકૃતવેદના |
| ૪થી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના, પ્રહરણકૃતપરસ્પરોદીરિતવેદના |
| ૫મી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના, પ્રહરણકૃતપરસ્પરોદીરિતવેદના |
| ૬ઠ્ઠી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના |
| ૭મી | ક્ષેત્રસ્વભાવજવેદના, શરીરકૃતપરસ્પરોદીરિતવેદના |

●●●

# દ્વાર ૧૭૫મું - નરકમાં આયુષ્ય

| નરક | આયુષ્ય | |
|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧લી | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૨જી | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩જી | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪થી | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫મી | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬ઠ્ઠી | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭મી | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

●●●

# દ્વાર ૧૭૬મું - નરકમાં શરીરની અવગાહના

| નરક | સ્વાભાવિક શરીરની અવગાહના | | | | ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉત્કૃષ્ટ | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | જઘન્ય |
| | ધનુષ્ય | હાથ | અંગુલ | | ધનુષ્ય | હાથ | અંગુલ | |
| ૧લી | ૭ | ૩ | ૬ | અંગુલ / અસંખ્ય | ૧૫ | ૨ | ૧૨ | અંગુલ / સંખ્યાત |
| ૨જી | ૧૫ | ૨ | ૧૨ | અંગુલ / અસંખ્ય | ૩૧ | ૧ | – | અંગુલ / સંખ્યાત |
| ૩જી | ૩૧ | ૧ | – | અંગુલ / અસંખ્ય | ૬૨ | ૨ | – | અંગુલ / સંખ્યાત |
| ૪થી | ૬૨ | ૨ | – | અંગુલ / અસંખ્ય | ૧૨૫ | – | – | અંગુલ / સંખ્યાત |
| ૫મી | ૧૨૫ | – | – | અંગુલ / અસંખ્ય | ૨૫૦ | – | – | અંગુલ / સંખ્યાત |
| ૬ઠ્ઠી | ૨૫૦ | – | – | અંગુલ / અસંખ્ય | ૫૦૦ | – | – | અંગુલ / સંખ્યાત |
| ૭મી | ૫૦૦ | – | – | અંગુલ / અસંખ્ય | ૧૦૦૦ | – | – | અંગુલ / સંખ્યાત |

●●●

+ દુ:ખો એ તો અધ્યાત્મ જગતની શ્રેષ્ઠ મૂડી છે, જો એને સમજણપૂર્વક સ્વીકારી લેતા અને સહન કરતા આવડી જાય તો !

+ દુ:ખો ભલે અણગમતાં મહેમાન છે, પણ આપણા પોતાના આમંત્રણથી જ એ આવે છે એ શંકા વિનાની વાત છે.

# દ્વાર ૧૭૭મું - નરકમાં ઉત્પત્તિવિરહકાળ, ચ્યવનવિરહકાળ

ઉત્પત્તિવિરહકાળ = જીવો ઉત્પન્ન ન થવાનો કાળ.

ચ્યવનવિરહકાળ = જીવોનું ચ્યવન ન થવાનો કાળ.

**ઉત્પત્તિવિરહકાળ -**

**સામાન્યથી** - જઘન્ય -૧ સમય

ઉત્કૃષ્ટ - ૧૨ મુહૂર્ત

**વિશેષથી -**

| નરક | ઉત્પત્તિવિરહકાળ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ૧લી | ૨૪ મહૂર્ત | ૧ સમય |
| ૨જી | ૭ અહોરાત્ર | ૧ સમય |
| ૩જી | ૧ પક્ષ | ૧ સમય |
| ૪થી | ૧ માસ | ૧ સમય |
| ૫મી | ૨ માસ | ૧ સમય |
| ૬ઠ્ઠી | ૪ માસ | ૧ સમય |
| ૭મી | ૬ માસ | ૧ સમય |

**ચ્યવનવિરહકાળ** - ચ્યવનવિરહકાળ ઉત્પત્તિવિરહકાળની જેમ જાણવો.

●●●

+ સ્ત્રી એક એવો ગંભીર સમુદ્ર છે જેમાં આખું જગત ડૂબેલું છે.

# દ્વાર ૧૭૮મું - નરકમાં લેશ્યા

| નરક | લેશ્યા |
|---|---|
| ૧લી | કાપોતલેશ્યા |
| ૨જી | કાપોતલેશ્યા (વધુ ક્લિષ્ટ[1]) |
| ૩જી | ઉપરના પ્રતરોમાં કાપોતલેશ્યા (એકદમ ક્લિષ્ટ), નીચેના પ્રતરોમાં નીલલેશ્યા |
| ૪થી | નીલલેશ્યા (વધુ ક્લિષ્ટ) |
| ૫મી | ઉપરના પ્રતરોમાં નીલલેશ્યા (એકદમ ક્લિષ્ટ), નીચેના પ્રતરોમાં કૃષ્ણલેશ્યા |
| ૬ઠ્ઠી | કૃષ્ણલેશ્યા (વધુ ક્લિષ્ટ) |
| ૭મી | કૃષ્ણલેશ્યા (એકદમ ક્લિષ્ટ) |

આ દ્રવ્યલેશ્યા છે. ભાવલેશ્યા બધી નરકોમાં છએ હોય છે.

જેમ ચોખ્ખુ વસ્ત્ર મજીઠ વગેરેના રંગના યોગથી પોતાનું સ્વરૂપ છોડીને સંપૂર્ણપણે તે રૂપે પરિણમે છે તેમ મનુષ્ય-તિર્યંચની દ્રવ્યલેશ્યા અન્ય લેશ્યાદ્રવ્યના યોગમાં પોતાનું સ્વરૂપ છોડીને સંપૂર્ણપણે તે રૂપે પરિણમે છે.

જેમ વૈડૂર્યમણિ પોતાનું સ્વરૂપ છોડ્યા વિના તેમાં પરોવેલા કાળા દોરાના સંપર્કથી કંઈક અસ્પષ્ટ તેના આકારવાળો થાય છે અને જેમ સ્ફટિક પોતાનું સ્વરૂપ છોડ્યા વિના જાસુદના ફૂલના સંનિધાનથી સ્પષ્ટરૂપે તેના પ્રતિબિંબ(છાયા)વાળું થાય છે તેમ દેવ-નારકની દ્રવ્યલેશ્યા અન્ય લેશ્યાદ્રવ્યના યોગમાં પોતાનું સ્વરૂપ છોડ્યા વિના તેના આકારવાળી કે તેના પ્રતિબિંબવાળી થાય છે.

●●●

૧. ક્લિષ્ટ = ખરાબ

# દ્વાર ૧૭૯મું - નરકમાં અવધિજ્ઞાનના ક્ષેત્રનું પ્રમાણ

| નરક | અવધિજ્ઞાનના ક્ષેત્રનું પ્રમાણ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ૧લી | ૪ ગાઉ | $૩\frac{૧}{૨}$ ગાઉ |
| ૨જી | $૩\frac{૧}{૨}$ ગાઉ | ૩ ગાઉ |
| ૩જી | ૩ ગાઉ | $૨\frac{૧}{૨}$ ગાઉ |
| ૪થી | $૨\frac{૧}{૨}$ ગાઉ | ૨ ગાઉ |
| ૫મી | ૨ ગાઉ | $૧\frac{૧}{૨}$ ગાઉ |
| ૬ઠ્ઠી | $૧\frac{૧}{૨}$ ગાઉ | ૧ ગાઉ |
| ૭મી | ૧ ગાઉ | $\frac{૧}{૨}$ ગાઉ |

●●●

+ બધા સુખો સારા નથી.
  બધા દુઃખો ખરાબ નથી.
  જે સુખ પાપ કરાવે તે સુખ ખરાબ છે.
  જે દુઃખથી આત્મા ધર્મમાર્ગે જોડાઈ જાય તે દુઃખ સારું છે.
+ દુઃખ કસાઈના હાથમાં રહેલી છરી જેવું નથી, પણ સર્જન ડૉક્ટરના હાથમાં રહેલી છરી જેવું છે.
+ વસ્તુનો ત્યાગ કદાચ ન કરી શકો તો ય વસ્તુની પસંદગી કરવાની વૃત્તિ તો છોડી દો ! રાગ ઘટતો જશે.

# દ્વાર ૧૮૦મું - ૧૫ પરમાધામી

(૧) **અંબ** - તે નારકીઓને આકાશમાં લઈ જઈને છોડી દે છે.

(૨) **અંબરીષ** - તે નારકીઓને કાતરથી કાપીને ભઠ્ઠીમાં પકાવવાને યોગ્ય કરે છે.

(૩) **શ્યામ** - તે દોરડા, હાથ વગેરેના પ્રહાર વગેરેથી નારકીઓને બાંધે, પાડે વગેરે કરે છે. તે કાળા છે.

(૪) **શબલ** - તે નારકીઓના આંતરડા, ચરબી, હૃદય, કાળજુ વગેરે ઉખેડે છે. તે કાબરચીતરા છે.

(૫) **રૌદ્ર** - તે નારકીઓને ભાલા વગેરેમાં પરોવે છે.

(૬) **ઉપરૌદ્ર** - તે નારકીઓના અંગોપાંગો ભાંગે છે.

(૭) **કાલ** - તે નારકીઓને કડાઈ વગેરેમાં પકાવે છે. તે કાળા છે.

(૮) **મહાકાલ** - તે નારકીઓના માંસના નાના ટુકડાઓ કરી તેમને ખવડાવે છે. તે અત્યંત કાળા છે.

(૯) **અસિપત્ર** - તેઓ તલવાર જેવા પાંદડાવાળા વનને વિકુર્વીને તેમાં આવેલા નારકીઓ ઉપર તે આસિપત્રો પાડીને તેમના તલ જેવા ટુકડા કરે છે.

(૧૦) **ધનુ** - તે ધનુષ્યમાંથી છોડેલા અર્ધચંદ્રાકાર વગેરે બાણો વડે નારકીઓના કાન વગેરેના છેદન-ભેદન કરે છે. **ભગવતીસૂત્ર**ના મતે **અસિ** - તે નારકીઓને તલવારથી છેદે છે.

(૧૧) **કુંભ** - તે નારકીઓને કુંભીમાં પકાવે છે.

(૧૨) **વાલુક** - તે કદંબના પુષ્પના આકારવાળી કે વજ્રના આકારવાળી તપેલી વૈક્રિય રેતીમાં નારકીઓને ચણાની જેમ પકાવે છે.

(૧૩) **વૈતરણી** - તે ઊકળતા પરુ, લોહી, સીસુ, તાંબુ વગેરેથી ભરેલી

નદીને વિકુર્વીને નારકીઓને તે તરાવીને હેરાન કરે છે.

(૧૪) **ખરસ્વર** - તે વજ્રના કાંટાવાળા શાલ્મલીવૃક્ષ પર નારકીઓને ચડાવીને કર્કશ અવાજ કરીને કે કર્કશ અવાજ કરતા તેમને ખેંચે છે.

(૧૫) **મહાઘોષ** - ડરીને ભાગતા અને મોટો અવાજ કરતા નારકીઓને તે પશુઓની જેમ વાડામાં પૂરે છે.

આ પરમાધામીઓ પૂર્વભવમાં સંક્લિષ્ટ અને ક્રૂર ક્રિયાઓ કરીને, પાપમાં રત થઈને, પંચાગ્નિ વગેરે મિથ્યા કષ્ટરૂપ તપ કરીને ભયંકર આસુરી ગતિ પામીને તેવા સ્વભાવથી જ પહેલી ત્રણ નરકના નારકીઓને વિવિધ પીડાઓ કરે છે. પીડાતા નારકીઓને જોઈને તેઓ અહીંના પાડા-કુકડા વગેરેના યુદ્ધના પ્રેક્ષકોની જેમ ખુશ થાય છે, અટ્ટહાસ કરે છે, વસ્ત્ર ઉછાળે છે, લાકડી પછાડે છે. તેમને સુંદર નાટક જોવામાં પણ તેવો આનંદ નથી આવતો જેવો આનંદ નારકીઓને પીડાતાં જોઈને આવે છે.

●●●

+ જે પદાર્થો મૂકીને જવાના છે તેને મેળવવા જગતના જીવો જાગ્રત છે.

જે સદ્ગુણો લઈને જવાના છે તેને મેળવવા જગતના જીવો ઉદાસીન છે.

+ ગરીબ માણસને કરોડ રૂપિયાની લોટરી લાગતા આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

ભક્તને પરમાત્મા મળી જતા એ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

+ ઔચિત્યપાલન એ નિકટ મોક્ષગામી જીવનું લક્ષણ છે.

# દ્વાર ૧૮૧મું - નરકમાંથી નીકળેલાને લબ્ધિનો સંભવ

| કઈ નરકમાંથી નીકળેલા | લબ્ધિસંભવ |
|---|---|
| ૧લી | તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, બળદેવપણું, વાસુદેવપણું, સામાન્ય-કેવલીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન, મુક્તિ, મનુષ્યપણું. |
| ૨જી | તીર્થંકરપણું, બળદેવપણું, વાસુદેવપણું, સામાન્યકેવલીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન, મુક્તિ, મનુષ્યપણું. |
| ૩જી | તીર્થંકરપણું, સામાન્યકેવલીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન, મુક્તિ, મનુષ્યપણું. |
| ૪થી | સામાન્યકેવલીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન, મુક્તિ, મનુષ્યપણું. |
| ૫મી | સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન, મનુષ્યપણું. |
| ૬ઠ્ઠી | દેશવિરતિ, સમ્યગ્દર્શન, મનુષ્યપણું. |
| ૭મી | સમ્યગ્દર્શન. |

●●●

+ બાબાના કપડા બગડેલા રહે ત્યારે બાબાની નહીં પણ, મમ્મીની નિંદા થતી હોય છે. પ્રભુ ! હું બગડેલો રહીશ તો મારી નહીં પણ, તારી નિંદા થશે.

+ પરમાત્મા અને આપણા વચ્ચે કોઈ મહત્ત્વનો જો તફાવત હોય તો તે આ છે કે પરમાત્માને જે સદ્ગુણો રોકડે છે એ તમામ સદ્ગુણો આપણે ચોપડે છે.

# દ્વાર ૧૮૨મું - જીવોની નરકમાં ઉત્પત્તિ

| જીવો | નરકમાં ઉત્પત્તિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટથી | જઘન્યથી |
| સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | ૧લી નરક (પલ્યોપમ ના આયુષ્યવાળા અસંખ્ય) | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ ભુજપરિસર્પ | ૨જી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ ખેચર | ૩જી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ ચતુષ્પદ | ૪થી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ ઉરપરિસર્પ | ૫મી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ મનુષ્ય સ્ત્રી | ૬ઠ્ઠી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |
| ગર્ભજ જલચર, ગર્ભજ મનુષ્ય | ૭મી નરક | ૧લી નરકનું ૧લું પ્રતર |

ઉત્કૃષ્ટ અને જઘન્યની વચ્ચેની મધ્યમ ઉત્પત્તિ સમજવી.

નરકમાંથી નીકળીને જીવો ઘણું કરીને સાપ વગેરેમાં, વાઘ-સિંહ વગેરે દાંતવાળા પશુઓમાં, ગીધ વગેરે પક્ષિઓમાં અને માછલા વગેરે જલચરોમાં ઉત્પન્ન થઈને પાપો કરીને ફરી નરકમાં ઉત્પન્ન થાય છે.

●●●

+ કોઈ પણ જીવ દોષોના સેવન દ્વારા કે દુષ્કૃત દ્વારા જે પાપ બાંધે છે, તેટલું જ કે તેથી અધિક પાપ તેના દોષોની નિંદા કરનાર નિંદક બાંધે છે અને રસપૂર્વક નિંદા સાંભળનાર પણ બાંધે છે.
+ જેઓ ઉભયકાળનું ભોજન મેળવવા પણ સમર્થ નથી તે આત્માઓ પણ ચક્રવર્તીની રિદ્ધિની ઇચ્છા કરે છે. અહો ! કેવી વિટંબણા લોભની.

## દ્વાર ૧૮૩મું - નરકમાં એકસમયમાં ઉત્પત્તિસંખ્યા

**એકસમયમાં ઉત્પત્તિસંખ્યા** - જઘન્ય-૧, ઉત્કૃષ્ટ-અસંખ્ય.

●●●

## દ્વાર ૧૮૪મું - નરકમાં એકસમયમાં ચ્યવનસંખ્યા

**એકસમયમાં ચ્યવનસંખ્યા** - જઘન્ય-૧, ઉત્કૃષ્ટ-અસંખ્ય.

●●●

+ દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના ભાવપૂર્વક જેમ જેમ વધુને વધુ થાય તેમ તેમ શરણગ્રહણ વખતે અરિહંતાદિ પર બહુમાન વધતું જાય છે, શરણસ્વીકારમાં ભાવવૃદ્ધિ થાય છે.

+ શાસ્ત્રમાં નરકના જે જે કારણો કહ્યા છે, તે બધા વિવેકહીન પ્રાણીઓને લોભના નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

+ કૃપણ ધનવાન મુંગા જ્ઞાની જેવો છે. ઘણો મોટો વિદ્વાન મુંગો હોય તો બીજાને જ્ઞાન આપી ન શકે, તેમ ઘણો મોટો ધનવાન પણ કૃપણ હોય તો દાન આપી ન શકે.

+ ગુરુની ઈચ્છાને મધ્યાહ્ન સમજવું અને એની અવગણના-ઉપેક્ષાને મધ્યરાત્રી સમજવી.

+ આજે આપણી શ્રીમંતાઈ સત્કાર્ય સેવનના ઘરની છે કે પછી અધ્યાત્મના ઘરની ? આપણું આત્મદ્રવ્ય પાપકર્મમુક્ત જ બની રહ્યું છે કે દોષમુક્ત પણ ?

# દ્વાર ૧૮૫મું - તિર્યંચ-મનુષ્યની કાયસ્થિતિ

| જીવો | કાયસ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી (અસંખ્ય લોકના આકાશપ્રદેશોનું સમયે સમયે અપહરણ કરતા જેટલી ઉત્સર્પિણી-અવસર્પિણી થાય તેટલી) | અંતર્મુહૂર્ત |
| વનસ્પતિકાય (સાંવ્યવહારિક)[1] | અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી (અનંત લોકના આકાશપ્રદેશોનું સમયે સમયે અપહરણ કરતા જેટલી ઉત્સર્પિણી-અવસર્પિણી થાય તેટલી) (અસંખ્ય પુદ્ગલ-પરાવર્ત) | અંતર્મુહૂર્ત |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય | સંખ્યાતા હજાર વર્ષ | અંતર્મુહૂર્ત |

૧. જીવો બે પ્રકારના છે -

(i) **અસાંવ્યવહારિક** - જેઓ અનાદિકાળથી સૂક્ષ્મનિગોદમાં જ હોય. ત્યાંથી બહાર નીકળ્યા જ ન હોય તે. તેઓ બે પ્રકારના છે -

(a) જેઓ અનાદિકાળથી સૂક્ષ્મનિગોદમાં જ હોય અને અનંતકાળ સુધી ત્યાં જ રહેવાના હોય, ક્યારેય સાંવ્યવહારિકાશીમાં આવવાના ન હોય તે. તેમની કાયસ્થિતિ અનાદિ અનંત છે.

(b) જેઓ અનાદિકાળથી સૂક્ષ્મનિગોદમાં જ હોય અને ભવિષ્યમાં સાંવ્યવહારિક-રાશીમાં આવવાના હોય તે. તેમની કાયસ્થિતિ અનાદિ સાંત છે.

(ii) **સાંવ્યવહારિક** - જેઓ અનાદિસૂક્ષ્મનિગોદમાંથી નીકળી શેષ જીવોમાં ઉત્પન્ન થયા હોય તે. તેઓ શેષ જીવોમાંથી મરીને ફરી સૂક્ષ્મનિગોદમાં પણ જાય, છતાં તેમને સાંવ્યવહારિક જ કહેવાય. આવા સાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદના જીવોની અપેક્ષાએ અહીં વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કહી છે.

| જીવો | કાયસ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય | ૭ કે ૮ ભવ[1] (૮ ભવનો કાળ = ૩ પલ્યોપમ + પૂર્વક્રોડ વર્ષ પૃથક્ત્વ) | અંતર્મુહૂર્ત |

●●●

+ પ્રભુના શાસનમાં પ્રભુ પ્રત્યેનું સમર્પણ ગુરુના સમર્પણ દ્વારા થાય છે, શાસ્ત્રો પ્રત્યેનું સમર્પણ પણ ગુરુના સમર્પણ દ્વારા થાય છે. માટે ગુરુને જ પરમગુરુની પ્રાપ્તિનું જકારપૂર્વક કારણ પંચસૂત્રમાં કહ્યું છે.
+ આપણી કેવી વિચિત્રતા છે કે આપણા જ કરેલા કર્મના ઉદયથી જ્યારે દુઃખ આવે છે, ત્યારે આપણે એક માત્ર આપણા જ કરેલા કર્મને દોષ દેવાના બદલે દુઃખમાં ઉત્પન્ન થતા નિમિત્તોને ધિક્કારીએ છીએ અને તેના પર તિરસ્કારભાવ કરીએ છીએ.
+ ભૂતકાળમાં મન-વચન-કાયાના અસત્ પ્રવર્તનથી આપણે આપણા આત્માની ચારે બાજુ કર્મની જાળ બિછાવી તેમાં આત્માને ફસાવી દીધો છે.
+ ગુરુદેવ મારા આત્માને સાચવી લેવા માગે છે અને એટલે જ મારા મનને નારાજ કરતા રહે છે આ વિચારણા આપણા મનમાં સ્થિર ખરી ?

---

૧. તેમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ૭ ભવ કર્યા પછી જો ૮મો ભવ કરે તો તે અસંખ્ય વર્ષના આયુષ્યવાળો હોય.

# દ્વાર ૧૮૯મું - તિર્યંચ-મનુષ્યની ભવસ્થિતિ

ભવસ્થિતિ = આયુષ્ય

| જીવો | ભવસ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| પૃથ્વીકાય | ૨૨,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| અપ્કાય | ૭,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| તેઉકાય | ૩ અહોરાત્ર | અંતર્મુહૂર્ત |
| વાયુકાય | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| વનસ્પતિકાય | ૧૦,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ | અંતર્મુહૂર્ત |
| તેઇન્દ્રિય | ૪૯ અહોરાત્ર | અંતર્મુહૂર્ત |
| ચઉરિન્દ્રિય | ૬ માસ | અંતર્મુહૂર્ત |
| પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય | ૩ પલ્યોપમ | અંતર્મુહૂર્ત |

**પૃથ્વીકાયની વિશેષ ભવસ્થિતિ -**

| જીવો | ભવસ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| શ્લક્ષ્ણ (કોમળ) પૃથ્વી (મરુભૂમિની) | ૧,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| શુદ્ધપૃથ્વી | ૧૨,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| રેતી | ૧૪,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| કાંકરા | ૧૬,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ખરપૃથ્વી (શિલા, પથ્થર વગેરે) | ૨૨,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |

●●●

# દ્વાર ૧૮૭મું - તિર્યંચ-મનુષ્યની અવગાહના

| જીવો | અવગાહના (ઉત્સેધાંગુલની અપેક્ષાએ) | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય (શરૂઆતમાં) |
| એકેન્દ્રિય, પ્રત્યેક વનસ્પતિકાય | સાધિક ૧,૦૦૦ યોજન | અંગુલ / અસંખ્ય |
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાય | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય |
| બેઇન્દ્રિય | ૧૨ યોજન | અંગુલ / અસંખ્ય |
| તેઇન્દ્રિય | ૩ ગાઉ | અંગુલ / અસંખ્ય |
| ચઉરિન્દ્રિય | ૧ યોજન | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ જલચર | ૧,૦૦૦ યોજન | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ ચતુષ્પદ | ૬ ગાઉ | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ ઉરપરિસર્પ | ૧,૦૦૦ યોજન | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ ભુજપરિસર્પ | ૨થી ૯ ગાઉ | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ ખેચર | ૨થી ૯ ધનુષ્ય | અંગુલ / અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ જલચર | ૧,૦૦૦ યોજન | અંગુલ / અસંખ્ય |

| જીવો | અવગાહના (ઉત્સેધાંગુલની અપેક્ષાએ) | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય (શરૂઆતમાં) |
| સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | ૨થી ૯ ગાઉ | અંગુલ / અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | ૨થી ૯ યોજન | અંગુલ / અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | ૨થી ૯ ધનુષ્ય | અંગુલ / અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ ખેચર | ૨થી ૯ ધનુષ્ય | અંગુલ / અસંખ્ય |
| ગર્ભજ મનુષ્ય | ૩ ગાઉ | અંગુલ / અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય |
| અપર્યાપ્ત મનુષ્ય, અપર્યાપ્ત તિર્યંચ | અંગુલ / અસંખ્ય | અંગુલ / અસંખ્ય |

**એકેન્દ્રિયની અવગાહનાનું અલ્પબહુત્વ**

અસંખ્ય સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના શરીર = ૧ સૂક્ષ્મ વાયુકાયનું શરીર.

૧ સૂક્ષ્મ વાયુકાયના શરીર કરતા ૧ સૂક્ષ્મ તેઉકાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ સૂક્ષ્મ અપ્કાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ બાદર વાયુકાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ બાદર તેઉકાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ બાદર અપ્કાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ બાદર પૃથ્વીકાયનું શરીર = અસંખ્યગુણ.

તેના કરતા ૧ બાદર નિગોદનું શરીર = અસંખ્યગુણ.

- પ્રમાણાંગુલથી ૧,૦૦૦ યોજન ઊંડા સમુદ્રો, સરોવરો વગેરેમાં ઊગનારા કમળ વગેરે પૃથ્વીના પરિણામરૂપ છે. દા.ત. પદ્મસરોવરમાં શ્રીદેવીનું કમળ. શેષ સ્થાનોમાં ઊગનારા કમળ વગેરે વનસ્પતિના પરિણામરૂપ છે. ઉત્સેધાંગુલથી ૧,૦૦૦ યોજન ઊંડા સમુદ્ર, ગોતીર્થ વગેરેમાં ઊગનારા કમળ વગેરેની સાધિક ૧,૦૦૦ યોજન પ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહના હોય છે.

●●●

+ બીજાની સંપત્તિ-આબાદી સહન ન થઈ શકે તે મત્સર. ગુણીજનોના ગુણોની પણ અનુમોદના ન થઈ શકે તે મત્સરનું સ્વરૂપ છે. ગુણીજનો પ્રત્યે મત્સરભાવ એ અત્યંત અશુભભાવ છે.

+ દુઃખથી ડરવું એ નિર્માલ્યતા છે. દુઃખ તો કર્મરૂપી રોગને નાબૂદ કરનારું ઉત્તમ ઔષધ છે. રોગી ઔષધથી ડરતો નથી, પરંતુ પ્રેમથી તેનું સેવન કરે છે. તેમ આરાધક આત્મા સ્વકૃત કર્મોનો નાશ કરનાર દુઃખોથી ડરતો નથી, પણ તેને સમભાવે સહન કરે છે.

+ એમ કહેવાય છે કે જીવ ક્રોધાદિમાં ચઢે તે વખતે શરીરમાંથી ઝેરી રસ વહે છે, તે જ રીતે જીવ અત્યંત શાંત રસમાં તન્મય થાય તો શરીરમાંથી પણ અમૃત ઝરે, દૃષ્ટિમાંથી પણ અમી ઝરે, શરીરના અંગોપાંગ વગેરમાં પણ સુંદરતા વધતી જાય.

+ અહીં અલ્પકાળની કર્મની આપેલી વેદના ભોગવવા તૈયાર નથી તો પછી અસંખ્ય વર્ષોની પરમાધામીની પીડા સહન કરવા તૈયાર રહો.

+ અંતર્મુખતાની મસ્તીને અનુભૂતિનો વિષય આપણે બનાવી છે ખરી ?

# દ્વાર ૧૮૮મું - ઈન્દ્રિયોના સ્વરૂપ અને વિષયો

ઈન્દ્રિયો બે પ્રકારની છે - (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય.

(૧) **દ્રવ્યેન્દ્રિય** - તે બે પ્રકારની છે -

(a) **નિર્વૃત્તિઈન્દ્રિય** - ઈન્દ્રિયોનો આકાર તે નિર્વૃત્તિઈન્દ્રિય. તે બે પ્રકારની છે -

(i) **બાહ્યનિર્વૃત્તિઈન્દ્રિય** - ઈન્દ્રિયોનો બાહ્ય આકાર તે બાહ્યનિર્વૃત્તિ ઈન્દ્રિય. તે બધા જીવોને જુદી જુદી હોય છે.

(ii) **અભ્યંતરનિર્વૃત્તિઈન્દ્રિય** - ઈન્દ્રિયોનો અંદરનો આકાર તે અભ્યંતર-નિર્વૃત્તિઈન્દ્રિય. તે પાંચ પ્રકારની છે -

| **ઈન્દ્રિય** | **અભ્યંતરનિર્વૃત્તિ (આકાર)** |
|---|---|
| સ્પર્શનેન્દ્રિય | વિવિધ આકારની |
| રસનેન્દ્રિય | અસ્ત્રા જેવી |
| ઘ્રાણેન્દ્રિય | અતિમુક્તના ફુલ જેવી, અર્ધ ચંદ્ર જેવી |
| ચક્ષુરિન્દ્રિય | મસૂર જેવી |
| શ્રોત્રેન્દ્રિય | કદંબના પુષ્પ જેવી |

(b) **ઉપકરણેન્દ્રિય** - અભ્યંતર નિર્વૃત્તિઈન્દ્રિયની શક્તિ તે ઉપકરણેન્દ્રિય.

(૨) **ભાવેન્દ્રિય** - તે બે પ્રકારની છે -

(a) **લબ્ધિઈન્દ્રિય** - આવરણ કર્મોનો ક્ષયોપશમ તે લબ્ધિઈન્દ્રિય.

(b) **ઉપયોગઈન્દ્રિય** - વિષયોનું જ્ઞાન કરવા માટેનો આત્માનો વ્યાપાર તે ઉપયોગઈન્દ્રિય.

| ઈન્દ્રિય | જાડાઈ | પહોળાઈ[1] | કેટલા દૂર રહેલા વિષયને ગ્રહણ કરે ? | |
|---|---|---|---|---|
| | | | ઉત્કૃષ્ટથી[2] | જઘન્યથી[2] |
| સ્પર્શનેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | શરીરપ્રમાણ | ૯ યોજન | અંગુલ/અસંખ્ય |
| રસનેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૧ અંગુલ | ૯ યોજન | અંગુલ/અસંખ્ય |
| ઘ્રાણેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય | ૯ યોજન | અંગુલ/અસંખ્ય |
| ચક્ષુરિન્દ્રિય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય | સાધિક ૧ લાખ યોજન[3] | અંગુલ/સંખ્યાત |
| શ્રોત્રેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય | ૧૨ યોજન | અંગુલ/અસંખ્ય |

**પ્રશ્ન** - સ્પર્શનેન્દ્રિય અંગુલ/અસંખ્ય પ્રમાણ જાડી હોય તો તલવારનો ઘા થવા પર શરીરની અંદર વેદનાનો અનુભવ શી રીતે થાય છે ?

**જવાબ** - જેમ ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે તેમ સ્પર્શનેન્દ્રિયનો વિષય ઠંડો-ગરમ સ્પર્શ છે. તેથી તલવારનો ઘા થવા પર જે દુ:ખનો અનુભવ થાય છે તે સ્પર્શનેન્દ્રિયનો વિષય નથી. તેને તો આત્મા સંપૂર્ણ શરીરથી અનુભવે છે, તાવ વગેરેની વેદનાની જેમ.

શરીરના બહારના અને અંદરના અવયવોના છેડે (અંતે) સ્પર્શનેન્દ્રિય રહેલી છે. તેથી ઠંડુ પાણી પીતા અંદરમાં ઠંડકનો અનુભવ થાય છે.

●●●

૧. સ્પર્શનેન્દ્રિયની પહોળાઈનું માપ ઉત્સેધાંગુલથી જાણવું, શેષ ૪ ઈન્દ્રિયોની પહોળાઈનું માપ આત્માંગુલથી જાણવું.

૨. આ માપ આત્માંગુલથી જાણવું.

૩. આ માપ અભાસ્વર દ્રવ્ય (દેદીપ્યમાન ન હોય તેવું દ્રવ્ય)ની અપેક્ષાએ જાણવું. ભાસ્વર દ્રવ્યને તો ૨૧ લાખ યોજનથી વધુ દૂરથી પણ જુવે. દા.ત. પુષ્કરવરાર્ધદ્વીપના મનુષ્યો કર્કસંક્રાન્તિમાં ૨૧,૩૪,૫૩૭ યોજન દૂર રહેલ સૂર્યને જુવે છે.

# દ્વાર ૧૮૯મું - તિર્યંચ-મનુષ્યની લેશ્યા

| જીવો | લેશ્યા |
|---|---|
| પર્યાપ્તા બાદર પૃથ્વીકાય,<br>પર્યાપ્તા બાદર અપ્કાય,<br>પર્યાપ્તા બાદર પ્રત્યેકવનસ્પતિકાય | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો[1] |
| ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ |
| તેઉકાય, વાયુકાય, સૂક્ષ્મ જીવો,<br>અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય, વિકલેન્દ્રિય,<br>સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | કૃષ્ણ, નીલ, કાપોત |

- આગામી ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત વીત્યા પછી તિર્યંચો અને મનુષ્યો પરભવમાં જાય છે. પોતાના ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે દેવો અને નારકો પરભવમાં જાય છે.

- **તિર્યંચ-મનુષ્યની લેશ્યાનો કાળ -**

| લેશ્યા | કાળ | |
|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| કૃષ્ણ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| નીલ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| કાપોત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| તેજો | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| પદ્મ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| શુક્લ | અંતર્મુહૂર્ત | ૧ પૂર્વ ક્રોડ વર્ષ – ન્યૂન ૯ વર્ષ |

●●●

૧. ઈશાન દેવલોક સુધીના દેવો પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, પર્યાપ્તા બાદર અપ્કાય, પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય ત્યારે પહેલા અંતર્મુહૂર્તમાં તેજોલેશ્યા હોય.

# દ્વાર ૧૯૦મું - તિર્યંચ-મનુષ્યની ગતિ

| જીવો | ગતિ |
|---|---|
| પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ |
| તેઉકાય, વાયુકાય, | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ |
| અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ, પહેલી નરક[૧], ભવનપતિ[૧], વ્યંતર |
| સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ | તિર્યંચ, મનુષ્ય, દેવ[૨], નરક[૨] |
| અસંખ્ય વર્ષના આયુષ્યવાળા ખેચર, અંતરદ્વીપના તિર્યંચ-મનુષ્ય. | ભવનપતિ[૩], વ્યંતર[૩] |
| અસંખ્ય વર્ષના આયુષ્યવાળા શેષ તિર્યંચ-મનુષ્ય | [૪]ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન. |
| સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય | તિર્યંચ, મનુષ્ય, દેવ, નરક. |

---

૧. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ઉત્કૃષ્ટથી પલ્યોપમ/અસંખ્ય આયુષ્યવાળા દેવ-નારકમાં ઉત્પન્ન થાય.

૨. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ઉત્કૃષ્ટથી સહસ્રાર (૮મા) દેવલોક સુધી અને સાતમી નરક સુધી ઉત્પન્ન થાય.

૩. અસંખ્યવર્ષના આયુષ્યવાળા ખેચર અને અંતરદ્વીપના તિર્યંચ-મનુષ્ય પોતાની સમાન સ્થિતિવાળા કે અલ્પ સ્થિતિવાળા દેવલોકમાં ઉત્પન્ન થતા હોવાથી ઉત્કૃષ્ટથી પલ્યોપમ/અસંખ્ય આયુષ્યવાળા ભવનપતિ-વ્યંતરમાં ઉત્પન્ન થાય છે.

૪. અસંખ્ય વર્ષના આયુષ્યવાળા શેષ મનુષ્ય-તિર્યંચ પોતાની સમાન સ્થિતિવાળા કે અલ્પ સ્થિતિવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

## તાપસ વગેરેની દેવલોકમાં વિશેષથી ઉત્પત્તિ

| જીવો | ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ | જઘન્યથી ઉત્પત્તિ |
|---|---|---|
| તાપસ[1] | જ્યોતિષ | વ્યંતર[2] |
| ચરક[3], પરિવ્રાજક[4] | બ્રહ્મલોક દેવલોક | વ્યંતર[2] |
| સમ્યક્ત્વરહિત દ્રવ્ય-લિંગધારી ભવ્ય-અભવ્ય | નવમો ગ્રૈવેયક | ભવનપતિ |
| છદ્મસ્થ સંયત | સર્વાર્થસિદ્ધ વિમાન | સૌધર્મ દેવલોક (પલ્યોપમ પૃથક્ત્વ આયુષ્યવાળા) |
| ચૌદ પૂર્વધર | સર્વાર્થસિદ્ધ વિમાન | લાંતક દેવલોક |
| દેશવિરતિ શ્રાવક | અચ્યુત દેવલોક | સૌધર્મ દેવલોક (પલ્યોપમ આયુષ્યવાળા) |
| [5]વિરાધિતસંયત | સૌધર્મ દેવલોક | ભવનપતિ |
| [5]વિરાધિતશ્રાવક | જ્યોતિષ | ભવનપતિ |

- જેમના ૮ કર્મો ખપી ગયા છે એવા ચૌદ પૂર્વધર અને અન્ય મનુષ્યો મોક્ષમાં જાય છે.

●●●

---

૧. તાપસ = વનમાં રહેનારા, મૂળ-કંદ-ફળનો આહાર કરનારા બાળ તપસ્વી.

૨. તાપસ, ચરક, પરિવ્રાજકની આ જઘન્ય ઉત્પત્તિ પોતાના શાસ્ત્રોમાં કહેલા આચારોનું પાલન કરનારાની સમજવી. **પ્રજ્ઞાપના**માં તાપસ, ચરક, પરિવ્રાજકની જઘન્ય ઉત્પત્તિ ભવનપતિમાં કહી છે.

૩. ચરક = સમૂહભિક્ષા દ્વારા આજીવિકા ચલાવનારા ત્રિદંડીઓ અથવા કચ્છોટક વગેરે.

૪. પરિવ્રાજક = સમૂહ ભિક્ષા દ્વારા આજીવિકા ચલાવનારા ત્રિદંડીઓ અથવા કપિલઋષિના શિષ્યો.

૫. વિરાધિત = સંપૂર્ણપણે ખંડિત.

# દ્વાર ૧૯૧મું - તિર્યંચ-મનુષ્યની આગતિ

| જીવો | આગતિ |
|---|---|
| પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, યુગલિક સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન |
| તેઉકાય, વાયુકાય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, યુગલિક સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય |
| સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, યુગલિક સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય, ભવનપતિથી સહસ્રાર સુધીના દેવો, નારકો. |
| સંજ્ઞી મનુષ્ય | પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, યુગલિક સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય, દેવો, પહેલી નરકથી છઠ્ઠી નરક સુધીના નારકો. |

●●●

+ લોકનું રંજન કરે કે ધન વગેરે ઉપાર્જનમાં સહાયક થાય તેવા અધ્યયનથી માત્ર નામથી પંડિત થનાર તું શું આનંદ પામે છે ? થોડું પણ એવું ભણ જેથી સંયમ-તપ તરફ મન ઢળે અને સંયમ-તપની આચારણા કર જેથી અનાદિકાળથી ચાલતું ભવભ્રમણ અટકી જાય.

+ કોઈ પણ દુઃખ અંદરના દોષનું દુઃખ છે.

+ પાપોનું પ્રવેશદ્વાર જો આંખો છે તો જીભ પાપોની પ્રોત્સાહક છે.

# દ્વાર ૧૯૨મું - તિર્યંચ-મનુષ્યનો ઉત્પત્તિવિરહકાળ અને મરણવિરહકાળ

| જીવો | ઉત્પત્તિવિરહકાળ / મરણવિરહકાળ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| એકેન્દ્રિય | નથી | નથી |
| વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ | ૧૨ મુહૂર્ત | ૧ સમય |
| અસંજ્ઞી મનુષ્ય | ૨૪ મુહૂર્ત | ૧ સમય |
| સંજ્ઞી મનુષ્ય | ૧૨ મુહૂર્ત | ૧ સમય |

●●●

+ શાંતરસ એટલે આકુળતા-વ્યાકુળતા વગરનું, વિકલ્પોની હારમાળ વગરનું, ક્રોધાદિ કષાયોના ઉદય વગરનું ક્ષયોપશમવાળું ચિત્ત, શાંત સરોવરના પાણી જેવું સ્થિર ચિત્ત. આવા પ્રશાંત ચિત્તવાળા જીવને આંતરિક અત્યંત આનંદનો અનુભવ થાય છે.

+ પ્રભુના ધ્યાનમાં જો ચિત્ત ચોંટી જાય, મન લાગી જાય તો એમાં એટલો બધો આનંદ આવે કે ક્ષુદ્ર સુખ-દુઃખના નિમિત્તોની અસર ન થાય. વળી બીજી બાજુ પુણ્ય પણ એવું ઉપાર્જન થાય કે દુઃખના નિમિત્તો સુખમાં પલટાઈ જાય. બધા જ કાર્યોમાં સિદ્ધિ મળતી થઈ જાય.

+ વિષયોનો ત્યાગ એ જો સાધના છે તો વિષયોમાં દુઃખબુદ્ધિ એ શ્રદ્ધા છે. બોલો, વધુ કઠિન શું લાગે છે ? સાધના કે શ્રદ્ધા ?

# દ્વાર ૧૯૩મું - તિર્યંચ-મનુષ્યની એકસમયઉત્પત્તિસંખ્યા અને એકસમયમરણસંખ્યા

| જીવો | એકસમયઉત્પત્તિસંખ્યા / એકસમયમરણસંખ્યા | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય | અસંખ્ય | અસંખ્ય |
| વનસ્પતિકાય | અનંત | અનંત |
| વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, અસંજ્ઞી મનુષ્ય | અસંખ્ય | ૧ |
| સંજ્ઞી મનુષ્ય | સંખ્યાતા | ૧ |

●●●

+ આત્માના કોથળામાં અસંખ્ય જાતના કર્મના બિલાડા પડેલા છે, તેમાંથી ક્યું બિલાડું ક્યારે નીકળીને મ્યાઉં કરશે એ ખબર નથી, એવો દિવસ આવે તે પહેલા કર્મ સામે કિલ્લેબંધી કરી લો. દુષ્કૃતગર્હાથી આ બધા બિલાડાઓને શાંત કરી દો.

+ હું પાપી છું. મને સાતાનો અધિકાર નથી. મને પ્રભુના દર્શન કરતા પરમ સાતા મળે છે. ભગવાન મળ્યા, વધાવ્યા, દિલમાં સ્થાપન કર્યા, હું ભગવાનનો થયો, હું કાયાનો નહીં, દુનિયાનો નહીં, રંગરાગ અને સુખસાહીબીનો નહીં, હું ભગવાનનો થયો.

# દ્વાર ૧૯૪મું - દેવોની સ્થિતિ

દેવો ચાર પ્રકારના છે -

(૧) **ભવનપતિ** - ભવનોમાં રહે તે ભવનપતિ. રત્નપ્રભાપૃથ્વીની ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈમાં ઉપર-નીચે ૧૦૦૦-૧૦૦૦ યોજન છોડી ૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો રહે છે. તે ૧૦ પ્રકારના છે -

(૧) અસુરકુમાર
(૨) નાગકુમાર
(૩) વિદ્યુત્કુમાર
(૪) સુવર્ણકુમાર
(૫) અગ્નિકુમાર
(૬) વાયુકુમાર
(૭) સ્તનિતકુમાર
(૮) ઉદધિકુમાર
(૯) દ્વીપકુમાર
(૧૦) દિક્કુમાર

આ ૧૦ ના બે-બે ઈન્દ્રો છે - એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં. તેથી ભવનપતિના ઈન્દ્ર ૨૦ છે. અસુરકુમારો મોટા ભાગે આવાસોમાં રહે છે અને ક્યારેક ભવનોમાં રહે છે. નાગકુમાર વગેરે નવ મોટા ભાગે ભવનોમાં રહે છે અને ક્યારેક આવાસોમાં રહે છે.

ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ અને નીચેથી કર્ણિકાના આકારના હોય છે.

આવાસો મણિ-રત્નોથી બનેલા શરીર પ્રમાણ મોટા મંડપો છે. તેમના મણિ-રત્નોની પ્રભાથી દિશાઓ પ્રકાશિત થાય છે.

(૨) **વ્યંતર** - વિવિધ પ્રકારના પર્વતોમાં, ગુફાઓમાં કે વનોમાં આશ્રય કરનારા દેવો તે વ્યંતર દેવો. અથવા મનુષ્યો કરતા જેમનામાં અંતર (ફરક) નથી તે વ્યંતર દેવો, કેમકે કેટલાક વ્યંતરો ચક્રવર્તી, વાસુદેવ વગેરેની નોકરની જેમ સેવા કરે છે. રત્નપ્રભા પૃથ્વીના

પહેલા ૧,૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યંતરદેવો રહે છે. તે ૮ પ્રકારના છે -

(૧) પિશાચ (૫) કિંનર

(૨) ભૂત (૬) કિંપુરુષ

(૩) યક્ષ (૭) મહોરગ

(૪) રાક્ષસ (૮) ગંધર્વ

આ ૮ ના બે-બે ઈન્દ્ર છે - એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં.

બીજા પણ ૮ પ્રકારના વ્યંતર દેવો છે. તેઓ રત્નપ્રભા પૃથ્વીના પહેલા ૧૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦-૧૦ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનમાં રહે છે. તે ૮ પ્રકાર આ પ્રમાણે છે -

(૧) અપ્રજ્ઞપ્તિક (૫) ક્રન્દિત

(૨) પંચપ્રજ્ઞપ્તિક (૬) મહાક્રન્દિત

(૩) ઋષિવાદિત (૭) કૂષ્માંડ

(૪) ભૂતવાદિત (૮) પતંગ

આ ૮ ના બે-બે ઈન્દ્ર છે - એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં. આમ વ્યંતરના ઈન્દ્ર ૧૬ + ૧૬ = ૩૨ છે.

(૩) **જ્યોતિષ** - જગતને પ્રકાશ આપનારા વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો તે જ્યોતિષદેવો. તે પાંચ પ્રકારના છે -

(૧) ચંદ્ર (૪) નક્ષત્ર

(૨) સૂર્ય (૫) તારા

(૩) ગ્રહ

આ પાંચે બે પ્રકારના છે -

(૧) **ભ્રમણ કરનારા** - મેરુપર્વતની ચારે બાજુ પરિભ્રમણ કરનારા. તે મનુષ્યક્ષેત્રમાં હોય છે.

(૨) **સ્થિર** - હંમેશા એક સ્થાને સ્થિર રહેનારા. તે મનુષ્યક્ષેત્રની બહાર સ્વયંભૂરમણસમુદ્ર સુધી હોય છે.

ચન્દ્ર, સૂર્ય વગેરે પાંચે અસંખ્ય છે. દરેક ચન્દ્રમાં અને સૂર્યમાં ૧-૧ ઈન્દ્ર છે. તેથી અસંખ્ય ચન્દ્રેન્દ્ર અને અસંખ્ય સૂર્યેન્દ્ર છે. છતાં બધા ચન્દ્રેન્દ્રોની ૧ જાતિ ગણાય છે અને બધા સૂર્યેન્દ્રોની ૧ જાતિ ગણાય છે. તેથી જાતિથી ૧ ચન્દ્રેન્દ્ર અને ૧ સૂર્યેન્દ્ર છે. તેથી જ્યોતિષના ઈન્દ્ર ૨ છે.

(૩) **વૈમાનિક** - પુણ્યશાળી જીવો જેને ભોગવે તે વિમાનો. તે વિમાનોમાં રહેનારા દેવો તે વૈમાનિક દેવો. તે ઊર્ધ્વલોકમાં છે. તે ૨ પ્રકારના છે -

(૧) **કલ્પોપપન્ન** - ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ વગેરે વ્યવસ્થાવાળા દેવો. તેઓ ૧૨ દેવલોકમાં રહેતા હોવાથી તેમના ૧૨ પ્રકાર છે -

(૧) સૌધર્મ
(૨) ઈશાન
(૩) સનત્કુમાર
(૪) માહેન્દ્ર
(૫) બ્રહ્મલોક
(૬) લાંતક
(૭) મહાશુક્ર
(૮) સહસ્રાર
(૯) આનત
(૧૦) પ્રાણત
(૧૧) આરણ
(૧૨) અચ્યુત

૧લા થી ૮મા દેવલોકોના દેવોના ૧-૧ ઈન્દ્રો છે. ૯મા-૧૦મા દેવલોકોના દેવોનો ૧ ઈન્દ્ર છે. ૧૧મા-૧૨મા દેવલોકોના દેવોનો ૧ ઈન્દ્ર છે. આમ વૈમાનિક દેવોના ૧૦ ઈન્દ્ર છે.

(૨) **કલ્પાતીત** - ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ વગેરે વ્યવસ્થા વિનાના દેવો. તે ૨ પ્રકારના છે -

(૧) **ગ્રૈવેયક** - લોકપુરુષના ગળાના ભાગમાં રહેલા વિમાનોમાં રહેનારા દેવો. તે ૯ પ્રકારના છે -

(૧) સુદર્શન
(૨) સુપ્રબુદ્ધ
(૩) મનોરમ
(૪) વિશાલ
(૫) સર્વતોભદ્ર
(૬) સુમન
(૭) સૌમનસ
(૮) પ્રીતિકર
(૯) આદિત્ય

(૨) **અનુત્તર** - જેનાથી ચઢિયાતા વિમાનો નથી એવા વિમાનોમાં રહેનારા દેવો. તે ૫ પ્રકારના છે -

(૧) વિજય
(૨) વૈજયન્ત
(૩) જયન્ત
(૪) અપરાજિત
(૫) સર્વાર્થસિદ્ધ

આમ વૈમાનિક દેવોના ૧૨ + ૯ + ૫ = ૨૬ પ્રકાર થયા.

**૬૪ ઇન્દ્રો** -

| | | |
|---|---|---|
| ભવનપતિના ઇન્દ્રો | - | ૨૦ |
| વ્યંતરના ઇન્દ્રો | - | ૩૨ |
| જ્યોતિષના ઇન્દ્રો | - | ૨ |
| વૈમાનિકના ઇન્દ્રો | - | ૧૦ |
| કુલ | - | ૬૪ |

## ભવનપતિ દેવ-દેવીની સ્થિતિ

| દેવ-દેવી | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| અસુરકુમારના દક્ષિણ દિશાના ઇન્દ્ર-ચમરેન્દ્ર | ૧ સાગરોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| અસુરકુમારના ઉત્તર દિશાના ઇન્દ્ર-બલીન્દ્ર | સાધિક ૧ સાગરોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| નાગકુમાર વગેરે ૯ના દક્ષિણ દિશાના ઇન્દ્ર | $૧\frac{૧}{૨}$ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| નાગકુમાર વગેરે ૯ના ઉત્તર દિશાના ઇન્દ્ર | ન્યૂન ૨ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| અસુરકુમારની દક્ષિણ દિશાની દેવી | $૩\frac{૧}{૨}$ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| અસુરકુમારની ઉત્તર દિશાની દેવી | $૪\frac{૧}{૨}$ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| નાગકુમાર વગેરે ૯ની દક્ષિણ દિશાની દેવી | $\frac{૧}{૨}$ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| નાગકુમાર વગેરે ૯ની ઉત્તર દિશાની દેવી | દેશોન ૧ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |

## વ્યંતર દેવ-દેવીની સ્થિતિ

| દેવ-દેવી | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| દેવ | ૧ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| દેવી | $\frac{૧}{૨}$ પલ્યોપમ | ૧૦,૦૦૦ વર્ષ |

## જ્યોતિષ દેવ-દેવીની સ્થિતિ

| દેવ-દેવી | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ચન્દ્ર દેવ | ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| સૂર્ય દેવ | ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| ગ્રહ દેવ | ૧ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| નક્ષત્ર દેવ | $\frac{૧}{૨}$ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| તારા દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૮}$ પલ્યોપમ |
| ચન્દ્ર દેવી | $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦,૦૦૦ વર્ષ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| સૂર્ય દેવી | $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦૦ વર્ષ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| ગ્રહ દેવી | $\frac{૧}{૨}$ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| નક્ષત્ર દેવી | સાધિક $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| તારા દેવી | $\frac{૧}{૮}$ પલ્યોપમ | $\frac{૧}{૮}$ પલ્યોપમ |

## વૈમાનિક દેવ-દેવીની સ્થિતિ

| દેવ | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| સૌધર્મ દેવ | ૨ સાગરોપમ | ૧ પલ્યોપમ |
| ઈશાન દેવ | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૧ પલ્યોપમ |
| સનત્કુમાર દેવ | ૭ સાગરોપમ | ૨ પલ્યોપમ |
| માહેન્દ્ર દેવ | સાધિક ૭ સાગરોપમ | સાધિક ૨ સાગરોપમ |
| બ્રહ્મલોક દેવ | ૧૦ સાગરોપમ | [૧]૭ સાગરોપમ |

૧. તત્ત્વાર્થભાષ્યમાં સાધિક ૭ સાગરોપમ કહ્યું છે.

| દેવ | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| લાંતક દેવ | ૧૪ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| મહાશુક્ર દેવ | ૧૭ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| સહસ્રાર દેવ | ૧૮ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| આનત દેવ | ૧૯ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| પ્રાણત દેવ | ૨૦ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| આરણ દેવ | ૨૧ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| અચ્યુત દેવ | ૨૨ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| સુદર્શન ગ્રૈવેયક દેવ | ૨૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| સુપ્રબુદ્ધ ગ્રૈવેયક દેવ | ૨૪ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| મનોરમ ગ્રૈવેયક દેવ | ૨૫ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| વિશાલ ગ્રૈવેયક દેવ | ૨૬ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| સર્વતોભદ્ર ગ્રૈવેયક દેવ | ૨૭ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| સુમન ગ્રૈવેયક દેવ | ૨૮ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| સૌમનસ્ ગ્રૈવેયક દેવ | ૨૯ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| પ્રીતિકર ગ્રૈવેયક દેવ | ૩૦ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| આદિત્ય ગ્રૈવેયક દેવ | ૩૧ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત-દેવ | ૩૩ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| સર્વાર્થસિદ્ધ દેવ | અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગરોપમ | |

| દેવી | સ્થિતિ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| સૌધર્મ પરિગૃહીતા દેવી | ૭ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| સૌધર્મ અપરિગૃહીતા દેવી | ૫૦ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ઈશાન પરિગૃહીતા દેવી | ૯ પલ્યોપમ | સાધિક પલ્યોપમ |
| ઈશાન અપરિગૃહીતા દેવી | ૫૫ પલ્યોપમ | સાધિક પલ્યોપમ |

●●●

+ અસમાધિમાં મરે તેના ભવોભવ બગડે. સમાધિમાં મરે તેના ભવોભવ સુધરે. સમાધિમાં જીવતા આવડ્યું હોય તો સમાધિમરણ મળે. જીંદગીભર મોહમાયાની વાત હોય એ પ્રાય અસમાધિમાં જ મરે.

+ બહારનું જે થાય છે તે કર્મે કર્યું જ થાય છે. માટે બહારના અપરાધી ઉપર ગુસ્સો નહીં કરતા કર્મ ઉપર કરવા યોગ્ય છે. કર્મના હાથની વાતમાં ફાંફાં મારવા એ બેવકુફી છે. આપણા હાથની વાત ધર્મની છે. એક નાનો પણ એવો ધર્મ કરવો જેથી કર્મને ધક્કો લાગે.

+ ક્ષણવારનો ધર્મ ભારેમાં ભારે કર્મોને ધક્કે ચડાવી શકે. વળી ધર્મ જેટલો કરવા ધારીએ તેટલો કરી શકીએ. શું બાર વરસ ઉપવાસ થઈ શકે છે ? હા ! અનુમોદના કરવાથી, ખાવાનું ઝેર સમજીને એની ઝંખના કરવાથી.

+ આપણી જે પણ પ્રવૃત્તિ પર ગુરુદેવની સંમતિ નથી કે ગુરુદેવની પ્રસન્નતા નથી, ગુરુદેવની ઇચ્છા નથી કે ગુરુદેવ આનંદિત નથી એ પ્રવૃત્તિ પર વહેલી તકે પૂર્ણવિરામ મૂકી દઈએ એમાં જ આપણું હિત છે.

# દ્વાર ૧૯૫મું - દેવોના ભવનો, નગરો, વિમાનોની સંખ્યા

**ભવનપતિના ભવનોની સંખ્યા -**

| ભવનપતિ | ભવન | | |
|---|---|---|---|
| | દક્ષિણમાં | ઉત્તરમાં | કુલ |
| અસુરકુમાર | ૩૪ લાખ | ૩૦ લાખ | ૬૪ લાખ |
| નાગકુમાર | ૪૪ લાખ | ૪૦ લાખ | ૮૪ લાખ |
| વિદ્યુત્કુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| સુવર્ણકુમાર | ૩૮ લાખ | ૩૪ લાખ | ૭૨ લાખ |
| અગ્નિકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| વાયુકુમાર | ૫૦ લાખ | ૪૬ લાખ | ૯૬ લાખ |
| સ્તનિતકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ઉદધિકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| દ્વીપકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| દિક્કુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| કુલ | ૪ કરોડ ૬ લાખ | ૩ કરોડ ૬૬ લાખ | ૭ કરોડ ૭૨ લાખ |

રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈમાં ઉપર - નીચે ૧૦૦૦-૧૦૦૦ યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ ભવનો આવેલા છે. મતાંતરે આ ૧,૭૮,૦૦૦ યોજનમાં સર્વત્ર આવાસો આવેલા છે અને ઉપરથી ૯૦,૦૦૦ યોજન નીચે ગયા પછી ભવનો આવેલા છે.

રત્નપ્રભા પૃથ્વીના પહેલા ૧,૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યંતરોના અસંખ્ય નગરો

# રત્નપ્રભાપૃથ્વીમાં ભવનપતિ, વ્યન્તર વાણવ્યન્તર અને નરકના સ્થાન




ચિત્રમાં તે તે વસ્તુઓ સ્પષ્ટ સમજી શકાય એ માટે માપો સ્કેલ પ્રમાણે લીધા નથી.
એમ આગળ પણ બધે જાણવું.

છે. મનુષ્યક્ષેત્રની બહાર દ્વીપ-સમુદ્રમાં પણ વ્યંતરોની નગરીઓ છે.

જ્યોતિષના વિમાનો અસંખ્ય છે. તે વ્યન્તરોના નગરો કરતા સંખ્યાતગુણ છે.

**વૈમાનિકના વિમાનોની સંખ્યા -**

| **વૈમાનિક દેવલોક** | **વિમાનો** |
|---|---|
| સૌધર્મ | ૩૨,૦૦,૦૦૦ |
| ઈશાન | ૨૮,૦૦,૦૦૦ |
| સનત્કુમાર | ૧૨,૦૦,૦૦૦ |
| માહેન્દ્ર | ૮,૦૦,૦૦૦ |
| બ્રહ્મલોક | ૪,૦૦,૦૦૦ |
| લાંતક | ૫૦,૦૦૦ |
| મહાશુક્ર | ૪૦,૦૦૦ |
| સહસ્રાર | ૬,૦૦૦ |
| આનત-પ્રાણત | ૪૦૦ |
| આરણ-અચ્યુત | ૩૦૦ |
| સુદર્શન-સુપ્રબુદ્ધ-મનોરમ | ૧૧૧ |
| વિશાલ-સર્વતોભદ્ર-સુમન | ૧૦૭ |
| સૌમનસ-પ્રીતિકર-આદિત્ય | ૧૦૦ |
| અનુત્તર | ૫ |
| કુલ | ૮૪,૯૭,૦૨૩ |

●●●

# દ્વાર ૧૯૬મું - દેવોની અવગાહના

| દેવો | અવગાહના[1] | | | |
|---|---|---|---|---|
| | ભવધારણીય શરીર | | ઉત્તરવૈક્રિય શરીર | |
| | ઉત્કૃષ્ટ | જઘન્ય[2] | ઉત્કૃષ્ટ | જઘન્ય[2] |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન | ૭ હાથ | અંગુલ/અસંખ્ય | ૧ લાખ યોજન | અંગુલ/સંખ્યાત |
| સનત્કુમાર, માહેન્દ્ર | ૬ હાથ | અંગુલ/અસંખ્ય | ૧ લાખ યોજન | અંગુલ/સંખ્યાત |
| બ્રહ્મલોક, લાંતક | ૫ હાથ | અંગુલ/અસંખ્ય | ૧ લાખ યોજન | અંગુલ/સંખ્યાત |
| મહાશુક્ર, સહસ્રાર | ૪ હાથ | અંગુલ/અસંખ્ય | ૧ લાખ યોજન | અંગુલ/સંખ્યાત |
| આનત, પ્રાણત, આરણ, અચ્યુત | ૩ હાથ | અંગુલ/અસંખ્ય | ૧ લાખ યોજન | અંગુલ/સંખ્યાત |
| ૯ ગ્રૈવેયક | ૨ હાથ | અંગુલ/અસંખ્ય | —[3] | — |
| ૫ અનુત્તર | ૧ હાથ | અંગુલ/અસંખ્ય | —[3] | — |

●●●

---

૧. આ અવગાહના ઉત્સેધાંગુલથી જાણવી.

૨. જઘન્ય અવગાહના શરૂઆતમાં હોય છે.

૩. ગ્રૈવેયક અને અનુત્તરમાં ગમનાગમન કે મૈથુન ન હોવાથી ઉત્તરવૈક્રિયશરીર બનાવવાની શક્તિ હોવા છતાં તે બનાવાતું નથી.

# દ્વાર ૧૯૭મું - દેવોની લેશ્યા

| દેવો | લેશ્યા |
|---|---|
| ભવનપતિ, વ્યંતર | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો |
| જ્યોતિષ, સૌધર્મ, ઈશાન | તેજો |
| સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક | પદ્મ |
| લાંતકથી અનુત્તર | શુક્લ |

ઉપર ઉપરના દેવોની લેશ્યા વધુ વિશુદ્ધ હોય છે. આ દ્રવ્યલેશ્યા છે. ભાવલેશ્યા બધા દેવોને છએ હોય છે.

●●●

+ જો ધર્મ અને અરિહંત ગમે છે તો કેટલા ગમે છે ? મારા તન-મન-ધનથી વધારે ગમે છે કે તેથી ઓછા ? દુનિયાના તન-મન-ધન તો ઘણે ઠેકાણે મળે છે, અનાર્યદેશમાં પણ મળે છે, પરંતુ ધર્મ ક્યાંથી મળશે ?

+ આ જીવનમાંથી જેવો સાર ખેંચ્યો હોય એ સાર જ્યાં મળતો હોય તેવી ટિકીટ મળે. ઝેરના ઝાડને વાવ્યા પછી અમૃતપાકના ફળ ક્યાંથી મળે ? ઝેરના ઝાડ એટલે કામ, ક્રોધ, મદ, લોભ, માયા વગેરે.

+ ભગવાન મળ્યા એટલે પુણ્યનો ખજાનો મળ્યો. સેવા કરતા આવડતી નથી, એટલે તેમાંથી કાંઈ મેળવી શકાતું નથી, સેવા કરતા આવડે તો છેક અરિહંત બનવાની પુણ્યાઈ મળે. ભગવાન દાતાર છે, પ્રભુનું આલંબન કરતા સેવકને પણ પ્રભુજી મળે છે.

+ મનની એક નબળી કડી છે - જડક્ષેત્રે એને બધું સારું જ જોઈએ અને એ બધું સારું જ જુએ છે, પરંતુ જીવક્ષેત્રે કોણ જાણે કેમ, એના એ દોષો જ જોયા કરે છે.

# દ્વાર ૧૯૮મું - દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર

| દેવો | અવધિજ્ઞાનનું[1] ક્ષેત્ર | | | |
|---|---|---|---|---|
| | ઉત્કૃષ્ટ[2] | | | જઘન્ય |
| | નીચે | તીરછુ | ઉપર | |
| સૌધર્મ, ઈશાન | રત્નપ્રભાના નીચેના ભાગ સુધી | [3]અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ[4]/અસંખ્ય |
| સનત્કુમાર, માહેન્દ્ર | શર્કરાપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| બ્રહ્મલોક, લાંતક | વાલુકાપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| મહાશુક્ર, સહસ્રાર | પંકપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| [5]આનત, પ્રાણત આરણ, અચ્યુત | ધૂમપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| સુદર્શનથી સુમન | તમઃપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| સૌમનસ્થી આદિત્ય | તમસ્તમઃપ્રભાના નીચેના ભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |
| ૫ અનુત્તર | સંપૂર્ણ ત્રસનાડી[6] | અસંખ્ય દ્વીપ-સમુદ્ર | સ્વવિમાનની ધજા સુધી | અંગુલ/અસંખ્ય |

૧. ઉપર ઉપરના દેવોનું અવધિજ્ઞાન વધુ વિશુદ્ધ હોય છે. ૨. ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ઈન્દ્ર, સામાનિક વગેરે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવોને હોય છે. ૩. ઉપર ઉપરના દેવો વધુ દ્વીપ-સમુદ્રને જુવે છે. ૪. આ જઘન્ય અવધિજ્ઞાન પરભવમાંથી સાથે આવેલા અવધિજ્ઞાનની અપેક્ષાએ સમજવું. તે ઉત્પત્તિ વખતે હોય છે. ઉત્પત્તિ પછી દેવભવસંબંધી અવધિજ્ઞાન હોય છે. ૫. આનત દેવો કરતા પ્રાણત દેવોનું, પ્રાણત દેવો કરતા આરણ દેવોનું, આરણ દેવો કરતા અચ્યુત દેવોનું અવધિજ્ઞાન વધુ વિશુદ્ધ અને વધુ પર્યાયવાળુ હોય છે. ૬. મતાંતરે ન્યૂન લોકનાડી.

| દેવો | અવધિજ્ઞાનનું ક્ષેત્ર | | | |
|---|---|---|---|---|
| | ઉત્કૃષ્ટ | | | જઘન્ય |
| | નીચે | તીરછુ | ઉપર | |
| ભવનપતિ | | [1]સંખ્યાતા યોજન, અસંખ્ય યોજન | | [2]૨૫ યોજન |
| વ્યંતર | | સંખ્યાતા યોજન | | [2]૨૫ યોજન |
| જ્યોતિષ | | સંખ્યાતા યોજન | | સંખ્યાતા યોજન |

- ભવનપતિ અને વ્યંતરનું અવધિજ્ઞાન ઊર્ધ્વ દિશામાં વધુ છે, અન્ય દિશાઓમાં ઓછું છે.

  જ્યોતિષ અને નારકીનું અવધિજ્ઞાન તીરછુ વધુ છે, અન્ય દિશાઓમાં ઓછું છે.

  વૈમાનિકનું અવધિજ્ઞાન નીચે વધુ છે, અન્ય દિશાઓમાં ઓછું છે.

  મનુષ્ય-તિર્યંચનું અવધિજ્ઞાન વિવિધ પ્રકારનું છે, એટલે કે કેટલાકનું ઉપર વધુ છે, કેટલાકનું નીચે વધુ છે, કેટલાકનું તીરછું વધુ છે અને કેટલાકનું બધી દિશાઓમાં સમાન છે.

●●●

---

૧. ન્યૂન અર્ધ સાગરોપમ આયુષ્યવાળા ભવનપતિનું અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર સંખ્યાતા યોજન છે. તેનાથી વધુ આયુષ્યવાળા ભવનપતિનું અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર અસંખ્ય યોજન છે.

૨. અવધિજ્ઞાનનું આ જઘન્ય ક્ષેત્ર ૧૦,૦૦૦ વર્ષના જઘન્ય આયુષ્વાળા દેવોને હોય છે.

# દ્વાર ૧૯૯મું, ૨૦૦મું - દેવોનો ઉત્પત્તિવિરહકાળ, ઉદ્વર્તના (ચ્યવન) વિરહકાળ

| દેવો | ઉત્પત્તિવિરહકાળ / ઉદ્વર્તનાવિરહકાળ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| દેવ (સામાન્યથી) | ૧૨ મુહૂર્ત | ૧ સમય |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન | ૨૪ મુહૂર્ત | ૧ સમય |
| સનત્કુમાર | ૯ દિન ૨૦ મુહૂર્ત | ૧ સમય |
| માહેંદ્ર | ૧૨ દિન ૧૦ મુહૂર્ત | ૧ સમય |
| બ્રહ્મલોક | ૨૨ દિન ૧૫ મુહૂર્ત | ૧ સમય |
| લાંતક | ૪૫ દિન | ૧ સમય |
| મહાશુક્ર | ૮૦ દિન | ૧ સમય |
| સહસ્રાર | ૧૦૦ દિન | ૧ સમય |
| આનત-પ્રાણત[૧] | સંખ્યાતા માસ (૧ વર્ષથી ઓછા) | ૧ સમય |
| આરણ-અચ્યુત[૨] | સંખ્યાતા વર્ષ (૧૦૦ વર્ષથી ઓછા) | ૧ સમય |
| સુદર્શન, સુપ્રબુદ્ધ, મનોરમ | સંખ્યાતા સો વર્ષ (હજાર વર્ષથી ઓછા) | ૧ સમય |
| વિશાલ, સર્વતોભદ્ર, સુમન | સંખ્યાતા હજાર વર્ષ (લાખ વર્ષથી ઓછા) | ૧ સમય |
| સૌમનસ્, પ્રીતિકર, આદિત્ય | સંખ્યાતા લાખ વર્ષ (કરોડ વર્ષથી ઓછા) | ૧ સમય |

૧. આનત કરતા પ્રાણતનો ઉત્પત્તિવિરહકાળ / ઉદ્વર્તનાવિરહકાળ વધુ છે.

૨. આરણ કરતા અચ્યુતનો ઉત્પત્તિવિરહકાળ / ઉદ્વર્તનાવિરહકાળ વધુ છે.

| દેવો | ઉત્પત્તિવિરહકાળ / ઉદ્વર્તનાવિરહકાળ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| વિજય, વૈજયંત, જયંત, અપરાજિત | પલ્યોપમ / અસંખ્ય | ૧ સમય |
| સર્વાર્થસિદ્ધ | પલ્યોપમ / સંખ્યાત | ૧ સમય |

●●●

# દ્વાર ૨૦૧મું - દેવોની એકસમયઉત્પત્તિસંખ્યા / એકસમયઉદ્વર્તન (ચ્યવન) સંખ્યા

| દેવો | એકસમયઉત્પત્તિસંખ્યા / એકસમયઉદ્વર્તનસંખ્યા | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મથી સહસ્રાર | અસંખ્ય | ૧ |
| આનતથી અનુત્તર | સંખ્યાતા | ૧ |

●●●

\+ માછીમાર તંતુથી બનાવેલ જાળ પાણીમાં નાંખી માછલાને પકડી અગ્નિમાં પકાવે છે.

મનરૂપી માછીમાર કુવિકલ્પોરૂપી તંતુથી ઉત્પન્ન થયેલ કર્મરૂપી જાળમાં જીવને ફસાવીને નરકાદિ દુઃખો રૂપી અગ્નિમાં લાંબો કાળ સુધી તેને પકવે છે.

માટે હે જીવ ! તું મનરૂપી માછીમારનો વિશ્વાસ ન કરીશ.

# દ્વાર ૨૦૨મું - દેવોની ગતિ

| દેવો | ગતિ |
|---|---|
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન | બાદર પર્યાપ્તા પૃથ્વીકાય-અપ્કાય-પ્રત્યેક વનસ્પતિકાય, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ |
| સનત્કુમારથી સહસ્રાર | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ. |
| આનતથી અનુત્તર | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય |

●●●

+ 'નમો અરિહંતાણં' બોલવાથી અરિહંતની બધી આરાધનાઓનું અનુમોદન થાય. અરિહંતની સાધના કોઈ કરી શકે નહીં. તેની અનુમોદના કરવાથી લાભ લઈ શકે.

+ અરિહંતની શ્રદ્ધા નહીં છોડું. જે કાંઈ સારું થશે તે અરિહંતના પ્રભાવે જ થશે, કોઈ પણ તકલીફ આવે છે તે અરિહંત સાથે હરામખોરી કરી છે તેનું પરિણામ છે. મારે એક અરિહંત, જેટલું સારું તેટલું મારા અરિહંતની કૃપાથી જ.

+ જે જીવો પોતાની જીવન ઘડિયાળના કાંટા આપણી જીવન ઘડિયાળના કાંટે જ મેળવી રહ્યા છે એ જીવોને ગલત આલંબન આપવા દ્વારા આપણે એમની જીવન ઘડિયાળને બગાડી તો નથી દેતા ને ?

## દ્વાર ૨૦૩મું - દેવોની આગતિ

| દેવો | આગતિ |
|---|---|
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મથી સહસ્રાર | પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ |
| આનતથી અનુત્તર | પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય |

- દેવોની ઉત્પત્તિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મથી અનુત્તર સુધી હોય છે. દેવીની ઉત્પત્તિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાન સુધી હોય છે.
- દેવોનું ગમનાગમન અચ્યુત દેવલોક સુધી હોય છે, તેની ઉપર નહીં. નીચેના દેવોની ઉપર જવાની શક્તિ નથી. ઉપરના દેવોને નીચે આવવાનું કોઈ કારણ નથી, કેમકે તેઓ તીર્થંકરોના કલ્યાણકો વખતે પોતાના સ્થાનમાં રહીને જ ભક્તિ કરે છે અને શંકા થાય ત્યારે મનથી પ્રશ્ન પૂછે છે અને ભગવાને તેના મનથી આપેલા જવાબને અવધિજ્ઞાનથી જાણે છે.
- દેવીનું ગમનાગમન સહસ્રાર દેવલોક સુધી હોય છે, તેની ઉપર નહીં. સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવોને કામસુખની ઇચ્છા થાય ત્યારે સૌધર્મ-ઈશાનની દેવીઓ ત્યાં જાય છે.

●●●

## દ્વાર ૨૦૪મું - સિદ્ધિગમનનો વિરહકાળ

ઉત્કૃષ્ટ-૬ માસ, જઘન્ય - ૧ સમય.

સિદ્ધિગતિમાંથી ઉદ્વર્તન (પાછા આવવાનું) થતું નથી.

●●●

# દ્વાર ૨૦૫મું - જીવોના આહાર અને ઉચ્છ્વાસ

આહાર ત્રણ પ્રકારના છે -

(૧) **ઓજાહાર** - ઓજ = તૈજસ શરીર. તેનાથી જે આહાર લેવાય તે ઓજાહાર. અથવા ઓજ = વીર્યથી મિશ્રિત લોહીના પુદ્ગલો. તેનો આહાર તે ઓજાહાર. ઉત્પત્તિદેશમાં આવીને જીવ પહેલાં સમયે તૈજસ-કાર્મણ શરીર વડે જે પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ત્યાર પછી શરીર પર્યાપ્તિ (મતાંતરે બધી પર્યાપ્તિઓ) પૂર્ણ ન થાય ત્યાંસુધી ઔદારિકમિશ્ર વગેરે કાયયોગ વડે જે પુદ્ગલોને ગ્રહણ કરે તે ઓજાહાર. શરીરપર્યાપ્તિથી (મતાંતરે બધી પર્યાપ્તિઓથી) અપર્યાપ્ત જીવો ઓજાહાર કરે છે.

(૨) **લોમાહાર** - શરીરપર્યાપ્તિ (મતાંતરે બધી પર્યાપ્તિઓ) પૂર્ણ થયા પછી સ્પર્શનેન્દ્રિયથી જે પુદ્ગલોને ગ્રહણ કરવામાં આવે તે લોમાહાર. શરીરપર્યાપ્તિથી (મતાંતરે બધી પર્યાપ્તિઓથી) પર્યાપ્ત જીવોને સદા લોમાહાર હોય છે.

(૩) **પ્રક્ષેપાહાર** - મોઢામાં કોળીયા નાંખીને જે આહાર કરાય તે પ્રક્ષેપાહાર છે. પર્યાપ્તા જીવો મોઢામાં કોળીયો નાંખે ત્યારે તેમને પ્રક્ષેપાહાર હોય છે.

| **જીવો** | **આહાર** |
|---|---|
| એકેન્દ્રિય, નારકી | અપર્યાપ્તાવસ્થામાં ઓજાહાર, પર્યાપ્તાવસ્થામાં લોમાહાર. |
| દેવ | અપર્યાપ્તાવસ્થામાં ઓજાહાર, પર્યાપ્તાવસ્થામાં મનોભક્ષી આહાર. |
| વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય-તિર્યંચ, મનુષ્ય | અપર્યાપ્તાવસ્થામાં ઓજાહાર, પર્યાપ્તાવસ્થામાં લોમાહાર અને પ્રક્ષેપાહાર. |

**મનોભક્ષી આહાર** - દેવો મનમાં જેની ઈચ્છા કરે તે પુદ્ગલો હાજર થઈ જાય. તેમને વૈક્રિયશરીરથી આત્મસાત્ કરવા તે મનોભક્ષીઆહાર.

- દેવોનો ઓજાહાર અનાભોગથી થયેલ હોય છે, મનોભક્ષીઆહાર આભોગથી થયેલ હોય છે. આભોગ = વિચારણા.

**જીવોના આહાર અને ઉચ્છ્વાસના અંતરનો કાળ-**

| જીવો | આહારના અંતરનો કાળ | ઉચ્છ્વાસના અંતરનો કાળ |
|---|---|---|
| એકેન્દ્રિય | નથી | અનિયત |
| વિકલેન્દ્રિય | [1]અંતર્મુહૂર્ત | અનિયત |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૨ અહોરાત્ર | અનિયત |
| મનુષ્ય | ૩ અહોરાત્ર | અનિયત |
| નારકી | અંતર્મુહૂર્ત | નથી |
| ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળા દેવો | ૧ અહોરાત્ર | ૭ સ્તોક |
| ૧૦,૦૦૦ વર્ષ + ૧ સમયથી ન્યૂન ૧ સાગપોરમ સુધીના આયુષ્યવાળા દેવો[2] | દિવસપૃથક્ત્વ | મુહૂર્તપૃથક્ત્વ |
| ૧ સાગરોપમના આયુષ્યવાળા દેવો | ૧,૦૦૦ વર્ષ | ૧ પક્ષ |
| ત્યારપછી જેટલા સાગરોપમના આયુષ્યવાળા દેવો | તેટલા હજાર વર્ષ | તેટલા પક્ષ |
| ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દેવો | ૩૩,૦૦૦ વર્ષ | ૩૩ પક્ષ |

●●●

૧. આ ઉત્કૃષ્ટ અંતર છે. એમ આગળ પણ જાણવું.

૨. જેમ જેમ આયુષ્ય વધે તેમ તેમ આહાર અને ઉચ્છ્વાસનું અંતર વધે.

# દ્વાર ૨૦૯મું - ૩૬૩ પાખંડીઓ

(૧) **ક્રિયાવાદી** - આત્મા વગેરેના અસ્તિત્વને માને તે ક્રિયાવાદી. પુણ્યબંધ વગેરે ક્રિયાઓ આત્મામાં થાય છે એમ તેઓ માને છે. તેમના ૧૮૦ ભેદ છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ | ૯ × | સ્વરૂપથી, પરરૂપથી | ૨ × | નિત્ય, અનિત્ય | ૨ × | કાળથી, સ્વભાવથી, નિયતિથી, ઈશ્વરથી, આત્માથી | ૫ | = ૧૮૦ |

**કાળવાદી** - જે સંપૂર્ણ જગતને કાળથી કરાયેલું માને છે તે કાળવાદી. તેઓ એમ કહે છે કે, 'વૃક્ષોની ફૂલ ઊગવા - ફળ લાગવા વગેરે અવસ્થાઓ, નક્ષત્ર - ગર્ભાધાન વગેરે અવસ્થાઓ, ઋતુઓના વિભાગો, બાળ-કુમાર-યુવાની વગેરે અવસ્થાઓ કાળ વિના ઘટતી (સંગત થતી) નથી.'

**સ્વભાવવાદી** - તેઓ એમ કહે છે કે, 'આ જગતમાં બધા પદાર્થો સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. માટીમાંથી ઘડો જ બને છે, કપડું નહીં. તંતુઓમાંથી કપડું જ બને છે, ઘડો નહીં. આનું કારણ માટીમાં અને તંતુઓમાં રહેલો તેવા પ્રકારનો ચોક્કસ સ્વભાવ છે.'

**નિયતિવાદી** - તેઓ એમ કહે છે કે, 'બધા પદાર્થો નિયતિથી ઉત્પન્ન થાય છે. જે વસ્તુ જ્યારે જેમાંથી થવાની હોય તે વસ્તુ ત્યારે તેમાંથી થાય જ છે.'

**ઈશ્વરવાદી** - તેઓ જગતને ઈશ્વરે બનાવેલું માને છે.

**આત્મવાદી** - તેઓ એમ માને છે કે, 'આ વિશ્વ આત્માના

પરિણામરૂપ છે.'

ક્રિયાવાદીના ૧૮૦ ભેદ આ રીતે જાણવા -

કાલવાદીના મતે જીવ સ્વરૂપથી નિત્ય છે.

કાલવાદીના મતે જીવ સ્વરૂપથી અનિત્ય છે.

કાલવાદીના મતે જીવ પરરૂપથી નિત્ય છે.

કાલવાદીના મતે જીવ પરરૂપથી અનિત્ય છે.

આમ કાલવાદીના મતે ચાર ભેદ થયા. એમ સ્વભાવવાદી, નિયતિવાદી, ઈશ્વરવાદી, આત્મવાદી દરેકના મતે ચાર-ચાર ભેદ થાય.

આમ જીવને આશ્રયીને ૨૦ ભેદ થયા. એમ અજીવ વગેરે આઠને આશ્રયીને પણ ૨૦-૨૦ ભેદ થાય.

આમ કુલ ૧૮૦ ભેદ થયા.

(૨) **અક્રિયાવાદી** - આત્મા વગેરેને ન માને તે અક્રિયાવાદી. તેઓ એમ માને છે કે ઉત્પત્તિ પછી તરત જ બધા પદાર્થો નાશ પામે છે. તેથી કોઈ પદાર્થ અવસ્થિત ન હોવાથી ક્રિયા થતી નથી. તેમના ૮૪ ભેદ છે -

| | | | | | |
|---|---|---|---|---|---|
| જીવ | | | | | |
| અજીવ | | | | કાળથી | |
| આસ્રવ | | | | સ્વભાવથી | |
| સંવર | ૭ × | સ્વરૂપથી | ૨ × | નિયતિથી | ૬ = ૮૪ |
| બંધ | | પરરૂપથી | | ઈશ્વરથી | |
| નિર્જરા | | | | આત્માથી | |
| મોક્ષ | | | | યદચ્છાથી | |

**યદચ્છાવાદી** - તેઓ વસ્તુઓના ચોક્કસ કાર્યકારણભાવને માનતા નથી. તેઓ એમ માને છે કે બધું ઇચ્છામુજબ ગમે તેમ થાય છે. તેઓ એમ કહે છે કે, 'દેડકામાંથી પણ દેડકો ઉત્પન્ન થાય છે અને છાણમાંથી

પણ દેડકો ઉત્પન્ન થાય છે. માટે કોઈ ચોક્કસ કાર્યકારણભાવ નથી. કોઈપણ વસ્તુમાંથી કોઈપણ વસ્તુ થાય છે.'

અક્રિયાવાદીના ૮૪ ભેદ આ રીતે જાણવા -

કાલવાદીના મતે જીવ સ્વરૂપથી નથી.

કાલવાદીના મતે જીવ પરરૂપથી નથી.

આમ કાલવાદીના મતે બે ભેદ થયા. એમ સ્વભાવવાદી, નિયતિવાદી, ઈશ્વરવાદી, આત્મવાદી અને યદચ્છાવાદી દરેકના મતે બે-બે ભેદ થાય. આમ જીવને આશ્રયીને ૧૨ ભેદ થયા. એમ અજીવ વગેરે ૬ ને આશ્રયીને પણ ૧૨-૧૨ ભેદ થાય.

આમ કુલ ૮૪ ભેદ થયા.

(૩) **અજ્ઞાનિક** - તેઓ એમ માને છે કે અજ્ઞાન સારું છે અને વિચાર્યા વિના કરાયેલ કર્મબંધ નિષ્ફળ જાય છે. તેઓ એમ કહે છે કે, 'જ્ઞાન હોય તો વિવાદ થાય છે. તેથી મનમાં સંક્લેશ થાય છે. તેથી લાંબો સમય સંસારમાં રખડવું પડે છે. જો અજ્ઞાનનો આશ્રય કરાય તો અહંકાર ન થાય. તેથી બીજા ઉપર મનમાં ખરાબ ભાવ ન થાય. તેથી કર્મબંધ ન થાય. વળી, મનથી વિચારીને કરેલી પ્રવૃત્તિથી થયેલો કર્મબંધ ભયંકર ફળ આપે છે અને અવશ્ય ભોગવવો પડે છે. *મનથી વિચાર્યા વિના માત્ર વચનથી અને* કાયાથી કરેલી પ્રવૃત્તિથી થયેલો કર્મબંધ અલ્પ ફળ આપે છે અને ભોગવવો પડતો નથી. વળી, બધા ધર્મો જ્ઞાનના જુદા જુદા સ્વરૂપને માને છે. તેથી જ્ઞાનનો નિશ્ચય થઈ શકતો નથી. માટે જ્ઞાન સારું નથી.' તેમના ૬૭ ભેદ છે -

| | | | |
|---|---|---|---|
| જીવ | | સત્ત્વ | |
| અજીવ | | અસત્ત્વ | |
| પુણ્ય | | સદસત્ત્વ | |
| પાપ | | અવક્તવ્યત્વ | |
| આસ્રવ | ૯ × | સદવક્તવ્યત્વ | ૭ = ૬૩ |
| સંવર | | અસદવક્તવ્યત્વ | |
| બંધ | | સદસદવક્તવ્યત્વ | |
| નિર્જરા | | | |
| મોક્ષ | | | |

| | | | |
|---|---|---|---|
| | | સત્ત્વ | |
| | | અસત્ત્વ | |
| ઉત્પત્તિ | × | સદસત્ત્વ | ૪ = ૪ |
| | | અવક્તવ્યત્વ | |

૬૩ + ૪ = ૬૭

(૧) સત્ત્વ-સ્વરૂપથી હોવું તે. દા.ત. ઘડો સ્વપર્યાયોથી છે.

(૨) અસત્ત્વ-પરરૂપથી ન હોવું તે. દા.ત. ઘડો પરપર્યાયોથી નથી.

(૩) સદસત્ત્વ-સંપૂર્ણ વસ્તુ ક્રમથી સ્વરૂપથી હોવી અને પરરૂપથી ન હોવી તે. દા.ત. ઘડો સ્વપર્યાયોથી છે અને પરપર્યાયોથી નથી.

(૪) અવક્તવ્યત્વ-સંપૂર્ણ વસ્તુ એકસાથે સ્વરૂપથી હોવી અને પરરૂપથી ન હોવી તે. દા.ત. ઘડામાં એકસાથે સ્વપર્યાયોથી વિદ્યમાનતા અને પરપર્યાયોથી અવિદ્યમાનતા કહેવી હોય તો ઘડો અવક્તવ્ય છે. (એટલે કે એવો કોઈ શબ્દ નથી કે જેનાથી ઘડામાં એકસાથે સ્વપર્યાયોથી વિદ્યમાનતા અને પરપર્યાયોથી અવિદ્યમાનતા કહી શકાય.)

(૫) સદવક્તવ્યત્વ - વસ્તુ અમુક ભાગમાં સ્વરૂપથી હોવી અને અમુક ભાગમાં એકસાથે સ્વરૂપથી હોવી અને પરરૂપથી ન હોવી તે. દા.ત. ઘડો અમુક ભાગમાં સ્વપર્યાયોથી છે અને તેના અમુક ભાગમાં એકસાથે સ્વપર્યાયોથી વિદ્યમાનતા અને પરપર્યાયોથી

અવિદ્યમાનતા કહેવી હોય તો તે અવક્તવ્ય છે.

(૬) અસદવક્તવ્યત્વ - વસ્તુ અમુક ભાગમાં પરરૂપથી ન હોવી અને અમુક ભાગમાં એકસાથે સ્વરૂપથી હોવી અને પરરૂપથી ન હોવી તે. દા.ત. ઘડો અમુક ભાગમાં પરપર્યાયોથી નથી અને તેના અમુક ભાગમાં એકસાથે સ્વપર્યાયોથી વિદ્યમાનતા અને પરપર્યાયોથી અવિદ્યમાનતા કહેવી હોય તો તે અવક્તવ્ય છે.

(૭) સદસદવક્તવ્યત્વ - વસ્તુ અમુક ભાગમાં સ્વરૂપથી હોવી, અમુક ભાગમાં પરરૂપથી ન હોવી અને અમુક ભાગમાં એકસાથે સ્વરૂપથી હોવી અને પરરૂપથી ન હોવી તે. દા.ત. ઘડો અમુક ભાગમાં સ્વપર્યાયોથી છે, અમુક ભાગમાં પરપર્યાયોથી નથી અને અમુક ભાગમાં એકસાથે સ્વપર્યાયોથી વિદ્યમાનતા અને પરપર્યાયોથી અવિદ્યમાનતા કહેવી હોય તો તે અવક્તવ્ય છે.

અજ્ઞાનિકના ૬૭ ભેદ આ રીતે જાણવા -

(૧) 'જીવ છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો પહેલો ભેદ છે.

(૨) 'જીવ નથી.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો બીજો ભેદ છે.

(૩) 'જીવ સદસત્ છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો ત્રીજો ભેદ છે.

(૪) 'જીવ અવક્તવ્ય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો ચોથો ભેદ છે.

(૫) 'જીવ સદવક્તવ્ય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી

શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો પાંચમો ભેદ છે.

(૬) 'જીવ અસદવક્તવ્ય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો છઠ્ઠો ભેદ છે.

(૭) 'જીવ સદસદવક્તવ્ય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? માટે અજ્ઞાન જ સારું છે. - આવું માનનારનો સાતમો ભેદ છે.

આમ જીવપદને આશ્રયીને ૭ ભેદ થયા.

એમ અજીવ વગેરે ૮ પદોને આશ્રયીને પણ દરેકના ૭-૭ ભેદ થાય.

આમ ૬૩ ભેદ થયા.

(૬૪) 'ભાવોત્પત્તિ છે.' એટલે કે 'વિદ્યમાન પદાર્થની ઉત્પત્તિ થાય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? - આવું માનનારનો ૬૪મો ભેદ છે.

(૬૫) 'ભાવોત્પત્તિ નથી.' એટલે કે 'અવિદ્યમાન પદાર્થની ઉત્પત્તિ થાય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? - આવું માનનારનો ૬૫મો ભેદ છે.

(૬૬) 'ભાવોત્પત્તિ સદસત્ છે.' એટલે કે 'સદસત્ પદાર્થની ઉત્પત્તિ થાય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? - આવું માનનારનો ૬૬મો ભેદ છે.

(૬૭) 'ભાવોત્પત્તિ અવક્તવ્ય છે.' એટલે કે 'અવક્તવ્ય પદાર્થની ઉત્પત્તિ થાય છે.' એવું કોણ જાણે છે ? અથવા એવું જાણવાથી શું ફાયદો ? - આવું માનનારનો ૬૭મો ભેદ છે.

આમ કુલ ૬૩ + ૪ = ૬૭ ભેદ થયા.

ઉત્પત્તિને આશ્રયીને સત્ત્વ વગેરે પહેલા ચાર જ ભેદ થાય છે, સદવક્તવ્યત્વ વગેરે બાકીના ત્રણ ભેદ થતા નથી, કેમકે એ ત્રણ ભેદો ઉત્પત્તિ થયા પછી પદાર્થના અવયવને આશ્રયીને થાય છે, જ્યારે અહીં તો પદાર્થની ઉત્પત્તિને આશ્રયીને ભેદોની વિચારણા છે.

(૪) **વૈનયિક** - વિનય એટલે નમ્રતા, ઉત્કર્ષનો અભાવ. વિનયપૂર્વક ચરે તે વૈનયિક. તેઓ એમ માને છે કે માત્ર વિનયથી જ સ્વર્ગ અને મોક્ષ મળે છે. તેથી તેઓ વિનયને જ મુખ્યરૂપે સ્વીકારે છે. તેમના કોઈ નિશ્ચિત વેષ, આચાર કે શાસ્ત્રો હોતા નથી. તેમના ૩૨ ભેદ છે.

| | | | |
|---|---|---|---|
| દેવ<br>રાજા<br>મુનિ<br>સ્વજન<br>વૃદ્ધ<br>અવમ (અનુકંપા યોગ્ય જીવો)<br>માતા<br>પિતા | ૮ × | મનથી વિનય<br>વચનથી વિનય<br>કાયાથી વિનય<br>દાનથી વિનય | ૪ = ૩૨ |

વૈનયિકના ૩૨ ભેદ આ રીતે જાણવા -

(૧) દેવનો મનથી વિનય કરે.

(૨) દેવનો વચનથી વિનય કરે.

(૩) દેવનો કાયાથી વિનય કરે.

(૪) દેવનો દાનથી વિનય કરે.

આમ દેવનો ચાર પ્રકારે વિનય કરનારના ચાર ભેદ થયા.

એમ રાજા વગેરે ૭નો દરેકનો ૪-૪ પ્રકારે વિનય કરનારના ૪-૪ ભેદ થાય.

આમ કુલ ૩૨ ભેદ થાય.

આમ પાખંડીઓના ૩૬૩ ભેદ થયા. તે આ પ્રમાણે.

| **પાખંડી** | **ભેદ** |
|---|---|
| ક્રિયાવાદી | ૧૮૦ |
| અક્રિયાવાદી | ૮૪ |
| અજ્ઞાનિક | ૬૭ |
| વૈનયિક | ૩૨ |
| કુલ | ૩૬૩ |

આ ૩૬૩ પાખંડીઓનું ખંડન સૂત્રકૃતાંગ વગેરે ગ્રંથોમાંથી જાણી લેવું.

●●●

+ આજ્ઞામાં ભગવાનનો ધર્મ છે. આજ્ઞા છે કે સાધુએ ગુરુની નિશ્રામાં જ રહેવું જોઈએ. સિંહની જેમ એકલા રહીને ઉગ્ર સંયમ-તપ કરશું - શાસ્ત્રકારે આવા ચારિત્ર-તપની આરાધનાને કુલટા નારીના ઉપવાસ જેવી કહી છે.

+ મન મક્કમ કરે તો શૂળીની વેદના સોય જેટલી પણ ન લાગે. મન મક્કમ ન કરે તો સોયની વેદના પણ શૂળી જેવી લાવે.

## દ્વાર ૨૦૭મું - પ્રમાદના ૮ પ્રકાર

જેનાથી જીવનો મોક્ષમાર્ગ તરફનો ઉદ્યમ શિથિલ થાય તે પ્રમાદ. તે ૮ પ્રકારે છે -

(૧) **અજ્ઞાન** - મૂઢપણું.

(૨) **સંશય** - આ આમ હશે કે આમ ? - એવો સંદેહ.

(૩) **મિથ્યાજ્ઞાન** - વિપરીતજ્ઞાન.

(૪) **રાગ** - આસક્તિ.

(૫) **દ્વેષ** - અપ્રીતિ.

(૬) **સ્મૃતિભ્રંશ** - ભૂલી જવાનો સ્વભાવ.

(૭) **ધર્મમાં અનાદર** - જૈનધર્મમાં ઉદ્યમ ન કરવો.

(૮) **યોગોનું દુષ્પ્રણિધાન** - મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિ.

આ ૮ પ્રકારનો પ્રમાદ કર્મબંધનું કારણ છે. તેથી તેને તજવો.

●●●

## દ્વાર ૨૦૮મું - આ અવસર્પિણીના ૧૨ ચક્રવર્તી

(૧) ભરત

(૨) સગર

(૩) મઘવા

(૪) સનત્કુમાર

(૫) શાન્તિનાથ

(૬) કુંથુનાથ

(૭) અરનાથ

(૮) સુભૂમ

(૯) મહાપદ્મ

(૧૦) હરિષેણ

(૧૧) જય

(૧૨) બ્રહ્મદત્ત

●●●

## દ્વાર ૨૦૯મું - આ અવસર્પિણીના ૯ બળદેવ

(૧) અચલ
(૨) વિજય
(૩) ભદ્ર
(૪) સુપ્રભ
(૫) સુદર્શન
(૬) આનંદ
(૭) નંદન
(૮) પદ્મ (રામચંદ્રજી)
(૯) રામ (કૃષ્ણના મોટા ભાઈ)

●●●

## દ્વાર ૨૧૦મું - આ અવસર્પિણીના ૯ વાસુદેવ

(૧) ત્રિપૃષ્ઠ
(૨) દ્વિપૃષ્ઠ
(૩) સ્વયમ્ભૂ
(૪) પુરુષોત્તમ
(૫) પુરુષસિંહ
(૬) પુરુષપુંડરીક
(૭) દત્ત
(૮) નારાયણ (લક્ષ્મણજી)
(૯) કૃષ્ણ

●●●

## દ્વાર ૨૧૧મું - આ અવસર્પિણીના ૯ પ્રતિવાસુદેવ

(૧) અશ્વગ્રીવ
(૨) તારક
(૩) મેરક
(૪) મધુકૈટભ
(૫) નિશુમ્ભ
(૬) બલિ
(૭) પ્રભારાજ
(૮) રાવણ
(૯) જરાસંધ

પ્રતિવાસુદેવો વાસુદેવોને મારવા જે ચક્ર છોડે છે વાસુદેવોના પુણ્યોદયથી તે ચક્ર વાસુદેવોને નમીને તેમના હાથમાં આવી જાય છે. વાસુદેવો તે જ ચક્રથી પ્રતિવાસુદેવોને હણે છે.

●●●

# દ્વાર ૨૧૨મું - ચક્રવર્તીના ૧૪ રત્નો

તે તે જાતિમાં જે ઉત્કૃષ્ટ હોય તેને રત્ન કહેવાય. ચક્રવર્તીના ૧૪ રત્નો હોય છે. તે આ પ્રમાણે -

(૧) **સેનાપતિ** - તે સેનાનો નાયક છે. તે ગંગા-સિંધુના સામા કિનારાના રાજા વગેરે ઉપર વિજય મેળવે છે.

(૨) **ગૃહપતિ** - તે ચક્રવર્તીના ઘરના બધા કામકાજનું ધ્યાન રાખે છે. તે ચોખા વગેરે બધા અનાજો, આંબા વગેરે બધા સ્વાદિષ્ટ ફળો અને બધા શાકોને તૈયાર કરે છે.

(૩) **પુરોહિત** - તે શાંતિકર્મ વગેરે કરે છે.

(૪) **ઘોડો** - તે પ્રકૃષ્ટ વેગવાળો અને મહાપરાક્રમી હોય છે.

(૫) **હાથી** - તે પ્રકૃષ્ટ વેગવાળો અને મહાપરાક્રમી હોય છે.

(૬) **વર્ધકિ** - તે ઘરની રચના વગેરેનો સૂત્રધાર છે. તે તમિસ્રગુફામાં અને ખંડપ્રપાતગુફામાં રહેલી ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામની નદીઓની ઉપર લાકડાના પૂલ બાંધે છે જેથી ચક્રવર્તીનું સૈન્ય સામે કિનારે જઈ શકે.

(૭) **સ્ત્રીરત્ન** - તે અદ્‌ભુત કામસુખનો ભંડાર છે.

(૮) **ચક્ર** - તે બધા શસ્ત્રો કરતા ચઢિયાતું છે. મુશ્કેલીથી દમી શકાય એવા શત્રુઓ ઉપર ચક્ર વિજય મેળવે છે. તે ૧ વ્યામ[૧]પ્રમાણ છે.

(૯) **છત્ર** - તે રાજલક્ષ્મીનું ચિહ્ન છે. ચક્રવર્તીના હાથના સ્પર્શથી તે ૧૨ યોજન લાંબુ-પહોળું થાય છે. વૈતાઢ્યપર્વતના ઉત્તરવિભાગમાં રહેલા મ્લેચ્છોને સહાય કરનારા મેઘકુમારદેવોએ વરસાવેલા પાણીને દૂર

---

૧. વ્યામ = બે હાથ પહોળા કરીને ઊભેલા મનુષ્યના બે હાથની આંગળીઓ વચ્ચેનું અંતર.

કરવા તે સમર્થ છે. તેમાં ૯૯,૦૦૦ સોનાના સળીયા છે, સોનાનો દંડ છે, મધ્યભાગે પિંજરો છે. તેનો બહારનો ભાગ અર્જુન નામના સફેદ સોનાનો બનેલો છે. તે શરદપૂર્ણિમાના ચંદ્ર જેવું સુંદર છે. તે સૂર્યનો તાપ, પવન, વરસાદ વગેરે દોષોનો ક્ષય કરે છે. તે ૧ વ્યામપ્રમાણ છે.

(૧૦) **ચર્મ** - તે ચક્રવર્તીના હાથના સ્પર્શથી ૧૨ યોજન લાંબુ-પહોળુ થાય છે. છત્રની નીચે રહેલા તેમાં સવારે વાવેલ અનાજ સાંજે પાકી જાય છે. તે ૨ હાથ લાંબુ હોય છે.

(૧૧) **મણિ** - તે વૈડૂર્યમય, ત્રિકોણ અને ૬ ખૂણાવાળુ છે. ઉપર-નીચે રહેલા છત્ર-ચર્મની અંદર છત્રની મધ્યમાં રાખેલું તે ૧૨ યોજનના વિસ્તારવાળા ચક્રવર્તીના સૈન્યને પ્રકાશિત કરે છે. તમિસ્રગુફા અને ખંડપ્રપાતગુફામાં પ્રવેશતા ચક્રવર્તીના હાથીના જમણા લમણે બંધાયેલું તે પૂર્વ-પશ્ચિમ અને આગળ એમ ત્રણ દિશાઓમાં ૧૨ યોજન સુધી અંધકારને દૂર કરે છે. તે મણિ જેના હાથે કે માથે બંધાય તેના દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી બધા ઉપદ્રવો અને બધા રોગો દૂર થાય છે. તે મણિને માથે કે અન્ય અંગમાં બાંધીને જે યુદ્ધમાં પ્રવેશે તેનો શસ્ત્રોથી વધ ન થાય અને તે બધા ભયોથી મુક્ત થાય. તે મણિને જે હાથના કાંડામાં બાંધે તેની યુવાની અને કેશ-નખ અવસ્થિત રહે છે. તે ૪ અંગુલ લાંબુ અને ૨ અંગુલ પહોળુ હોય છે.

(૧૨) **કાકિણી** - તે ૮ સુવર્ણ[1] જેટલા પ્રમાણવાળુ હોય છે. તે ચોરસ

---

૧. સુવર્ણનું માન આ પ્રમાણે છે -

૪ મીઠા ઘાસના ફળ = ૧ સફેદ સરસવ.

૧૬ સફેદ સરસવ = ૧ અળદ.

૨ અળદ = ૧ ગુંજા (ચણોઠી).

૫ ગુંજા = ૧ કર્મમાષ (૩ વાલ = ૧ કર્મમાષ).

૧૬ કર્મમાષ = ૧ સુવર્ણ - **જંબૂ.પ્ર. ૨૨૬**

હોય છે. તે ઝેરને દૂર કરે છે. જ્યાં બીજો કોઈ પ્રકાશ નથી હોતો ત્યાં તમિસ્રગુફામાં આ કાકિણી અંધકારને દૂર કરે છે. તેના કિરણો ૧૨ યોજન સુધી ફેલાય છે. ચક્રવર્તી રાત્રે તેની છાવણીમાં કાકિણીને રાખે છે. તે રાત્રે પણ દિવસ જેવો પ્રકાશ આપે છે. તમિસ્રગુફામાં ચક્રવર્તી કાકિણીથી ચક્રની ધારના આકારના ૪૯ માંડલા આલેખે છે. તે ગોમૂત્રિકાના આકારે બન્ને દિવાલો પર આલેખે છે. એટલે એક દિવાલ ઉપર ૨૫ માંડલા અને બીજી દિવાલ ઉપર ૨૪ માંડલા આલેખે છે. તે માંડલાઓ ૫૦૦ ધનુષ્ય લાંબા-પહોળા હોય છે. ચક્રવર્તી જીવે ત્યાં સુધી તે માંડલા તેમ જ રહે છે અને ગુફાઓ ખુલ્લી રહે છે. તે કાકિણીરત્ન ૪ અંગુલપ્રમાણ છે.

(૧૩) **ખડ્ગ** - યુદ્ધભૂમિમાં તેની શક્તિ કુંઠિત થતી નથી. તે ૩૨ અંગુલ લાંબુ હોય છે.

(૧૪) **દંડ** - તે રત્નમય પાંચ લતાવાળુ અને વજ્રનું હોય છે. તે શત્રુના સંપૂર્ણ સૈન્યનો વિનાશ કરે છે. તે ચક્રવર્તીની છાવણીમાં ઊંચા-નીચા પ્રદેશો સમ કરે છે અને શાંતિ કરે છે. તે ચક્રવર્તીને હિતકારી હોય છે અને તેના ઇષ્ટ મનોરથો પૂરે છે. વિશેષ પ્રયત્નથી તેનો ઉપયોગ કરવાથી તે જમીનમાં નીચે હજાર યોજન સુધી પણ જાય છે. તે ૧ વ્યામપ્રમાણ છે.

- આ દરેક રત્ન ૧,૦૦૦-૧,૦૦૦ યક્ષોથી અધિષ્ઠિત હોય છે.
- સેનાપતિ વગેરે સાત રત્નો પંચેન્દ્રિય છે. ચક્ર વગેરે સાત રત્નો એકેન્દ્રિય છે.
- **જંબૂદ્વીપમાં ચક્રવર્તીઓ અને તેમના રત્નો** -

| | ચક્રવર્તી | ચક્રવર્તીના રત્નો |
|---|---|---|
| જઘન્યથી | ૪[1] | ૫૬ |
| ઉત્કૃષ્ટથી | ૩૦[2] | ૪૨૦ |

- સાત એકેન્દ્રિય રત્નોનું માપ તે તે ચક્રવર્તીના આત્માંગુલથી જાણવું.
- સાત પંચેન્દ્રિય રત્નોનું માપ તે તે કાળના પુરુષોને ઉચિત હોય છે.
- વાસુદેવના ૭ રત્નો - (૧) ચક્ર, (૨) ખડ્ગ, (૩) ધનુષ્ય, (૪) મણી, (૫) કરમાય નહીં એવી દેવે આપેલી માળા, (૬) કૌમુદિકી ગદા, (૭) પાંચજન્ય શંખ - તેનો આવાજ ૧૨ યોજન સુધી સંભળાય.

●●●

+ દૌર્ભાગ્ય નામકર્મનો ઉદય હોય તો ગમે તેટલું કરો, સવારે ઊઠી રાત્રે ૧૧ વાગ્યા સુધી કાયાનો કસ કાઢો પણ બીજાને ગમે નહીં. સૌભાગ્ય એટલે જગતને જેના પગલા ગમે. બીજાને તિરસ્કાર કરવાથી, બીજાની નિંદા કરવાથી, પોતાનો ઉત્કર્ષ ગાવાથી દૌર્ભાગ્ય નામકર્મ બંધાય.

+ પ્રભુનું આલંબન કરતાં સેવકને પણ પ્રભુતા મળે. અનંતા અરિહંતો એ બીજા અનંતાને અરિહંતના પુણ્ય દીધા. નામઅરિહંત અને સ્થાપના-અરિહંતના આલંબનથી પણ અનંત જીવોએ તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું છે.

---

૧. ૪ = ૨ મહાવિદેહક્ષેત્રમાં + ૧ ભરતક્ષેત્રમાં + ૧ ઐરવતક્ષેત્રમાં

૨. ૩૦ = ૨૮ મહાવિદેહક્ષેત્રમાં + ૧ ભરતક્ષેત્રમાં + ૧ ઐરવતક્ષેત્રમાં

# દ્વાર ૨૧૩મું - ૯ નિધિ

૯ નિધિઓમાં શાશ્વત કલ્પપુસ્તકો રહેલા છે. તેમાં વિશ્વની મર્યાદા કહેવાય છે. ૯ નિધિ આ પ્રમાણે છે -

(૧) **નૈસર્પ** - તેમાં ગામ, ખાણ, નગર, પત્તન, દ્રોણમુખ, મડંબ, છાવણી, ઘર, દુકાનની સ્થાપનાઓ કહેવાય છે.

ગામ - તે વાડથી વીંટાયેલુ હોય છે.

ખાણ - તેમાં મીઠુ વગેરે ઉત્પન્ન થાય છે.

નગર - રાજધાની.

પત્તન - તેમાં પ્રવેશવાના અને નીકળવાના બે માર્ગ હોય છે - જલમાર્ગ અને સ્થલમાર્ગ.

દ્રોણમુખ - તેમાં જલમાર્ગથી જ પ્રવેશી અને નીકળી શકાય છે.

મડંબ - તેની આજુ-બાજુમાં અઢી ગાઉમાં અન્ય ગામ હોતુ નથી.

છાવણી - સેનાનો પડાવ.

(૨) **પાંડુક** - તેમાં ગણિત, ગીત, માન, ઉન્માન, ધરિમ તથા દેશ-કાળને ઉચિત અનાજ અને બીજનો પાક આટલુ કહ્યું છે.

ગણિત - દિનાર વગેરે, સોપારી વગેરેની ગણત્રી.

ગીત-[૧]સ્વરકરણ, પાટકરણ, ધૂપક, આગારુ, કટિકિકા વગેરે પ્રબંધો.

માન - સેતિકા વગેરે. (બે પસલીની એક સેતિકા વગેરે)

ઉન્માન - તુલા (ત્રાજવું), કર્ષ (૧ કર્ષ = $\frac{૧}{૪}$ પલ) વગેરે.

ધરિમ - ખાંડ, ગોળ વગેરે.

---

૧. આ પ્રબંધોના નામો છે.

(૩) **પિંગલક** - તેમાં પુરુષોની, મહિલાઓની, ઘોડાઓની અને હાથીઓની અલંકારવિધિ કહી છે.

(૪) **સર્વરત્ન** - તેમાં ચક્રવર્તીના ૧૪ રત્નોની ઉત્પત્તિ કહી છે. મતાંતરે તેના પ્રભાવથી ૧૪ રત્નો ઉત્પન્ન થાય છે અને પ્રભાવશાળી બને છે.

(૫) **મહાપદ્મ** - તેમાં બધા વસ્ત્રોની ઉત્પત્તિ, વસ્ત્ર વગેરેની બધી રચનાઓની, બધા રંગો અને ધાતુઓની (મતાંતરે વસ્ત્રો વગેરે ધોવાની વિધિઓની) નિષ્પત્તિ કહી છે.

(૬) **કાલ** - તેમાં નીચેની વસ્તુઓ કહેવાય છે -

(૧) જ્યોતિષશાસ્ત્રનું બધુ જ્ઞાન.

(૨) તીર્થંકરનો વંશ, ચક્રવર્તીનો વંશ અને બળદેવ-વાસુદેવનો વંશ - આ ત્રણ વંશના ત્રણ કાળનું જ્ઞાન. પાઠાંતરે ભૂત-ભવિષ્યના ત્રણ વર્ષ સુધીનું જ્ઞાન. પાઠાંતરે ત્રણે કાળના શુભ-અશુભનું જ્ઞાન.

(૩) ૧૦૦ શિલ્પો.

કુંભાર, લુહાર, ચિત્રકાર, વણકર, હજામ આ પાંચ શિલ્પોના દરેકના ૨૦-૨૦ ભેદ હોવાથી ૧૦૦ શિલ્પો છે.

(૪) પ્રજાને હિતકારી એવા ખેતી, વેપાર વગેરે જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના કર્મો.

(૭) **મહાકાલ** - તેમાં જુદા જુદા ભેદવાળા લોઢું, ચાંદી, સોનુ, મણી, મોતી, શિલા, પરવાળા સંબંધી ખાણોની ઉત્પત્તિ કહી છે.

(૮) **માણવક** - તેમાં યોદ્ધાઓ, ઢાલ-બખ્તર વગેરે આવરણો અને તલવાર વગેરે શસ્ત્રોની ઉત્પત્તિ, યુદ્ધનીતિ અને સામ-દામ-દંડ-ભેદ રૂપ ૪ પ્રકારની દંડનીતિ કહી છે.

(૯) **શંખ** - તેમાં નૃત્યવિધિ, નાટકવિધિ, ૪ પ્રકારના કાવ્યો અને

વાજિંત્રોની ઉત્પત્તિ કહી છે.

૪ પ્રકારના કાવ્યો-ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ૪ પુરુષાર્થ સંબંધી કાવ્યો, અથવા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને સંકીર્ણ (મિશ્ર) ભાષા સંબંધી કાવ્યો, અથવા ગદ્ય, પદ્ય, ગેય અને ચૌર્ણ સંબંધી કાવ્યો.

મતાંતરે આ ૯ નિધિઓમાં પૂર્વે કહેલા પદાર્થો સાક્ષાત્ ઉત્પન્ન થાય છે.

૯ નિધિઓનું સાધારણ સ્વરૂપ -

(૧) તે ૮ ચક્રો ઉપર રહેલ હોય છે.

(૨) તે ૮ યોજન ઊંચા, ૯ યોજન પહોળા અને ૧૨ યોજન લાંબા છે.

(૩) તે પેટીના આકારના છે.

(૪) તે ગંગાના કિનારે રહેલા છે. ચક્રવર્ત્તી છ ખંડને જીતી લે તે પછી ચક્રવર્તીની સાથે પાતાળમાં ચક્રવર્તીના નગર સુધી આવે છે.

(૫) તેમના દરવાજા વૈડૂર્યમણીના હોય છે.

(૬) તેઓ સોનાના બનેલા અને વિવિધ રત્નોથી ભરેલા હોય છે.

(૭) તેમની ઉપર ચંદ્ર, સૂર્ય, ચક્રના ચિહ્નો હોય છે.

(૮) તેમના દરવાજાની ઘટના સમ હોય છે. પાઠાંતરે તેમને ઉપમાથી સમજાવી શકવા અશક્ય છે. પાઠાંતરે દરેક સમયે તેમનામાંથી જેટલા પુદ્ગલો નીકળે છે તેટલા જ પુદ્ગલો તેમને લાગે છે. પાઠાંતરે તેમના બારણે બારસાખ સમ અને યૂપ જેવા ગોળ અને લાંબા છે.

(૯) તે નિધિઓમાં પલ્યોપમની સ્થિતિવાળા, નિધિની સમાન નામવાળા દેવો હોય છે, જેમના તે નિધિઓ આવાસ છે.

(૧૦) તે નિધિઓનું અધિપતિપણું ખરીદીને મળતું નથી.

(૧૧) તે ૯ નિધિઓ ચક્રવર્તીઓને વશ થાય છે.

●●●

# દ્વાર ૨૧૪મું - જીવોના પ્રકારો

(૧) **જીવોનો ૧ પ્રકાર** - ચૈતન્યવાળા જીવો. બધા જીવો ઉપયોગવાળા હોય છે.

(૨) **જીવોના ૨ પ્રકાર** - (૧) સંસારી જીવો (૨) સિદ્ધ જીવો.

અથવા (૧) ત્રસ જીવો (૨) સ્થાવર જીવો.

(૩) **જીવોના ૩ પ્રકાર** -

(૧) સ્ત્રી - સ્ત્રીના ૭ લિંગો છે -

(૧) યોનિ
(૨) મૃદુતા
(૩) અસ્થિરતા
(૪) મુગ્ધતા (ભોળપણ)
(૫) બળરહિતપણુ
(૬) સ્તન
(૭) પુરુષને ઇચ્છવાપણું.

(૨) પુરુષ - પુરુષના ૭ લિંગો છે -

(૧) મેહન (પુરુષચિહ્ન)
(૨) કર્કશતા
(૩) દૃઢતા
(૪) પરાક્રમીપણું
(૫) દાઢી-મૂછ
(૬) ધીટ્ઠાઇ
(૭) સ્ત્રીને ઇચ્છવાપણું.

(૩) નપુંસક - નપુંસકના લિંગો - સ્તન વગેરે અને દાઢી-મૂછ વગેરે હોય કે ન હોય, તીવ્ર કામાગ્નિના ઉદયવાળા હોય.

(૪) **જીવોના ૪ પ્રકાર** -

(૧) નરકગતિના જીવો
(૨) તિર્યંચગતિના જીવો
(૩) મનુષ્યગતિના જીવો
(૪) દેવગતિના જીવો.

અથવા (૧) સ્ત્રીવેદવાળા જીવો (૨) પુરુષવેદવાળા જીવો

(૩) નપુંસકવેદવાળા જીવો (૪) અવેદી જીવો.

**(૫) જીવોના ૫ પ્રકાર -** (૧) એકેન્દ્રિય જીવો (૪) ચઉરિન્દ્રિય જીવો (૨) બેઇન્દ્રિય જીવો (૫) પંચેન્દ્રિય જીવો (૩) તેઇન્દ્રિય જીવો

**(૬) જીવોના ૬ પ્રકાર -** (૧) એકેન્દ્રિય જીવો (૪) ચઉરિન્દ્રિય જીવો (૨) બેઇન્દ્રિય જીવો (૫) પંચેન્દ્રિય જીવો (૩) તેઇન્દ્રિય જીવો (૬) અનિન્દ્રિય(ઇન્દ્રિય વિનાના) જીવો - સિદ્ધો.

અથવા (૧) પૃથ્વીકાય જીવો (૪) વાયુકાય જીવો (૨) અપ્કાય જીવો (૫) વનસ્પતિકાય જીવો (૩) તેઉકાય જીવો (૬) ત્રસકાય જીવો.

**(૭) જીવોના ૭ પ્રકાર -** (૧) પૃથ્વીકાય જીવો (૫) વનસ્પતિકાય જીવો (૨) અપ્કાય જીવો (૬) ત્રસકાય જીવો (૩) તેઉકાય જીવો (૭) અકાય (કાયા વિનાના) જીવો - સિદ્ધો. (૪) વાયુકાય જીવો

**(૮) જીવોના ૮ પ્રકાર -**

(૧) અંડજ - ઈંડામાંથી જન્મેલા જીવો. દા.ત. પક્ષી, ગરોળી, માછલી, સાપ વગેરે.

(૨) રસજ - રસમાંથી જન્મેલ જીવો. છાશ, ઓસામણ, દહીં વગેરેમાં થનારા કૃમિ આકારના અતિસૂક્ષ્મ જીવો.

(૩) જરાયુજ - જરાયુથી વીંટાઈને જન્મતા જીવો. જરાયુ એટલે ગર્ભને

વીંટતું ચામડું. દા.ત. મનુષ્ય, ગાય, ભેંસ વગેરે.

(૪) સંસ્વેદજ - પસીનામાંથી જન્મેલા જીવો. દા.ત. મચ્છર, જૂ, લીખ, કાનખજુરા વગેરે.

(૫) પોતજ - જરાયુથી વીંટાયા વિના જન્મેલા જીવો. દા.ત. હાથી, વાગોળ, ચામાચીડીયા, જળો વગેરે.

(૬) સંમૂર્ચ્છિમ - એમ જ ઉત્પન્ન થયેલા જીવો. દા.ત. કૃમી, કીડી, માખી, શાલિકા વગેરે.

(૭) ઉદ્‌ભેદજ - ભૂમિને ભેદીને જન્મેલા જીવો. દા.ત. પતંગીયા, ખંજનક વગેરે.

(૮) ઉપપાતજ - દેવશય્યા વગેરેમાં ઉત્પન્ન થયેલા જીવો. દા.ત. દેવો અને નારકો.

**(૯) જીવોના ૯ પ્રકાર -**

(૧) પૃથ્વીકાય
(૨) અપ્‌કાય
(૩) તેઉકાય
(૪) વાયુકાય
(૫) વનસ્પતિકાય
(૬) બેઇન્દ્રિય
(૭) તેઇન્દ્રિય
(૮) ચઉરિન્દ્રિય
(૯) પંચેન્દ્રિય.

**(૧૦) જીવોના ૧૦ પ્રકાર -**

(૧) પૃથ્વીકાય
(૨) અપ્‌કાય
(૩) તેઉકાય
(૪) વાયુકાય
(૫) વનસ્પતિકાય
(૬) બેઇન્દ્રિય
(૭) તેઇન્દ્રિય
(૮) ચઉરિન્દ્રિય
(૯) અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૦) સંજ્ઞી પંચેન્દ્રિય

**(૧૧) જીવોના ૧૧ પ્રકાર છે -**

ઉપર કહેલ ૧૦ પ્રકારના જીવો અને (૧૧) સિદ્ધો.

**(૧૨) જીવોના ૧૨ પ્રકાર -**

(૧) પર્યાપ્ત પૃથ્વીકાય
(૨) પર્યાપ્ત અપ્કાય
(૩) પર્યાપ્ત તેઉકાય
(૪) પર્યાપ્ત વાયુકાય
(૫) પર્યાપ્ત વનસ્પતિકાય
(૬) પર્યાપ્ત ત્રસકાય
(૭) અપર્યાપ્ત પૃથ્વીકાય
(૮) અપર્યાપ્ત અપ્કાય
(૯) અપર્યાપ્ત તેઉકાય
(૧૦) અપર્યાપ્ત વાયુકાય
(૧૧) અપર્યાપ્ત વનસ્પતિકાય
(૧૨) અપર્યાપ્ત ત્રસકાય

**(૧૩) જીવોના ૧૩ પ્રકાર -**

ઉપર કહેલ ૧૨ પ્રકારના જીવો અને (૧૩) સિદ્ધો.

**(૧૪) જીવોના ૧૪ પ્રકાર -**

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય
(૨) પર્યાપ્ત બાદર એકેન્દ્રિય
(૩) પર્યાપ્ત બેઇન્દ્રિય
(૪) પર્યાપ્ત તેઇન્દ્રિય
(૫) પર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૬) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૭) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય
(૮) અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય
(૯) અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય
(૧૦) અપર્યાપ્ત બેઇન્દ્રિય
(૧૧) અપર્યાપ્ત તેઇન્દ્રિય
(૧૨) અપર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૧૩) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૪) અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય

**(૧૫) જીવોના ૧૫ પ્રકાર -**

ઉપર કહેલ ૧૪ પ્રકારના જીવો અને (૧૫) અમલ જીવો - સિદ્ધો.

**(૧૬) જીવોના ૧૬ પ્રકાર -**

પૂર્વે કહેલ અંડજ વગેરે ૮ પ્રકારના જીવોના દરેકના પર્યાપ્ત-અપર્યાપ્ત એમ ૨-૨ ભેદ થવાથી ૧૬ પ્રકાર થાય છે.

**(૧૭) જીવોના ૧૭ પ્રકાર -**

ઉપર કહેલ ૧૭ પ્રકારના જીવો અને (૧૭) અકાય જીવો - સિદ્ધો.

**(૧૮) જીવોના ૧૮ પ્રકાર -**

| | |
|---|---|
| (૧) પર્યાપ્ત નપુંસક નારક | (૧૦) અપર્યાપ્ત નપુંસક નારક |
| (૨) પર્યાપ્ત સ્ત્રી તિર્યંચ | (૧૧) અપર્યાપ્ત સ્ત્રી તિર્યંચ |
| (૩) પર્યાપ્ત પુરુષ તિર્યંચ | (૧૨) અપર્યાપ્ત પુરુષ તિર્યંચ |
| (૪) પર્યાપ્ત નપુંસક તિર્યંચ | (૧૩) અપર્યાપ્ત નપુંસક તિર્યંચ |
| (૫) પર્યાપ્ત સ્ત્રી મનુષ્ય | (૧૪) અપર્યાપ્ત સ્ત્રી મનુષ્ય |
| (૬) પર્યાપ્ત પુરુષ મનુષ્ય | (૧૫) અપર્યાપ્ત પુરુષ મનુષ્ય |
| (૭) પર્યાપ્ત નપુંસક મનુષ્ય | (૧૬) અપર્યાપ્ત નપુંસક મનુષ્ય |
| (૮) પર્યાપ્ત દેવી | (૧૭) અપર્યાપ્ત દેવી |
| (૯) પર્યાપ્ત દેવ | (૧૮) અપર્યાપ્ત દેવ |

**(૧૯) જીવોના ૧૯ પ્રકાર -**

ઉપર કહેલ ૧૮ પ્રકારના જીવો અને (૧૯) અકર્મ જીવો - સિદ્ધો.

**(૨૦) જીવોના ૨૦ પ્રકાર -**

પૂર્વે કહેલ ૧૦ પ્રકારના જીવોના દરેકના પર્યાપ્ત-અપર્યાપ્ત એમ ૨-૨ ભેદ થવાથી ૨૦ પ્રકાર થાય છે.

**(૨૧) જીવોના ૨૧ પ્રકાર -**

ઉપર કહેલ ૨૦ પ્રકારના જીવો અને (૨૧) અશરીરી જીવો - સિદ્ધો.

**(૨૨) જીવોના ૩૨ પ્રકાર -**

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય
(૨) પર્યાપ્ત બાદર પૃથ્વીકાય
(૩) પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાય
(૪) પર્યાપ્ત બાદર અપ્કાય
(૫) પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાય
(૬) પર્યાપ્ત બાદર તેઉકાય
(૭) પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય
(૮) પર્યાપ્ત બાદર વાયુકાય
(૯) પર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૧૦) પર્યાપ્ત બાદર સાધારણ વનસ્પતિકાય
(૧૧) પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય
(૧૨) પર્યાપ્ત બેઇન્દ્રિય
(૧૩) પર્યાપ્ત તેઇન્દ્રિય
(૧૪) પર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૧૫) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૬) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય
(૧૭) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય
(૧૮) અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય
(૧૯) અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાય
(૨૦) અપર્યાપ્ત બાદર અપ્કાય
(૨૧) અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાય
(૨૨) અપર્યાપ્ત બાદર તેઉકાય
(૨૩) અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય
(૨૪) અપર્યાપ્ત બાદર વાયુકાય
(૨૫) અપર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૨૬) અપર્યાપ્ત બાદર સાધારણ વનસ્પતિકાય
(૨૭) અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય
(૨૮) અપર્યાપ્ત બેઇન્દ્રિય
(૨૯) અપર્યાપ્ત તેઇન્દ્રિય
(૩૦) અપર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૩૧) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૩૨) અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય

**(૨૩) જીવોના ૫૮ પ્રકાર -**

(૧-૭) નારકના ૭ પ્રકાર.

(૮-૧૭) ભવનપતિદેવોના ૧૦ પ્રકાર.

(૧૮-૨૫) વ્યંતરદેવોના ૮ પ્રકાર.

(૨૬-૩૦) જ્યોતિષદેવોના ૫ પ્રકાર.

(૩૧-૪૨) ૧૨ દેવલોકના દેવોના ૧૨ પ્રકાર.

(૪૩-૫૧) ૯ ગ્રૈવેયકના દેવોના ૯ પ્રકાર.

(૫૨-૫૬) ૫ અનુત્તરના દેવોના ૫ પ્રકાર.

(૫૭) મનુષ્ય.

(૫૮) તિર્યંચ.

**(૨૪) જીવોના ૧૧૬ પ્રકાર -**

ઉપર કહેલ ૫૮ પ્રકારના જીવોના દરેકના પર્યાપ્ત-અપર્યાપ્ત એમ ૨-૨ ભેદ થવાથી ૧૧૬ પ્રકાર થાય છે.

**(૨૫) જીવોના ૧૪૬ પ્રકાર -**

ઉપર કહેલ ૧૧૬ પ્રકારના જીવો અને પૂર્વે કહેલ ૩૨ પ્રકારના જીવોમાંથી પર્યાપ્ત-અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય સિવાયના ૩૦ પ્રકારના જીવો = ૧૪૬ પ્રકારના જીવો.

આ ૧૪૬ પ્રકારના જીવોમાંથી કેટલાક જીવો ભવ્ય છે, કેટલાક અભવ્ય છે, કેટલાક દૂરભવ્ય છે અને કેટલાક આસન્નભવ્ય છે.

(૧) **ભવ્ય** - મોક્ષે જવાને યોગ્ય જીવો તે ભવ્ય જીવો. બધા ભવ્ય જીવો મોક્ષમાં જાય જ એવો નિયમ નથી. કેટલાક ભવ્ય જીવો એવા પણ છે જેમનો મોક્ષ થતો નથી. ભવ્યજીવોનું ભવ્યત્વ અનાદિકાળથી સિદ્ધ જ છે.

(૨) **અભવ્ય** - મોક્ષે જવાને અયોગ્ય જીવો તે અભવ્ય જીવો. તેમનો ક્યારેય મોક્ષ થતો નથી. તેઓ હંમેશા સંસારમાં જ રહે છે. તેમનું અભવ્યત્વ અનાદિકાળથી સિદ્ધ જ છે.

(૩) **દૂરભવ્ય** - જેઓ ગોશાળાની જેમ લાંબા કાળે મોક્ષે જાય છે તે દૂરભવ્ય જીવો.

(૪) **આસન્નભવ્ય** - જેઓ તે જ ભવમાં કે ૨, ૩ વગેરે ભવોમાં મોક્ષે જાય છે તે આસન્નભવ્ય જીવો.

જે મોક્ષને માને છે, તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે અને ક્યારેક પણ એવી ચિંતા કરે છે કે, 'શું હું ભવ્ય છું કે અભવ્ય ? જો ભવ્ય હોઉં તો સારું. જો અભવ્ય હોઈશ તો મને ધિક્કાર થાઓ.' તે ભવ્ય હોય છે.

અભવ્યને આવી ચિંતા ક્યારેય થતી નથી

●●●

## દ્વાર ૨૧૫મું - ૮ કર્મો

(૧) જ્ઞાનાવરણ - વસ્તુના વિશેષ બોધરૂપ જ્ઞાનને ઢાંકે તે.

(૨) દર્શનાવરણ - વસ્તુના સામાન્ય બોધરૂપ દર્શનને ઢાંકે તે.

(૩) વેદનીય - સુખ, દુઃખ વગેરે રૂપે અનુભવાય તે.

(૪) મોહનીય - આત્માને સાચા-ખોટાના વિવેક વિનાનો કરે તે.

(૫) આયુષ્ય - પોતે કરેલા કર્મથી નરક વગેરે દુર્ગતિમાં ગયેલા જીવને તેમાંથી નીકળવા ન દેનાર કર્મ તે આયુષ્યકર્મ. અથવા એક ભવમાંથી બીજા ભવમાં જનારા જીવને જેનો વિપાકોદય થાય તે આયુષ્યકર્મ. જીવને ભવમાં પકડી રાખે તે આયુષ્યકર્મ.

(૬) નામ - જીવને ગતિ વગેરે પર્યાયોનો અનુભવ કરાવે તે.

(૭) ગોત્ર - જીવને ઊંચા-નીચા કુળમાં જન્મ આપે તે.

(૮) અંતરાય - જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ વગેરેથી અટકાવે - તે કરવા ન દે તે.

●●●

# દ્વાર ૨૧૬મું - ૮ કર્મોની ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓ

(૧) **જ્ઞાનાવરણ** - તેની ૫ ઉત્તરપ્રકૃતિ છે -

(૧) **મતિજ્ઞાનાવરણ** - મતિજ્ઞાનને ઢાંકે તે મતિજ્ઞાનાવરણ. યોગ્ય દેશમાં રહેલ વસ્તુ સંબંધી પાંચ ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન તે મતિજ્ઞાન. તેના બે ભેદ છે -

(i) **શ્રુતનિશ્રિતમતિજ્ઞાન** - શ્રુતથી પરિકર્મિત બુદ્ધિવાળાને વ્યવહાર કરતી વખતે શ્રુતને અનુસર્યા વિના જે જ્ઞાન થાય તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન. તેના ૪ ભેદ છે -

(a) **અવગ્રહ** - તેના ૨ ભેદ છે -

(૧) **વ્યંજનાવગ્રહ** - ઇન્દ્રિય અને વિષયના સંબંધથી થતો અતિઅવ્યક્ત બોધ તે વ્યંજનાવગ્રહ. તેના ૪ ભેદ છે -

(i) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ

(ii) રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ

(iii) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ

(iv) શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ

ચક્ષુરિન્દ્રિય અને મન અપ્રાપ્યકારી હોવાથી તેમની સાથે વિષયનો સંબંધ થતો નથી. તેથી ચક્ષુરિન્દ્રિયથી અને મનથી વ્યંજનાવગ્રહ થતો નથી.

(૨) **અર્થાવગ્રહ** - 'આ કંઈક છે' એવો અવ્યક્ત બોધ તે અર્થાવગ્રહ. તેના ૬ ભેદ છે -

(i) સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ

(ii) રસનેન્દ્રિય અર્થાવગ્રહ

(iii) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ

(iv) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ

(v) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ

(vi) મન અર્થાવગ્રહ

(b) **ઈહા** - 'આ શું હશે ?' એવો સંશય થયા પછી 'સૂર્યાસ્ત થઈ ગયો છે અને આની ઉપર પક્ષી બેઠેલા છે. તેથી આ મનુષ્ય ન હોવો જોઈએ, ઠુંઠુ જ હોવું જોઈએ.' એવું વસ્તુમાં રહેલા ધર્મોને શોધવા અને વસ્તુમાં ન રહેલા ધર્મોનું નિરાકરણ કરવા રૂપ જ્ઞાન તે ઈહા. તે પાંચ ઈન્દ્રિય અને મનથી થતી હોવાથી ૬ પ્રકારની છે.

(c) **અપાય** - 'આ ઠુંઠું જ છે.' એવો વસ્તુનો નિશ્ચયાત્મક બોધ તે અપાય. તે પાંચ ઈન્દ્રિય અને મનથી થતો હોવાથી ૬ પ્રકારનો છે.

(d) **ધારણા** - નિશ્ચિત કરેલ વસ્તુને અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપે ધારણ કરી રાખવી તે ધારણા. તે પાંચ ઈન્દ્રિય અને મનથી થતી હોવાથી ૬ પ્રકારની છે.

આમ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૨૮ ભેદ થયા.

| **શ્રુતનિશ્રિત મતિજ્ઞાન** | **ભેદ** |
|---|---|
| વ્યંજનાવગ્રહ | ૪ |
| અર્થાવગ્રહ | ૬ |
| ઈહા | ૬ |
| અપાય | ૬ |
| ધારણા | ૬ |
| કુલ | ૨૮ |

(ii) **અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન** - શ્રુતના અભ્યાસ વિના સહજ એવા વિશિષ્ટ ક્ષયોપશમથી થનારું જ્ઞાન તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન. તેના ૪ ભેદ છે -

(a) **ઔત્પત્તિકી બુદ્ધિ** - કાર્ય પ્રસંગે સ્વાભાવિક રીતે એકાએક ઉત્પન્ન થનારી બુદ્ધિ.

(b) **વૈનયિકી બુદ્ધિ** - ગુરુ વગેરેનો વિનય કરતા કરતા ઉત્પન્ન થનારી બુદ્ધિ.

(c) **કાર્મિકી બુદ્ધિ** - કાર્ય કરતા કરતા ઉત્પન્ન થનારી બુદ્ધિ.

(d) **પારિણામિકી બુદ્ધિ** - વયના પરિપાકથી ઉત્પન્ન થનારી બુદ્ધિ.

આમ મતિજ્ઞાનના ૩૨ ભેદ થયા.

| **મતિજ્ઞાન** | **ભેદ** |
|---|---|
| શ્રુતનિશ્રિત મતિજ્ઞાન | ૨૮ |
| અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન | ૪ |
| કુલ | ૩૨ |

જાતિસ્મરણજ્ઞાન એ વિશેષ પ્રકારનું મતિજ્ઞાન જ છે. તેનાથી ભૂતકાળના સંખ્યાતા ભવોનું જ્ઞાન થાય છે.

(૨) **શ્રુતજ્ઞાનાવરણ** - શ્રુતજ્ઞાનને ઢાંકે તે શ્રુતજ્ઞાનાવરણ. પાંચ ઇન્દ્રિયો અને મનથી થનારુ, વાચ્ય-વાચકભાવ પૂર્વકનું, શબ્દ દ્વારા અર્થની વિચારણાનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તેના અક્ષરશ્રુત વગેરે ૧૪ કે ૨૦ ભેદો છે. તે નંદિસૂત્રમાંથી જાણી લેવા.

(૩) **અવધિજ્ઞાનાવરણ** - અવધિજ્ઞાનને ઢાંકે તે અવધિજ્ઞાનાવરણ. અમુક મર્યાદામાં રહેલા રૂપી દ્રવ્યોનું જ્ઞાન તે અવધિજ્ઞાન. તેનાથી નીચે નીચે વધુ જ્ઞાન થાય છે. તે અનંત દ્રવ્યો અને અનંત ભાવોના વિષયવાળું હોવાથી તેના અનંત ભેદ છે. તે અસંખ્ય ક્ષેત્ર અને અસંખ્ય કાળના વિષયવાળુ હોવાથી તેના અસંખ્ય ભેદ છે. તેના આનુગામિક વગેરે ૬ ભેદો છે. તે આવશ્યકસૂત્રમાંથી જાણી લેવા.

(૪) **મનઃપર્યાયજ્ઞાનાવરણ** - મનઃપર્યાયજ્ઞાનને ઢાંકે તે મનઃપર્યાય-જ્ઞાનાવરણ. અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોદ્રવ્યના

પરિણામોનું જ્ઞાન જેનાથી થાય તે મનઃપર્યાયજ્ઞાન. તેના ૨ ભેદ છે- (i) ઋજુમતિ અને (ii) વિપુલમતિ.

તેમનું સ્વરૂપ લબ્ધિદ્વારમાં કહેવાશે.

(૫) **કેવળજ્ઞાનાવરણ** - કેવળજ્ઞાનને ઢાંકે તે કેવળજ્ઞાનાવરણ. લોકાલોકના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોનું એકસાથે એકસમયે થનારું જ્ઞાન તે કેવળજ્ઞાન.

તે મતિજ્ઞાન વગેરેની અપેક્ષા વિનાનું હોવાથી એક છે.

તે જ્ઞાનાવરણરૂપી મેલના કલંક વિનાનું હોવાથી શુદ્ધ છે.

તે સંપૂર્ણ હોવાથી સકલ છે.

તેની સમાન અન્ય જ્ઞાન ન હોવાથી તે અસાધારણ છે.

તેનાથી જાણવા યોગ્ય વિષયો અનંત હોવાથી તે અનંત છે.

કેવળજ્ઞાનાવરણ સર્વઘાતી છે. બાકી ૪ જ્ઞાનાવરણ દેશઘાતી છે.

(૨) **દર્શનાવરણ** - તેની ૯ ઉત્તરપ્રકૃતિ છે -

(૧) **ચક્ષુદર્શનાવરણ** - આંખથી થતો સામાન્ય બોધ તે ચક્ષુદર્શન. તેને ઢાંકે તે ચક્ષુદર્શનાવરણ.

(૨) **અચક્ષુદર્શનાવરણ** - આંખ સિવાયની ૪ ઇન્દ્રિય અને મનથી થતો સામાન્ય બોધ તે અચક્ષુદર્શન. તેને ઢાંકે તે અચક્ષુદર્શનાવરણ.

(૩) **અવધિદર્શનાવરણ** - અમુક મર્યાદા સુધીમાં રહેલા રૂપી પદાર્થોનો સામાન્ય બોધ તે અવધિદર્શન. તેને ઢાંકે તે અવધિદર્શનાવરણ.

(૪) **કેવળદર્શનાવરણ** - લોકાલોકના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોનો એકસાથે એકસમયે થનારો સામાન્ય બોધ તે કેવળદર્શન. તેને ઢાંકે તે કેવળદર્શનાવરણ.

(૫) **નિદ્રા** - જેમાંથી નખની ચપટી વગેરેથી સુખેથી જાગી શકાય એવી સૂવાની અવસ્થા તે નિદ્રા. જે કર્મના ઉદયથી નિદ્રા આવે તે નિદ્રા.

(૬) **નિદ્રાનિદ્રા** - જેમાંથી મુશ્કેલીથી જાગી શકાય એવી સૂવાની અવસ્થા તે નિદ્રાનિદ્રા. જે કર્મના ઉદયથી નિદ્રાનિદ્રા આવે તે નિદ્રાનિદ્રા.

(૭) **પ્રચલા** - જેમાં બેઠા બેઠા કે ઊભા ઊભા ઊંઘે એવી સૂવાની અવસ્થા તે પ્રચલા. જે કર્મના ઉદયથી પ્રચલા આવે તે પ્રચલા.

(૮) **પ્રચલાપ્રચલા** - જેમાં ચાલતા ચાલતા ઊંઘે એવી સૂવાની અવસ્થા તે પ્રચલાપ્રચલા. જે કર્મના ઉદયથી પ્રચલાપ્રચલા આવે તે પ્રચલાપ્રચલા.

(૯) **થીણદ્ધિ** - જેમાં જાગ્રત અવસ્થામાં વિચારેલ વસ્તુને નિદ્રાવસ્થામાં કરે તે થીણદ્ધિ. તેમાં ઘણું બળ એકઠુ થાય છે. પહેલા સંઘયણવાળાને વાસુદેવ કરતા અડધુ બળ થાય છે અને છેલ્લા સંઘયણવાળાને પોતાનાથી બમણું કે ત્રણગણું બળ થાય છે. જે કર્મના ઉદયથી થીણદ્ધિ આવે તે થીણદ્ધિ.

એક સાધુને દિવસે હાથીએ સ્ખલિત કર્યો. તે સાધુએ રાત્રે થીણદ્ધિ નિદ્રામાં ઊઠીને તે હાથીના દાંત ઉખેડીને ઉપાશ્રયના બારણે નાંખ્યા અને સૂઈ ગયા.

(૩) **વેદનીય** - તેની ૨ ઉત્તરપ્રકૃતિ છે -

(૧) **સાતાવેદનીય** - જે કર્મના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય તે.

(૨) **અસાતાવેદનીય** - જે કર્મના ઉદયથી જીવને દુઃખનો અનુભવ થાય તે.

(૪) **મોહનીય** - તેના ૨ ભેદ છે -

(૧) **દર્શનમોહનીય** - સમ્યક્ત્વને મોહિત કરે તે દર્શનમોહનીય. તેના ૩ ભેદ છે -

(i) **મિથ્યાત્વમોહનીય** - જે કર્મના ઉદયથી જીવને જિનેશ્વરપ્રભુએ કહેલા

તત્ત્વભૂત પદાર્થો પર શ્રદ્ધા ન થાય કે વિપરીત શ્રદ્ધા થાય તે મિથ્યાત્વમોહનીય.

(ii) **મિશ્રમોહનીય** - જે કર્મના ઉદયથી જીવ જિનેશ્વરપ્રભુએ કહેલા તત્ત્વોની શ્રદ્ધા પણ ન કરે અને નિંદા પણ ન કરે તે મિશ્રમોહનીય.

(iii) **સમ્યક્ત્વમોહનીય** - જે કર્મના ઉદયથી જીવને જિનેશ્વરપ્રભુએ કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધા થાય તે સમ્યક્ત્વમોહનીય.

(૨) **ચારિત્રમોહનીય** - સાવદ્ય યોગથી નિવૃત્તિ અને નિર્વદ્ય યોગમાં પ્રવૃત્તિરૂપ આત્માનો પરિણામ તે ચારિત્ર. તે ચારિત્રને મોહિત કરે તે ચારિત્રમોહનીય. તેના ૨ ભેદ છે -

(i) **કષાયમોહનીય** - કષ = જેમાં જીવોની પરસ્પર હિંસા થાય તે સંસાર. જેનાથી જીવો સંસાર પામે તે કષાયમોહનીય. તેના ૧૬ ભેદ છે -

(a) **ક્રોધમોહનીય** - જે કર્મના ઉદયથી ક્ષમાના અભાવરૂપ ગુસ્સો આવે તે ક્રોધમોહનીય.

(b) **માનમોહનીય** - જે કર્મના ઉદયથી જાતિ વગેરેનો ગર્વ થાય તે માનમોહનીય.

(c) **માયામોહનીય** - જે કર્મના ઉદયથી બીજાને ઠગવા રૂપ માયા થાય તે માયામોહનીય.

(d) **લોભમોહનીય** - જે કર્મના ઉદયથી સંતોષના અભાવરૂપ લોભ થાય તે લોભમોહનીય.

આ ચારેના દરેકના ૪-૪ ભેદ છે -

(a) **અનંતાનુબંધી** - જે કર્મના ઉદયથી પરંપરાએ અનંત સંસાર ચાલે તે.

(b) **અપ્રત્યાખ્યાનાવરણ** - જે કર્મના ઉદયથી જીવ અલ્પ પચ્ચક્ખાણ પણ ન કરી શકે તે.

(c) **પ્રત્યાખ્યાનાવરણ** - જે કર્મના ઉદયથી જીવ સર્વવિરતિ ન સ્વીકારી શકે તે.

(d) **સંજ્વલન** - પરીષહો-ઉપસર્ગો આવવા પર જે કર્મ ચારિત્રને કંઈક બાળે તે.

આમ કષાયમોહનીયના ૧૬ ભેદ થયા.

(ii) **નોકષાયમોહનીય** - કષાયોને પુષ્ટ કરનારા હોવાથી કષાયોના સહચારી એવા કર્મો તે નોકષાયમોહનીય. તેના ૯ ભેદ છે -

(૧) **હાસ્યમોહનીય** - જે કર્મના ઉદયથી નિમિત્તથી કે નિમિત્ત વિના હસવું આવે તે.

(૨) **રતિમોહનીય** - જે કર્મના ઉદયથી બાહ્ય-અભ્યંતર વસ્તુ ઉપર પ્રીતિ થાય તે.

(૩) **અરતિમોહનીય** - જે કર્મના ઉદયથી બાહ્ય-અભ્યંતર વસ્તુ ઉપર અપ્રીતિ થાય તે.

(૪) **ભયમોહનીય** - જે કર્મના ઉદયથી નિમિત્તથી કે નિમિત્ત વિના ભય પામે તે.

(૫) **શોકમોહનીય** - જે કર્મના ઉદયથી પ્રિયના વિયોગ વગેરેમાં છાતી કુટીને આક્રંદ કરે, દીન બને, ભૂમિ પર આળોટે, લાંબા નીસાસા નાંખે તે.

(૬) **જુગુપ્સામોહનીય** - જે કર્મના ઉદયથી વિષ્ટા વગેરે બીભત્સ પદાર્થો પર જુગુપ્સા થાય તે.

(૭) **સ્ત્રીવેદમોહનીય** - જેમ પિત્તનો ઉદય થવા પર મધુરદ્રવ્યની ઇચ્છા થાય તેમ જે કર્મના ઉદયથી સ્ત્રીને પુરુષની ઇચ્છા થાય તે. તે છાણના અગ્નિ સમાન છે.

(૮) **પુરુષવેદમોહનીય** - જેમ કફનો ઉદય થવા પર ખાટા દ્રવ્યની ઇચ્છા

થાય તેમ જે કર્મના ઉદયથી પુરુષને સ્ત્રીની ઇચ્છા થાય તે. તે ઘાસના અગ્નિ સમાન છે.

(૯) **નપુંસકવેદમોહનીય** - જેમ પિત્ત અને કફ બન્નેના ઉદયમાં માર્જિકા-(કાંજી)ની ઇચ્છા થાય તેમ જે કર્મના ઉદયથી નપુંસકને સ્ત્રી-પુરુષ બન્નેની ઇચ્છા થાય તે. તે નગરના મહાદાહ સમાન છે.

આમ ચારિત્રમોહનીયની ૨૫ ઉત્તરપ્રકૃતિ થઈ.

| **ચરિત્ર મોહનીયકર્મ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|
| કષાયમોહનીય | ૧૬ |
| નોકષાયમોહનીય | ૯ |
| કુલ | ૨૫ |

આમ મોહનીયકર્મની ૨૮ ઉત્તરપ્રકૃતિ થઈ.

| **મોહનીયકર્મ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|
| દર્શનમોહનીય | ૩ |
| ચારિત્રમોહનીય | ૨૫ |
| કુલ | ૨૮ |

(૫) **આયુષ્ય** - તેની ૪ ઉત્તરપ્રકૃતિ છે -

(૧) **નરકાયુષ્ય** - જે કર્મના ઉદયથી જીવને નારકનો ભવ મળે તે.

(૨) **તિર્યંચાયુષ્ય** - જે કર્મના ઉદયથી જીવને તિર્યંચનો ભવ મળે તે.

(૩) **મનુષ્યાયુષ્ય** - જે કર્મના ઉદયથી જીવને મનુષ્યનો ભવ મળે તે.

(૪) **દેવાયુષ્ય** - જે કર્મના ઉદયથી જીવને દેવનો ભવ મળે તે.

(૬) **નામકર્મ** - તેની ૪૨, અથવા ૬૭, અથવા ૯૩, અથવા ૧૦૩ ઉત્તરપ્રકૃતિ છે -

(૧) **ગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને તે તે ગતિની પ્રાપ્તિ થાય તે. તેના ૪ ભેદ છે -

(i) **નરકગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને નરકગતિની પ્રાપ્તિ થાય તે.

(ii) **તિર્યંચગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને તિર્યંચગતિની પ્રાપ્તિ થાય તે.

(iii) **મનુષ્યગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને મનુષ્યગતિની પ્રાપ્તિ થાય તે.

(iv) **દેવગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને દેવગતિની પ્રાપ્તિ થાય તે.

(૨) **જાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો અનેક જીવોમાં એકેન્દ્રિય વગેરે જાતિરૂપે વ્યવહાર થાય તે. તેના ૫ ભેદ છે -

(i) **એકેન્દ્રિયજાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો એકેન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે. એકેન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય હોય છે.

(ii) **બેઇન્દ્રિયજાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો બેઇન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે. બેઇન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય હોય છે.

(iii) **તેઇન્દ્રિયજાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો તેઇન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે. તેઇન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય હોય છે.

(iv) **ચઉરિન્દ્રિયજાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો ચઉરિન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે. ચઉરિન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય હોય છે.

(v) **પંચેન્દ્રિયજાતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો પંચેન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે. પંચેન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય,

ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય છે.

(૩) **શરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ તે તે શરીર બનાવે તે. તેના ૫ ભેદ છે -

(i) **ઔદારિકશરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ ઔદારિકવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિકશરીર બનાવે તે.

(ii) **વૈક્રિયશરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ વૈક્રિયવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રિયશરીર બનાવે તે.

(iii) **આહારકશરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ આહારકવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને આહારકશરીર બનાવે તે.

(iv) **તૈજસશરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ તૈજસવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તૈજસશરીર બનાવે તે.

(v) **કાર્મણશરીર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ કાર્મણવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને કાર્મણશરીર બનાવે તે. કાર્મણશરીર નામકર્મ પોતાના કાર્યરૂપ કાર્મણશરીર કરતા જુદુ છે.

(૪) **અંગોપાંગ નામકર્મ** -

(i) **અંગ** - તે ૮ છે - બે હાથ, બે પગ, પેટ, છાતી, પીઠ, મસ્તક.

(ii) **ઉપાંગ** - અંગના અવયવ તે ઉપાંગ. દા.ત. આંગળી વગેરે.

(iii) **અંગોપાંગ** - ઉપાંગના અવયવ તે અંગોપાંગ. દા.ત. આંગળીના પર્વ, રેખા વગેરે.

જે કર્મના ઉદયથી જીવ શરીરમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે અંગોપાંગ નામકર્મ. તેના ૩ ભેદ છે -

(i) **ઔદારિક અંગોપાંગ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ ઔદારિક શરીરમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે.

(ii) **વૈક્રિય અંગોપાંગ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય-

શરીરમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે.

(iii) **આહારક અંગોપાંગ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ આહારક-શરીરમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે.

તૈજસ-કાર્મણ શરીરો આત્મપ્રદેશોને અનુસરનારા હોવાથી તેમાં અંગોપાંગ હોતા નથી.

(૫) **બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત[૧] અને ગૃહ્યમાણ[૨] ઔદારિક વગેરે પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે. જેમ લાખ, રાળ વગેરેથી પથ્થર, લાકડા વગેરે જોડાય છે તેમ બંધનનામકર્મના ઉદયથી પુદ્ગલોનો સંબંધ થાય છે. તેના ૫ ભેદ છે -

(i) **ઔદારિક બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત ઔદારિક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોનો સંબંધ થાય તે.

(ii) **વૈક્રિય બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો સંબંધ થાય તે.

(iii) **આહારક બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો સંબંધ થાય તે.

(iv) **તૈજસ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો સંબંધ થાય તે.

(v) **કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોનો સંબંધ થાય તે.

બીજી રીતે બંધન નામકર્મના ૧૫ ભેદ છે -

(૧) **ઔદારિક ઔદારિક બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત ઔદારિક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોનો સંબંધ થાય તે.

---

૧. ગૃહીત = ગ્રહણ કરાયેલા. ૨. ગૃહ્યમાણ = ગ્રહણ કરાતા.

(૨) **ઔદારિક તૈજસ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્‌ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે.

(૩) **ઔદારિક કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્‌ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે.

(૪) **ઔદારિક તૈજસ કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક, તૈજસ અને કાર્મણ પુદ્‌ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

(૫) **વૈક્રિય વૈક્રિય બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય પુદ્‌ગલોનો ગૃહ્યમાણ વૈક્રિય પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે.

(૬) **વૈક્રિય તૈજસ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્‌ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે.

(૭) **વૈક્રિય કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્‌ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોની સાથે સંબંધ થાય તે.

(૮) **વૈક્રિય તૈજસ કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય, તૈજસ અને કાર્મણ પુદ્‌ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

(૯) **આહારક આહારક બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્‌ગલોની સાથે ગૃહ્યમાણ આહારક પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

(૧૦) **આહારક તૈજસ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક પુદ્‌ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોની

સાથે સંબંધ થાય તે.

(૧૧) **આહારક કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે.

(૧૨) **આહારક તૈજસ કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક, તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

(૧૩) **તૈજસ તૈજસ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો સંબંધ થાય તે.

(૧૪) **તૈજસ કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

(૧૫) **કાર્મણ કાર્મણ બંધન નામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

(૬) **સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી ઔદારિક વગેરે શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને ભેગા કરાય તે. ભેગા કર્યા વિના પુદ્ગલોનો સંબંધ થતો નથી. ભેગા કર્યા પછી જ પુદ્ગલોનો સંબંધ થાય છે. સંઘાત નામકર્મના ૫ ભેદ છે -

(i) **ઔદારિક સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી ઔદારિકશરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને જીવ ભેગા કરે તે.

(ii) **વૈક્રિય સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી વૈક્રિયશરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને જીવ ભેગા કરે તે.

(iii) **આહારક સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી આહારકશરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને જીવ ભેગા કરે તે.

(iv) **તૈજસ સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી તૈજસશરીરરૂપે પરિણમેલા

પુદ્ગલોને જીવ ભેગા કરે તે.

(v) **કાર્મણ સંઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી કાર્મણશરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને જીવ ભેગા કરે તે.

(૭) **સંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સંઘયણની પ્રાપ્તિ થાય તે.

સંઘયણ એટલે હાડકાની રચના. તે ૬ પ્રકારના છે -

(i) **વજ્રઋષભનારાચસંઘયણ** - વજ્ર = ખીલી, ઋષભ = પાટો, નારાચ = બન્ને બાજુ માર્કટબંધ[૧]. જે સંઘયણમાં બે હાડકા બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય, તેમની ઉપર હાડકાનો પાટો વીંટેલો હોય અને તેમની ઉપર ત્રણેને ભેદનાર હાડકાની ખીલી હોય તે વજ્રઋષભનારાચસંઘયણ.

(ii) **ઋષભનારાચસંઘયણ** - જે સંઘયણમાં બે હાડકા બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને તેમની ઉપર હાડકાનો પાટો વીંટેલો હોય તે. મતાંતરે વજ્રનારાચસંઘયણ - જે સંઘયણમાં બે હાડકા બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને તેમની ઉપર હાડકાની ખીલી લાગી હોય તે.

(iii) **નારાચસંઘયણ** - જે સંઘયણમાં બે હાડકા બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય તે.

(iv) **અર્ધનારાચસંઘયણ** - જે સંઘયણમાં બે હાડકા એક બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને બીજી બાજુ હાડકાની ખીલીથી બંધાયેલા હોય તે.

---

૧. મર્કટબંધ = મર્કટ = વાંદરાનું બચ્ચું. તે માતાની છાતીએ જેમ જોરથી વળગી રહે છે, તે રીતે બે હાડકા પરસ્પર જેમાં વળગી રહ્યાં હોય તેવી રચનાને મર્કટબંધ કહેવાય છે.

(v) **કીલિકાસંઘયણ** - જે સંઘયણમાં બે હાડકા માત્ર હાડકાની ખીલીથી બંધાયેલા હોય તે.

(vi) **સેવાર્તસંઘયણ** - જે સંઘયણમાં બે હાડકા માત્ર પરસ્પર સ્પર્શેલા હોય તે. આ સંઘયણવાળાને વારંવાર તેલમાલીશ, શરીર દબાવવું વગેરે સેવાની જરૂર પડે છે.

સંઘયણ નામકર્મના ૬ ભેદ છે -

(i) **વજ્રઋષભનારાચસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં વજ્રઋષભનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(ii) **ઋષભનારાચસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં ઋષભનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(iii) **નારાચસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં નારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(iv) **અર્ધનારાચસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં અર્ધનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(v) **કીલિકાસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કીલિકાસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(vi) **સેવાર્તસંઘયણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સેવાર્તસંઘયણની પ્રાપ્તિ થાય તે.

(૮) **સંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સંસ્થાનની પ્રાપ્તિ થાય તે.

સંસ્થાન એટલે શરીરની આકૃતિ. તે ૬ પ્રકારના છે -

(i) **સમચતુરસ્રસંસ્થાન** - શરીરના લક્ષણશાસ્ત્રમાં કહેલા પ્રમાણ અને લક્ષણથી યુક્ત એવા જે શરીરમાં પદ્માસનમાં બેઠા પછી (૧) જમણા ખભાથી ડાબા ઢીંચણનું અંતર (૨) ડાબા ખભાથી જમણા

ઢીંચણનું અંતર (૩) બે ઢીંચણનું અંતર અને (૪) મસ્તક અને પલાઠીનું અંતર આ ચારે અંતરો સમાન હોય તે શરીર સમચતુરસ્રસંસ્થાનવાળુ છે.

(ii) **ન્યગ્રોધસંસ્થાન** - વટવૃક્ષની જેમ જે શરીરમાં નાભિની ઉપરનો ભાગ પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને નાભિની નીચેનો ભાગ પ્રમાણ-લક્ષણ રહિત હોય તે શરીર ન્યગ્રોધ સંસ્થાનવાળુ છે.

(iii) **સાદિ(સાચિ)સંસ્થાન** - શાલ્મલિવૃક્ષની જેમ જે શરીરમાં નાભિની નીચેનો ભાગ પ્રમાણ-લક્ષણયુક્ત હોય અને નાભિની ઉપરનો ભાગ પ્રમાણ-લક્ષણ રહિત હોય તે શરીર સાદિ(સાચિ) સંસ્થાનવાળુ છે.

(iv) **વામનસંસ્થાન** - જે શરીરમાં હાથ, પગ, મસ્તક, ડોક વગેરે અવયવો પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને પેટ, છાતી, પીઠ વગેરે અવયવો પ્રમાણ-લક્ષણ રહિત હોય તે શરીર વામનસંસ્થાનવાળુ છે. કેટલાક આ શરીરને કુબ્જસંસ્થાનવાળુ કહે છે.

(v) **કુબ્જસંસ્થાન** - જે શરીરમાં હાથ, પગ, મસ્તક, ડોક વગેરે અવયવો પ્રમાણ-લક્ષણ રહિત હોય અને પેટ, છાતી, પીઠ વગેરે અવયવો પ્રમાણ-લક્ષણ યુક્ત હોય તે શરીર કુબ્જસંસ્થાનવાળુ છે. કેટલાક આ શરીરને વામનસંસ્થાનવાળુ કહે છે.

(vi) **હુંડકસંસ્થાન** - જે શરીરમાં બધા અવયવો પ્રમાણ-લક્ષણ રહિત હોય તે શરીર હુંડક સંસ્થાનવાળુ છે.

સંસ્થાન નામકર્મના ૬ ભેદ છે -

(૧) **સમચતુરસ્રસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર સમચતુરસ્રસંસ્થાનવાળુ બને તે.

(૨) **ન્યગ્રોધસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર ન્યગ્રોધસંસ્થાનવાળુ બને તે.

(૩) **સાદિસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર સાદિ સંસ્થાનવાળુ બને તે.

(૪) **વામનસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર વામન સંસ્થાનવાળુ બને તે.

(૫) **કુબ્જસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કુબ્જ સંસ્થાનવાળુ બને તે.

(૬) **હુંડકસંસ્થાન નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હુંડક સંસ્થાનવાળુ બને તે.

(૯) **વર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર તે તે વર્ણ(રંગ)વાળુ બને તે વર્ણ નામકર્મ. તેના ૫ ભેદ છે -

(i) **કૃષ્ણવર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કાજળ જેવું કાળુ બને તે.

(ii) **નીલવર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર રાયણ (પ્રિયંગુ)ના પાંદડા જેવું લીલુ બને તે.

(iii) **લોહિતવર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હિંગળાની જેવું લાલ બને તે.

(iv) **હારિદ્રવર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હળદર જેવું પીળું બને તે.

(v) **શુક્લવર્ણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર ખડી જેવું સફેદ બને તે.

(૧૦) **ગંધ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર તે તે ગંધવાળુ બને તે ગંધ નામકર્મ. તેના ૨ ભેદ છે -

(i) **સુરભિગંધ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર ચંદન જેવું સુગંધી બને તે.

(ii) **દુરભિગંધ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર લસણ જેવું દુર્ગંધવાળુ બને તે.

(૧૧) **રસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર તે તે રસવાળુ બને તે રસ નામકર્મ. તેના ૫ ભેદ છે -

(i) **તિક્તરસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર લીંબડાની જેમ કડવું બને તે.

(ii) **કટુરસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર સુંઠની જેમ તીખું બને તે.

શાસ્ત્રમાં જે પરિણામે અતિભયંકર હોય તેને કટુ કહેવાય છે અને જે પરિણામે અતિઠંડું હોય તે લીંબડો વગેરે લોકમાં કડવો કહેવાતો હોવા છતાં તિક્ત કહેવાય છે.

(iii) **કષાયરસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કાચા કોઠાની જેમ તુરુ બને તે.

(iv) **અમ્લરસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર આંબલીની જેમ ખાટુ બને તે.

(v) **મધુરરસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર સાકરની જેમ મીઠુ બને તે.

(૧૨) **સ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર તે તે સ્પર્શવાળુ બને તે. તેના ૮ ભેદ છે -

(i) **કર્કશસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર પથ્થરની જેમ કર્કશ બને તે.

(ii) **મૃદુસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હંસના રૂંવાટાની જેમ કોમળ બને તે.

(iii) **લઘુસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર આકડાના

રૂની જેમ હલકુ બને તે.

(iv) **ગુરુસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર વજની જેમ ભારે બને તે.

(v) **શીતસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કમળની દાંડીની જેમ ઠંડુ બને તે.

(vi) **ઉષ્ણસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર અગ્નિની જેમ ગરમ બને તે.

(vii) **સ્નિગ્ધસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર ઘીની જેમ સ્નિગ્ધ બને તે.

(viii) **રૂક્ષસ્પર્શ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર રાખની જેમ લૂખુ બને તે.

(૧૩) **આનુપૂર્વી નામકર્મ** - જે કર્મના ઉદયથી વિગ્રહગતિથી ભવાંતરમાં જતા જીવની આકાશપ્રદેશોની સમશ્રેણિ અનુસાર ગતિ થાય તે. તેના ૪ ભેદ છે -

(i) **નરકાનુપૂર્વી નામકર્મ** - જે કર્મના ઉદયથી વિગ્રહગતિથી નરકગતિમાં જતા જીવની આકાશપ્રદેશોની સમશ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(ii) **તિર્યંચાનુપૂર્વી નામકર્મ** - જે કર્મના ઉદયથી વિગ્રહગતિથી તિર્યંચ-ગતિમાં જતા જીવની આકાશપ્રદેશોની સમશ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(iii) **મનુષ્યાનુપૂર્વી નામકર્મ** - જે કર્મના ઉદયથી વિગ્રહગતિથી મનુષ્ય-ગતિમાં જતા જીવની આકાશપ્રદેશોની સમશ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(iv) **દેવાનુપૂર્વી નામકર્મ** - જે કર્મના ઉદયથી વિગ્રહગતિથી દેવગતિમાં જતા જીવની આકાશપ્રદેશોની સમશ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(૧૪) **વિહાયોગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને સારી કે ખરાબ ચાલ મળે તે. તેના ૨ ભેદ છે -

(i) **શુભવિહાયોગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને હંસ, હાથી, બળદ વગેરેની જેમ સુંદર ચાલ મળે તે.

(ii) **અશુભવિહાયોગતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને ગધેડા, ઊંટ, પાડા વગેરેની જેમ ખરાબ ચાલ મળે તે.

(૧૫) **અગુરુલઘુ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર એકાંતે ગુરુ (ભારે) નહીં અને એકાંતે લઘુ (હલકુ) નહીં પણ અગુરુલઘુ પરિણામવાળુ થાય તે. એકાંતે ગુરુ શરીર હોય તો ચાલી ન શકાય, એકાંતે લઘુ શરીર હોય તો પવનથી ઊડી જાય.

(૧૬) **ઉપઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ વધતા એવા પડજીભ, રસોળી, ચૌરદાંત વગેરે પોતાના શરીરના અવયવો વડે પોતે પીડાય તે.

(૧૭) **પરાઘાત નામકર્મ** - જે કર્મના ઉદયથી ઓજસ્વી જીવ દર્શનમાત્રથી કે વાણીની સુંદરતાથી રાજાની સભામાં પણ સભ્યોને ક્ષોભ પમાડે અને પ્રતિપક્ષનું નિરાકરણ કરે તે.

(૧૮) **શ્વાસોચ્છ્વાસ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસ કરવાની લબ્ધિ મળે તે. શ્વાસોચ્છ્વાસ નામકર્મથી શ્વાસોચ્છ્વાસ કરવાની લબ્ધિ મળે છે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી જીવ શ્વાસોચ્છ્વાસ કરે છે.

(૧૯) **આતપ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર ઉષ્ણ પ્રકાશ આપે તે. સૂર્યના વિમાનમાં રહેલા બાદર પૃથ્વીકાયના જીવોને જ આતપ નામકર્મનો ઉદય હોય છે. અગ્નિને આતપ નામકર્મનો ઉદય હોતો નથી પણ ઉષ્ણસ્પર્શ નામકર્મના ઉદયથી તે ઉષ્ણ હોય છે અને ઉત્કૃષ્ટ લોહિતવર્ણ નામકર્મના ઉદયથી તે પ્રકાશ આપે છે.

(૨૦) **ઉદ્યોત નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર અનુષ્ણ પ્રકાશ આપે તે. યતિ અને દેવોને ઉત્તરવૈક્રિયશરીરમાં તથા ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાના વિમાનો, રત્નો, ઔષધીઓમાં રહેલ જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે.

(૨૧) **નિર્માણ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં અંગો-ઉપાંગોની નિયતસ્થાને રચના થાય તે.

(૨૨) **તીર્થંકર નામકર્મ** - જે કર્મના ઉદયથી ૮ પ્રાતિહાર્ય વગેરે ૩૪ અતિશયો પ્રગટે તે.

(૨૩) **ત્રસ નામકર્મ** - તાપ વગેરેથી પીડિત થવા પર પોતાની ઇચ્છા મુજબ એકસ્થાનેથી બીજા સ્થાને જઈ શકે તે ત્રસ જીવો. જે કર્મના ઉદયથી આવું ત્રસપણું મળે તે ત્રસ નામકર્મ.

(૨૪) **બાદર નામકર્મ** - એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા જીવોના શરીરો ભેગા થાય ત્યારે ચર્મચક્ષુથી દેખાય તે બાદર જીવો. જે કર્મના ઉદયથી આવું બાદરપણું મળે તે બાદર નામકર્મ.

(૨૫) **પર્યાપ્ત નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ બને તે. પર્યાપ્તિઓનું સ્વરૂપ ૨૩૨મા દ્વારમાં કહેવાશે.

(૨૬) **પ્રત્યેક નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને પોતાનું સ્વતંત્ર જુદુ શરીર મળે તે.

(૨૭) **સ્થિર નામકર્મ** - જે કર્મના ઉદયથી મસ્તક, હાડકા, દાંત વગેરે શરીરના અવયવો સ્થિર બને તે.

(૨૮) **શુભ નામકર્મ** - જે કર્મના ઉદયથી નાભિની ઉપરના મસ્તક વગેરે અવયવો શુભ બને તે. મસ્તક વગેરેથી અડવા પર બીજા ખુશ થાય છે. તેથી મસ્તક વગેરે શુભ અવયવો છે.

(૨૯) **સુભગ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ અનુપકારી હોવા છતાં

બધાના મનને આનંદિત કરે તે.

(૩૦) **સુસ્વર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો સ્વર મધુર, ગંભીર, ઉદાર થાય તે.

(૩૧) **આદેય નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ કંઈ પણ બોલે તો પણ તેનું વચન માન્ય થાય તે.

(૩૨) **યશઃકીર્તિ નામકર્મ** - જે કર્મના ઉદયથી યશ-કીર્તિ મળે તે.

યશ = ખ્યાતિ, કીર્તિ = ગુણગાનરૂપ પ્રશંસા. અથવા,

યશ = તે પરાક્રમથી થાય છે, બધી દિશાઓમાં ફેલાય છે.

કીર્તિ = તે દાનપુણ્યથી થાય છે, એક દિશામાં ફેલાય છે.

(૩૩) **સ્થાવર નામકર્મ** - તાપ વગેરેથી પીડિત થવા પર એકસ્થાનેથી બીજા સ્થાને જઈ ન શકે તે સ્થાવર. જે કર્મના ઉદયથી આવું સ્થાવરપણું મળે તે સ્થાવર નામકર્મ.

(૩૪) **સૂક્ષ્મ નામકર્મ** - અનંતા જીવોના અસંખ્ય શરીર ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી જોઈ ન શકાય તે સૂક્ષ્મ જીવો. જે કર્મના ઉદયથી આવું સૂક્ષ્મપણું મળે તે સૂક્ષ્મ નામકર્મ.

(૩૫) **અપર્યાપ્ત નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ ન બને તે.

(૩૬) **સાધારણ નામકર્મ** - જે કર્મના ઉદયથી અનંતા જીવોને સાધારણ એવું એક શરીર મળે તે.

(૩૭) **અસ્થિર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીભ વગેરે અવયવો અસ્થિર બને તે.

(૩૮) **અશુભ નામકર્મ** - જે કર્મના ઉદયથી નાભિની નીચેના પગ વગેરે અવયવો અશુભ બને તે. પગ વગેરેથી અડવા પર બીજા ગુસ્સે થાય છે. માટે પગ વગેરે અશુભ છે.

(૩૯) **દુર્ભગ નામકર્મ** - જે કર્મના ઉદયથી ઉપકારી હોવા છતાં લોકોને અપ્રિય લાગે તે.

(૪૦) **દુઃસ્વર નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો સ્વર કર્કશ, ભેદાયેલ, દીન અને હીન થાય તે.

(૪૧) **અનાદેય નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું યુક્તિસંગત વચન પણ માન્ય ન થાય તે.

(૪૨) **અયશઃકીતિ નામકર્મ** - જે કર્મના ઉદયથી જીવની મધ્યસ્થ માણસ પણ પ્રશંસા ન કરે તે.

આમ નામકર્મની ઉત્તરપ્રકૃતિના ગતિનામકર્મ વગેરે મૂળ ભેદોની અપેક્ષાએ નામકર્મની ૪૨ ઉત્તરપ્રકૃતિ છે.

નામકર્મની ૬૭ ઉત્તરપ્રકૃતિ -

અહીં ગતિ નામકર્મ વગેરેના ઉત્તરભેદો ગણ્યા છે. બંધન નામકર્મ અને સંઘાત નામકર્મનો શરીર નામકર્મમાં સમાવેશ કર્યો છે. વર્ણ નામકર્મ, રસ નામકર્મ, ગંધ નામકર્મ અને સ્પર્શ નામકર્મના ઉત્તરભેદો ગણ્યા નથી. તેથી ૬૭ ઉત્તરપ્રકૃતિ થઈ.

પૂર્વે કહેલ નામકર્મના ૪૨ ભેદોના બધા ઉત્તરભેદોની અપેક્ષાએ નામકર્મની ૯૩ ઉત્તરપ્રકૃતિ થાય છે.

ઉપર કહેલ ૯૩ ભેદમાં બંધન નામકર્મના ૫ ભેદની બદલે ૧૫ ભેદ ગણતા નામકર્મની ૧૦૩ ઉત્તરપ્રકૃતિ થાય છે.

## વિવિધ રીતે નામકર્મની ઉત્તરપ્રકૃતિઓ

| નામકર્મ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|---|---|
| ગતિ નામકર્મ | ૧ | ૪ | ૪ | ૪ |
| જાતિ નામકર્મ | ૧ | ૫ | ૫ | ૫ |

| નામકર્મ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|---|---|
| શરીર નામકર્મ | ૧ | ૫ | ૫ | ૫ |
| અંગોપાંગ નામકર્મ | ૧ | ૩ | ૩ | ૩ |
| બંધન નામકર્મ | ૧ | — | ૫ | ૧૫ |
| સંઘાત નામકર્મ | ૧ | — | ૫ | ૫ |
| સંઘયણ નામકર્મ | ૧ | ૬ | ૬ | ૬ |
| સંસ્થાન નામકર્મ | ૧ | ૬ | ૬ | ૬ |
| વર્ણ નામકર્મ | ૧ | ૧ | ૫ | ૫ |
| ગંધ નામકર્મ | ૧ | ૧ | ૨ | ૨ |
| રસ નામકર્મ | ૧ | ૧ | ૫ | ૫ |
| સ્પર્શ નામકર્મ | ૧ | ૧ | ૮ | ૮ |
| આનુપૂર્વી નામકર્મ | ૧ | ૪ | ૪ | ૪ |
| વિહાયોગતિ નામકર્મ | ૧ | ૨ | ૨ | ૨ |
| અગુરુલઘુ નામકર્મ વગેરે | ૮ | ૮ | ૮ | ૮ |
| ત્રસ નામકર્મ વગેરે | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| સ્થાવર નામકર્મ વગેરે | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| કુલ | ૪૨ | ૬૭ | ૯૩ | ૧૦૩ |

આમ વિવિધ રીતે નામકર્મની ૪૨, ૬૭, ૯૩ અને ૧૦૩ ઉત્તર-પ્રકૃતિ થાય છે.

(૭) **ગોત્રકર્મ** - તેની ૨ ઉત્તરપ્રકૃતિ છે -

(i) **ઉચ્ચગોત્રકર્મ** - જે કર્મના ઉદયથી જીવને ઊંચા કુળ-જાતિ મળે,

તપ-રૂપ-ઐશ્વર્ય-શ્રુતથી સત્કાર, અભ્યુત્થાન (ઊભા થવું), આસન આપવું, અંજલી કરવી વગેરે મળે તે.

(ii) **નીચગોત્રકર્મ** - જે કર્મના ઉદયથી જીવને નીચા કુળ-જાતિ મળે, જ્ઞાન વગેરેથી યુક્ત હોવા છતાં નિંદા થાય તે.

(૮) **અંતરાયકર્મ** - તેની ૫ ઉત્તરપ્રકૃતિ છે -

(i) **દાનાંતરાય** - વૈભવ હોય, ગુણવાન પાત્ર હોય, દાનનું ફળ જાણતો હોય છતાં જે કર્મના ઉદયથી દાન ન આપી શકે તે.

(ii) **લાભાંતરાય** - દાતા ઉદાર હોય, જોઈતી વસ્તુ હોય, યાચકની યાચના કુશળ હોય છતાં જે કર્મના ઉદયથી લાભ ન મેળવી શકે તે.

(iii) **ભોગાંતરાય** - આહાર વગેરેની વિશિષ્ટ સામગ્રી હોય અને પચ્ચક્ખાણ કે વૈરાગ્ય ન હોય છતાં જે કર્મના ઉદયથી કૃપણતાથી ભોગવવા ઉત્સાહિત ન થાય તે. એક વાર ભોગવાય તે ભોગ. દા.ત. આહાર, ફૂલની માળા વગેરે. વારંવાર ભોગવાય તે પરિભોગ. દા.ત. ઘર, સ્ત્રી વગેરે.

(iv) **પરિભોગાંતરાય** - પરિભોગની બધી સામગ્રી હોય અને પોતે પચ્ચક્ખાણ કે વૈરાગ્ય વિનાનો હોય છતાં જે કર્મના ઉદયથી કૃપણતાથી પરિભોગ કરવા ઉત્સાહિત ન થાય તે.

(v) **વીર્યાંતરાય** - નીરોગી શરીર હોય, પોતે યુવાન હોય છતાં જે કર્મના ઉદયથી બળવાનશરીરથી સાધવા યોગ્ય કાર્યને ન કરી શકે, અથવા અલ્પ સત્ત્વવાળો હોવાથી બળવાન શરીરથી સાધવા યોગ્ય કાર્યને જે કર્મના ઉદયથી કરી ન શકે તે.

આમ ૮ કર્મોની ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓ છે -

| કર્મ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|
| જ્ઞાનાવરણ | ૫ |
| દર્શનાવરણ | ૯ |
| વેદનીય | ૨ |
| મોહનીય | ૨૮ |
| આયુષ્ય | ૪ |
| નામ | ૧૦૩ |
| ગોત્ર | ૨ |
| અંતરાય | ૫ |
| કુલ | ૧૫૮ |

●●●

+ ગધેડાની પીઠ પર સાકરની ગુણીઓ નાંખી હોય છે. તેટલા માત્રથી તેને સાકરના સ્વાદનો લાભ મળતો નથી, માત્ર વહન કરવાનો શ્રમ જ પ્રાપ્ત થાય છે.

એ જ રીતે આગમો માત્ર ભણવાથી ફલદાયી થતા નથી. પરંતુ આગમોમાં કહેલ આચારોના પાલનથી, સંયમ અને તપથી જીવો ભવાંતરમાં સ્વર્ગાદિ સુખો પ્રાપ્ત કરીને મુક્તિના સુખને પણ મેળવે છે.

+ ગુણીજનોના ગુણોની અનુમોદનાથી ગુણોની શીઘ્ર પ્રાપ્તિ થાય છે. જ્યારે ગુણીજનો પ્રત્યેના મત્સરભાવથી પોતાનામાં રહેલા ગુણો નાશ પામે છે. એટલું જ નહીં, ભવિષ્યમાં પ્રાપ્ત ન થઈ શકે તેવા થાય છે. દુર્લભબોધિપણું થાય છે. પુણ્ય પણ ખતમ થાય છે. જીવની કારમી દશા થાય છે.

# દ્વાર ૨૧૭મું - બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ

(૧) **બંધ** - અંજનચૂર્ણથી ભરેલા ડબ્બાની જેમ પુદ્‌ગલોથી ભરાયેલા લોકમાંથી મિથ્યાત્વ વગેરે બંધહેતુઓ વડે કાર્મણવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને જેમ ગરમ કરેલું લોઢુ અને અગ્નિ એકમેક થઈ જાય છે તેમ આત્માની સાથે એકમેક કરવા તે બંધ છે.

(૨) **ઉદય** - અપવર્તનાકરણ વડે કે સ્વાભાવિક રીતે ઉદયસમયને પામેલા કર્મોના ફળને ભોગવવું તે ઉદય.

(૩) **ઉદીરણા** - ઉદયાવલિકાની ઉપરની સ્થિતિમાં રહેલા કર્મદલિકોને કષાયસહિત કે કષાયરહિત વીર્ય વડે ખેંચીને ઉદાયવલિકામાં પ્રવેશ કરાવવો તે ઉદીરણા.

(૪) **સત્તા** - બંધ કે સંક્રમથી આવેલા કર્મોની નિર્જરા અને સંક્રમ ન થાય ત્યાં સુધી તે કર્મોનું તે સ્વરૂપે આત્મા પર રહેવું તે સત્તા.

**બંધસ્થાન** - એકસાથે બંધાતી પ્રકૃતિઓનો સમૂહ તે બંધસ્થાન. તે ૪ છે -

| બંધસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૮નું | સર્વ | ૧લું, ૨જું, ૪થું, ૫મું, ૬ઠ્ઠું, ૭મું | આયુષ્યબંધ વખતે ૮ પ્રકૃતિ બાંધે. ૩જા ગુણઠાણે આયુષ્ય બંધાતું નથી. |
| ૭નું | ૮ – આયુષ્ય | ૧લા થી ૯મું | આયુષ્ય ન બંધાય ત્યારે ૭ પ્રકૃતિ બાંધે. |

| બંધસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૬નું | ૭—મોહનીય | ૧૦મું | મોહનીયના બંધવિચ્છેદ પછી ૬ પ્રકૃતિ બાંધે. |
| ૧નું | સાતાવેદનીય | ૧૧મા થી ૧૩મું | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અંતરાયના બંધવિચ્છેદ પછી ૧ પ્રકૃતિ બાંધે. |

**ઉદયસ્થાન** - એકસાથે ઉદયમાં આવતી પ્રકૃતિઓનો સમૂહ તે ઉદયસ્થાન. તે ૩ છે -

| ઉદયસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૮નું | સર્વ | ૧લા થી ૧૦મું | — |
| ૭નું | ૮ — મોહનીય | ૧૧મું, ૧૨મું | ૧૧મા ગુણઠાણે મોહનીયનો ઉપશમ થઈ ગયો છે અને ૧૨મા ગુણઠાણે મોહનીયનો ક્ષય થઈ ગયો છે. તેથી મોહનીય-નો ઉદય નથી. |

| ઉદયસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૪નું | ૭ – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧૩મું, ૧૪મું | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયના ક્ષય પછી ૪ પ્રકૃતિનો ઉદય હોય. |

**ઉદીરણાસ્થાન** - એકસાથે ઉદીરણામાં આવતી પ્રકૃતિઓનો સમૂહ તે ઉદીરણાસ્થાન. તે ૫ છે -

| ઉદીરણાસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૮નું | સર્વ | ૧લા થી ૬ઠ્ઠું (આયુષ્યની ચરમાવલિકા સિવાય) | આયુષ્યની ચરમાવલિકામાં તેની ઉદીરણા થતી નથી. |
| ૭નું | ૮ – આયુષ્ય | ૧લું, ૨જું, ૪થું ૫મુ, ૬ઠ્ઠું (આયુષ્યની ચરમાવલિકામાં) | ૩જા ગુણઠાણે ૮ પ્રકૃતિની જ ઉદીરણા થાય છે. |
| ૬નું | ૭ – વેદનીય | ૭મું, ૮મું, ૯મું, ૧૦મું (દ્વિચરમાવલિકા સુધી) | ૭મા ગુણઠાણાથી વેદનીય અને આયુષ્યની ઉદીરણા થતી નથી. ૧૦મા ગુણઠાણાની ચરમાવલિકામાં મોહ- |

| ઉદીરણાસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| | | | નીચની ઉદીરણા થતી નથી. |
| ૫નું | ૬ – મોહનીય | ૧૦માની ચરમાવલિકાથી ૧૨માની દ્વિચરમાવલિકા સુધી | ૧૨મા ગુણઠાણાની ચરમાવાલિકામાં અને ત્યારપછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયની ઉદીરણા થતી નથી |
| ૨નું | નામ, ગોત્ર | ૧૨માની ચરમાવલિકાથી ૧૩મું | ૧૪મા ગુણઠાણે યોગ ન હોવાથી ઉદીરણા થતી નથી. |

**સત્તાસ્થાન** - એકસાથે સત્તામાં રહેલી પ્રકૃતિઓનો સમૂહ તે સત્તાસ્થાન. તે ૩ છે -

| સત્તાસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૮નું | સર્વ | ૧લા થી ૧૧મું | – |
| ૭નું | ૮– મોહનીય | ૧૨મું | મોહનીયના ક્ષય પછી ૭ પ્રકૃતિની સત્તા હોય. |

| સત્તાસ્થાન | પ્રકૃતિ | ગુણસ્થાનક | વિશેષ |
|---|---|---|---|
| ૪નું | ૭ – જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૧૩મું, ૧૪મું | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયનો ક્ષય થયા પછી ૪ પ્રકૃતિની સત્તા હોય. |

**બંધ, ઉદય, ઉદીરણા, સત્તામાં ઉત્તરપ્રકૃતિઓ -**

| કર્મ | બંધ | ઉદય, ઉદીરણા | સત્તા |
|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | ૫ | ૫ |
| દર્શનાવરણ | ૯ | ૯ | ૯ |
| વેદનીય | ૨ | ૨ | ૨ |
| મોહનીય | ૨૬[૧] | ૨૮ | ૨૮ |
| આયુષ્ય | ૪ | ૪ | ૪ |
| નામ | ૬૭ | ૬૭ | ૧૦૩/૯૩[૨] |
| ગોત્ર | ૨ | ૨ | ૨ |
| અંતરાય | ૫ | ૫ | ૫ |
| કુલ | ૧૨૦ | ૧૨૨ | ૧૫૮/૧૪૮[૨] |

●●●

૧. સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય બંધાતું ન હોવાથી મોહનીયની ૨૬ પ્રકૃતિઓ જ બંધાય છે. મિથ્યાત્વમોહનીય જ વિશુદ્ધ થતા મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયરૂપે પરિણમે છે.

૨. નામકર્મની ૯૩ ઉત્તરપ્રકૃતિની અપેક્ષાએ સત્તામાં કુલ ૧૪૮ પ્રકૃતિઓ છે. નામકર્મની ૧૦૩ ઉત્તરપ્રકૃતિની અપેક્ષાએ સત્તામાં કુલ ૧૫૮ પ્રકૃતિઓ છે.

# દ્વાર ૨૧૮મું - કર્મોની સ્થિતિ અને અબાધા

**સ્થિતિ** - કર્મોની સ્થિતિ બે પ્રકારની છે -

(૧) કર્મરૂપે રહેવારૂપ સ્થિતિ - આ સ્થિતિને આશ્રયીને અહીં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાશે.

(૨) અનુભવયોગ્ય સ્થિતિ = કર્મરૂપે રહેવા રૂપ સ્થિતિ – અબાધાકાળ.

**અબાધાકાળ** - કર્મ બાંધ્યા પછી અમુક કાળ સુધી ઉદયમાં આવતા નથી, ત્યારપછી જ ઉદયમાં આવે છે. કર્મ બાંધ્યા પછી જેટલો કાળ ઉદયમાં આવતા નથી તેને અબાધાકાળ કહેવાય છે. જે કર્મોની જેટલા કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તે કર્મોનો તેટલા સો વર્ષ ઉત્કૃષ્ટ અબાધાકાળ છે. આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા પૂર્વક્રોડવર્ષનો ત્રીજો ભાગ છે. બધા કર્મોનો જઘન્ય અબાધાકાળ અંતર્મુહૂર્ત છે.

| કર્મ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| દર્શનાવરણ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| વેદનીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત[1] | અંતર્મુહૂર્ત |
| મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

૧. આ જઘન્યસ્થિતિ સકષાયી જીવોની અપેક્ષાએ જાણવી. અકષાયી જીવોની અપેક્ષાએ જઘન્યસ્થિતિ ૨ સમયની છે.

| કર્મ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્યસ્થિતિ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|
| આયુષ્ય | ૩૩ સાગરોપમ | પૂર્વક્રોડ વર્ષ / ૩ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| નામ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| અંતરાય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

આ મૂળપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ અને જઘન્યસ્થિતિ કહી.

ઉત્તરપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ અને જઘન્યસ્થિતિ કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાંથી જાણવી.

●●●

+ સંસારમાં રખડતા જીવને મહામુશ્કેલીએ અલ્પ એવા સુકૃતની તક મળે છે. આ અલ્પસુકૃત પણ મદ, મત્સર, સ્વશ્લાઘા, પરનિંદા, નોકષાયો વગેરેથી નિષ્ફળ જાય છે, માટે આવા દોષોનું નિરાકરણ કરી, એક માત્ર કર્મનિર્જરાના આશયથી લઘુતા, નમ્રતા, સરળતાદિ પૂર્વક સુકૃતો કરવા જેથી તે સફળ થાય.

+ કાળ, કાયા અને કર્મનો કાંઈ ભરોસો નથી. કાળના કોલે આ જીવને અનિચ્છાએ પણ પરલોકમાં જવું પડે છે. સંધ્યાના રંગ જેવા ચંચળ આ જીવનમાં આત્મસાધનાની લૂંટ ચલાવવામાં કશી કમીના રાખવાની નથી.

+ સમય પૂરો થતાં જ પુણ્ય આપણને છોડી દેવાનું છે. તેથી એના સદુપયોગમાં જ આ જીવન સાર્થક છે.

# દ્વાર ૨૧૯મું - ૪૨ પુણ્યપ્રકૃતિઓ

| મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિની સંખ્યા | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતાવેદનીય |
| આયુષ્ય | ૩ | તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય |
| નામ | ૩૭ | મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, શરીર ૫, અંગોપાંગ ૩, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, શુભવર્ણ, (શુક્લ, પીત, રક્ત), સુરભિગંધ, શુભ રસ (મધુર, અમ્લ, કષાય), શુભ સ્પર્શ (મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ), શુભ-વિહાયોગતિ, અગુરુલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, તીર્થંકર, ત્રસ ૧૦ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| કુલ | ૪૨ | |

●●●

+ દુનિયામાં એવી એક પણ વિપત્તિ નથી કે જે પ્રભુના પ્રભાવથી નાશ ન પામે, એવી એક પણ સંપત્તિ નથી કે જે પરમાત્માના પ્રભાવથી પ્રાપ્ત ન થાય, પણ આપણને પરમાત્માની સેવાભક્તિ કરતાં આવડતી નથી. તેથી આપણે તેનાથી વંચિત રહીએ છીએ.

# દ્વાર ૨૨૦મું - ૮૨ પાપપ્રકૃતિઓ

| મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિની સંખ્યા | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | સર્વ |
| દર્શનાવરણ | ૯ | સર્વ |
| વેદનીય | ૧ | અસાતાવેદનીય |
| મોહનીય | ૨૬ | મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય સિવાયની |
| આયુષ્ય | ૧ | નરકાયુષ્ય |
| નામ | ૩૪ | નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, જાતિ ૪, છેલ્લા ૫ સંઘયણ, છેલ્લા ૫ સંસ્થાન, અશુભ વર્ણ (નીલ, કૃષ્ણ), દુરભિગંધ, અશુભ રસ (તિક્ત, કટુ), અશુભ સ્પર્શ (ગુરુ, કર્કશ, રૂક્ષ, શીત), ઉપઘાત, અશુભ વિહાયોગતિ, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| અંતરાય | ૫ | સર્વ |
| કુલ | ૮૨ | |

●●●

+ તમે બહારની ઘટનાઓથી તદ્દન અપરિચિત, અસ્પૃષ્ટ, અપ્રભાવિત હોવ તો જ તમારી આંતરિક ગુણગરિમાથી તમે સ્પૃષ્ટ બની શકો.

# દ્વાર ૨૨૧મું - છ ભાવો અને તેમના ભેદો

વિશિષ્ટ હેતુઓ વડે કે સ્વભાવથી જીવોનું તે તે રૂપે થવું તે ભાવ. એટલે કે વસ્તુના વિશેષ પ્રકારના પરિણામો. અથવા, ઉપશમ વગેરે પર્યાયો વડે થાય તે ભાવ. તે છ પ્રકારના છે -

(૧) **ઔપશમિક ભાવ** - કર્મોના ઉપશમથી થતો ભાવ તે ઔપશમિક ભાવ. મોહનીયકર્મનો જ ઉપશમ થાય છે. ઉપશમ એટલે વિપાકોદય અને પ્રદેશોદય બન્નેનો અભાવ. તેના ૨ ભેદ છે -

| **ક્ર.** | **ભાવ** | **ક્યા કર્મના ઉપશમથી થાય ?** |
|---|---|---|
| ૧ | ઔપશમિક સમ્યક્ત્વ | દર્શન ૭ |
| ૨ | ઔપશમિક ચારિત્ર | ચારિત્રમોહનીય |

(૨) **ક્ષાયિક ભાવ** - કર્મોના ક્ષયથી થતો ભાવ તે ક્ષાયિક ભાવ. તેના ૯ ભેદ છે -

| **ક્ર.** | **ભાવ** | **ક્યા કર્મના ક્ષયથી થાય ?** |
|---|---|---|
| ૧ | કેવળજ્ઞાન | કેવળજ્ઞાનાવરણ |
| ૨ | કેવળદર્શન | કેવળદર્શનાવરણ |
| ૩ | દાનલબ્ધિ | દાનાંતરાય |
| ૪ | લાભલબ્ધિ | લાભાંતરાય |
| ૫ | ભોગલબ્ધિ | ભોગાંતરાય |
| ૬ | પરિભોગલબ્ધિ | પરિભોગાંતરાય |
| ૭ | વીર્યલબ્ધિ | વીર્યાંતરાય |
| ૮ | ક્ષાયિક સમ્યક્ત્વ | દર્શન ૭ |
| ૯ | ક્ષાયિક ચારિત્ર | ચારિત્રમોહનીય |

(૩) **ક્ષાયોપશમિક ભાવ** - કર્મોના ક્ષયોપશમથી થતો ભાવ તે ક્ષાયોપશમિક ભાવ. ઉદયમાં આવેલા કર્મોનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા કર્મોનો વિપાકોદયને આશ્રયીને ઉપશમ તે ક્ષયોપશમ. ૪ ઘાતીકર્મોનો જ ક્ષયોપશમ થાય છે. તેના ૧૮ ભેદ છે -

| **ક્ર.** | **ભાવ** | **ક્યા કર્મના ક્ષયોપશમથી થાય ?** |
|---|---|---|
| ૧ | મતિજ્ઞાન | મતિજ્ઞાનાવરણ |
| ૨ | શ્રુતજ્ઞાન | શ્રુતજ્ઞાનાવરણ |
| ૩ | અવધિજ્ઞાન | અવધિજ્ઞાનાવરણ |
| ૪ | મનઃપર્યવજ્ઞાન | મનઃપર્યવજ્ઞાનાવરણ |
| ૫ | મતિઅજ્ઞાન | મતિજ્ઞાનાવરણ[૧] |
| ૬ | શ્રુતઅજ્ઞાન | શ્રુતજ્ઞાનાવરણ[૧] |
| ૭ | વિભંગજ્ઞાન | અવધિજ્ઞાનાવરણ[૧] |
| ૮ | ચક્ષુદર્શન | ચક્ષુદર્શનાવરણ |
| ૯ | અચક્ષુદર્શન | અચક્ષુદર્શનાવરણ |
| ૧૦ | અવધિદર્શન | અવધિદર્શનાવરણ |
| ૧૧ | દાનલબ્ધિ[૨] | દાનાંતરાય |
| ૧૨ | લાભલબ્ધિ | લાભાંતરાય |

૧. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન ક્રમશઃ મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી થતા હોવા છતાં ત્યારે મિથ્યાત્વમોહનીયનો ઉદય પણ સાથે હોય છે, તેથી તેમને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેવાય છે.

૨. પૂર્વે કહેલ દાનલબ્ધિ વગેરે ૫ લબ્ધિઓ અંતરાયકર્મના ક્ષયથી થયેલી હતી. અહીં કહેલ દાનલબ્ધિ વગેરે ૫ લબ્ધિઓ અંતરાયકર્મના ક્ષયોપશમથી થયેલી છે.

| | | |
|---|---|---|
| ૧૩ | ભોગલબ્ધિ | ભોગાંતરાય |
| ૧૪ | પરિભોગલબ્ધિ | પરિભોગાંતરાય |
| ૧૫ | વીર્યલબ્ધિ | વીર્યાંતરાય |
| ૧૬ | ક્ષાયોપશમિક સમ્યક્ત્વ | દર્શન ૭ |
| ૧૭ | ક્ષાયોપશમિક ચારિત્ર | ચારિત્રમોહનીય |
| ૧૮ | દેશવિરતિ | અપ્રત્યાખ્યાનાવરણકષાયમોહનીય |

(૪) **ઔદયિકભાવ** - કર્મોના ઉદયથી થતો ભાવ તે ઔદયિકભાવ. કર્મોના ફળને ભોગવવું તે ઉદય. તેના ૨૧ ભેદ છે -

| ક્ર. | ભાવ | ક્યા કર્મના ઉદયથી થાય ? |
|---|---|---|
| ૧-૪ | ગતિ ૪ | ગતિનામકર્મ |
| ૫-૮ | કષાય ૪ | કષાયમોહનીય |
| ૯-૧૧ | વેદ ૩ | વેદમોહનીય |
| ૧૨-૧૭ | લેશ્યા ૬ | ૩ યોગ જનક કર્મ - લેશ્યા યોગનો પરિણામ છે એવું માનનારના મતે.<br>કષાયમોહનીય - લેશ્યા કષાયોનું ઝરણું છે એવું માનનારના મતે.<br>૮ કર્મ - લેશ્યા કર્મોનું ઝરણું છે એવું માનનારના મતે. |
| ૧૮ | અજ્ઞાન | જ્ઞાનાવરણ, મિથ્યાત્વમોહનીય |
| ૧૯ | મિથ્યાત્વ | મિથ્યાત્વમોહનીય |
| ૨૦ | અસિદ્ધત્વ | ૮ કર્મ |
| ૨૧ | અસંયમ | અપ્રત્યાખ્યાનાવરણકષાયમોહનીય. |

આના ઉપલક્ષણથી નિદ્રા ૫, અસાતા, સાતા, હાસ્ય, રતિ,

અરતિ વગેરે બીજા પણ ઘણા ઔદયિક ભાવો જાણવા.

**(૫) પારિણામિકભાવ** - પરિણામથી થયેલ ભાવ તે પારિણામિક ભાવ. કોઈક રીતે અવસ્થિત રહેલ વસ્તુનું પૂર્વ અવસ્થાનો ત્યાગ કરીને અન્ય અવસ્થામાં જવું તે પરિણામ. તેના ૩ ભેદ છે -

(i) જીવત્વ (ii) ભવ્યત્વ (iii) અભવ્યત્વ.

આ ૩ અનાદિપરિણામિકભાવો છે.

આના ઉપલક્ષણથી બીજા પણ પારિણામિકભાવો જાણવા -

(૧) **અનાદિપારિણામિક ભાવો** - લોકસ્થિતિ, અલોકસ્થિતિ, ધર્માસ્તિકાયપણું વગેરે.

(૨) **સાદિપારિણામિક ભાવો** -

(i) ગોળ, ઘી, ચોખા, દારુ, ઘડો વગેરેની નવાપણું, જુનાપણું વગેરે અવસ્થાઓ.

(ii) વર્ષધરપર્વત, ભવન, વિમાન, કૂટ, રત્નપ્રભાપૃથ્વી વગેરેની પુદ્ગલો નીકળવા-આવવાથી થયેલી અવસ્થાઓ.

(iii) ગંધર્વનગરો[૧]

(iv) કપિહસિત - આકાશમાં વાંદરા જેવું વિકૃત મુખ હાસ્ય કરે તે.

(v) ઉલ્કાપાત[૧]

(vi) ગર્જિત-વાદળોની ગર્જના.

(vii) મહિકા-ધુમ્મસ.

(viii) દિગ્દાહ[૧]

(ix) વિજળી

(x) ચન્દ્રપરિવેષ - ચન્દ્રની ચારે બાજુ વલયાકારે પુદ્ગલના પરિણામરૂપ

૧. આમની વ્યાખ્યા માટે જુઓ પાના નં. ૭૩૩

રહેલું તેજ તે.

(xi) સૂર્યપરિવેષ - સૂર્યની ચારે બાજુ વલયાકારે પુદ્ગલના પરિણામરૂપ રહેલું તેજ તે.

(xii) ચન્દ્રગ્રહણ

(xiii) સૂર્યગ્રહણ

(xiv) ઈન્દ્રધનુષ્ય

૫ ભાવોના કુલ ભેદો -

| ભાવ | ભેદ |
|---|---|
| ઔપશમિક | ૨ |
| ક્ષાયિક | ૯ |
| ક્ષાયોપશમિક | ૧૮ |
| ઔદયિક | ૨૧ |
| પારિણામિક | ૩ |
| કુલ | ૫૩ |

**(૬) સાંનિપાતિકભાવ** - ઔપશમિક વગેરે ૫ ભાવોના બેસંયોગી વગેરે ભાવો તે સાંનિપાતિકભાવ. તેના ૨૬ ભેદ છે -

**(i) બેસંયોગી ભાવો ૧૦ છે -**

(૧) ઔપશમિક ક્ષાયિક

(૨) ઔપશમિક ક્ષાયોપશમિક

(૩) ઔપશમિક ઔદયિક

(૪) ઔપશમિક પારિણામિક

(૫) ક્ષાયિક ક્ષાયોપશમિક

(૬) ક્ષાયિક ઔદયિક

(૭) ક્ષાયિક પારિણામિક

(૮) ક્ષાયોપશમિક ઔદયિક

(૯) ક્ષાયોપશમિક પારિણામિક

(૧૦) ઔદયિક પારિણામિક

**(ii) ત્રણસંયોગી ભાવો ૧૦ છે -**

(૧) ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક

(૨) ઔપશમિક ક્ષાયિક ઔદયિક

(૩) ઔપશમિક ક્ષાયિક પારિણામિક

(૪) ઔપશમિક ક્ષાયોપશમિક ઔદયિક

(૫) ઔપશમિક ક્ષાયોપશમિક પારિણામિક

(૬) ઔપશમિક ઔદયિક પારિણામિક

(૭) ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક

(૮) ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક

(૯) ક્ષાયિક ઔદયિક પારિણામિક

(૧૦) ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક

**(iii) ચારસંયોગી ભાવો ૫ છે -**

(૧) ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક

(૨) ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક

(૩) ઔપશમિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક

(૪) ઔપશમિક ક્ષાયિક ઔદયિક પારિણામિક

(૫) ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક

**(iv) પાંચસંયોગી ભાવ ૧ છે -**

(૧) ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક

આ ૨૬ ભેદોમાંથી ૬ ભેદો જીવોને વિષે સંભવે છે -

(૧) **ક્ષાયિક પારિણામિક** - તે સિદ્ધોને હોય છે. તેમને ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, કેવળજ્ઞાન વગેરે હોય છે, પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે.

(૨) **ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક** - તે ચારે ગતિના જીવોને હોય છે. તેના ચાર ભેદ છે -

(i) નરગતિમાં ઔદયિકભાવે નરકગતિ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે.

(ii) તિર્યંચગતિમાં ઔદયિકભાવે તિર્યંચગતિ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે.

(iii) મનુષ્યગતિમાં ઔદયિકભાવે મનુષ્યગતિ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે.

(iv) દેવગતિમાં ઔદયિકભાવે દેવગતિ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે.

(૩) **ઔદયિક ક્ષાયિક પારિણામિક** - તે કેવળીઓને હોય છે. તેમને ઔયદિકભાવે મનુષ્યગતિ વગેરે, ક્ષાયિકભાવે કેવળજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ-ભવ્યત્વ વગેરે હોય છે.

(૪) **ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક** - તે ચારે ગતિના ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. તેમને ઔદયિકભાવે નરકગતિ વગેરે, ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે. આ ભાવના ચાર ગતિને આશ્રયીને ૪ ભેદ છે.

(૫) **ઔદયિક ઔપશમિક ક્ષાયોપશમિક પારિણામિક** - તે ચારે ગતિના ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. તેમને ઔદયિકભાવે નરકગતિ વગેરે, ઔપશમિકભાવે સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિકભાવે જીવત્વ વગેરે હોય છે. આ ભાવના ચાર ગતિને આશ્રયીને ૪ ભેદ છે.

(૬) **ઔદયિક ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક** - જે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમશ્રેણિ માંડે તેને આ ભાવ હોય છે. તેને ઔદયિકભાવે મનુષ્યગતિ, ઔપશમિકભાવે ચારિત્ર, ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવે મતિજ્ઞાન વગેરે અને પારિણામિક-ભાવે જીવત્વ વગેરે હોય છે.

આમ આ ૬ ભેદોના કુલ ૧૫ ભેદ થાય છે.

| **સાંનિપાતિકભાવના** | |
|---|---|
| **ભેદ** | **પેટાભેદ** |
| ૧લો | ૧ |
| ૨જો | ૪ |
| ૩જો | ૧ |
| ૪થો | ૪ |
| ૫મો | ૪ |
| છઠ્ઠો | ૧ |
| કુલ | ૧૫ |

સાંનિપાતિક ભાવના બાકીના ૨૦ ભેદો જીવોને વિષે સંભવતા નથી.

**ક્યો ભાવ ક્યા કર્મ સંબંધી છે ?**

| ક્ર. | ભાવ | કર્મસંખ્યા | કર્મ |
|---|---|---|---|
| ૧ | ઔપશમિક | ૧ | મોહનીય |
| ૨ | ક્ષાયોપશમિક | ૪ | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય |
| ૩ | ક્ષાયિક | ૮ | સર્વ |
| ૪ | ઔદયિક | ૮ | સર્વ |
| ૫ | પારિણામિક | ૮ | સર્વ |

**ક્યા કર્મસંબંધી ક્યા ભાવો સંભવે છે ?**

| ક્ર. | કર્મ | ભાવસંખ્યા | ભાવ |
|---|---|---|---|
| ૧ | મોહનીય | ૫ | સર્વ |
| ૨ | જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | ૪ | ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક |
| ૩ | વેદનીય, આયુષ્ય નામ, ગોત્ર | ૩ | ક્ષાયિક, ઔદયિક, પારિણામિક |

**ગુણસ્થાનકોમાં ભાવો -**

| ગુણસ્થાનક | ભાવસંખ્યા | ભાવ |
|---|---|---|
| ૧લું, ૨જું, ૩જું | ૩ | ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયોપશમિક (મતિઅજ્ઞાન વગેરે) પારિણામિક (જીવત્વ વગેરે). |
| ૪થું, ૫મું, ૬ઠ્ઠું, ૭મું | ૩ | ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે) ક્ષાયોપશમિક (સમ્યક્ત્વ વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે). |

| ગુણસ્થાનક | ભાવસંખ્યા | ભાવ |
|---|---|---|
| | ૪ | ક્ષાયિક સમ્યગ્દષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્યક્ત્વ), ક્ષાયો-શમિક (મતિજ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે).<br>ઔપશમિક સમ્યગ્દષ્ટિને -<br>ઔદયિક (ગતિ વગેરે),<br>ઔપશમિક (સમ્યક્ત્વ વગેરે),<br>ક્ષાયોપશમિક (મતિજ્ઞાન વગેરે),<br>પારિણામિક (જીવત્વ વગેરે) |
| ૮મું | ૪ | ક્ષાયિક સમ્યગ્દષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્યક્ત્વ), ક્ષાયો-પશમિક (મતિજ્ઞાન વગેરે), પારિ-ણામિક (જીવત્વ વગેરે).<br>ઔપશમિક સમ્યગ્દષ્ટિને-<br>ઔદયિક (ગતિ વગેરે),<br>ઔપશમિક (સમ્યક્ત્વ), ક્ષાયોપશમિક (મતિજ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે). |
| ૯મું, ૧૦મું | ૪ | ઉપરની જેમ |
| | ૫ | ઉપશમશ્રેણિ માંડનાર ક્ષાયિક સમ્યગ્-દૃષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્યક્ત્વ), ઔપશમિક (ચારિત્ર), ક્ષાયોપશમિક (મતિજ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે) |

| ગુણસ્થાનક | ભાવસંખ્યા | ભાવ |
|---|---|---|
| ૧૧મું | ૪ | ઔપશમિક સમ્યગ્દષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે), ઔપશમિક (સમ્યક્ત્વ, ચારિત્ર), ક્ષાયોપશમિક (મતિજ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે). |
| | ૫ | ક્ષાયિકસમ્યગ્દષ્ટિને-ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્યક્ત્વ), ઔપ-શમિક (ચારિત્ર), ક્ષાયોપશમિક (મતિ-જ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે) |
| ૧૨મું | ૪ | ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્ય-ક્ત્વ, ચારિત્ર), ક્ષાયોપશમિક (મતિજ્ઞાન વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે) |
| ૧૩મું, ૧૪મું | ૩ | ઔદયિક (ગતિ વગેરે), ક્ષાયિક (સમ્યક્ત્વ વગેરે), પારિણામિક (જીવત્વ વગેરે) |

આ વિચારણા એક જીવને આશ્રયીને કરી છે. વિવિધ જીવોને આશ્રયીને તો તે તે ગુણસ્થાનકે સંભવતા બધા ભાવો હોય.

●●●

+ પ્રભુનું નામ એ પ્રભુનો મંત્રાત્મક દેહ છે. એ સત્યનો અનુભવ વિધિબહુમાન-પૂર્વકના નામ-જપથી થાય છે. તેની નિશાની એ છે કે આખા શરીરમાં હર્ષની લહેર ફેલાય છે, નેત્રો હર્ષાશ્રુથી ભીના બને છે, ચિત્તને અપૂર્વ પ્રસન્નતા સ્પર્શે છે.

+ ગુરુના વિનયપૂર્વક સ્વાધ્યાય કરો તો તેનાથી અગણિત લાભો થાય છે, પરંતુ ગુરુના અવિનય, અવગણના, ભક્તિની ઉપેક્ષા કરીને કરેલો સ્વાધ્યાય મોટા ભાગે વિપ્રતિપત્તિ કરાવે છે, અર્થાત્ વિપરીત બોધ કરાવે છે, જેનાથી ઉત્સૂત્રપ્રરૂપણાદિ દોષો ઊભા થાય છે.

# દ્વાર ૨૨૨મું - ૧૪ જીવસ્થાનક

કર્મને પરાધીન હોવાથી જીવો જેમાં રહે તે જીવસ્થાનક. તે ૧૪ છે-

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય
(૨) પર્યાપ્ત બાદર એકેન્દ્રિય
(૩) પર્યાપ્ત બેઇન્દ્રિય
(૪) પર્યાપ્ત તેઇન્દ્રિય
(૫) પર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૬) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૭) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય
(૮) અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય
(૯) અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય
(૧૦) અપર્યાપ્ત બેઇન્દ્રિય
(૧૧) અપર્યાપ્ત તેઇન્દ્રિય
(૧૨) અપર્યાપ્ત ચઉરિન્દ્રિય
(૧૩) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય
(૧૪) અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય

અપર્યાપ્ત જીવો બે પ્રકારના છે -

**(૧) લબ્ધિ અપર્યાપ્ત** - જે સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના જ મરે તે. તેઓ આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરીને જ મરે છે, કેમકે આયુષ્ય બાંધ્યા પછી જ બધા જીવો મરણ પામે છે અને આહારપર્યાપ્તિ-શરીરપર્યાપ્તિ-ઇન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્તા જીવો જ આયુષ્ય બાંધી શકે છે.

**(૨) કરણ અપર્યાપ્ત** - જેમણે સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી ન હોય પણ ભવિષ્યમાં અવશ્ય પર્યાપ્તિ પૂરી કરવાના હોય તે.

●●●

# દ્વાર ૨૨૩મું - અજીવના ૧૪ પ્રકાર

અજીવના મુખ્ય બે પ્રકાર છે -

(૧) **રૂપી** - જેનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તે રૂપી. પુદ્ગલાસ્તિકાય રૂપી છે. તેના ૪ પ્રકાર છે -

**(i)** **સ્કંધ** - અનંતાનંત પરમાણુઓનો સમૂહ તે સ્કંધ. પરમાણુઓના ભેગા થવાથી અને છુટા થવાથી તે પુષ્ટ થાય છે અને સુકાય છે. તે અનંત છે. સ્કંધો બે પ્રકારના છે -

(a) ચર્મચક્ષુથી ગ્રાહ્ય - ઘડો, થાંભલો વગેરે.

(b) ચર્મચક્ષુથી અગ્રાહ્ય - અચિત્ત મહાસ્કંધ વગેરે.

**(ii)** **દેશ** - સ્કંધના બુદ્ધિથી કલ્પેલા વિભાગો તે દેશ. તે બે વગેરે પ્રદેશોવાળા હોય છે. તે અનંત છે. તે સ્કંધ સાથે સંબદ્ધ છે.

**(iii)** **પ્રદેશ** - સ્કંધના બુદ્ધિથી કલ્પેલા નાનામાં નાના વિભાગો કે જેના બે વિભાગ ન થઈ શકે તે પ્રદેશ. તે અનંત છે. તે સ્કંધ સાથે સંબદ્ધ છે.

**(iv)** **પરમાણુ** - સ્કંધમાંથી છૂટા પડેલા પ્રદેશો તે પરમાણુ. તે અનંત છે. તે સ્વતંત્ર છે.

(૨) **અરૂપી** - જેનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ન હોય તે અરૂપી. તેના ૪ પ્રકાર છે -

**(i)** **ધર્માસ્તિકાય** - જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરનારુ દ્રવ્ય તે ધર્માસ્તિકાય. તેના ૩ પ્રકાર છે -

**(a)** **દ્રવ્ય** - સંપૂર્ણ દ્રવ્ય.

**(b)** **દેશ** - દ્રવ્યના બુદ્ધિથી કલ્પેલા વિભાગો તે દેશ. તે બે વગેરે પ્રદેશોવાળા હોય છે.

**(c)** **પ્રદેશ** - દ્રવ્યના બુદ્ધિથી કલ્પેલા નાનામાં નાના વિભાગો કે જેના બે

વિભાગ ન થઈ શકે તે પ્રદેશ. તે લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે એટલે કે અસંખ્ય છે.

(ii) **અધર્માસ્તિકાય** - જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય કરનારુ દ્રવ્ય તે અધર્માસ્તિકાય. તેના ૩ પ્રકાર છે -

(a) **દ્રવ્ય** -
(b) **દેશ** - ઉપરની જેમ
(c) **પ્રદેશ** -

(iii) **આકાશાસ્તિકાય** - અન્ય દ્રવ્યોને રહેવાની જગ્યા આપનારુ દ્રવ્ય તે આકાશાસ્તિકાય. તેના ૩ પ્રકાર છે -

(a) **દ્રવ્ય** - સંપૂર્ણ દ્રવ્ય.

(b) **દેશ** - દ્રવ્યના બુદ્ધિથી કલ્પેલા વિભાગો તે દેશ. તે બે વગેરે પ્રદેશોવાળા હોય છે.

(c) **પ્રદેશ** - દ્રવ્યના બુદ્ધિથી કલ્પેલા નાનામાં નાના વિભાગો કે જેના બે વિભાગ ન થઈ શકે તે પ્રદેશ. તે અનંત છે, કેમકે અલોકાકાશ અનંત છે.

પુદ્ગલાસ્તિકાયના સ્કંધમાંથી પ્રદેશ છુટો પડી શકે છે. તેથી તેનો પરમાણુ નામનો ચોથો ભેદ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના સ્કંધમાંથી પ્રદેશ છુટો પડી શકતો નથી. તેથી તેનો પરમાણુ નામનો ચોથો ભેદ નથી.

(iv) **કાળ** - જુનાને નવું કરે અને નવાને જુનું કરે તે કાળ. તે વર્તમાનસમય રૂપ હોવાથી તેના કોઈ પ્રકાર નથી.

આમ અજીવના કુલ ૧૪ પ્રકાર થયા.

| અજીવ | પ્રકાર |
|---|---|
| રૂપી | ૪ |
| અરૂપી | ૧૦ |
| કુલ | ૧૪ |

| અજીવ | પ્રકાર |
|---|---|
| પુદ્ગલાસ્તિકાય | ૪ |
| ધર્માસ્તિકાય | ૩ |
| અધર્માસ્તિકાય | ૩ |
| આકાશાસ્તિકાય | ૩ |
| કાળ | ૧ |
| કુલ | ૧૪ |

●●●

+ હે જીવ ! મૃત્યુ રૂપી રાક્ષસ તારું આ મનુષ્ય ભવમાંથી અપહરણ કરી તને નરકના ઊંડા કુવામાં નાખવા માટે અત્યંત શીઘ્ર ગતિથી આવી રહ્યો છે. એક માત્ર દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ સ્વરૂપ ધર્મ જ તને તેનાથી બચાવી શકે તેમ છે. માટે ધર્મની જ આરાધના કરી, મૃત્યુ રૂપી રાક્ષસથી હંમેશ માટે છુટી જા, તું અનંત શશ્વતસુખનો ભોક્તા બન...

+ પોતાનો જ પુત્ર નાનો બાળક હોય તે વખતે ક્યારેક પિતા ઉપર કાંકરા ફેંકે છે. એ વખતે પિતાને જેવું વાત્સલ્ય બાળક પર હોય છે તેવું જ વાત્સલ્ય પ્રાણાંત ઉપસર્ગો કરનાર પ્રત્યે મહાત્માઓને હોય છે.

# દ્વાર ૨૨૪મું - ૧૪ ગુણઠાણા

જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ જીવના વિશેષ સ્વભાવરૂપ ગુણોની શુદ્ધિના પ્રકર્ષ અને અશુદ્ધિના અપકર્ષથી થતો સ્વરૂપભેદ તે ગુણસ્થાનક. તે ૧૪ છે -

(૧) **મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક** - જેમ ધતૂરો ખાધેલ મનુષ્યને સફેદ વસ્તુ પીળી દેખાય છે તેમ અરિહંત ભગવાને બતાવેલ તત્ત્વોને જે વિપરીત રીતે સ્વીકારે છે તે મિથ્યાદષ્ટિ. તેનું ગુણસ્થાનક તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક.

જો કે મિથ્યાદષ્ટિ જીવ અરિહંત ભગવાને બતાવેલા તત્ત્વોને વિપરીત રીતે સ્વીકારે છે, છતાં મનુષ્ય, પશુ વગેરેનો સ્વીકાર તેનો અવિપરીત હોય છે, જેમ ગાઢ વાદળથી ઢંકાયેલા સૂર્યની પણ કંઈક પ્રભા હોય છે તેમ. માટે તેને પણ ગુણસ્થાનક કહ્યું.

જિનેશ્વર ભગવાને કહેલા બધા વચનો સાચા માનવા છતાં તેમાંથી એકાદ અક્ષર પણ જેને ન રુચે તે મિથ્યાદષ્ટિ છે, કેમકે તેને ભગવાન પર વિશ્વાસ નથી. તેથી મિથ્યાદષ્ટિનો મનુષ્ય, પશુ વગેરેનો સ્વીકાર અવિપરીત હોવા છતાં જિનેશ્વર પ્રભુના વચનોને તે વિપરીત રીતે સ્વીકારતો હોવાથી તે મિથ્યાદષ્ટિ છે, સમ્યગ્દષ્ટિ નથી.

તે સમ્યગ્મિથ્યાદષ્ટિ પણ નથી, કેમકે મતિની દુર્બળતાને લીધે સાચુ કે ખોટુ જ્ઞાન ન હોવાથી જેને જિનેશ્વર પ્રભુના વચનો પર શ્રદ્ધા પણ નથી અને તેનાથી વિપરીત સ્વીકાર પણ નથી તે સમ્યગ્મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ આવો નથી.

(૨) **સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** - ઔપશમિક સમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા કાળ બાકી હોય ત્યારે કેટલાક જીવોને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે, હજી મિથ્યાત્વ-

મોહનીયનો ઉદય થયો હોતો નથી. જેમ ખાધેલી ખીરને વિષે અરુચિવાળા થયેલા મનુષ્યને તે ખીરના વમન વખતે તેના કંઈક સ્વાદનો અનુભવ થાય છે તેમ સમ્યક્ત્વ પર અરુચિવાળા થયેલા આ જીવો સમ્યક્ત્વને વમતી વખતે તેના કંઈક સ્વાદને અનુભવે છે. તેથી તેમને સાસ્વાદન સમ્યગ્દષ્ટિ કહેવાય છે. તેમનું ગુણસ્થાનક તે સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક. તે જીવો ઔપશમિકસમ્યક્ત્વના લાભરૂપી આયનું સાદન કરે છે, એટલે કે તેને દૂર કરે છે. તેથી આ ગુણસ્થાનકને સાસાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક પણ કહેવાય છે.

જીવ સંસારસાગરમાં અનંત પુદ્ગલપરાવર્ત સુધી અનેક દુઃખો ભોગવીને તથાભવ્યત્વનો પરિપાક થવાથી જેમ પર્વતની મોટી નદીમાં વહેતો પથ્થર ગોળ થઈ જાય છે તેમ અનાભોગથી થયેલા વિશેષ અધ્યવસાયરૂપ યથાપ્રવૃત્તિકરણ વડે આયુષ્ય સિવાયના ૭ કર્મોની સ્થિતિ ૧ કોડાકોડી સાગરપમ – પલ્યોપમ/અસંખ્ય જેટલી કરે છે. ત્યારે વૃક્ષની ખૂબ કઠોર, ગાઢ, જુની ગાંઠ જેવી કર્મના પરિણામથી થયેલી ગાઢ રાગ-દ્વેષના પરિણામરૂપ ગાંઠ આવે છે. આ ગાંઠ સુધી અભવ્ય જીવો પણ અનંતવાર આવે છે, પણ ગાંઠને ભેદવા અસમર્થ તેઓ સંક્લેશને લીધે ફરી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. આસન્ન મુક્તિગામી કોઈક મહાત્મા અપૂર્વકરણરૂપ પરમવિશુદ્ધિથી તે ગાંઠને ભેદે છે. પછી તે અનિવૃત્તિકરણ વડે મિથ્યાત્વમોહનીયની ઉદયસમયથી અંતર્મુહૂર્ત પછીની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ખાલી કરીને અંતરકરણ કરે છે. ગાંઠ સુધી યથાપ્રવૃત્તિકરણ હોય છે, ગાંઠને ભેદતા અપૂર્વકરણ હોય છે. સમ્યક્ત્વ પામતા પૂર્વે અનિવૃત્તિકરણ હોય છે. અંતરકરણ કર્યા પછી મિથ્યાત્વ-મોહનીયની બે સ્થિતિ થાય છે - અંતરકરણની નીચેની સ્થિતિ તે પહેલી સ્થિતિ અને અંતરકરણની ઉપરની સ્થિતિ તે બીજી સ્થિતિ. જીવ પહેલી સ્થિતિને ઉદય દ્વારા ભોગવે છે અને બીજી સ્થિતિને ઉપશમાવે છે.

પહેલી સ્થિતિમાં જીવ મિથ્યાત્વમોહનીયને ભોગવતો હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. અંતર્મુહૂર્તમાં પહેલી સ્થિતિ ભોગવાઈ જતા જીવ અંતરકરણના પહેલા સમયે આવે છે. ત્યાં મિથ્યાત્વમોહનીયના ઉદયનો અભાવ હોવાથી તે ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. જેમ ઉખર ભૂમિમાં દાવાનળ શાંત થઈ જાય છે તેમ અંતરકરણમાં મિથ્યાત્વમોહનીયના ઉદયરૂપ દાવાનળ શાંત થઈ જાય છે.

આ ઔપશમિક સમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા કાળ બાકી હોય ત્યારે કેટલાક જીવોને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે. તેઓ સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે આવે છે. ઉપશમશ્રેણીથી પડીને પણ કોઈક જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે આવે છે, એવો કર્મગ્રંથનો મત છે. સિદ્ધાંતના મતે ઉપશમશ્રેણિથી પડીને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે ન આવે.

આ ગુણઠાણાનો કાળ પૂર્ણ થતા અવશ્ય મિથ્યાત્વમોહનીય કર્મનો ઉદય થાય છે અને જીવ પહેલા ગુણઠાણે જાય છે.

(૩) **સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક** - જેમ નાળિયેરદ્વીપના ભૂખ્યા મનુષ્યને અહીંના ભોજન ઉપર રુચિ પણ થતી નથી અને અરુચિ પણ થતી નથી તેમ જેને જિનેશ્વર ભગવાનના વચનો ઉપર રુચિ પણ નથી અને અરુચિ પણ નથી તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેનું ગુણસ્થાનક તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક.

ઔપશમિક સમ્યક્ત્વ પામેલ જીવ બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વ-મોહનીયના ત્રણ પુંજ કરે છે - શુદ્ધ, અર્ધશુદ્ધ, અશુદ્ધ. ઔપશમિક સમ્યક્ત્વના કાળ પછી આ ત્રણમાંથી એક પુંજ ઉદયમાં આવે છે. જો શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો જીવ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પામે અને ૪થા ગુણઠાણે જાય. જો અશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો જીવ પહેલા ગુણઠાણે જાય. જો અર્ધશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો જીવ ત્રીજા ગુણઠાણે જાય છે.

ત્રીજા ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. ત્યાર પછી જીવ પહેલા કે ચોથા ગુણઠાણે જાય છે. પહેલા કે ચોથા ગુણઠાણાઓથી ત્રીજા ગુણઠાણે આવી શકાય છે.

(૪) **અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** - પ્રતિજ્ઞા પૂર્વક સાવદ્યયોગનો ત્યાગ તે વિરતિ. જેની પાસે વિરતિ નથી તે અવિરત. અવિરત એવા સમ્યગ્દષ્ટિનું ગુણસ્થાનક તે અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક. આ ગુણઠાણે ઔપશમિક સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે. આ જીવ વિરતિને મોક્ષની નીસરણી માનવા છતાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયને લીધે અલ્પ પણ વિરતિને સ્વીકારી શકતો નથી.

(૫) **દેશવિરતિ ગુણસ્થાનક** - દેશથી (ભાગથી, સંપૂર્ણ નહીં) વિરતિને સ્વીકારે તે દેશવિરત. તેનું ગુણસ્થાનક તે દેશવિરત ગુણસ્થાનક. તે એક વ્રત વિષયક સાવદ્યયોગોની વિરતિથી માંડીને અનુમતિ સિવાય સર્વવ્રત-વિષયક સાવદ્યયોગોની વિરતિને સ્વીકારે. પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયને લીધે તે સર્વવિરતિને સ્વીકારી શકતો નથી.

(૬) **પ્રમત્તસંયત ગુણસ્થાનક** - સર્વસાવદ્યયોગોથી અટકે તે સંયત. મોહનીયકર્મના ઉદયને લીધે સંજવલન કષાય, નિદ્રા વગેરેમાંથી કોઈ પણ પ્રમાદને લીધે સંયમના યોગોમાં સીદાય તે પ્રમત્ત. પ્રમત્ત એવા સંયતનું ગુણસ્થાનક તે પ્રમત્તસંયત ગુણસ્થાનક.

દેશવિરતિ ગુણસ્થાનકની અપેક્ષાએ આ ગુણસ્થાનકે શુદ્ધિનો પ્રકર્ષ અને અશુદ્ધિનો અપકર્ષ હોય છે. અપ્રમત્તસંયત ગુણસ્થાનકની અપેક્ષાએ આ ગુણસ્થાનકે શુદ્ધિનો અપકર્ષ અને અશુદ્ધિનો પ્રકર્ષ હોય છે. એમ અન્ય ગુણસ્થાનકોમાં પણ આગળ-પાછળના ગુણસ્થાનકોની અપેક્ષાએ શુદ્ધિનો પ્રકર્ષ કે અપકર્ષ અને અશુદ્ધિનો પ્રકર્ષ કે અપકર્ષ સમજી લેવો.

(૭) **અપ્રમત્તસંયત ગુણસ્થાનક** - નિદ્રા વગેરે પ્રમાદ વિનાના

સંયતનું ગુણસ્થાનક તે અપ્રમત્તસંયત ગુણસ્થાનક.

(૮) **અપૂર્વકરણ ગુણસ્થાનક** - પૂર્વે નહીં કરેલા એવા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને સ્થિતિબંધ - આ પાંચ પદાર્થોને જે ગુણસ્થાનકે કરે તે અપૂર્વકરણ ગુણસ્થાનક.

(i) **સ્થિતિઘાત** - જ્ઞાનાવરણ વગેરે કર્મોની લાંબી સ્થિતિને અપવર્તના-કરણ વડે અલ્પ કરવી તે સ્થિતિઘાત.

(ii) **રસઘાત** - જ્ઞાનાવરણ વગેરે કર્મોના ઘણા રસને અપવર્તના-કરણ વડે અલ્પ કરવો તે રસઘાત.

પૂર્વેના ગુણસ્થાનકોમાં અલ્પ વિશુદ્ધિ હોવાના કારણે સ્થિતિઘાત અને રસઘાત અલ્પપ્રમાણમાં થતા હતા. અહીં વધુ વિશુદ્ધિ હોવાના કારણે સ્થિતિઘાત અને રસઘાત વધુ પ્રમાણમાં થાય છે.

(iii) **ગુણશ્રેણિ** - વિશુદ્ધિને લીધે ઉપરની સ્થિતિમાંથી ઉતારેલા દલિકોને જલ્દીથી ખપાવવા માટે ઉદયસમયથી અંતર્મુહૂર્ત સુધી પ્રતિ-સમય અસંખ્યગુણાકારે ગોઠવવા તે ગુણશ્રેણિ.

પૂર્વેના ગુણસ્થાનકોમાં અલ્પ વિશુદ્ધિ હોવાથી લાંબા કાળની અને અલ્પ દલિકવાળી ગુણશ્રેણિ થતી હતી. અહીં વધુ વિશુદ્ધિ હોવાથી અલ્પ કાળની અને ઘણા દલિકવાળી ગુણશ્રેણી થાય છે.

(iv) **ગુણસંક્રમ** - અબધ્યમાન કર્મપ્રકૃતિના સત્તાગત દલિકોને બધ્યમાન પ્રકૃતિમાં અસંખ્યગુણાકારે સંક્રમાવવા તે ગુણસંક્રમ.

(v) **સ્થિતિબંધ** - પૂર્વે અશુદ્ધ હોવાથી કર્મોની લાંબી સ્થિતિ બાંધતો હતો. હવે નવો નવો સ્થિતિબંધ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ન્યૂન કરે છે.

આ ગુણસ્થાનક બે રીતે હોય છે - ક્ષપકશ્રેણિમાં અને ઉપશમશ્રેણિમાં. આ ગુણસ્થાનકના દરેક સમયે વિવિધ જીવોને આશ્રયીને અસંખ્યલોકા-કાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયો છે. પછી પછીના સમયે પૂર્વ પૂર્વના સમય

કરતા વિશેષાધિક અધ્યવસાયસ્થાનો હોય છે. પહેલા સમયના જઘન્ય અધ્યવસાયસ્થાન કરતા પહેલા સમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા બીજા સમયનું જઘન્ય અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા બીજા સમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે. એમ યાવત્ દ્વિચરમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન કરતા ચરમસમયનું જઘન્ય અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે. તેના કરતા ચરમસમયનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ છે.

એક સમયના અધ્યવસાયસ્થાનો પરસ્પર ષટ્સ્થાનપતિત છે.

એક સાથે આ ગુણસ્થાનકમાં પ્રવેશેલા જીવોના અધ્યવસાયો ભિન્ન ભિન્ન હોય છે. તેથી આ ગુણસ્થાનકને નિવૃત્તિ ગુણસ્થાનક પણ કહેવાય છે.

**(૯) અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનક** - એક સાથે આ ગુણસ્થાનકમાં પ્રવેશેલા વિવિધ જીવોના અધ્યવસાયો એકસરખા હોય છે. ૧૦મા ગુણસ્થાનકે સૂક્ષ્મ કિટ્ટિકૃત કષાયોનો ઉદય હોય છે. તેની અપેક્ષાએ અહીં બાદર કષાયોનો ઉદય છે. તેથી આ ગુણસ્થાનકને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણસ્થાનકના અંતર્મુહૂર્તકાળમાં જેટલા સમયો છે તેટલા આ ગુણસ્થાનકના અધ્યવસાયસ્થાનો છે. પછી પછીના સમયના અધ્યવસાયસ્થાનો પૂર્વ પૂર્વના સમયના અધ્યવસાયસ્થાનો કરતા અનંતગુણવિશુદ્ધ હોય છે. આ ગુણસ્થાનક બે રીતે હોય છે - ક્ષપકશ્રેણિમાં અને ઉપશમશ્રેણિમાં.

**(૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક** - સૂક્ષ્મ એટલે કે કિટ્ટીરૂપે કરાયેલા લોભકષાયના ઉદયવાળા જીવોનું ગુણસ્થાનક તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક. આ ગુણસ્થાનક બે રીતે હોય છે - ક્ષપકશ્રેણિમાં અને ઉપશમશ્રેણિમાં.

**(૧૧) ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક** - જેના કષાયો ઉપશાંત થયા છે એટલે કે સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના વગેરે કરણો વડે થનારા વિપાકોદય અને પ્રદેશોદયને અયોગ્ય થયા છે તે ઉપશાંતકષાય.

જેના માયા-લોભરૂપ રાગ અને ક્રોધ-માન રૂપ દ્વેષ નાશ પામ્યા છે તે વીતરાગ. જેને ઘાતી કર્મોનો ઉદય છે તે છદ્મસ્થ. ઉપશાંતકષાય, વીતરાગ અને છદ્મસ્થ એવા જીવનું ગુણસ્થાનક તે ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક.

(૧૨) **ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક** - જેના કષાયો ક્ષય પામ્યા છે તે ક્ષીણકષાય. ક્ષીણકષાય, વીતરાગ અને છદ્મસ્થ એવા જીવનું ગુણસ્થાનક તે ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક.

(૧૩) **સયોગી કેવળી ગુણસ્થાનક** - જેને મનોયોગ, વચનયોગ અને કાયયોગ હોય તે સયોગી. જેની પાસે કેવળજ્ઞાન હોય તે કેવળી. સયોગી એવા કેવળીનું ગુણસ્થાનક તે સયોગી કેવળી ગુણસ્થાનક. કેવળીભગવંતને ચાલવું, આંખ ખોલ-બંધ કરવી વગેરેમાં કાયયોગ હોય છે, દેશના વગેરેમાં વચનયોગ હોય છે અને મનઃપર્યવજ્ઞાનીઓએ કે અવધિજ્ઞાનીઓએ મનથી પૂછેલા પ્રશ્નોના મનથી જવાબ આપવામાં મનોયોગ હોય છે. મનઃપર્યવજ્ઞાનીઓ અને અવધિજ્ઞાનીઓ કેવળીભગવંતે પ્રયોજેલા મનોદ્રવ્યને મનઃપર્યવજ્ઞાન અને અવધિજ્ઞાનથી જુવે છે અને તેના આકાર પરથી પોતે પૂછેલા પ્રશ્નના અર્થને જાણે છે.

(૧૪) **અયોગી કેવળી ગુણસ્થાનક** - યોગ વિનાના કેવળી ભગવંતનું ગુણસ્થાનક તે અયોગી કેવળી ગુણસ્થાનક.

કેવળજ્ઞાન થયા બાદ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી વિચરીને સયોગીકેવળી ભગવંત ૧૩મા ગુણસ્થાનકને અંતે યોગનિરોધ કરે છે. તેમાં પહેલા બાદર કાયયોગના આલંબનથી બાદર વચનયોગનો નિરોધ કરે છે, પછી બાદર મનોયોગનો નિરોધ કરે છે. પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરે છે, પછી સૂક્ષ્મ વચનયોગનો નિરોધ કરે છે, પછી સૂક્ષ્મ મનોયોગનો નિરોધ કરે છે, પછી સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાન કરતા સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી અયોગી થયેલ તેઓ સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી

શુક્લધ્યાન કરતા પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણના કાળ જેટલા કાળવાળા શૈલેશીકરણમાં પ્રવેશે છે. તેમાં પેટ વગેરેના છિદ્રોને આત્મપ્રદેશોથી પૂરવાને લીધે શરીરની અવગાહનાનો ત્રીજો ભાગ ન્યૂન થાય છે. તેમાં વેદનીય, નામ, ગોત્ર - આ ત્રણ કર્મોને અસંખ્યગુણવાળી શ્રેણિથી અને આયુષ્યને પોતાના સ્વરૂપમાં રહેલ શ્રેણિથી ખપાવે છે. છેલ્લા સમયે તે કેવળીભગવંત સર્વ કર્મ ખપી જવાથી ઋજુશ્રેણિથી એક જ સમયમાં ઊર્ધ્વલોકને અંતે પહોંચી જાય છે અને ત્યાં અનંતકાળ રહે છે. લોકાંતથી ઉપર ધર્માસ્તિકાય ન હોવાથી તેઓ ઉપર જતા નથી.

●●●

+ પ્રભુ ! હું એવું મૃત્યુ માંગું છું કે અંતિમકાળે આ થયું હોત કે તે થયું હોત કે પેલું થયું હોત એવી ગોતાગોત ન હોય. અંતિમ શ્વાસ સુધી એક માત્ર આત્માની જ શોધ કરું. આત્માને વિષે જ વિચારું.

પ્રભુ ! જીવ જ્યારે પરલોકમાં પ્રયાણ કરતો હોય ત્યારે એક માત્ર તારું ધ્યાન જ હોય. તારામાં જ ઓતપ્રોત થાઉં તેવું કરજે.

+ ખરેખર મમતાએ આ જગતમાં કાળો કેર વર્તાવ્યો છે.

ધન પર મમતા, સ્ત્રી પર મમતા,

પુત્રો પર મમતા, પુત્રીઓ પર મમતા,

સ્વજનો પર મમતા, વસ્ત્ર પર મમતા,

મકાન પર મમતા, ગામ પર મમતા,

દેશ પર મમતા - આમ અનેક રૂપો કરી મમતા આત્મામાં પેસે છે અને કાળો કેર વર્તાવે છે, જીવને દુઃખી કરે છે, સંસારમાં ભટકતો કરે છે.

+ નબળા બોલમાં આઉટ થઈ જતો બેટ્સમેન ટીમમાંથી પોતાનું સ્થાન ગુમાવી બેસે છે. નબળા નિમિત્તોમાં સંયમ ગુમાવી બેસતો મુનિ ભવાંતરમાં પ્રભુશાસન ગુમાવી બેસે છે.

# દ્વાર ૨૨૫મું - ૧૪ માર્ગણાસ્થાન

જીવ વગેરે પદાર્થોને શોધવાના સ્થાનો તે માર્ગણાસ્થાનો. તેના મૂળભેદ ૧૪ છે અને ઉત્તરભેદ ૬૨ છે -

**(૧) ગતિ** - તેના ૪ ભેદ છે -

(i) દેવગતિ
(ii) મનુષ્યગતિ
(iii) તિર્યંચગતિ
(iv) નરકગતિ

**(૨) ઈન્દ્રિય** - તેના ૫ ભેદ છે -

(i) સ્પર્શનેન્દ્રિય
(ii) રસનેન્દ્રિય
(iii) ઘ્રાણેન્દ્રિય
(iv) ચક્ષુરિન્દ્રિય
(v) શ્રોત્રેન્દ્રિય

**(૩) કાય** - તેના ૬ ભેદ છે -

(i) પૃથ્વીકાય
(ii) અપ્કાય
(iii) તેઉકાય
(iv) વાયુકાય
(v) વનસ્પતિકાય
(vi) ત્રસકાય

**(૪) યોગ** - તેના ૩ ભેદ છે -

(i) મનોયોગ
(ii) વચનયોગ
(iii) કાયયોગ

**(૫) વેદ** - તેના ૩ ભેદ છે -

(i) સ્ત્રીવેદ
(ii) પુરુષવેદ

(iii) નપુંસકવેદ

**(૬) કષાય** - તેના ૪ ભેદ છે -

(i) ક્રોધ
(ii) માન
(iii) માયા
(iv) લોભ

**(૭) જ્ઞાન** - તેના ૮ ભેદ છે -

(i) મતિજ્ઞાન
(ii) શ્રુતજ્ઞાન
(iii) અવધિજ્ઞાન
(iv) મનઃપર્યવજ્ઞાન
(v) કેવળજ્ઞાન
(vi) મતિઅજ્ઞાન
(vii) શ્રુતઅજ્ઞાન
(viii) વિભંગજ્ઞાન

**(૮) સંયમ** - તેના ૭ ભેદ છે -

(i) સામાયિક
(ii) છેદોપસ્થાપનીય
(iii) પરિહારવિશુદ્ધિ
(iv) સૂક્ષ્મસંપરાય
(v) યથાખ્યાત
(vi) દેશવિરતિ
(vii) અવિરતિ

**(૯) દર્શન** - તેના ૪ ભેદ છે -

(i) ચક્ષુદર્શન
(ii) અચક્ષુદર્શન
(iii) અવધિદર્શન
(iv) કેવળદર્શન

**(૧૦) લેશ્યા** - તેના ૬ ભેદ છે -

(i) કૃષ્ણલેશ્યા
(ii) નીલલેશ્યા
(iii) કાપોતલેશ્યા
(iv) તેજોલેશ્યા
(v) પદ્મલેશ્યા
(vi) શુક્લલેશ્યા

**(૧૧) ભવ્ય** - તેના ૨ ભેદ છે -

(i) ભવ્ય

(ii) અભવ્ય

**(૧૨) સમ્યક્ત્વ** - તેના ૬ ભેદ છે -

(i) ઔપશમિક સમ્યક્ત્વ

(ii) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ

(iii) ક્ષાયિક સમ્યક્ત્વ

(iv) મિથ્યાદષ્ટિ

(v) સાસ્વાદનસમ્યગ્દષ્ટિ

(vi) સમ્યગ્મિથ્યાદષ્ટિ

**(૧૩) સંજ્ઞી** - તેના ૨ ભેદ છે -

(i) સંજ્ઞી

(ii) અસંજ્ઞી

**(૧૪) આહારક** - તેના ૨ ભેદ છે -

(i) આહારક

(ii) અનાહારક.

●●●

+ જીવનું આ અજ્ઞાન છે કે જે શાશ્વત છે, જે પોતે છે એ પોતાના આત્મા પર મમતા નથી. જે દૂર છે, પરાધીન છે, વ્યર્થ છે, પરાયું છે, ફોગટ છે, નકામું છે તે બધા પર મમત્વ કર્યા જ કરે છે અને અંતે ઘોર દુઃખના દાવાનલમાં હોમાઈ જાય છે.

+ પ્રભુ ! કેટલુંક શુભ ન મળવા બદલ દુઃખ જરૂર છે પરંતુ ઘણું અશુભ ન મળવા બદલ આનંદ તો પારાવાર છે.

+ નકારાત્મક અભિગમની ગુલામી આપણી દષ્ટિને તિરસ્કારપૂર્ણ બનાવી દે છે.

# દ્વાર ૨૨૬મું - ૧૨ ઉપયોગ

જેનાથી જીવ વસ્તુના જ્ઞાન તરફ વ્યાપૃત કરાય તે ઉપયોગ. જીવના સ્વરૂપ એવા બોધરૂપી વ્યાપારો તે ઉપયોગ. તે ૨ પ્રકારના છે -

(૧) **સાકારોપયોગ** - વસ્તુનો વિશેષ બોધ. તેના ૮ ભેદ છે -

(i) મતિજ્ઞાન
(ii) શ્રુતજ્ઞાન
(iii) અવધિજ્ઞાન
(iv) મનઃપર્યવજ્ઞાન
(v) કેવળજ્ઞાન

તેમનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

(vi) મતિઅજ્ઞાન - મિથ્યાત્વથી કલુષિત એવું મતિજ્ઞાન તે મતિઅજ્ઞાન.
(vii) શ્રુતઅજ્ઞાન - મિથ્યાત્વથી કલુષિત એવું શ્રુતજ્ઞાન તે શ્રુતઅજ્ઞાન.
(viii) વિભંગજ્ઞાન - મિથ્યાત્વથી કલુષિત એવું અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન.

(૨) **અનાકારોપયોગ** - વસ્તુનો સામાન્યબોધ. તેના ૪ ભેદ છે -

(i) ચક્ષુદર્શન
(ii) અચક્ષુદર્શન
(iii) અવધિદર્શન
(iv) કેવળદર્શન

તેમનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

●●●

+ સંયમ, તપ, પરિષહ-ઉપસર્ગ સહન કરવા વગેરે મહાકષ્ટોથી જે ગુણોના સમૂહને તથા પુણ્યના પુંજને જીવે એકત્રિત કરેલ હોય છે તે મમતા રૂપી રાક્ષસી એક જ ઝપાટામાં નાશ કરી દે છે.

# દ્વાર ૨૨૭મું - ૧૫ પ્રકારના યોગ

જીવનો વ્યાપાર તે યોગ. તેના ૩ પ્રકાર છે -

(૧) **મનોયોગ** - મનના આલંબનથી થતો જીવનો વ્યાપાર તે મનોયોગ. તેના ૪ પ્રકાર છે -

(i) **સત્ય મનોયોગ** - મુક્તિ પમાડનારું હોવાથી સાધુઓ માટે સારુ (હિતકારી) હોય તે સત્ય. અથવા વસ્તુના સાચા સ્વરૂપને વિચારવા વડે જીવ વગેરે પદાર્થો માટે સારુ (હિતકારી) હોય તે સત્ય. સાચુ વિચારવું તે સત્યમનોયોગ. દા.ત. જીવ છે, જીવ સદસત્ છે, જીવ દેહવ્યાપી છે વગેરે વિચારવું તે.

(ii) **અસત્ય મનોયોગ** - ખોટુ વિચારવુ તે અસત્યમનોયોગ. દા.ત. જીવ નથી, જીવ એકાંત સત્ છે વગેરે વિચારવુ તે.

(iii) **સત્યમૃષા (મિશ્ર) મનોયોગ** - જેમાં સાચુ અને ખોટુ બન્ને હોય તેવું વિચારવું તે સત્યમૃષા મનોયોગ. દા.ત. અન્ય વૃક્ષોથી મિશ્રિત ઘણા અશોકવૃક્ષવાળા વન માટે આ અશોકવન છે એમ વિચારવું તે.

(iv) **અસત્યઅમૃષા મનોયોગ** - જેમાં સાચુ પણ નથી અને ખોટું પણ નથી તેવું વિચારવુ તે અસત્યઅમૃષા મનોયોગ.

વિપ્રતિપત્તિ (વિપરીત બોધ) થવા પર વસ્તુની સ્થાપના કરવાની આશાથી જિનમતને અનુસારે 'જીવ છે, જીવ સદસત્ છે વગેરે.' વિચારવું તે સત્ય છે, કેમકે તે આરાધક છે. વિપ્રતિપત્તિ થવા પર વસ્તુની સ્થાપના કરવાની આશાથી જિનમતથી વિપરીત રીતે 'જીવ નથી, જીવ એકાંતનિત્ય છે વગેરે.' વિચારવું તે અસત્ય છે, કેમકે તે વિરાધક છે. વસ્તુની સ્થાપના કરવાની આશા વિના 'હે દેવદત્ત ! ઘટ લાવ, મને ગાય આપ.' વગેરે માત્ર સ્વરૂપને વિચારવું તે અસત્યઅમૃષા છે.

(૨) **વચનયોગ** - વચનના આલંબનથી થતો જીવનો વ્યાપાર તે વચનયોગ. તેના ૪ પ્રકાર છે -

(i) સત્ય વચનયોગ
(ii) અસત્ય વચનયોગ
(iii) સત્યાસત્ય વચનયોગ
(iv) અસત્યઅમૃષા વચનયોગ

તેમનું સ્વરૂપ ૪ પ્રકારના મનોયોગની જેમ સમજવું.

(૩) **કાયયોગ** - કાયાના આલંબનથી થતો જીવનો વ્યાપાર તે કાયયોગ. તેના ૭ પ્રકાર છે -

**(i) ઔદારિક કાયયોગ** - તીર્થંકરો, ગણધરોના શરીરને આશ્રયીને જે શરીર પ્રધાન છે અને સાધિક લાખ યોજનના ઉત્કૃષ્ટ પ્રમાણવાળુ હોવાથી જે શરીર મોટુ છે તે ઔદારિકશરીર. તેનાથી થતી પ્રવૃત્તિ તે ઔદારિક કાયયોગ.

**(ii) વૈક્રિય કાયયોગ** - જે શરીરથી 'એક થઈને અનેક થવું, અનેક થઈને એક થવું, અણુ થઈને મોટા થવું, મોટા થઈને અણુ થવું.' વગેરે વિવિધ પ્રકારની કે વિશિષ્ટ પ્રકારની ક્રિયા થાય તે વૈક્રિય શરીર. તેનાથી થતી પ્રવૃત્તિ તે વૈક્રિય કાયયોગ.

**(iii) આહારક કાયયોગ** - ૧૪ પૂર્વધર મહાત્મા તીર્થંકરની ઋદ્ધિ જોવી વગેરે કાર્ય આવે ત્યારે વિશિષ્ટ લબ્ધિથી જે શરીર બનાવે તે આહારક શરીર. તેનાથી થતી પ્રવૃત્તિ તે આહારક કાયયોગ.

**(iv) ઔદારિકમિશ્ર કાયયોગ** - ઔદારિક અને કાર્મણની ભેગી પ્રવૃત્તિ તે ઔદારિકમિશ્ર કાયયોગ. તે ઉત્પત્તિના બીજા સમયથી ઔદારિક-શરીર ન બને ત્યાંસુધી અને કેવળીસમુદ્ઘાતમાં બીજા, છઠ્ઠા અને સાતમા સમયે હોય છે.

**(v) વૈક્રિયમિશ્ર કાયયોગ** - દેવો અને નારકોને ઉત્પત્તિના બીજા સમયથી

વૈક્રિયશરીર ન બને ત્યાં સુધી વૈક્રિય અને કાર્મણની ભેગી પ્રવૃત્તિ તે વૈક્રિયમિશ્ર કાયયોગ. વૈક્રિય લબ્ધિવાળા મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ અને પર્યાપ્તા બાદર વાયુકાયને વૈક્રિયશરીર બનાવતી વખતે કે છોડતી વખતે વૈક્રિય અને ઔદારિકની ભેગી પ્રવૃત્તિ તે વૈક્રિયમિશ્ર કાયયોગ.

(vi) **આહારકમિશ્ર કાયયોગ** - ૧૪ પૂર્વધર મહાત્માને આહારક શરીર બનાવતી વખતે કે છોડતી વખતે આહારક અને ઔદારિકની ભેગી પ્રવૃત્તિ તે આહારકમિશ્ર કાયયોગ.

(vii) **કાર્મણ કાયયોગ** - તૈજસ-કાર્મણ શરીરથી થતી પ્રવૃત્તિ તે કાર્મણ કાયયોગ. તે વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. તૈજસશરીર હંમેશા કાર્મણશરીરની સાથે જ હોવાથી તૈજસ કાયયોગ જુદો કહ્યો નથી, કાર્મણ કાયયોગમાં જ તેનો સમાવેશ થઈ જાય છે.

●●●

## દ્વાર ૨૨૮મું - ગુણઠાણાઓમાં પરલોકગતિ

પહેલું, બીજું અને ચોથું ગુણઠાણું લઈને જીવ પરભવમાં જઈ શકે છે. બાકીના ગુણઠાણા લઈને પરભવમાં જઈ શકાતું નથી. બાકીના ગુણઠાણા મૂકીને જીવ પરભવમાં જાય છે.

●●●

+ દેવ પ્રત્યે શ્રદ્ધા, ગુરુ પ્રત્યે સમર્પણ, સહવર્તી પ્રત્યે સદ્ભાવ અને ચેષ્ટામાત્રમાં યતના - આ ચાર પરિબળોની હાજરી જ સંયમજીવનને ચતુર્ગતિનાશક બનાવી શકવાની છે.

# દ્વાર ૨૨૯મું - ગુણઠાણાનો કાળ

| ગુણઠાણું | કાળ | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ૧લું | અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત, સમ્યક્ત્વ-પતિતને સાદિ સાંત. | |
| | દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત | અંતર્મુહૂર્ત |
| ૨જું | ૬ આવલિકા | ૧ સમય |
| ૩જું | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪થું | સાધિક ૩૩ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૫મું | દેશોન પૂર્વ ક્રોડ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૬ઠ્ઠું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૭મું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૮મું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૯મું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૧૦મું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૧૧મું | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| ૧૨મું | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩મું | દેશોન પૂર્વ ક્રોડ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૧૪મું | મધ્યમથી ૫ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો કાળ | |

●●●

# દ્વાર ૨૩૦મું - ઉત્તરવૈક્રિયશરીરનો ઉત્કૃષ્ટકાળ

| જીવો | ઉત્તરવૈક્રિયશરીરનો ઉત્કૃષ્ટકાળ |
|---|---|
| નારકી | અંતર્મુહૂર્ત |
| તિર્યંચ, મનુષ્ય | ૪ અંતર્મુહૂર્ત[1] |
| દેવ | ૧૫ અહોરાત્ર |

●●●

+ ઇતિહાસને વાંચી જવામાં, શીખી જવામાં કે લોકો સમક્ષ રજૂ કરી દેવામાં કોઈ જ વિશેષતા નથી. અસલી પરાક્રમ તો એ ઇતિહાસમાંથી બોધપાઠ લઈને સ્વજીવનને ગલતથી પાછુ વાળી દઈને સમ્યક્માં જોડી દેવામાં છે.
+ મમતામાં અંધ થયેલ જીવને પોતાના ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં મારાપણાની બુદ્ધિ થતી નથી, પરંતુ ધન, કુટુંબ, પરિવાર, સ્વજનો, મિત્રો વગેરે જે પોતાના નથી તેમાં પોતાનાપણાની બુદ્ધિ થાય છે. આ છે મમતાની કુટિલતા !
+ સંસારમાં રખડાવનાર, દુર્ગતિઓમાં કારમા દુઃખ આપનાર આ દુનિયાના ભોગોમાં માણસ નિર્ભીકપણે પ્રવર્તે છે અને સંસારના સર્વ દુઃખોથી મુક્ત કરનાર, અનંત સુખમાં કારણભૂત એવા સંયમ-તપના અનુષ્ઠાનોથી જીવ દૂર રહે છે, ગભરાય છે. આ મમતાનું કાર્ય છે.
+ મન વિના દેવગતિમાં ય જઈ શકાય છે તો નરકગતિમાં ય જઈ શકાય છે પણ પરમગતિમાં તો મન વિના, મનનો સહયોગ લીધા વિના નથી જ જઈ શકાતું.

---

૧. **દંડકની ૧૦મી ગાથામાં** ૪ મુહૂર્ત કહ્યું છે.

# દ્વાર ૨૩૧મું - ૭ સમુદ્દ્ઘાત

વેદના વગેરેમાં એકાકારપણા વડે જીવ ઉદીરણાકરણ વડે વેદનીય વગેરે કર્મોના ઘણા દલિકોને ખેંચીને ઉદયમાં નાંખીને અનુભવીને ખપાવે છે. આ ક્રિયાને સમુદ્દ્ઘાત કહેવાય છે. તે ૭ પ્રકારના છે -

(૧) **વેદના સમુદ્દ્ઘાત** - વેદનાથી પીડાયેલો જીવ શરીરમાંથી આત્મ-પ્રદેશોને બહાર કાઢીને મુખ, જઠર વગેરેના છિદ્રો અને કાન, ખભા વગેરેના અંતરો પૂરીને શરીરની લંબાઈ-પહોળાઈ જેટલા ક્ષેત્રને વ્યાપીને અંતર્મુહૂર્ત સુધી રહે છે. આમ કરતા તે અસાતાવેદનીયના ઘણા દલિકોને ખપાવે છે. આ વેદનાસમુદ્દ્ઘાત છે. સમુદ્દ્ઘાતમાંથી નીકળીને તે પાછો સ્વરૂપમાં આવી જાય છે. આ સમુદ્દ્ઘાતનો કાળ અંતર્મુહૂર્ત છે.

(૨) **કષાય સમુદ્દ્ઘાત** - તીવ્ર કષાયોથી વ્યાકુળ બનેલો જીવ શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને મુખ, જઠર વગેરેના છિદ્રો અને કાન, ખભા વગેરેના અંતરો પૂરીને શરીરની લંબાઈ-પહોળાઈ જેટલા ક્ષેત્રને વ્યાપીને અંતર્મુહૂર્ત સુધી રહે છે. આમ કરતા તે કષાયમોહનીયના ઘણા દલિકોને ખપાવે છે. આ કષાયસમુદ્દ્ઘાત છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે.

(૩) **મરણ સમુદ્દ્ઘાત** - અંતર્મુહૂર્તનું આયુષ્ય બાકી હોય ત્યારે કોઈક જીવ શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને મુખ, જઠર વગેરેના છિદ્રો અને કાન, ખભા વગેરેના અંતરો પૂરીને શરીરની જાડાઈ-પહોળાઈ જેટલા જાડા-પહોળા અને લંબાઈથી શરીરથી બહાર જઘન્યથી અંગુલ/અસંખ્ય જેટલા ક્ષેત્રને અને ઉત્કૃષ્ટથી એક દિશામાં અસંખ્ય યોજન સુધીના ક્ષેત્રને વ્યાપીને રહે છે. આમ કરતા તે આયુષ્ય કર્મના ઘણા દલિકોને ખપાવે છે. આ મરણ સમુદ્દ્ઘાત છે. તેનો

કાળ અંતર્મુહૂર્ત છે.

(૪) **વૈક્રિય સમુદ્ઘાત** - વૈક્રિય લબ્ધિવાળો જીવ વૈક્રિયશરીર બનાવતી વખતે શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને જાડાઈ-પહોળાઈથી શરીર પ્રમાણ અને લંબાઈથી સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે છે. આમ કરતા તે વૈક્રિયશરીર નામકર્મના ઘણા દલિકોને ખપાવે છે. આ વૈક્રિય સમુદ્ઘાત છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે.

(૫) **તૈજસ સમુદ્ઘાત** - તેજોલેશ્યાની લબ્ધિવાળા ગુસ્સે થયેલા સાધુ વગેરે ૭-૮ ડગલા પાછા ફરીને શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને જાડાઈ-પહોળાઈથી શરીરપ્રમાણ અને લંબાઈથી સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે છે અને તૈજસ્ વર્ગણાના પુદ્ગલો લઈને જેના પર ગુસ્સો આવ્યો હોય તે માણસને બાળે છે. આમ કરતા તે તૈજસશરીર નામકર્મના ઘણા દલિકોને ખપાવે છે. આ તૈજસ સમુદ્ઘાત છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે.

(૬) **આહારક સમુદ્ઘાત** - આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્મા આહારક શરીર બનાવે ત્યારે શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને શરીરપ્રમાણ જાડો-પહોળો અને સંખ્યાતા યોજન લાંબો દંડ કરે છે. આમ કરતા તે આહારકશરીર નામકર્મના ઘણા દલિકોને ખપાવે છે. આ આહારક સમુદ્ઘાત છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે.

(૭) **કેવળી સમુદ્ઘાત** - જે કેવળી ભગવંતોને આયુષ્યકર્મ કરતા વેદનીય, નામ, ગોત્ર કર્મોની સ્થિતિ વધુ હોય તેઓ તેમની સ્થિતિને સમાન કરવા કેવળી સમુદ્ઘાત કરે છે. તેમાં પહેલા સમયે શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢીને શરીરપ્રમાણ જાડો અને ઉપર-નીચે લોકાંત સુધીનો દંડ કરે છે. બીજા સમયે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ લોકાંત સુધી ફેલાવીને દંડમાંથી કપાટ કરે છે. ત્રીજા સમયે તે કપાટને ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ

લોકાંત સુધી ફેલાવીને મંથાન કરે છે. આમ ઘણો ખરો લોક પૂરાઈ જાય છે. મંથાનના આંતરા હજી પૂરાયા નથી, કેમકે આત્મપ્રદેશો સમશ્રેણિએ જાય છે. ચોથા સમયે તે આંતરા અને લોકના નિષ્કુટોને આત્મપ્રદેશોથી પૂરી દે છે. આમ સંપૂર્ણ લોક પૂરાઈ જાય છે. પાંચમા સમયે આત્મપ્રદેશોને આંતરા અને નિષ્કુટોમાંથી સંહરી મંથાન કરે છે. છઠ્ઠા સમયે આત્મપ્રદેશોને મંથાનમાંથી સંહરી કપાટ કરે છે. સાતમા સમયે આત્મપ્રદેશોને કપાટમાંથી સંહરી દંડ કરે છે. આઠમા સમયે આત્મપ્રદેશોને દંડમાંથી સંહરી મૂળશરીરમાં લાવે છે. આમ કરતા તે વેદનીય, નામ અને ગોત્ર કર્મોના ઘણા દલિકોને ખપાવે છે. આ કેવળી સમુદ્ઘાત છે. તે ૮ સમયનો છે. પહેલા અને છેલ્લા સમયે ઔદારિક કાયયોગ હોય છે. બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયે તે અણાહારી હોય છે. શેષ સમયોમાં તે આહારી હોય છે.

## જીવોને વિષે સમુદ્ઘાત

| જીવો | સમુદ્ઘાત સંખ્યા | સમુદ્ઘાત |
|---|---|---|
| નારકી, વાયુકાય | ૪ | વેદના, કષાય, મરણ, વૈક્રિય |
| દેવ, પંચેન્દ્રિયતિર્યંચ | ૫ | વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ |

+ શાસ્ત્ર એ પાપરૂપી રોગને દૂર કરવાનું ઔષધ છે, સત્કાર્યોનું કારણ છે, બધું જોઈ શકનારી આંખ છે, બધા કાર્યોની સિદ્ધિનું કારણ છે.

| જીવો | સમુદ્ઘાત સંખ્યા | સમુદ્ઘાત |
|---|---|---|
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વનસ્પતિ-કાય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય-તિર્યંચ | ૩ | વેદના, કષાય, મરણ[૧] |
| મનુષ્ય | ૭ | વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ, આહારક, કેવળી |

●●●

+ શ્રદ્ધાવિહોણી ભક્તિ કદી ફળવતી બનતી નથી. અચિંત્ય શક્તિયુક્ત શ્રીઅરિહંત પરમાત્માની તારક શક્તિમાં સહેજ પણ શંકા કરવી એ મોટો દોષ છે. મિથ્યામતિનો વિકૃત ઓડકાર હોય છે. તાત્પર્ય કે ભક્તને ભગવાનમાં સો ટચની શ્રદ્ધા જ હોવી જોઈએ.
+ હે આત્મન્ ! આયુષ્યરૂપી વૃક્ષ ક્ષણ, ઘડી, મુહૂર્તો, દિવસ-રાતો વગેરે કાળના કુઠારાઘાતોથી પૂર્ણ છેદાઈ ન જાય ત્યાં સુધી તું જ્ઞાન-સંયમ-તપની આરાધનાથી ભાવિ હિત માટે પ્રયત્ન કરી લે, કેમકે પછી કંઈ થઈ શકશે નહીં.
+ વધ-મારણ-આળ ચડાવવું - પરધનહરણ વગેરે બીજાના પ્રત્યે આચરેલ પીડાનું દશગુણ ફળ જઘન્યથી ભોગવવું પડશે. પણ આમાં જેમ જેમ પરિણામ વધુને વધુ દ્વેષવાળા હોય તેમ તેમ ફળ પણ વધતું જાય છે, સોગુણ, હજારગુણ, લાખગુણ, કોટિગુણ, કોટાકોટિગુણ કે તેથી પણ વધુ ફળ ભોગવવું પડે છે.

૧. આ પ્રજ્ઞાપનાસૂત્રનો મત છે. પ્રવચનસારોદ્ધારના મતે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને તૈજસ સમુદ્ઘાત પણ હોય છે.

# દ્વાર ૨૩૨મું - ૬ પર્યાપ્તિઓ

**પર્યાપ્તિ** - આહાર વગેરે પુદ્ગલોને ગ્રહણ કરવાની અને પરિણમાવવાની આત્માની શક્તિ તે પર્યાપ્તિ. તે પુદ્ગલના ઉપચય (ભેગા થવા)થી થાય છે. તે ૭ પ્રકારની છે -

(૧) **આહારપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તેમને રસ અને ખલ રૂપે પરિણમાવે છે તે.

(૨) **શરીરપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ રસરૂપે પરિણમેલા આહારમાંથી રસ, લોહી, માંસ, મેદ, હાડકા, મજ્જા, વીર્ય - આ સાત ધાતુરૂપ શરીર બનાવે છે તે.

(૩) **ઈન્દ્રિયપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ધાતુરૂપે પરિણમેલા આહારમાંથી ઈન્દ્રિયપ્રાયોગ્ય દ્રવ્ય લઈને સ્વયોગ્ય ઈન્દ્રિયો બનાવે છે તે.

(૪) **શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના દલિકોને લઈને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવીને તેમનું આલંબન લઈને તેમને છોડી દે છે તે.

(૫) **ભાષાપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ભાષાવર્ગણાના દલિકોને લઈને ભાષારૂપે પરિણમાવીને તેમનું આલંબન લઈને તેમને છોડી દે છે તે.

(૬) **મનપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ મનોવર્ગણાના દલિકોને લઈને મનરૂપે પરિણમાવીને તેમનું આલંબન લઈને તેમને છોડી દે છે તે.

**જીવોને વિષે પર્યાપ્તિ**

| જીવો | પર્યાપ્તિ સંખ્યા | પર્યાપ્તિ |
|---|---|---|
| એકેન્દ્રિય | ૪ | આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ |
| વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય | ૫ | આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા |

| જીવો | પર્યાપ્તિ સંખ્યા | પર્યાપ્તિ |
|---|---|---|
| સંજ્ઞી પંચેન્દ્રિય | ૬ | આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન |

અપર્યાપ્ત જીવો પહેલી ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરીને અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધીને અબાધાકાળરૂપ અંતર્મુહૂર્ત જીવીને પછી જ મરે છે.

## ઔદારિક શરીરમાં પર્યાપ્તિનો કાળ

બધી પર્યાપ્તિઓ ઉત્પત્તિના પ્રથમ સમયે શરૂ થાય છે.

આહારપર્યાપ્તિ પહેલા સમયે પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે ભાષાપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

## વૈક્રિય અને આહારક શરીરમાં પર્યાપ્તિનો કાળ

બધી પર્યાપ્તિઓ ઉત્પત્તિના પ્રથમ સમયે શરૂ થાય છે.

આહારપર્યાપ્તિ પહેલા સમયે પૂર્ણ થાય છે.

ત્યાર પછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછીના સમયે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછીના સમયે શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછીના સમયે [૧]ભાષાપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

ત્યાર પછીના સમયે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

●●●

૧. દેવોને ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ બન્ને એકસાથે થાય છે.

# દ્વાર ૨૩૩મું - ચાર અણાહારી

અણાહારી - જે આહાર ન લે તે અણાહારી. તે ૪ પ્રકારે છે -

(૧) **વિગ્રહગતિને પામેલા જીવો** -

ભવાંતરમાં જતા જીવની બે રીતે ગતિ થાય છે -

(૧) **ઋજુગતિ** - જો ભવાંતરનું ઉત્પત્તિસ્થાન સમશ્રેણિએ જ હોય તો જીવ એક જ સમયમાં સીધો ત્યાં પહોંચી જાય છે. આને ઋજુગતિ કહેવાય છે. તે ૧ સમયની હોય છે. તેમાં અવશ્ય આહારક હોય છે.

(૨) **વિગ્રહગતિ** - જો ભવાંતરનું ઉત્પત્તિસ્થાન સમશ્રેણિએ ન હોય પણ વળાંકમાં હોય તો જીવ વિગ્રહગતિથી (વળાંકવાળી ગતિથી) ત્યાં પહોંચે છે. આ વિગ્રહગતિ ૪ પ્રકારની છે -

(a) **એક વક્રવાળી વિગ્રહગતિ** - એક જ પ્રતરમાં એક દિશામાંથી બીજી દિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે જીવ ૧ વક્રવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. તેમાં ૨ સમય લાગે છે. તે બન્ને સમયોમાં આહારક થાય છે. પહેલા સમયે દિશામાંથી વિદિશામાં જાય. બીજા સમયે વિદિશામાંથી દિશામાં જાય.

(b) **બે વક્રવાળી વિગ્રહગતિ** - એક દિશામાંથી ઉપર કે નીચે બીજી દિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે જીવ ૨ વક્રવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. તેમાં ૩ સમય લાગે છે. તેમાં વચ્ચેના સમયે અનાહારક હોય છે. પહેલા સમયે ઉપર કે નીચે જાય. બીજા સમયે વિદિશામાં જાય. ત્રીજા સમયે દિશામાં જાય.

(c) **ત્રણ વક્રવાળી વિગ્રહગતિ** - અધોલોકમાં ત્રસનાડીની બહાર દિશામાંથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહાર વિદિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે જીવ ૩ વક્રવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. તેમાં ૪ સમય લાગે છે. તેમાં વચ્ચેના ૨ સમયોમાં અનાહારક હોય છે. પહેલા સમયે ત્રસનાડીમાં આવે. બીજા સમયે ઉપર જાય. ત્રીજા સમયે

# ઋજુગતિ - વિગ્રહગતિમાં આહારી-અણાહારી

**(૧) એક વક્રવાળી વક્રગતિ :**




**(૨) બે વક્રવાળી વક્રગતિ :**




**(૩) ત્રણ વક્રવાળી વક્રગતિ :**




**(૪) ચાર વક્રવાળી વક્રગતિ :**




**(૫) ઋજુગતિ :**



ત્રસનાડીની બહાર દિશામાં જાય. ચોથા સમયે વિદિશામાં જાય.

(d) **ચાર વક્રવાળી વિગ્રહગતિ** - અધોલોકમાં ત્રસનાડીની બહાર વિદિશામાંથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહાર વિદિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે જીવ ચાર વક્રવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. તેમાં ૫ સમય લાગે છે. તેમાં વચ્ચેના ૩ સમયોમાં અનાહારક હોય છે. પહેલા સમયે વિદિશામાંથી દિશામાં આવે. બીજા સમયે ત્રાસનાડીમાં આવે. ત્રીજા સમયે ઉપર જાય. ચોથા સમયે ત્રસનાડીની બહાર દિશામાં જાય. પાંચમા સમયે વિદિશામાં જાય.

| ગતિ | સમય | આહારક | અનાહારક | આહારક |
|---|---|---|---|---|
| ઋજુગતિ | ૧ | પહેલા સમયે | — | — |
| ૧ વક્રવાળી વિગ્રહગતિ | ૨ | પહેલા સમયે | — | છેલ્લા સમયે |
| ૨ વક્રવાળી વિગ્રહગતિ | ૩ | પહેલા સમયે | વચ્ચે ૧ સમય માટે | છેલ્લા સમયે |
| ૩ વક્રવાળી વિગ્રહગતિ | ૪ | પહેલા સમયે | વચ્ચે ૨ સમય માટે | છેલ્લા સમયે |
| ૪ વક્રવાળી વિગ્રહગતિ | ૫ | પહેલા સમયે | વચ્ચે ૩ સમય માટે | છેલ્લા સમયે |

(૨) **કેવળીસમુદ્ઘાતમાં** - કેવળીસમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગમાં રહેલ કેવળીભગવંત અણાહારી હોય છે.

(૩) **અયોગી** - ૧૪મા ગુણઠાણે રહેલા અયોગી કેવળી ભગવંતો શૈલેશી અવસ્થામાં પાંચ હ્રસ્વાક્ષરઉચ્ચારણકાળ સુધી અણાહારી હોય છે.

(૪) **સિદ્ધો** - સિદ્ધ ભગવંતો સાદિ અનંત કાળ સુધી અણાહારી હોય છે.

●●●

# દ્વાર ૨૩૪મું - ૭ ભયસ્થાનો

ભય = ભયમોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થતો આત્માનો પરિણામ. સ્થાન = આશ્રય. ભયના સ્થાન તે ભયસ્થાન. તે સાત છે -

(૧) **ઇહલોકભય** - મનુષ્ય વગેરેને સજાતીય એવા મનુષ્ય વગેરે થકી જે ભય તે ઇહલોકભય.

(૨) **પરલોકભય** - મનુષ્ય વગેરેને વિજાતીય એવા તિર્યંચ, દેવ વગેરે થકી જે ભય તે પરલોકભય.

(૩) **આદાનભય** - ચોર વગેરે થકી ચોરીનો ભય તે આદાનભય.

(૪) **અકસ્માત્ભય** - બાહ્ય નિમિત્ત વિના ભય લાગવો તે અકસ્માત્ ભય.

(૫) **આજીવિકાભય** - દુકાળ વગેરેમાં આજીવિકાનો ભય તે આજીવિકા-ભય.

(૬) **મરણભય** - મરણનો ભય તે મરણભય.

(૭) **અશ્લોકભય** - અપયશનો ભય તે અશ્લોકભય.

●●●

+ જગતમાં જેટલા પરિષહો છે, એ બધા અત્યંત સમાધિપૂર્વક સહન કરતા અનંત જીવો કેવલજ્ઞાન પામ્યા છે. સમતા-સમાધિ-ઉદાસીનતા-મધ્યસ્થતા એ જ આરાધનાનો સાર છે. એ માટે જ બધી આરાધનાઓ છે.

# દ્વાર ૨૩૫મું - ૬ અપ્રશસ્ત ભાષાઓ

અપ્રશસ્ત = ખરાબ.

ભાષા = જે બોલાય તે ભાષા.

ખરાબ રીતે બોલાયેલી ભાષા તે અપ્રશસ્ત ભાષા.

અપ્રશસ્ત ભાષા ૬ પ્રકારની છે -

(૧) **હીલિતા** - અસૂયાપૂર્વક અવગણના કરવી તે. દા.ત. હે વાચક ! હે જ્યેષ્ઠાર્ય ! વગેરે હીલનાકારક વચનો બોલવા.

(૨) **ખિંસિતા** - જાતિ, કાર્ય વગેરેને પ્રગટ કરવા તે.

(૩) **પરુષા** - કર્કશ વચન બોલવા તે. દા.ત. હે દુષ્ટ શિષ્ય ! વગેરે બોલવું.

(૪) **અલીકા** - 'કેમ દિવસે ઝોકા ખાય છે ?' એમ પૂછવા પર 'હું ઝોકા નથી ખાતો.' એમ કહેવું તે.

(૫) **ગાર્હસ્થી** - ગૃહસ્થસંબંધી ભાષા તે. દા.ત. મામા, ભાણેજ વગેરે બોલવું.

(૬) **ઉપશાન્તાધિકરણોલ્લાસસંજનની** - ઉપશાંત થયેલ ઝઘડાને પ્રગટ કરનારી ભાષા તે.

●●●

+ ઉદ્યોગપતિને કરોડો કરોડોનો પ્રોજેક્ટ મળતા જે આનંદ થાય તે આનંદ મહાત્માઓને રોગાદિ પરિષહ વખતે થાય છે, જ્યારે આપણને રોગાદિ સમયે આકુળતા-વ્યાકુળતા થાય છે.

# દ્વાર ૨૩૬મું - શ્રાવકોના અણુવ્રતોના ભાંગા

શ્રાવકો ૫ પ્રકારના છે -

(૧) **બે પ્રકારના** -

(૧) **વિરત** - દેશવિરતિ સ્વીકારેલ.

(૨) **અવિરત** - વિરતિ વિનાના, ક્ષાયિક વગેરે સમ્યક્ત્વ સ્વીકારેલ. દા.ત. સત્યકી, શ્રેણિક, કૃષ્ણ વગેરે.

(૨) **૮ પ્રકારના** -

(૧) [1]**દ્વિવિધ-ત્રિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(૨) **દ્વિવિધ-દ્વિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(ii) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(iii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(૩) **દ્વિવિધ-એકવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(ii) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

---

૧. ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ વિશેષ વિષયક છે. દીક્ષા લેવાની ઈચ્છાવાળો જે વ્યક્તિ સંતાનોના પાલન માટે જ સંસારમાં રહેલો હોય તે પ્રતિમા સ્વીકારે તે ત્રિવિધ ત્રિવિધ ભાંગે. કોઈક વિશેષ અવસ્થામાં સ્વયંભૂરમણ સમુદ્રના માછલાનું માંસ, હાથીના દાંત, ચિત્તાનું ચામડું વગેરેના કે સ્થૂલહિંસા વગેરેના પચ્ચક્ખાણ કરે તે ત્રિવિધ ત્રિવિધ ભાંગે. તે અલ્પ હોવાથી અહીં તેમની વિવક્ષા કરી નથી.

(iii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

**(૪) એકવિધ-ત્રિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૨ ભાંગા છે -

(i) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

**(૫) એકવિધ-દ્વિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૬ ભાંગા છે -

(i) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(iii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(iv) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(v) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(vi) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

**(૬) એકવિધ-એકવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૬ ભાંગા છે -

(i) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(iii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(iv) મનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(v) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(vi) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

| **ક્ર.** | **વ્રતના ભાંગા** | **પેટા ભેદ** |
|---|---|---|
| ૧ | દ્વિવિધ ત્રિવિધ | ૧ |
| ૨ | દ્વિવિધ દ્વિવિધ | ૩ |
| ૩ | દ્વિવિધ એકવિધ | ૩ |

| ક્ર. | વ્રતના ભાંગા | પેટા ભેદ |
|---|---|---|
| ૪ | એકવિધ ત્રિવિધ | ૨ |
| ૫ | એકવિધ દ્વિવિધ | ૬ |
| ૬ | એકવિધ એકવિધ | ૬ |
| | કુલ | ૨૧ |

આમ વ્રતોને સ્વીકારવાના ૬ પ્રકાર હોવાથી શ્રાવકોના ૬ પ્રકાર છે.

(૭) **ઉત્તરગુણ સ્વીકારેલ.** મૂલગુણ = પાંચ અણુવ્રત. ઉત્તરગુણ = ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત.

(૮) **અવિરતસમ્યગ્દૃષ્ટિ.**

(૩) **૩૨ પ્રકારના** - ઉપર કહેલ ૬ ભાંગામાંથી કોઈ પહેલા ભાંગાથી, કોઈ બીજા ભાંગાથી, કોઈ ત્રીજા ભાંગાથી, કોઈ ચોથા ભાંગાથી, કોઈ પાંચમા ભાંગાથી, કોઈ છટ્ઠા ભાંગાથી પહેલા અણુવ્રતને સ્વીકારે. એમ દરેક અણુવ્રત માટે સમજવું. તેથી ૬ × ૫ = ૩૦ પ્રકાર થયા.

આમ વ્રતોને સ્વીકારવાના ૩૦ પ્રકાર હોવાથી વ્રતને સ્વીકારનારા શ્રાવકોના પણ ૩૦ પ્રકાર છે.

(૩૧) ઉત્તરગુણ સ્વીકારેલ.

(૩૨) અવિરતસમ્યગ્દૃષ્ટિ.

આવશ્યકસૂત્રને અનુસારે શ્રાવકના ૩૨ પ્રકાર -

કોઈ ૫ વ્રત સ્વીકારે, કોઈ ૪ વ્રત સ્વીકારે, કોઈ ૩ વ્રત સ્વીકારે, કોઈ ૨ વ્રત સ્વીકારે, કોઈ ૧ વ્રત સ્વીકારે. તે દરેક ૬-૬ ભાંગે સ્વીકારે. તેથી ૬ × ૫ = ૩૦ પ્રકાર થયા.

(૩૧) ઉત્તરગુણ સ્વીકારેલ.

(૩૨) અવિરતસમ્યગ્દષ્ટિ.

(૪) **૭૩૫ પ્રકારના -**

(૧) **ત્રિવિધ ત્રિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(૨) **ત્રિવિધ દ્વિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(ii) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(iii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(૩) **ત્રિવિધ એકવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(ii) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(iii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં અને કરનારાની અનુમોદના ન કરવી.

(૪) **દ્વિવિધ ત્રિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(ii) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(iii) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

**(૫) દ્વિવિધ દ્વિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૯ ભાંગા છે -

(i) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(ii) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(iii) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

(iv) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(v) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(vi) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

(vii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(viii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(ix) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

**(૬) દ્વિવિધ એકવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૯ ભાંગા છે -

(i) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(ii) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(iii) મનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

(iv) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(v) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(vi) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

(vii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, કરાવવા નહીં.

(viii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં, અનુમોદવા નહીં.

(ix) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં, અનુમોદવા નહીં.

(૭) **એકવિધ ત્રિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૩ ભાંગા છે -

(i) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(iii) મન-વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(૮) **એકવિધ દ્વિવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૯ ભાંગા છે -

(i) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(iii) મન-વચનથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(iv) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(v) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(vi) વચન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(vii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(viii) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(ix) મન-કાયાથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(૯) **એકવિધ એકવિધ ભાંગે વ્રત સ્વીકારનારા** - આના ૯ ભાંગા છે -

(i) મનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(ii) મનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(iii) મનથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(iv) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(v) વચનથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(vi) વચનથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

(vii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરવા નહીં.

(viii) કાયાથી સ્થૂલ હિંસા વગેરે કરાવવા નહીં.

(ix) કાયાથી સ્થૂલ હિંસા વગેરે અનુમોદવા નહીં.

| ક્ર. | ભાંગા | પેટા ભેદ |
|---|---|---|
| ૧ | ત્રિવિધ ત્રિવિધ | ૧ |
| ૨ | ત્રિવિધ દ્વિવિધ | ૩ |
| ૩ | ત્રિવિધ એકવિધ | ૩ |
| ૪ | દ્વિવિધ ત્રિવિધ | ૩ |
| ૫ | દ્વિવિધ દ્વિવિધ | ૯ |
| ૬ | દ્વિવિધ એકવિધ | ૯ |
| ૭ | એકવિધ ત્રિવિધ | ૩ |
| ૮ | એકવિધ દ્વિવિધ | ૯ |
| ૯ | એકવિધ એકવિધ | ૯ |
| | કુલ | ૪૯ |

આમ વ્રતોને સ્વીકારવાના ૪૯ પ્રકાર હોવાથી તે વ્રતોને સ્વીકારનારા શ્રાવકોના પણ ૪૯ પ્રકાર છે.

પચ્ચક્ખાણ ત્રણ કાળ વિષયક હોય છે -

ભૂતકાળની નિંદા.

વર્તમાનકાળનું સંવરણ (અટકવું.)

ભવિષ્યકાળનું પચ્ચક્ખાણ.

તેથી ૪૯ × ૩ = ૧૪૭ પ્રકાર થયા.

દરેક અણુવ્રતમાં આ ૧૪૭ પ્રકાર થાય.

તેથી ૧૪૭ × ૫ = ૭૩૫ પ્રકાર થાય.

(૫) **૧૬,૮૦૮ પ્રકારના** - પૂર્વે કહેલ ૬ ભંગીને આશ્રયીને

૨ વ્રતના અસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા = ૬ × ૭ + ૬ = ૪૮

(એક વ્રતના ૬ ભાંગા. બીજા વ્રતના ૬ ભાંગા. એટલે

અસંયોગી ભાંગા = ૬ + ૬ = ૧૨ ભાંગા.

બેસંયોગી ભાંગા = ૬ × ૬ = ૩૬ ભાંગા.

કુલ ભાંગા = ૧૨ + ૩૬ = ૪૮ ભાંગા.)

૩ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા = ૪૮ × ૭ + ૬ = ૩૪૨

(એક વ્રતના ૬ ભાંગા. બીજા વ્રતના ૬ ભાંગા. ત્રીજા વ્રતના ૬ ભાંગા. એટલે

અસંયોગી ભાંગા = ૬ + ૬ + ૬ = ૧૮ ભાંગા.

બેસંયોગી ભાંગા = (૬ × ૬) + (૬ × ૬) + (૬ × ૬) = ૩૬ + ૩૬ + ૩૬ = ૧૦૮ ભાંગા.

ત્રણસંયોગી ભાંગા = ૬ × ૬ × ૬ = ૨૧૬ ભાંગા.

કુલ ભાંગા = ૧૮ + ૧૦૮ + ૨૧૬ = ૩૪૨ ભાંગા.)

૪ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા = ૩૪૨ × ૭ + ૬ = ૨૪૦૦

(એક વ્રતના ૬ ભાંગા. બીજા વ્રતના ૬ ભાંગા. ત્રીજા વ્રતના ૬ ભાંગા. ચોથા વ્રતના ૬ ભાંગા. એટલે

અસંયોગી ભાંગા = ૬ + ૬ + ૬ + ૬ = ૨૪ ભાંગા.

બેસંયોગી ભાંગા = (૬ × ૬) + (૬ × ૬) + (૬ × ૬) + (૬ × ૬) + (૬ × ૬) + (૬ × ૬) = ૩૬ + ૩૬ + ૩૬ + ૩૬ + ૩૬ + ૩૬ = ૨૧૬ ભાંગા.

ત્રણસંયોગી ભાંગા = (૬ × ૬ × ૬) + (૬ × ૬ × ૬) + (૬ × ૬

× ૬) + (૬ × ૬ × ૬) = ૨૧૬ + ૨૧૬ + ૨૧૬ + ૨૧૬ = ૮૬૪ ભાંગા.

ચારસંયોગી ભાંગા = ૬ × ૬ × ૬ × ૬ = ૧૨૯૬ ભાંગા.

કુલ ભાંગા = ૨૪ + ૨૧૬ + ૮૬૪ + ૧,૨૯૬ = ૨,૪૦૦ ભાંગા.)

૫ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા = ૨૪૦૦ × ૭ + ૬ = ૧૬,૮૦૬ (જુઓ પાના નં. ૬૫૧-૬૫૩)

વ્રતોને સ્વીકારવાના ૧૬,૮૦૬ પ્રકાર હોવાથી તે વ્રતોને સ્વીકારનારા શ્રાવકોના પણ ૧૬,૮૦૬ પ્રકાર છે. તેમાં ઉત્તરગુણ સ્વીકારેલ અને અવિરતસમ્યગ્દષ્ટિ એ બે ઉમેરતા શ્રાવકના ૧૬,૮૦૮ પ્રકાર થાય.

૬ ભંગી, ૨૧ ભંગી, ૯ ભંગી, ૪૯ ભંગી અને ૧૪૭ ભંગીના ૧ વ્રત વગેરેને આશ્રયીને થનારા ભાંગા ઉપર-નીચે લખતા દેવકુલિકા જેવો આકાર થાય છે. તેથી તેને દેવકુલિકા કહેવાય છે.

૬ ભંગીને આશ્રયીને ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા આ રીતે જાણવા.

એક વ્રતના ભાંગા = ૬

બે વ્રતના ભાંગા = ૬ × ૭ + ૬ = ૪૮

ત્રણ વ્રતના ભાંગા = ૪૮ × ૭ + ૬ = ૩૪૨

ચાર વ્રતના ભાંગા = ૩૪૨ × ૭ + ૬ = ૨,૪૦૦

પાંચ વ્રતના ભાંગા = ૨૪૦૦ × ૭ + ૬ = ૧૬,૮૦૬

એમ બાર વ્રતના ભાંગા = ૧૩,૮૪,૧૨,૮૭,૨૦૦

આ બાર સંખ્યાઓને ઉપર-નીચે લખતા ખંડદેવકુલિકા (અડધી દેવકુલિકા) થાય.

૨૧ ભંગીને આશ્રયીને ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા આ રીતે જાણવા -

એક વ્રતના ભાંગા = ૨૧

બે વ્રતના ભાંગા = ૨૧ × ૨૨ + ૨૧ = ૪૮૩

એમ બાર વ્રતના ભાંગા = ૧૨,૮૫,૫૦,૦૨,૬૩,૧૦,૪૯,૨૧૫.

૯ ભંગીને આશ્રયીને ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા આ રીતે જાણવા -

એક વ્રતના ભાંગા = ૯

બે વ્રતના ભાંગા = ૯ × ૧૦ + ૯ = ૯૯

એમ બાર વ્રતના ભાંગા = ૯,૯૯,૯૯,૯૯,૯૯,૯૯૯.

૪૯ ભંગીને આશ્રયીને ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા આ રીતે જાણવા -

એક વ્રતના ભાંગા = ૪૯

બે વ્રતના ભાંગા = ૪૯ × ૫૦ + ૪૯ = ૨,૪૯૯

એમ બાર વ્રતના ભાંગા =
૨૪,૪૧,૪૦,૬૨,૪૯,૯૯,૯૯, ૯૯,૯૯,૯૯૯.

૧૪૭ ભંગીને આશ્રયીને ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે કુલ ભાંગા આ રીતે જાણવા -

એક વ્રતના ભાંગા = ૧૪૭

બે વ્રતના ભાંગા = ૧૪૭ × ૧૪૮ + ૧૪૭ = ૨૧,૯૦૩

એમ બાર વ્રતના ભાંગા =
૧૧,૦૪,૪૩,૬૦,૭૭,૧૯,૬૧,૧૫,૩૩,૩૫,૬૯,૫૭,૬૯૫

આમ પાંચ ખંડદેવકુલિકા થઈ.

૬ ભંગી વગેરેમાં ૧ થી ૧૨ વ્રતની ૧૨-૧૨ સંપૂર્ણ દેવકુલિકાઓ થાય છે. કુલ ૬૦ દેવકુલિકા થાય છે. આ દેવકુલિકામાં ત્રણ સંખ્યા હોય છે - પહેલા ગુણ્યરાશિ, પછી ગુણકારકરાશિ અને અંતે આવેલરાશિ. ૬૦ દેવકુલિકાનું પ્રતિપાદન અહીં કરવું ખૂબ વિસ્તારવાળું થશે. વળી તે શ્રાવકવ્રતભંગપ્રકરણના પદાર્થસંગ્રહમાં (પદાર્થપ્રકાશ ભાગ ૧૭માં) અમે વિસ્તારપૂર્વક બતાવેલ છે. માટે તેના જિજ્ઞાસુઓએ તે ત્યાંથી જાણી લેવું. અહીં બતાવાતું નથી.

૬ ભંગીની ૧૨મી દેવકુલિકા અહીં બતાવાય છે.

૧થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે ભાંગા જાણવાની રીત -

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૧૧ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ | ૬૬ |
| ૧૦ | ૫૫ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ |
| ૯ | ૪૫ | ૧૬૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ |
| ૮ | ૩૬ | ૧૨૦ | ૩૩૦ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ |
| ૭ | ૨૮ | ૮૪ | ૨૧૦ | ૪૬૨ | ૯૨૪ | ૯૨૪ | ૯૨૪ | ૯૨૪ | ૯૨૪ | ૯૨૪ |
| ૬ | ૨૧ | ૫૬ | ૧૨૬ | ૨૫૨ | ૪૬૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ | ૭૯૨ |
| ૫ | ૧૫ | ૩૫ | ૭૦ | ૧૨૬ | ૨૧૦ | ૩૩૦ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ | ૪૯૫ |
| ૪ | ૧૦ | ૨૦ | ૩૫ | ૫૬ | ૮૪ | ૧૨૦ | ૧૬૫ | ૨૨૦ | ૨૨૦ | ૨૨૦ |
| ૩ | ૬ | ૧૦ | ૧૫ | ૨૧ | ૨૮ | ૩૬ | ૪૫ | ૫૫ | ૬૬ | ૬૬ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

(૧) ૧૧ ઊભી પંક્તિઓ સ્થાપવી. દરેક પંક્તિમાં ૧૨ આડા ખાના કરવા.

(૨) પહેલી ઊભી પંક્તિમાં નીચેથી ઉપર ૧ થી ૧૨ ની સંખ્યા લખવી.

(૩) બાકીની ૧૦ ઊભી પંક્તિમાં દરેકમાં નીચેથી પહેલા ખાનામાં ૧

લખવો.

(૪) પહેલી પંક્તિના નીચેના પહેલા ખાનાના ૧ ને નીચેથી બીજા ખાનાના ૨ માં ઉમેરવો. જવાબ ૩ બીજી પંક્તિના નીચેથી બીજા ખાનામાં લખવો. એ ૩ને પહેલી પંક્તિના નીચેથી ત્રીજા ખાનાના ૩માં ઉમેરવો. જવાબ ૬ બીજી પંક્તિના નીચેથી ત્રીજા ખાનામાં લખવો. એ ૬ને પહેલી પંક્તિના નીચેથી ચોથા ખાનાના ૪માં ઉમેરવો. જવાબ ૧૦ બીજી પંક્તિના નીચેથી ચોથા ખાનામાં લખવો. આમ પહેલી પંક્તિના નીચે-નીચેના સરવાળાને ઉપર ઉપરની સંખ્યામાં ઉમેરી જવાબ બીજી પંક્તિમાં લખવો. બીજી પંક્તિના નીચેથી ૧૨મા ખાનામાં કંઈ ઉમેર્યા વિના તે ૧૨ને જ બીજી પંક્તિના નીચેથી ૧૨મા ખાનામાં લખવો.

(૫) બીજી પંક્તિના નીચે-નીચેના સરવાળાને ઉપર ઉપરની સંખ્યામાં ઉમેરી જવાબ ત્રીજી પંક્તિમાં લખવો. બીજી પંક્તિના નીચેથી ૧૧મા અને ૧૨મા ખાનામાં કંઈ પણ ઉમેર્યા વિના તે ૬૬ અને ૧૨ને ત્રીજી પંક્તિના નીચેથી ૧૧મા અને ૧૨મા ખાનામાં લખવા.

(૬) આ જ રીતે પછીની બધી ઊભી પંક્તિઓ ભરવી.

(૭) પૂર્વ પૂર્વની પંક્તિના ઉપરથી ૧-૧ વધુ ખાનામાં કંઈ પણ ઉમેર્યા વિના તે જ સંખ્યા પછી પછીની પંક્તિના તે ખાનામાં લખવી.

છેલ્લી પંક્તિમાં જણાવેલ સંખ્યા તે ૧ થી ૧૨ વ્રતના અસંયોગી વગેરે ભાંગાની છે.

અસંયોગી વગેરે ભાંગા જાણવાની બીજી પણ બે રીતો છે. તે પદાર્થપ્રકાશ ભાગ ૧૭માંથી જાણી લેવી.

આ બાર સંખ્યાઓ ગુણકારકરાશિ છે.

૧૨મી દેવકુલિકાની ગુણ્યરાશિ આ પ્રમાણે છે.

૧ વ્રતના ૬ ભાંગા થાય છે.

૨ વ્રતના ૬ × ૬ = ૩૬ ભાંગા થાય છે.

૩ વ્રતના ૩૬ × ૬ = ૨૧૬ ભાંગા થાય છે.

૪ વ્રતના ૨૧૬ × ૬ = ૧,૨૯૬ ભાંગા થાય છે.

૫ વ્રતના ૧,૨૯૬ × ૬ = ૭,૭૭૬ ભાંગા થાય છે.

૬ વ્રતના ૭,૭૭૬ × ૬ = ૪૬,૬૫૬ ભાંગા થાય છે.

૭ વ્રતના ૪૬,૬૫૬ × ૬ = ૨,૭૯,૯૩૬ ભાંગા થાય છે.

૮ વ્રતના ૨,૭૯,૯૩૬ × ૬ = ૧૬,૭૯,૬૧૬ ભાંગા થાય છે.

૯ વ્રતના ૧૬,૭૯,૬૧૬ × ૬ = ૧,૦૦,૭૭,૬૯૬ ભાંગા થાય છે.

૧૦ વ્રતના ૧,૦૦,૭૭,૬૯૬ × ૬ = ૬,૦૪,૬૬,૧૭૬ ભાંગા થાય છે.

૧૧ વ્રતના ૬,૦૪,૬૬,૧૭૬ × ૬ = ૩૬,૨૭,૯૭,૦૫૬ ભાંગા થાય છે.

૧૨ વ્રતના ૩૬,૨૭,૯૭,૦૫૬ × ૬ = ૨,૧૭,૬૭,૮૨,૩૩૬ ભાંગા થાય છે.

૧૨મી દેવકુલિકા આ પ્રમાણે છે -

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | × | ૧૨ | = | ૭૨ |
| ૩૬ | × | ૬૬ | = | ૨,૩૭૬ |
| ૨૧૬ | × | ૨૨૦ | = | ૪૭,૫૨૦ |
| ૧,૨૯૬ | × | ૪૯૫ | = | ૬,૪૧,૫૨૦ |
| ૭,૭૭૬ | × | ૭૯૨ | = | ૬૧,૫૮,૫૯૨ |
| ૪૬,૬૫૬ | × | ૯૨૪ | = | ૪,૩૧,૧૦,૧૪૪ |
| ૨,૭૯,૯૩૬ | × | ૭૯૨ | = | ૨૨,૧૭,૦૯,૩૧૨ |
| ૧૬,૭૯,૬૧૬ | × | ૪૯૫ | = | ૮૩,૧૪,૦૯,૯૨૦ |
| ૧,૦૦,૭૭,૬૯૬ | × | ૨૨૦ | = | ૨,૨૧,૭૦,૯૩,૧૨૦ |
| ૬,૦૪,૬૬,૧૭૬ | × | ૬૬ | = | ૩,૯૯,૦૭,૬૭,૬૧૬ |
| ૩૬,૨૭,૯૭,૦૫૬ | × | ૧૨ | = | ૪,૩૫,૩૫,૬૪,૬૭૨ |
| ૨,૧૭,૬૭,૮૨,૩૩૬ | × | ૧ | = | ૨,૧૭,૬૭,૮૨,૩૩૬ |

આ પ્રમાણે ૬ ભંગીની બાકીની ૧૧ દેવકુલિકાઓ પણ જાણી લેવી. એ પ્રમાણે ૨૧ ભંગીની, ૯ ભંગીની, ૪૯ ભંગીની અને ૧૪૭ ભંગીની ૧૨-૧૨ દેવકુલિકાઓ જાણી લેવી.

૫ વ્રતના અસંયોગી વગેરે ભાંગા (ગુણકારકરાશિ) -

| | | | |
|---|---|---|---|
| ૫ | ૫ | ૫ | ૫ |
| ૪ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૩ | ૬ | ૧૦ | ૧૦ |
| ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧ | ૧ | ૧ |

(આની સમજણ પાનાં નં. ૬૪૮-૬૪૯ ઉપર બતાવેલ રીત પ્રમાણે જાણવી.)

છેલ્લી પંક્તિની સંખ્યા અસંયોગી વગેરે ભાંગા બતાવે છે.

૫ મી દેવકુલિકાની ગુણ્યરાશિ -

એક વ્રતના ભાંગા = ૬

બે વ્રતના ભાંગા = ૬ × ૬ = ૩૬

ત્રણ વ્રતના ભાંગા = ૩૬ × ૬ = ૨૧૬

ચાર વ્રતના ભાંગા = ૨૧૬ × ૬ = ૧,૨૯૬

પાંચ વ્રતના ભાંગા = ૧,૨૯૬ × ૬ = ૭,૭૭૬

૫ મી દેવકુલિકા આ પ્રમાણે છે -

૬ × ૫ = ૩૦
૩૬ × ૧૦ = ૩૬૦
૨૧૬ × ૧૦ = ૨,૧૬૦
૧,૨૯૬ × ૫ = ૬,૪૮૦
૭,૭૭૬ × ૧ = ૭,૭૭૬

આનો ભાવાર્થ આ પ્રમાણે છે -

કોઈક જીવ ૫ અણુવ્રત સ્વીકારે છે.

**(૧) અસંયોગી ભાંગા -**

૫ વ્રતના અસંયોગી ભાંગા = ૫

દરેક વ્રતના દ્વિવિધ-ત્રિવિધ વગેરે ૬ ભાંગા છે.

તેથી કુલ અસંયોગી ભાંગા = ૫ × ૬ = ૩૦

**(૨) બેસંયોગી ભાંગા -**

૫ વ્રતના બેસંયોગી ભાંગા = ૧૦

૬ ભંગીના બેસંયોગી ભાંગા = ૩૬

કુલ બેસંયોગી ભાંગા = ૧૦ × ૩૬ = ૩૬૦

**(૩) ત્રણસંયોગી ભાંગા -**

૫ વ્રતના ત્રણસંયોગી ભાંગા = ૧૦

૬ ભંગીના ત્રણસંયોગી ભાંગા = ૨૧૬

કુલ ત્રણસંયોગી ભાંગા = ૧૦ × ૨૧૬ = ૨,૧૬૦

**(૪) ચારસંયોગી ભાંગા -**

૫ વ્રતના ચારસંયોગી ભાંગા = ૫

૬ ભંગીના ચારસંયોગી ભાંગા = ૧,૨૯૬

કુલ ચારસંયોગી ભાંગા = ૫ × ૧,૨૯૬ = ૬,૪૮૦

**(૫) પાંચસંયોગી ભાંગા -**

૫ વ્રતના પાંચસંયોગી ભાંગા = ૧

૬ ભંગીના પાંચસંયોગી ભાંગા = ૭૭૭૬

કુલ પાંચસંયોગી ભાંગા = ૧ × ૭૭૭૬ = ૭૭૭૬

આમ પાંચ અણુવ્રત સ્વીકારવાના કુલ ભાંગા = ૩૦
+ ૩૬૦
+ ૨,૧૬૦
+ ૬,૪૮૦
+ ૭,૭૭૬
૧૬,૮૦૬

તેથી શ્રાવકના ૧૬,૮૦૬ પ્રકાર છે. તેમાં ઉત્તરગુણ સ્વીકારેલ અને અવિરતસમ્યગ્દષ્ટિ એ બેને ઉમેરતા શ્રાવકના ૧૬,૮૦૮ પ્રકાર થાય છે. ૬ ભંગીને આશ્રયીને ૧૨ વ્રતોના અસંયોગી વગેરે કુલ ભાંગા ૧૩,૮૪,૧૨,૮૭,૨૦૦ છે. તેમાં ઉત્તરગુણ સ્વીકારેલ અને અવિરત-સમ્યગ્દષ્ટિ એ બેને ઉમેરતા શ્રાવકના ૧૩,૮૪,૧૨,૮૭,૨૦૨ પ્રકાર થાય છે.

સાધુના વ્રતના ૨૭ ભાંગા છે -

(૧-૯) મન-વચન-કાયાથી સાવદ્ય યોગ કરવો નહીં, કરાવવો નહીં, કરતાંની અનુમોદના ન કરવી.

૯ × ૩ (કાળ) = ૨૭ ભાંગા.

●●●

+ સંયોગો ગમે તેવા સર્જાય કે નિમિત્તો ગમે તેવા તમારી સામે આવીને ઊભા રહે, તમારા અધ્યવસાયોને તમારે મલિન બનવા દેવાના નથી જ. સ્વાધ્યાયાદિની ઉપેક્ષા એક વાર માફ થઈ જશે પણ અધ્યવસાયોની મલિનતા તો માફ નહીં જ થાય.

+ મારી ભૂલનો બચાવ મારે કરવો નથી અને સામાની ભૂલનો સંગ્રહ પણ મારે કરવો નથી.

# દ્વાર ૨૩૭મું - ૧૮ પાપસ્થાનકો

પાપના કારણરૂપ સ્થાનકો તે પાપસ્થાનકો. તે ૧૮ છે -

(૧) પ્રાણાતિપાત - હિંસા.

(૨) મૃષાવાદ - જૂઠ.

(૩) અદત્તાદાન - ચોરી.

(૪) મૈથુન - અબ્રહ્મ.

(૫) પરિગ્રહ - ધન-ધાન્યાદિનો સંગ્રહ અને તેની પર મર્ચ્છા કરવી.

(૬) રાત્રિભોજન - સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પૂર્વે ખાવું.

(૭) ક્રોધ - અપ્રીતિ, અરુચિ.

(૮) માન - પોતાને ચઢિયાતો અને બીજાને હલકો માનવો.

(૯) માયા - અંદરથી જુદુ - બહારથી જુદુ, કપટ

(૧૦) લોભ - તૃષ્ણા (ન હોય તે મેળવવાની ઇચ્છા), આસક્તિ (હોય તે ન છોડવાની ઇચ્છા)

(૧૧) રાગ (પ્રેમ)-અવ્યક્ત માયા-લોભ રૂપ આસક્તિ.

(૧૨) દ્વેષ-અવ્યક્ત ક્રોધ-માન રૂપ અપ્રીતિ.

(૧૩) કલહ - ઝઘડો.

(૧૪) અભ્યાખ્યાન - પ્રગટ રીતે ખોટા દોષનું આરોપણ કરવું.

(૧૫) પૈશૂન્ય-છુપી રીતે ખોટા દોષનું આરોપણ કરવું.

(૧૬) પરપરિવાદ - બીજાની નિંદા કરવી.

(૧૭) માયામૃષાવાદ-માયાપૂર્વક જૂઠ બોલવું.

(૧૮) મિથ્યાત્વદર્શનશલ્ય-વિપરીત દૃષ્ટિ.

**સ્થાનાંગ**માં છઠ્ઠું રાત્રિભોજન પાપસ્થાનક નથી કહ્યું. છઠ્ઠા થી ૧૪મા સુધીના પાપસ્થાનક આ રીતે કહ્યા છે - (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય. ૧૫મું રતિ-અરતિ પાપસ્થાનક કહ્યું છે. રતિ = મોહનીયકર્મના ઉદયથી જન્ય આનંદ, અરતિ = ઉદ્વેગ. મોહનીય કર્મના ઉદય જન્ય રતિ-અરતિનું ભેગુ એક જ પાપસ્થાનક કહ્યું છે, કેમકે એક વિષયની રતિ એ જ બીજા વિષયની અપેક્ષાએ અરતિ છે.

●●●

+ તાત્કાલિક દુઃખોનો ભય જીવને કેટલો બધો લાગે છે ? ધન ચાલ્યું જશે, શરીર બગડશે, કુટુંબમાં ક્લેશ થશે, અપયશ ફેલાશે વગેરે અઢળક ભયો જીવોને સતાવે છે. પણ અફસોસ ! ભાવિમાં આવનારા તિર્યંચગતિ અને નરકગતિના દુઃખોનો ભય જીવને સતાવતો નથી.

+ બીજાના તરફથી થતી નાની પણ લઘુતા (પરાભવ) સહન થઈ શકતી નથી, એટલું જ નહીં પણ બીજા તરફથી કોઈ સાક્ષાત્ લઘુતા (પરાભવ) નથી થતી, પણ બીજાની સ્વાભાવિક પ્રગતિ થાય છે, તેમાં પણ જીવને પોતાની લઘુતા દેખાય છે અને જીવ ક્લેશને અનુભવે છે.

+ પ્રભુના વચનોને આપણે એવો શબ્દદેહ આપીએ કે આપણું લખેલું બીજાને વાંચવાનું મન થાય.

+ તક એ સવારની ઝાકળ જેવી છે. તમે જો એને ગ્રહણ કરવા માગો છો તો જ્યારે આખી દુનિયા સૂતી હોય ત્યારે તમારે જાગતા રહેવું જ પડશે.

# દ્વાર ૨૩૮મું - ૨૭ સાધુગુણ

(૧) પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત.

(૨) મૃષાવાદવિરમણ મહાવ્રત.

(૩) અદત્તાદાનવિરમણ મહાવ્રત.

(૪) મૈથુનવિરમણ મહાવ્રત.

(૫) પરિગ્રહવિરમણ મહાવ્રત.

(૬) રાત્રિભોજન વિરમણ વ્રત.

(૭) પૃથ્વીકાયની રક્ષા.

(૮) અપ્‌કાયની રક્ષા.

(૯) તેઉકાયની રક્ષા.

(૧૦) વાયુકાયની રક્ષા.

(૧૧) વનસ્પતિકાયની રક્ષા.

(૧૨) ત્રસકાયની રક્ષા.

(૧૩) સ્પર્શનેન્દ્રિય નિગ્રહ-સારા-ખરાબ સ્પર્શમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૪) રસનેન્દ્રિય નિગ્રહ-સારા-ખરાબ રસમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૫) ઘ્રાણેન્દ્રિય નિગ્રહ-સારા-ખરાબ ગંધમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૬) ચક્ષુરિન્દ્રિય નિગ્રહ-સારા-ખરાબ રૂપમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૭) શ્રોત્રેન્દ્રિય નિગ્રહ-સારા-ખરાબ શબ્દમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૮) લોભનો નિગ્રહ - વિરાગતા.

(૧૯) ક્રોધનો નિગ્રહ - ક્ષમા.

(૨૦) ભાવવિશુદ્ધિ - મનની વિશુદ્ધિ.

(૨૧) શુદ્ધ ભાવથી ઉપયોગપૂર્વક પડિલેહણ વગેરે ક્રિયા કરવી.

(૨૨) સંયમના યોગોમાં તત્પરતા.

(૨૩) અકુશળ મનનો નિરોધ, કુશળ મનનું પ્રવર્તન.

(૨૪) અકુશળ વચનનો નિરોધ, કુશળ વચનનું પ્રવર્તન.

(૨૫) અકુશળ કાયાનો નિરોધ, કુશળ કાયાનું પ્રવર્તન.

(૨૬) ઠંડી, પવન, ગરમી વગેરેની પીડા સહન કરવી.

(૨૭) મરણાંત ઉપસર્ગોને સહન કરવા.

મતાંતરે સાધુના ૨૭ ગુણો -

(૧-૫) પાંચ મહાવ્રત.

(૬-૧૦) પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ.

(૧૧) ક્રોધનો ત્યાગ.

(૧૨) માનનો ત્યાગ.

(૧૩) માયાનો ત્યાગ.

(૧૪) લોભનો ત્યાગ.

(૧૫) ભાવસત્ય-મનની વિશુદ્ધિ.

(૧૬) કરણસત્ય-વિધિપૂર્વક પડિલેહણ વગેરે ક્રિયા કરવી.

(૧૭) યોગસત્ય-મન-વચન-કાયાની સાચી પ્રવૃત્તિ.

(૧૮) ક્ષમા-દ્વેષનો અભાવ, અથવા ક્રોધ-માનનો ઉદય ન થવા દેવો.

(૧૯) વિરાગતા-રાગનો અભાવ, અથવા માયા-લોભનો ઉદય ન થવા દેવો.

(૨૦) અકુશળ મનનો નિરોધ.

(૨૧) અકુશળ વચનનો નિરોધ.

(૨૨) અકુશળ કાયાનો નિરોધ.

(૨૩) જ્ઞાનસંપન્નતા.

(૨૪) દર્શનસંપન્નતા.

(૨૫) ચારિત્રસંપન્નતા.

(૨૬) વેદના સહન કરવી.

(૨૭) મરણાંત ઉપસર્ગ સહન કરવા.

●●●

+ સામે રહેલ ઝાડ પર કુહાડાના કોઈ ઘાત કરે છે. તેની આપણને કંઈ અસર થતી નથી. કેમકે ઝાડ આપણાથી પર છે તેવો નિશ્ચિત વિવેક આપણામાં છે. મહાત્માઓને શરીર પોતાનાથી પર છે, એવી માત્ર કલ્પના નહીં, પણ નિશ્ચિત વિવેક છે. તેથી ઝાડ પરના ઘાથી જેમ આપણને કંઈ પણ થતું નથી, તેમ મહાત્માઓને શરીર પરના પ્રહારોથી કંઈ પણ થતું નથી.

+ લોકો તારા ગુણોની સ્તુતિ વગેરે કરે તેનાથી આનંદ પામીશ તો તારા ગુણોની રિક્તતા થશે. ગુણો ઓછા થશે. બીજા તારા દોષોની નિંદા કરે તેથી સંતાપ અનુભવીશ તો દોષો તારામાં સ્થિર થશે.

+ બીજા તારા સુકૃતોની સ્તવના કરે, બીજા તારા સુકૃતોનું શ્રવણ કરે, બીજા તારા સુકૃતોનું નિરીક્ષણ કરે, તેથી તને કંઈ લાભ નથી, ઉપરથી નુકસાન છે. જમીનમાંથી મૂળ બહાર નીકળે તો ઝાડો ફળ આપતા નથી, પણ પડી જાય છે.

+ અહંકાર ભેગા થવા નથી દેતો. ક્રોધ ભેગા રહેવા નથી દેતો.

# દ્વાર ૨૩૯મું - ૨૧ શ્રાવકગુણ

દેશવિરતિને યોગ્ય શ્રાવકના ૨૧ ગુણો -

(૧) **અક્ષુદ્ર** - ગંભીર.

(૨) **રૂપવાન** - અંગોપાંગ સંપૂર્ણ હોવાથી સુંદર આકારવાળો.

(૩) **પ્રકૃતિથી સૌમ્ય** - સ્વભાવથી વિશ્વાસ બેસે તેવી આકૃતિવાળો.

(૨૩) **તેજોલેશ્યાલબ્ધિ** - જેના પ્રભાવથી ગુસ્સે થઈને દુશ્મન તરફ મુખથી અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલ વસ્તુને બાળવા સમર્થ એવું તેજ છોડી શકે તે તેજોલેશ્યાલબ્ધિ. જે ૬ મહિના સુધી છટ્ઠના પારણે છટ્ઠ કરે છે અને પારણે મુટ્ઠિ જેટલા અડદ અને ૧ ચુલુક પાણી વાપરે છે તેને ૬ મહિના પછી તેજોલેશ્યા ઉત્પન્ન થાય છે.

(૨૪) **આહારકલબ્ધિ** - જેના પ્રભાવથી આહારક શરીર બનાવી શકાય તે.

(૨૫) **શીતલેશ્યાલબ્ધિ** - જેના પ્રભાવથી કરુણાથી જેના પર કૃપા કરવાની હોય તેના પ્રત્યે તેજોલેશ્યાને શાંત કરવા સમર્થ એવું ઠંડુ તેજ છોડી શકે તે શીતલેશ્યાલબ્ધિ.

(૨૬) **વૈક્રિયશરીરલબ્ધિ** - જેના પ્રભાવથી વૈક્રિયશરીર બનાવી શકે તે.

(૨૭) **અક્ષીણમહાનસલબ્ધિ** - જેના પ્રભાવથી જે ભિક્ષા લાવ્યો હોય તે પોતે ન વાપરે ત્યાં સુધી બીજા લાખો લોકો પેટ ભરીને વાપરે તો પણ તે ભિક્ષા ખાલી ન થાય, પણ તે ભિક્ષા લાવનાર વાપરે પછી જ તે ભિક્ષા ખાલી થાય તે અક્ષીણમહાનસલબ્ધિ.

(૨૮) **પુલાકલબ્ધિ** - જેના પ્રભાવથી સાધુ સંઘ વગેરેનું કાર્ય આવે તો સૈન્ય સહિત ચક્રવર્તી વગેરેને ચૂરી શકે તે પુલાકલબ્ધિ.

બીજી પણ અનેક લબ્ધિઓ છે. તે આ પ્રમાણે -

(૧) **અણુત્વલબ્ધિ** - જેના પ્રભાવથી કમળની દાંડીના છિદ્રમાં પણ પેસીને ત્યાં ચક્રવર્તીના ભોગો ભોગવી શકે તે.

(૨) **મહત્ત્વલબ્ધિ** - જેના પ્રભાવથી મેરુપર્વત કરતા પણ મોટું શરીર બનાવી શકાય તે.

(૩) **લઘુત્વલબ્ધિ** - જેના પ્રભાવથી વાયુ કરતા પણ હલકુ શરીર બનાવી શકાય તે.

(૪) **ગુરુત્વલબ્ધિ** - જેના પ્રભાવથી વજ્ર કરતા પણ ભારે શરીર બનાવી શકાય કે જેને પ્રકૃષ્ટ બળવાળા ઇન્દ્ર વગેરે પણ મુશ્કેલીથી સહન કરી શકે તે.

(૫) **પ્રાપ્તિલબ્ધિ** - જેના પ્રભાવથી ભૂમિ ઉપર ઊભા રહીને મેરુપર્વતની ટોચ, સૂર્ય વગેરેને સ્પર્શી શકે તે.

(૬) **પ્રાકામ્યલબ્ધિ** - જેના પ્રભાવથી પાણીમાં ભૂમિની જેમ જવાની શક્તિ હોય અને ભૂમિ પર પાણીની જેમ ઉપર-નીચે થવાની શક્તિ હોય તે.

(૭) **ઇશિત્વલબ્ધિ** - જેના પ્રભાવથી ત્રણલોકની પ્રભુતારૂપ તીર્થંકર, ઇન્દ્ર વગેરેની ઋદ્ધિ વિકુર્વી શકે તે.

(૮) **વશિત્વલબ્ધિ** - જેના પ્રભાવથી બધા જીવોને વશમાં કરી શકે તે.

(૯) **અપ્રતિઘાતિત્વલબ્ધિ** - જેના પ્રભાવથી પર્વતની મધ્યમાંથી પણ જઈ શકે તે.

(૧૦) **અંતર્ધાનલબ્ધિ** - જેના પ્રભાવથી અદૃશ્ય બની શકાય તે.

(૧૧) **કામરૂપિત્વલબ્ધિ** - જેના પ્રભાવથી એકસાથે ઘણા રૂપો વિકુર્વી શકે તે.

### ક્યા જીવોને કેટલી લબ્ધિઓ ?

| ક્ર. | લબ્ધિઓ | જીવો | | | |
|---|---|---|---|---|---|
| | | **ભવ્યપુરુષ** | **ભવ્યસ્ત્રી** | **અભવ્યપુરુષ** | **અભવ્યસ્ત્રી** |
| ૧ | આમર્શૌષધિ | √ | √ | √ | √ |

| ક્ર. | લબ્ધિઓ | જીવો | | | |
|---|---|---|---|---|---|
| | | ભવ્યપુરુષ | ભવ્યસ્ત્રી | અભવ્યપુરુષ | અભવ્યસ્ત્રી |
| ૨ | વિપ્રુડૌષધિ | √ | √ | √ | √ |
| ૩ | ખેલૌષધિ | √ | √ | √ | √ |
| ૪ | જલ્લૌષધિ | √ | √ | √ | √ |
| ૫ | સર્વૌષધિ | √ | √ | √ | √ |
| ૬ | સંભિન્ન-શ્રોતો | √ | × | × | × |
| ૭ | અવધિ | √ | √ | √ | √ |
| ૮ | ઋજુમતિ | √ | √ | × | × |
| ૯ | વિપુલમતિ | √ | √ | × | × |
| ૧૦ | ચારણ | √ | × | × | × |
| ૧૧ | આશીવિષ | √ | √ | √ | √ |
| ૧૨ | કેવલી | √ | √ | × | × |
| ૧૩ | ગણધર | √ | × | × | × |
| ૧૪ | પૂર્વધર | √ | × | × | × |
| ૧૫ | અર્હત્ | √ | × | × | × |
| ૧૬ | ચક્રવર્તી | √ | × | × | × |
| ૧૭ | બળદેવ | √ | × | × | × |
| ૧૮ | વાસુદેવ | √ | × | × | × |
| ૧૯ | ક્ષીરમધુ-સર્પિરાસ્રવ | √ | √ | √ | × |

| ક્ર. | લબ્ધિઓ | જીવો | | | |
|---|---|---|---|---|---|
| | | ભવ્યપુરુષ | ભવ્યસ્ત્રી | અભવ્યપુરુષ | અભવ્યસ્ત્રી |
| ૨૦ | કોષ્ઠકબદ્ધિ | √ | √ | √ | √ |
| ૨૧ | પદાનુસારી | √ | √ | √ | √ |
| ૨૨ | બીજબુદ્ધિ | √ | √ | √ | √ |
| ૨૩ | તેજોલેશ્યા | √ | √ | √ | √ |
| ૨૪ | આહારક | √ | × | × | × |
| ૨૫ | શીતલેશ્યા | √ | √ | √ | √ |
| ૨૬ | વૈક્રિય | √ | √ | √ | √ |
| ૨૭ | અક્ષીણ-મહાનસ | √ | √ | √ | √ |
| ૨૮ | પુલાક | √ | × | × | × |
| | કુલ | ૨૮ | ૧૮ | ૧૫ | ૧૪ |

●●●

+ અધ્યાત્મ જગતમાં 'સ્વવિસ્મરણ' જેવો ભયંકર જો કોઈ અપરાધ નથી તો 'સ્વસ્મરણ' જેવી ગજબનાક કોઈ ઉપલબ્ધિ નથી.

+ 'નામ અખિલ અઘપુંજ નસાવન.' ભગવાનનું નામ સમગ્ર પાપોના ઢગલાનો નાશ કરે છે એ ઉક્તિ સર્વથા સત્ય છે.

+ પુણ્યનું સ્થાન છે લિફ્ટ જેવું, જ્યારે પુરુષાર્થનું સ્થાન છે દાદરા જેવું. લિફ્ટ જ્યારે બંધ થઈ જાય છે ત્યારે ય દાદરા તો જેમ ખુલ્લા જ હોય છે તેમ પુણ્ય તમારો સાથ છોડી જાય છે ત્યારે ય પુરુષાર્થ તો તમને હાથવગો જ હોય છે.

+ પ્રભુ કહે છે. 'હું જે ઈચ્છું છું એ બધું જ તું કરવા લાગ. તું જે ઈચ્છે છે એ બધું જ થવા લાગશે.

# દ્વાર ૨૭૧મું - તપ

તપ - દુષ્કર્મોને બાળે તે તપ.

તપ અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) **ઈન્દ્રિયજય તપ** - દિવસ ૨૫.

૫-૫ દિવસની ૫ લતા. ૫ × ૫ = ૨૫.

૧ લતામાં

| **દિવસ** | **તપ** |
|---|---|
| પહેલો | પુરિમઙ્ઢ |
| બીજો | એકાસણું |
| ત્રીજો | નિવિ |
| ચોથો | આયંબિલ |
| પાંચમો | ઉપવાસ |

(૨) **યોગશુદ્ધિ તપ** - દિવસ ૯.

૩-૩ દિવસની ૩ લતા. ૩ × ૩ = ૯.

૧ લતામાં

| **દિવસ** | **તપ** |
|---|---|
| પહેલો | નિવિ |
| બીજો | આયંબિલ |
| ત્રીજો | ઉપવાસ |

(૩) **જ્ઞાન તપ** - દિવસ ૩.

ત્રણ ઉપવાસ કરવા. શાસ્ત્રોને સુશોભિત કરવા, બરાબર ગોઠવવા, રાખવા વગેરે. જ્ઞાની ગુરુભગવંતને નિર્દોષ વસ્ત્ર, અન્ન, પાન વગેરે આપવા. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીની પૂજા કરવી.

(૪) **દર્શન તપ** - દિવસ ૩

ત્રણ ઉપવાસ કરવા. દર્શન પ્રભાવક સમ્મતિ તર્ક વગેરે શાસ્ત્રો અને ગુરુભગવંતોની પૂજા કરવી.

(૫) **ચારિત્ર તપ** - દિવસ ૩

ત્રણ ઉપવાસ કરવા. ચારિત્રધરની પૂજા કરવી.

(૬) **કષાયવિજય તપ** - દિવસ ૧૬.

૪-૪ દિવસની ૪ લતા. ૪ × ૪ = ૧૬.

૧ લતામાં

| **દિવસ** | **તપ** |
|---|---|
| પહેલો | એકાસણુ |
| બીજો | નિવિ |
| ત્રીજો | આયંબિલ |
| ચોથો | ઉપવાસ |

(૭) **અષ્ટકર્મસૂદન તપ** - દિવસ ૬૪.

૮-૮ દિવસની ૮ લતા. ૮ × ૮ = ૬૪.

૧ લતામાં

| **દિવસ** | **તપ** |
|---|---|
| પહેલો | ઉપવાસ |
| બીજો | એકાસણું |
| ત્રીજો | એકસિક્થક (૧ દાણો) |
| ચોથો | એકલઠાણું |
| પાંચમો | એક દત્તિ |
| છટ્ઠો | નિવિ |
| સાતમો | આયંબિલ |
| આઠમો | આઠ કોળિયા |

આ તપ પૂરો થાય એટલે જિનેશ્વરપ્રભુના સ્નાન, વિલેપન, પૂજન, આંગી વગેરે કરવા, પ્રભુની આગળ વિશિષ્ટ બલીમાં કર્મવૃક્ષને કાપનારી સોનાની કુઠાર ધરવી.

(૮) **લઘુસિંહનિષ્ક્રીડિત તપ** - સિંહ જતા જતા ઓળંગેલા પ્રદેશને પાછુ જુવે છે. તેમ જે તપમાં કરેલા તપને ફરી કરાય તે સિંહનિષ્ક્રીડિત તપ. આગળ મહાસિંહનિષ્ક્રીડિત તપ કહેવાશે. તેની અપેક્ષાએ આ લઘુસિંહનિષ્ક્રીડિત તપ છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલા | ૧ | ઉપવાસ | , | પારણુ | , | | | | | | |
| પછી | ૨ | ઉપવાસ | , | પારણુ | , | ૧ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૩ | ઉપવાસ | , | પારણુ | , | ૨ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૪ | ઉપવાસ | , | પારણુ | , | ૩ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૫ | ઉપવાસ | , | પારણુ | , | ૪ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૬ | ઉપવાસ | , | પારણુ | , | ૫ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૭ | ઉપવાસ | , | પારણુ | , | ૬ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૮ | ઉપવાસ | , | પારણુ | , | ૭ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૯ | ઉપવાસ | , | પારણુ | , | ૮ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૯ | ઉપવાસ | , | પારણુ | , | ૭ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૮ | ઉપવાસ | , | પારણુ | , | ૬ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૭ | ઉપવાસ | , | પારણુ | , | ૫ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૬ | ઉપવાસ | , | પારણુ | , | ૪ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૫ | ઉપવાસ | , | પારણુ | , | ૩ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૪ | ઉપવાસ | , | પારણુ | , | ૨ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૩ | ઉપવાસ | , | પારણુ | , | ૧ | ઉપવાસ | , | પારણુ | , |
| પછી | ૨ | ઉપવાસ | , | પારણુ | , | | | | | |
| પછી | ૧ | ઉપવાસ | , | પારણુ | . | | | | | |

આમ ૧૫૪ ઉપવાસ + ૩૩ પારણા = ૧૮૭ દિવસ થાય.

એટલે ૬ માસ અને ૭ દિવસ થયા.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી કરવી.

તેથી ૨ વર્ષ અને ૨૮ દિવસે આ તપ પૂર્ણ થાય.

પહેલી પરિપાટીમાં વિગઈવાળા પારણા હોય.

બીજી પરિપાટીમાં વિગઈ વિનાના પારણા હોય.

ત્રીજી પરિપાટીમાં અલેપકારી વાલ, ચણા વગેરેના પારણા હોય.

ચોથી પરિપાટીમાં પરિમિત દ્રવ્યવાળા આયંબિલના પારણા હોય.

## (૯) મહાસિંહનિષ્ક્રીડિત તપ -

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પહેલા | ૧ | ઉપવાસ, | પારણુ, | | | |
| પછી | ૨ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણુ, | ૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણુ, | ૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, | ૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૨ | ઉપવાસ, | પારણુ, | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૩ | ઉપવાસ, | પારણુ, | ૧૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૪ | ઉપવાસ, | પારણુ, | ૧૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૫ | ઉપવાસ, | પારણુ, | ૧૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૬ | ઉપવાસ, | પારણુ, | ૧૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૬ | ઉપવાસ, | પારણુ, | ૧૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૫ | ઉપવાસ, | પારણુ, | ૧૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૪ | ઉપવાસ, | પારણુ, | ૧૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૩ | ઉપવાસ, | પારણુ, | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૨ | ઉપવાસ, | પારણુ, | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, | ૮ | ઉપવાસ, | પારણુ, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, | ૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, | ૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણુ, | ૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણુ, | | | |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ. | | | |

આમ ૪૯૭ ઉપવાસ + ૬૧ પારણા = ૫૫૮ દિવસ થાય.

એટલે ૧ વર્ષ ૬ માસ અને ૧૮ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી થાય.

તેથી ૬ વર્ષ ૨ માસ અને ૧૨ દિવસે આ તપ પૂર્ણ થાય.

પહેલી પરિપાટીમાં પારણા વિગઈવાળા થાય.

બીજી પરિપાટીમાં પારણા વિગઈ વિનાના થાય.

ત્રીજી પરિપાટીમાં પારણા અલેપકારી વાલ, ચણા વગેરેના થાય.

ચોથી પરિપાટીમાં પારણા પરિમિત દ્રવ્યવાળા આયંબિલના થાય.

## (૧૦) મુક્તાવલી તપ -

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પહેલા | ૧ | ઉપવાસ, | પારણુ, | ૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૫ | ઉપવાસ, | પારણુ, |
| *પછી* | *૧* | *ઉપવાસ,* | *પારણુ,* | *૬* | *ઉપવાસ,* | *પારણુ,* |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૯ | ઉપવાસ, | પારણુ, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, | ૧૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૬ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૫ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૪ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૩ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૨ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણુ, | ૧ | ઉપવાસ, | પારણુ. |

આમ ૩૦૦ ઉપવાસ + ૬૦ પારણા = ૩૬૦ દિવસ થયા.

એટલે ૧ વર્ષ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી થાય.

તેથી ૪ વર્ષ થાય. ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

## સ્થાપના

| | |
|---|---|
| ૧ | ૧ |
| ૨ | ૨ |
| ૧ | ૧ |
| ૩ | ૩ |
| ૧ | ૧ |
| ૪ | ૪ |
| ૧ | ૧ |
| ૫ | ૫ |
| ૧ | ૧ |
| ૬ | ૬ |
| ૧ | ૧ |
| ૭ | ૭ |
| ૧ | ૧ |
| ૮ | ૮ |
| ૧ | ૧ |
| ૯ | ૯ |
| ૧ | ૧ |
| ૧૦ | ૧૦ |
| ૧ | ૧ |
| ૧૧ | ૧૧ |
| ૧ | ૧ |
| ૧૨ | ૧૨ |
| ૧ | ૧ |
| ૧૩ | ૧૩ |
| ૧ | ૧ |
| ૧૪ | ૧૪ |
| ૧ | ૧ |
| ૧૫ | ૧૫ |
| ૧ | ૧ |
| ૧૬ | ૧૬ |

**અંતકૃદશા**માં મુક્તાવલી તપ આ રીતે કહ્યો છે -

૧-૧ ઉપવાસથી અંતરિત ૨ થી ૧૬ ઉપવાસની પહેલી પરિપાટી. બીજી પરિપાટીમાં ૧૬ થી ૨ ઉપવાસ ૧-૧ ઉપવાસથી અંતરિત છે. એ જ રીતે ત્રીજી-ચોથી પરિપાટીમાં સમજવું.

**(૧૧) રત્નાવલી તપ** -

**સ્થાપના**



પહેલા ૧ ઉપવાસ, પારણુ,

પછી ૨ ઉપવાસ, પારણુ,

પછી ૩ ઉપવાસ, પારણુ,

પછી ૮ અઠ્ઠમ, દરેક અઠ્ઠમ પછી પારણુ,

| | | | |
|---|---|---|---|
| પછી | ૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૩૪ | અઠ્ઠમ, | દરેક અઠ્ઠમ પછી પારણુ, |
| પછી | ૧૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૪ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૩ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૨ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |

પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૪ ઉપવાસ, પારણુ,
પછી ૩ ઉપવાસ, પારણુ,
પછી ૨ ઉપવાસ, પારણુ,
પછી ૧ ઉપવાસ, પારણુ,
પછી ૮ અટ્ઠમ, દરેક અટ્ઠમ પછી પારણુ,
પછી ૩ ઉપવાસ, પારણુ,
પછી ૨ ઉપવાસ, પારણુ,
પછી ૧ ઉપવાસ, પારણુ.

આમ ૪૩૪ ઉપવાસ + ૮૮ પારણા = ૫૨૨ દિવસ થાય.

એટલે ૧ વર્ષ ૫ માસ ૧૨ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી છે.

તેથી ૫ વર્ષ ૯ માસ ૧૮ દિવસ થાય.

ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

(૧૨) **કનકાવલી તપ** - આ તપ રત્નાવલી તપની જેમ જ છે. ફરક એટલો કે રત્નાવલી તપમાં બે દાડમપુષ્પમાં ૮-૮ અટ્ઠમ અને પદકમાં ૩૪ અટ્ઠમ કહ્યા છે, તેની બદલે કનકાવલી તપમાં બે દાડમપુષ્પમાં ૮-૮ છઠ્ઠ અને પદકમાં ૩૪ છઠ્ઠ કરવા.

આમ ૩૮૪ ઉપવાસ + ૮૮ પારણા = ૪૭૨ દિવસ થાય.

એટલે ૧ વર્ષ ૩ માસ ૨૨ દિવસ થાય.

આ ૧ પરિપાટી છે. આવી ૪ પરિપાટી છે.

તેથી ૫ વર્ષ ૨ માસ ૨૮ દિવસ થાય.

ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

**અંતકૃદશા**માં કનકાવલી તપમાં બે દાડમપુષ્પો અને પદકમાં અટ્ઠમ

કહ્યા છે અને રત્નાવલી તપમાં ત્યાં છઠ્ઠ કહ્યા છે.

(૧૩) ભદ્ર તપ - સ્થાપના

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

પહેલા ૧ ઉપવાસ. પારણું.
પછી ૨ ઉપવાસ. પારણું.
પછી ૩ ઉપવાસ. પારણું.
પછી ૪ ઉપવાસ. પારણું.
પછી ૫ ઉપવાસ. પારણું.
પછી ૩ ઉપવાસ. પારણું.
પછી ૪ ઉપવાસ. પારણું.
પછી ૫ ઉપવાસ. પારણું.
પછી ૧ ઉપવાસ. પારણું.
પછી ૨ ઉપવાસ. પારણું.
પછી ૫ ઉપવાસ. પારણું.
પછી ૧ ઉપવાસ. પારણું.
પછી ૨ ઉપવાસ. પારણું.
પછી ૩ ઉપવાસ. પારણું.
પછી ૪ ઉપવાસ. પારણું.
પછી ૨ ઉપવાસ. પારણું.
પછી ૩ ઉપવાસ. પારણું.
પછી ૪ ઉપવાસ. પારણું.
પછી ૫ ઉપવાસ. પારણું.
પછી ૧ ઉપવાસ. પારણું.
પછી ૪ ઉપવાસ. પારણું.
પછી ૫ ઉપવાસ. પારણું.

પછી ૧ ઉપવાસ, પારણુ,
પછી ૨ ઉપવાસ, પારણુ,
પછી ૩ ઉપવાસ, પારણુ,

આમ ૭૫ ઉપવાસ + ૨૫ પારણા = ૧૦૦ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી છે.

તેથી ૪૦૦ દિવસ થાય.

એટલે ૧ વર્ષ ૧ માસ ૧૦ દિવસ થાય. ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

**(૧૪) મહાભદ્ર તપ - સ્થાપના**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ |

પહેલા ૧ ઉપવાસ, પારણુ,
પછી ૨ ઉપવાસ, પારણુ,
પછી ૩ ઉપવાસ, પારણુ,
પછી ૪ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૪ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,

| | | | |
|---|---|---|---|
| પછી | ૭ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૨ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૩ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૪ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણું, |
| પછી | ૧ | ઉપવાસ, | પારણું, |

આમ ૧૯૬ ઉપવાસ + ૪૯ પારણા = ૨૪૫ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી છે.

તેથી ૯૮૦ દિવસ થાય. એટલે ૨ વર્ષ ૮ માસ ૨૦ દિવસ થાય.

ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૧ ઉપવાસ, પારણુ,
પછી ૨ ઉપવાસ, પારણુ,
પછી ૩ ઉપવાસ, પારણુ,
પછી ૪ ઉપવાસ, પારણુ.

## (૧૫) ભદ્રોત્તર તપ - સ્થાપના

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૭ | ૮ | ૯ | ૫ | ૬ |
| ૯ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૫ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૭ |

પહેલા ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,
પછી ૯ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,
પછી ૯ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૯ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,

પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,
પછી ૯ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,
પછી ૯ ઉપવાસ, પારણુ,
પછી ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ.

આમ ૧૭૫ ઉપવાસ + ૨૫ પારણા = ૨૦૦ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી છે.

તેથી ૮૦૦ દિવસ થાય.

એટલે ૨ વર્ષ ૨ માસ ૨૦ દિવસ થાય.

ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

**(૧૬) સર્વતોભદ્ર તપ - સ્થાપના**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ |
| ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ |
| ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૫ |
| ૯ | ૧૦ | ૧૧ | ૫ | ૬ | ૭ | ૮ |

પહેલા ૫ ઉપવાસ, પારણુ,
પછી ૬ ઉપવાસ, પારણુ,
પછી ૭ ઉપવાસ, પારણુ,
પછી ૮ ઉપવાસ, પારણુ,

| | | | |
|---|---|---|---|
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |

| | | | |
|---|---|---|---|
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૯ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૦ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૧૧ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૫ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૬ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૭ | ઉપવાસ, | પારણુ, |
| પછી | ૮ | ઉપવાસ, | પારણુ, |

આમ ૩૯૨ ઉપવાસ + ૪૯ પારણા = ૪૪૧ દિવસ થાય.

એટલે ૧ વર્ષ ૨ માસ ૨૧ દિવસ થાય.

આ ૧ પરિપાટી થઈ. આવી ૪ પરિપાટી છે.

તેથી ૪ વર્ષ ૧૦ માસ ૨૪ દિવસ થાય.

ચારે પરિપાટીમાં પારણા પૂર્વેની જેમ જાણવા.

(૧૭) **સર્વસૌખ્યસંપત્તિતપ (સર્વસંપત્તિતપ)** - ૧ પડવો, ૨ બીજ, ૩ ત્રીજ, ૪ ચોથ એમ ૧૫ અમાવસ (અથવા ૧૫ પૂનમ) સુધી જાણવું. તે તે તિથિએ ઉપવાસ કરવો. આમાં ૧૨૦ ઉપવાસ થાય.

(૧૮) **રોહિણી તપ** - રોહિણી દેવતાની આરાધના માટેનો તપ. તેમાં ૭ વર્ષ ૭ માસ સુધી રોહિણીનક્ષત્રવાળા દિવસે ઉપવાસ કરવો. શ્રીવાસુપૂજ્યસ્વામીની પ્રતિષ્ઠા અને પૂજા કરવી.

(૧૯) **શ્રુતદેવતા તપ** - શ્રુતદેવતાની આરાધના માટેનો તપ. તેમાં ૧૧ એકાદશીના ઉપવાસ કરવા. મૌન રાખવું. શ્રુતદેવતાની પૂજા

કરવી.

(૨૦) **અંબાદેવી તપ** - અંબાદેવીની આરાધના માટેનો તપ. તેમાં ૫ પંચમીના એકાસણા વગેરે કરવા. નેમિનાથ પ્રભુ અને અંબિકા દેવીની પૂજા કરવી.

(૨૧) **સર્વાંગસુંદર તપ** - શુક્લપક્ષમાં એકાંતરે ૮ ઉપવાસ કરવા, પારણે આયંબિલ કરવા. ક્ષમા, મૃદુતા, આર્જવ વગેરેના અભિગ્રહ લેવા. તીર્થંકર પ્રભુની પૂજા કરવી. મુનિ, દીન વગેરેને દાન આપવું. આ તપથી બધા અંગો સુંદર થાય છે. આ તપનું આનુષંગિક ફળ છે. આ તપનું મુખ્ય ફળ તો મોક્ષપ્રાપ્તિ છે. એમ બધે સમજવું.

(૨૨) **નિરુજશિખતપ** - રોગના અભાવરૂપી શિખા જેમાં છે તે નિરુજશિખતપ. તેમાં કૃષ્ણપક્ષમાં એકાંતરે ૮ ઉપવાસ કરવા. પારણે આયંબિલ કરવા. ગ્લાનની સેવાનો નિયમ લેવો. શેષ વિધિ સર્વાંગસુંદરતપની જેમ.

(૨૩) **પરમભૂષણતપ** - ઇન્દ્ર, ચક્રવર્તી વગેરેને યોગ્ય પ્રકૃષ્ટ આભૂષણો જેનાથી મળે તે પરમભૂષણતપ તપની પૂર્ણાહુતિ પછી મુગટ, તિલક વગેરે અલંકારો યથાશક્તિ પ્રભુને ધરવા, સાધુઓને દાન આપવું, વગેરે.

(૨૪) **આયતિજનકતપ** - આ તપ ભવિષ્યમાં ઇષ્ટ ફળ આપે છે. આમાં સળંગ કે એકાંતરે ૩૨ આયંબિલ કરવા. બધી ધર્મક્રિયાઓમાં બળ-વીર્ય ગોપવ્યા વિના પ્રવૃત્તિ કરવી.

(૨૫) **સૌભાગ્યકલ્પવૃક્ષતપ** - સૌભાગ્યરૂપી ફળ આપવા માટે આ તપ કલ્પવૃક્ષ સમાન છે. આમાં ૧ મહિના સુધી એકાંતરે ઉપવાસ કરવા પારણા વિગઈવાળા કરવા. આ તપ પૂર્ણ થયા પછી શક્તિ

મુજબ ભગવાનની સામે પૂજા વગેરે કરવા પૂર્વક મોટા થાળમાં ચાંદીનો કે ચોખાનો કલ્પવૃક્ષ કરવો.

(૨૬) **તીર્થંકરમાતા તપ** - ભાદરવા સુદ ૭ થી ૧૩ સુધી ૭ એકાસણા કરવા. તીર્થંકરની માતાની પૂજા કરવી. આ તપ ત્રણ વરસ સુધી કરવો.

(૨૭) **સમવસરણ તપ** - ભાદરવા વદ ૧ થી પોતાની શક્તિ પ્રમાણે ૧૬ એકાસણા, ૧૬ નિવિ, ૧૬ આયંબિલ કે ૧૬ ઉપવાસ કરવા. સમવસરણની પૂજા કરવી. સમવસરણના ૧-૧ દ્વારને આશ્રયીને ૪-૪ દિવસનો તપ કરાય છે. આમ ચાર ભાદરવા માસોમાં આ તપ કરવો. તેથી ૧૬ × ૪ = ૬૪ દિવસ થાય.

(૨૮) **અમાવાસ્યા તપ** - દિવાળીની અમાવસથી શરૂ કરીને ૭ વર્ષ સુધી દરેક અમાવસના દિવસે પોતાની શક્તિ પ્રમાણે એકાસણુ, નિવિ, આયંબિલ, ઉપવાસમાંથી કોઈ પણ તપ કરવો. પટ પર દોરેલ નંદીશ્વરદ્વીપના જિનાલયોની પૂજા કરવી.

(૨૯) **પુંડરીકતપ** - ચૈત્રી પૂનમથી શરૂ કરીને ૧૨ પૂનમ સુધી, મતાંતરે સાત વર્ષ સુધી દરેક પૂનમે પોતાની શક્તિ પ્રમાણે એકાસણુ, નિવિ, આયંબિલ કે ઉપવાસ કરવા. પુંડરીકસ્વામીની પૂજા કરવી. ચૈત્રી પૂનમે પુંડરીકસ્વામીને કેવળજ્ઞાન થયેલુ, માટે ચૈત્રી પૂનમથી શરૂ કરવું.

(૩૦) **અક્ષયનિધિતપ** - ભગવાનની પ્રતિમાની આગળ કળશની સ્થાપના કરી દરરોજ તેમાં એક-એક મુઠ્ઠિ અક્ષત નાંખવા. જેટલા દિવસે તે કળશ પૂરાય તેટલા દિવસ સુધી પોતાની શક્તિ પ્રમાણે એકાસણુ, નિવિ, આયંબિલ કે ઉપવાસ કરવા. જેનાથી અક્ષય (પરિપૂર્ણ) નિધિ (નિધાન) મળે તે અક્ષયનિધિ તપ.

(૩૧) **યવમધ્ય ચંદ્રપ્રતિમા** - શુક્લપક્ષમાં પડવાથી પૂનમ સુધી ચંદ્રની ૧-

૧ કળા વધે છે. તેમ શુક્લપક્ષમાં પડવાના દિવસે ૧ કોળીયો, ૧ દત્તિ કે ૧ ભિક્ષા વાપરવા, બીજના દિવસે ૨ કોળીયા, ૨ દત્તિ કે ૨ ભિક્ષા વાપરવા, ત્રીજના દિવસે ૩ કોળીયા, ૩ દત્તિ કે ૩ ભિક્ષા વાપરવા, એમ ૧-૧ કોળીયા વગેરેની વૃદ્ધિ કરતા પૂનમે ૧૫ કોળીયા, ૧૫ દત્તિ કે ૧૫ ભિક્ષા વાપરવા. કૃષ્ણપક્ષમાં દરરોજ ચંદ્રની ૧-૧ કળા ઘટે છે. તેમ કૃષ્ણપક્ષમાં એકમે ૧૫ કોળીયા, ૧૫ દત્તિ કે ૧૫ ભિક્ષા વાપરવા, બીજના દિવસે ૧૪ કોળીયા, ૧૪ દત્તિ કે ૧૪ ભિક્ષા વાપરવા, ત્રીજના દિવસે ૧૩ કોળીયા, ૧૩ દત્તિ કે ૧૩ ભિક્ષા વાપરવા. એમ ૧-૧ કોળીયા, ૧-૧ દત્તિ કે ૧-૧ ભિક્ષા ઘટાડતા અમાવસના દિવસે ૧ કોળીયો, ૧ દત્તિ કે ૧ ભિક્ષા વાપરવા. આમ આ ૧ મહિનાની યવમધ્ય ચંદ્રપ્રતિમા થઈ. જેમ યવ શરૂમાં અને અંતે પાતળો હોય છે અને વચ્ચે પહોળો હોય છે, તેમ આ તપમાં શરૂમાં અને અંતે ઓછા કોળીયા, દત્તિ કે ભિક્ષા વાપરવાના હોય છે અને વચ્ચે વધુ કોળીયા, દત્તિ કે ભિક્ષા વાપરવાના હોય છે. વળી શુક્લપક્ષમાં ચંદ્ર વધે છે તેમ આ તપમાં શુક્લપક્ષમાં કોળીયા, દત્તિ કે ભિક્ષા વધે છે અને કૃષ્ણપક્ષમાં ચંદ્ર ઘટે છે તેમ આ તપમાં કૃષ્ણપક્ષમાં કોળીયા, દત્તિ કે ભિક્ષા ઘટે છે. માટે આ તપને યવમધ્ય ચંદ્રપ્રતિમા કહેવાય છે. આ **પંચાશક** વગેરે ગ્રંથોનો અભિપ્રાય છે.

**વ્યવહારચૂર્ણિ**નો અભિપ્રાય આ પ્રમાણે છે - શુક્લપક્ષમાં એકમે ચંદ્રની ૧ કળા દેખાય છે, બીજે ૨ કળા દેખાય છે, ત્રીજે ૩ કળા દેખાય છે, એમ ૧-૧ કળા વધતા પૂનમે ૧૫ કળા દેખાય છે. પછી કૃષ્ણપક્ષમાં એકમે ૧૪ કળા દેખાય છે, બીજે ૧૩ કળા દેખાય છે, ત્રીજે ૧૨ કળા દેખાય છે, એમ ૧-૧ કળા ઘટતા અમાસે એકે કળા દેખાતી નથી.

તેમ આ તપમાં શુક્લપક્ષમાં એકમે ૧ ભિક્ષા વાપરવી, બીજે ૨ ભિક્ષા વાપરવી, ત્રીજે ૩ ભિક્ષા વાપરવી, એમ ૧-૧ ભિક્ષા વધારતા પૂનમે ૧૫ ભિક્ષા વાપરવી. પછી કૃષ્ણપક્ષમાં એકમે ૧૪ ભિક્ષા વાપરવી, બીજે ૧૩ ભિક્ષા વાપરવી, ત્રીજે ૧૨ ભિક્ષા વાપરવી, એમ ૧-૧ ભિક્ષા ઘટાડતા ચૌદસે ૧ ભિક્ષા વાપરવી અને અમાસે ઉપવાસ કરવો.

(૩૨) **વજ્રમધ્ય ચંદ્રપ્રતિમા** - કૃષ્ણપક્ષમાં એકમે ૧૫ કોળીયા[1] વાપરવા બીજે ૧૪ કોળીયા વાપરવા, ત્રીજે ૧૩ કોળીયા વાપરવા, એમ ૧-૧ કોળીયો ઘટાડતા અમાવસે ૧ કોળીયો વાપરવો. શુક્લપક્ષમાં એકમે ૧ કોળીયો વાપરવો, બીજે ૨ કોળીયા વાપરવા, ત્રીજે ૩ કોળીયા વાપરવા, એમ ૧-૧ કોળીયો વધારતા પૂનમે ૧૫ કોળીયા વાપરવા. જેમ વજ્ર શરૂમાં અને અંતે પહોળુ હોય છે અને વચ્ચે પાતળુ હોય છે તેમ આ તપમાં શરૂમાં અને અંતે વધુ કોળીયા વાપરવાના હોય છે અને વચ્ચે ઓછા કોળીયા વાપરવાના હોય છે. વળી કૃષ્ણપક્ષમાં ચંદ્ર ઘટે છે તેમ આ તપમાં કૃષ્ણપક્ષમાં કોળીયા ઘટે છે અને શુક્લપક્ષમાં ચંદ્ર વધે છે તેમ આ તપમાં શુક્લપક્ષમાં કોળીયા વધે છે. માટે આ તપને વજ્રમધ્ય ચંદ્રપ્રતિમા કહેવાય છે. આ **પંચાશક** વગેરે ગ્રંથોનો અભિપ્રાય છે.

**વ્યવહારચૂર્ણિ**નો અભિપ્રાય આ પ્રમાણે છે -

કૃષ્ણપક્ષમાં એકમે ચંદ્રની ૧૪ કળા દેખાય છે, બીજે ૧૩ કળા દેખાય છે, ત્રીજે ૧૨ કળા દેખાય છે, એમ ૧-૧ કળા ઘટતા ચૌદસે ૧ કળા દેખાય છે, અમાસે એકે કળા દેખાતી નથી. પછી શુક્લપક્ષમાં એકમે ૧ કળા દેખાય છે, બીજે ૨ કળા દેખાય છે, એમ ૧-૧ કળા

---

૧. વજ્રમધ્ય ચંદ્રપ્રતિમામાં સર્વત્ર કોળીયા, દત્તિ કે ભિક્ષા જાણવા.

વધતા પૂનમે ૧૫ કળા દેખાય છે.

તેમ આ તપમાં કૃષ્ણપક્ષમાં એકમે ૧૪ ભિક્ષા વાપરવી, બીજે ૧૩ ભિક્ષા વાપરવી, એમ ૧-૧ ભિક્ષા ઘટાડતા ચૌદસે ૧ ભિક્ષા વાપરવી, અમાસે ઉપવાસ કરવો, શુક્લપક્ષમાં એકમે ૧ ભિક્ષા વાપરવી, બીજે ૨ ભિક્ષા વાપરવી, ત્રીજે ૩ ભિક્ષા વાપરવી, એમ ૧-૧ ભિક્ષા વધારતા પૂનમે ૧૫ ભિક્ષા વાપરવી.

(૩૩) **સપ્તસપ્તમિકા પ્રતિમા** - આ પ્રતિમા ૪૯ દિવસની છે. તેમાં પહેલા ૭ દિવસ દરરોજ ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. બીજા ૭ દિવસ દરરોજ ભોજનની ૨ દત્તિ લેવી અને પાણીની ૨ દત્તિ લેવી. ત્રીજા ૭ દિવસ દરરોજ ભોજનની ૩ દત્તિ લેવી અને પાણીની ૩ દત્તિ લેવી. ચોથા ૭ દિવસ દરરોજ ભોજનની ૪ દત્તિ લેવી અને પાણીની ૪ દત્તિ લેવી. પાંચમા ૭ દિવસ દરરોજ ભોજનની ૫ દત્તિ લેવી અને પાણીની ૫ દત્તિ લેવી. છઠ્ઠા ૭ દિવસ દરરોજ ભોજનની ૬ દત્તિ લેવી અને પાણીની ૬ દત્તિ લેવી. સાતમા ૭ દિવસ દરરોજ ભોજનની ૭ દત્તિ લેવી અને પાણીની ૭ દત્તિ લેવી.

**મતાંતર** - પહેલા ૭ દિવસમાં પહેલા દિવસે ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. બીજા દિવસે ભોજનની ૨ દત્તિ લેવી અને પાણીની ૨ દત્તિ લેવી. ત્રીજા દિવસે ભોજનની ૩ દત્તિ લેવી અને પાણીની ૩ દત્તિ લેવી. ચોથા દિવસે ભોજનની ૪ દત્તિ લેવી અને પાણીની ૪ દત્તિ લેવી. પાંચમા દિવસે ભોજનની ૫ દત્તિ લેવી અને પાણીની ૫ દત્તિ લેવી. છઠ્ઠા દિવસે ભોજનની ૬ દત્તિ લેવી અને પાણીની ૬ દત્તિ લેવી. સાતમા દિવસે ભોજનની ૭ દત્તિ લેવી અને પાણીની ૭ દત્તિ લેવી.

એમ બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા ૭ દિવસોમાં

પણ જાણવું. કુલ ભોજનની ૧૯૬ દત્તિ અને પાણીની ૧૯૬ દત્તિ થાય.

(૩૪) **અષ્ટાષ્ટમિકા પ્રતિમા** - આ પ્રતિમા ૬૪ દિવસની છે. તેમાં પહેલા ૮ દિવસ દરરોજ ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. બીજા ૮ દિવસ દરરોજ ભોજનની ૨ દત્તિ લેવી અને પાણીની ૨ દત્તિ લેવી. એમ પછી પછીના ૮ દિવસમાં ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ આઠમા આઠ દિવસમાં દરરોજ ભોજનની ૮ દત્તિ લેવી અને પાણીની ૮ દત્તિ લેવી.

**મતાંતર** - પહેલા ૮ દિવસમાં પહેલા દિવસે ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. પછી દરરોજ ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ આઠમા દિવસે ભોજનની ૮ દત્તિ લેવી અને પાણીની ૮ દત્તિ લેવી. એમ બીજાથી આઠમા ૮ દિવસોમાં પણ જાણવું.

કુલ ભોજનની ૨૮૮ દત્તિ અને પાણીની ૨૮૮ દત્તિ થાય.

(૩૫) **નવનવમિકા પ્રતિમા** - આ પ્રતિમા ૮૧ દિવસની છે. તેમાં પહેલા ૯ દિવસ દરરોજ ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. બીજા ૯ દિવસ દરરોજ ભોજનની ૨ દત્તિ લેવી અને પાણીની ૨ દત્તિ લેવી. એમ પછી પછીના ૯ દિવસમાં ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ નવમા ૯ દિવસમાં દરરોજ ભોજનની ૯ દત્તિ લેવી અને પાણીની ૯ દત્તિ લેવી.

**મતાંતર** - પહેલા ૯ દિવસમાં પહેલા દિવસે ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. પછી દરરોજ ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ નવમા દિવસે ભોજનની ૯ દત્તિ લેવી અને પાણીની ૯ દત્તિ લેવી. એમ બીજાથી નવમા ૯ દિવસોમાં પણ જાણવું.

કુલ ભોજનની ૪૦૫ દત્તિ અને પાણીની ૪૦૫ દત્તિ થાય.

(૩૬) **દશદશમિકા પ્રતિમા** - આ પ્રતિમા ૧૦૦ દિવસની છે. તેમાં પહેલા ૧૦ દિવસ દરરોજ ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. બીજા ૧૦ દિવસ દરરોજ ભોજનની ૨ દત્તિ લેવી અને પાણીની ૨ દત્તિ લેવી. એમ પછી પછીના ૧૦ દિવસમાં ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ દસમા ૧૦ દિવસમાં દરરોજ ભોજનની ૧૦ દત્તિ લેવી અને પાણીની ૧૦ દત્તિ લેવી.

**મતાંતર** - પહેલા ૧૦ દિવસમાં પહેલા દિવસે ભોજનની ૧ દત્તિ લેવી અને પાણીની ૧ દત્તિ લેવી. પછી દરરોજ ભોજનની અને પાણીની ૧-૧ દત્તિ વધારવી. યાવત્ દસમા દિવસે ભોજનની ૧૦ દત્તિ લેવી અને પાણીની ૧૦ દત્તિ લેવી. એમ બીજાથી દસમા ૧૦ દિવસોમાં પણ જાણવું.

કુલ ભોજનની ૫૫૦ દત્તિ અને પાણીની ૫૫૦ દત્તિ થાય.

(૩૭) **આયંબિલ વર્ધમાન તપ** -

પહેલા ૧ આયંબિલ, પછી ૧ ઉપવાસ.

પછી ૨ આયંબિલ, પછી ૧ ઉપવાસ.

પછી ૩ આયંબિલ, પછી ૧ ઉપવાસ.

એમ ઉત્તરોત્તર ૧-૧ આયંબિલ વધારવા અને અંતે ૧-૧ ઉપવાસ કરવો.

છેલ્લે ૧૦૦ આયંબિલ, પછી ૧ ઉપવાસ.

કુલ ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થાય.

એટલે ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસે આ તપ પૂરો થાય.

(૩૮) **ગુણરત્નવત્સર તપ** - આ તપ ૧૬ માસનો છે.

| માસ | તપ | કુલ ઉપવાસ | કુલ પારણા | કુલ દિવસ |
|---|---|---|---|---|
| પહેલો | ઉપવાસના પારણે ઉપવાસ | ૧૫ | ૧૫ | ૩૦ |
| બીજો | છઠ્ઠના પારણે છઠ્ઠ | ૨૦ | ૧૦ | ૩૦ |
| ત્રીજો | અઠ્ઠમના પારણે અઠ્ઠમ | ૨૪ | ૮ | ૩૨ |
| ચોથો | ૪ ઉપવાસના પારણે ૪ ઉપવાસ | ૨૪ | ૬ | ૩૦ |
| પાંચમો | ૫ ઉપવાસના પારણે ૫ ઉપવાસ | ૨૫ | ૫ | ૩૦ |
| છઠ્ઠો | ૬ ઉપવાસના પારણે ૬ ઉપવાસ | ૨૪ | ૪ | ૨૮ |
| સાતમો | ૭ ઉપવાસના પારણે ૭ ઉપવાસ | ૨૧ | ૩ | ૨૪ |
| આઠમો | ૮ ઉપવાસના પારણે ૮ ઉપવાસ | ૨૪ | ૩ | ૨૭ |
| નવમો | ૯ ઉપવાસના પારણે ૯ ઉપવાસ | ૨૭ | ૩ | ૩૦ |
| દસમો | ૧૦ ઉપવાસના પારણે ૧૦ ઉપવાસ | ૩૦ | ૩ | ૩૩ |
| અગિયારમો | ૧૧ ઉપવાસના પારણે ૧૧ ઉપવાસ | ૩૩ | ૩ | ૩૬ |
| બારમો | ૧૨ ઉપવાસના પારણે ૧૨ ઉપવાસ | ૨૪ | ૨ | ૨૬ |
| તેરમો | ૧૩ ઉપવાસના પારણે ૧૩ ઉપવાસ | ૨૬ | ૨ | ૨૮ |
| ચૌદમો | ૧૪ ઉપવાસના પારણે ૧૪ ઉપવાસ | ૨૮ | ૨ | ૩૦ |
| પંદરમો | ૧૫ ઉપવાસના પારણે ૧૫ ઉપવાસ | ૩૦ | ૨ | ૩૨ |
| સોળમો | ૧૬ ઉપવાસના પારણે ૧૬ ઉપવાસ | ૩૨ | ૨ | ૩૪ |
| કુલ | | ૪૦૭ | ૭૩ | ૪૮૦ |

આ તપ દરમ્યાન દિવસે હંમેશા ઉત્કટુક આસનમાં (ઉભડક પગે) રહે અને રાત્રે હંમેશા વીરાસનમાં રહે. રાત્રે વસ્ત્રરહિત થઈને રહે.

**(૩૯) ઉપધાન તપ -**

આચારાંગ વગેરે ૧૨ અંગો

ઔપપાતિક વગેરે ૧૨ ઉપાંગો

ઇરિયાવહિ (પ્રતિક્રમણ સૂત્ર)

નમુત્થુણં (શક્રસ્તવ)

અરિહંતચેઇઆણં (ચૈત્યસ્તવ)

લોગસ્સ (નામસ્તવ)

પુક્ખરવરદી (શ્રુતસ્તવ)

સિદ્ધાણંબુદ્ધાણં (સિદ્ધસ્તવ)

નમસ્કારમહામંત્ર (પંચમંગલમહાશ્રુતસ્કંધ)

૧૦ પયન્ના (દેવેન્દ્રસ્તવ વગેરે)

આ સૂત્રોના વિધિપૂર્વક વિશેષ તપરૂપ ઉપધાન કરવા.

ભોળા લોકોના હિત માટે બહુશ્રુત આચાર્યોની પરંપરાએ પ્રવર્તાવેલ બીજા અનેક તપોની હાલ આચરણા દેખાય છે. તે સિદ્ધસેનસૂરિજી રચિત 'સામાચારી' માંથી જાણવા.

●●●

+ જે સંયમજીવન આજે આપણી પાસે છે એ જીવને આપણને કેટકેટલાંય સ્થળો પર જવાની નાકાબંધી ફરમાવી દીધી છે. એ તમામ નિષિદ્ધ સ્થળોને મન પોતાનામાં સ્થાન આપવા તૈયાર ન હોવું જોઈએ.

+ પ્રભુ હાજર નથી એવી આપણી માન્યતા જડમૂળથી કાઢવી પડશે. ભગવાન સ્વદેહે નથી. પણ ભગવાનની શક્તિ આખા જગતમાં કામ કરી જ રહી છે. સૂર્ય ભલે આકાશમાં છે પ્રકાશ અહીં છે જ ને ? સિદ્ધો ઉપર છે, પણ એમની કૃપા તો અહીં વરસે જ છે. તેને ઝીલતા આવડવી જોઈએ.

+ સંસારી જીવો પોતાના અકાર્યોને ઢાંકવા ઇચ્છતા હોય છે. સાધુ પોતાની સાધનાને ઢાંકી રાખે છે.

# દ્વાર ૨૭૨મું - પાતાલકલશ

જંબૂદ્વીપની જગતીથી ચારે દિશામાં લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જઈને લવણસમુદ્રના તળીયે જમીનની અંદર ૧-૧ મહાપાતાલકલશ આવેલા છે. તે મોટા ઘડાના આકારના છે. તે વજ્રના બનેલા છે.

### મહાપાતાલકલશોના નામો અને અધિપતિદેવો

| દિશા | મહાપાતાલકલશનું નામ | અધિપતિદેવ |
|---|---|---|
| પૂર્વ | વડવામુખ / વલયામુખ | કાલ |
| દક્ષિણ | કેયૂપ / કેયૂર[1] | મહાકાલ |
| પશ્ચિમ | યૂપ | વેલંબ |
| ઉત્તર | ઈશ્વર | પ્રભંજન |

અધિપતિદેવો મોટી ઋદ્ધિવાળા અને ૧ પલ્યોપમના આયુષ્યવાળા હોય છે.

મહાપાતાલકલશોના આંતરામાં લઘુપાતાલકલશો છે. દરેક આંતરામાં ૧,૯૭૧ લઘુપાતાલકલશો છે. કુલ ૧,૯૭૧ × ૪ = ૭,૮૮૪ લઘુપાતાલકલશો છે. લઘુપાતાલકલશોના અધિપતિદેવો $\frac{૧}{૨}$ પલ્યોપમના આયુષ્યવાળા હોય છે.

### મહાપાતાલકલશો અને લઘુપાતાલકલશોની વિગત

| | મહાપાતાલકલશ | લઘુપાતાલકલશ |
|---|---|---|
| ઊંડાઈ | ૧ લાખ યોજન | ૧,૦૦૦ યોજન |
| મૂળમાં પહોળાઈ | ૧૦,૦૦૦ યોજન | ૧૦૦ યોજન |
| વચ્ચે પહોળાઈ | ૧ લાખ યોજન | ૧,૦૦૦ યોજન |

૧. સમવાયાંગની ટીકામાં આને 'કેતુક' કહ્યો છે.

| | મહાપાતાલકલશ | લઘુપાતાલકલશ |
|---|---|---|
| ઉપર પહોળાઈ | ૧૦,૦૦૦ યોજન | ૧૦૦ યોજન |
| દિવાલની પહોળાઈ | ૧,૦૦૦ યોજન | ૧૦ યોજન |

## પાતાલકલશ




લવણ સમુદ્રના અતિ મધ્યભાગે ચાર દિશાએ ચાર મોટા પાતાળકળશ છે, તે દરેક રતનપ્રભા પૃથ્વીમાં ૧૦૦૦૦૦ યોજન ઊંડા છે, ૧૦૦૦૦૦ યોજનનું પેટ છે. ૧૦,૦૦૦ યોજન પહોળું મુખ છે અને તેટલું જ પહોળું બુન્ધ (તળીયુ) છે, ૧૦૦૦ યોજન જાડી ઠીકરી છે. તેના ઉંચાઈના $\frac{૧}{૩}$ભાગમાં (૩૩૩૩૩ $\frac{૧}{૩}$ યો માં.) નીચે કેવળ વાયુ, ઉપરના બીજા $\frac{૧}{૩}$ ભાગમાં જળ અને વાયુ, તથા $\frac{૧}{૩}$ ભાગમાં કેવળ જળ છે.

૪ મહાપાતાલકલશ
૭૮૮૪ લઘુપાતાલકલશ લવણ સમુદ્રમાં



લઘુપાતાલકલશ ભૂમિમાં ૧૦૦૦ યોજન ઊંડા ૧૦૦૦ યોજન પેટવાળા, ૧૦૦ યોજન મુખે અને બુન્ધે પહોળા તથા ૧૦૦ યોજન જાડી ઠીકરી વાળા છે.

## મહાપાતાલકલશો અને લઘુપાતાલકલશોમાં વાયુ અને પાણીની સ્થિતિ-

| | મહાપાતાલકલશ | | લઘુપાતાલકલશ | |
|---|---|---|---|---|
| | ઊંડાઈ | તેમાં શું છે ? | ઊંડાઈ | તેમાં શું છે ? |
| નીચેનો ત્રીજો ભાગ | ૩૩,૩૩૩$\frac{1}{3}$ યોજન | વાયુ | ૩૩૩$\frac{1}{3}$ યોજન | વાયુ |
| વચ્ચેનો ત્રીજો ભાગ | ૩૩,૩૩૩$\frac{1}{3}$ યોજન | નીચે વાયુ, ઉપર પાણી | ૩૩૩$\frac{1}{3}$ યોજન | નીચે વાયુ, ઉપર પાણી |
| ઉપરનો ત્રીજો ભાગ | ૩૩,૩૩૩$\frac{1}{3}$ યોજન | પાણી | ૩૩૩$\frac{1}{3}$ યોજન | પાણી |

આ બધા પાતાલકલશોમાં તેવા પ્રકારના જગત્સ્વભાવથી ચોક્કસ કાળે નીચેના ત્રીજા ભાગમાં અને વચ્ચેના ત્રીજા ભાગમાં ઘણા જુદા જુદા ઉદાર વાયુ ઉત્પન્ન થાય છે અને ખૂભભળે છે. તેથી વચ્ચેના ત્રીજા ભાગમાંથી અને ઉપરના ત્રીજા ભાગમાંથી પાણી બહાર નીકળે છે. તેથી સમુદ્ર ખળભળે છે અને તેમાં પાણીની વૃદ્ધિ થાય છે. તે વાયુ ઉપશાંત થાય એટલે પાણી પાછું પોતાના મૂળ સ્વરૂપમાં આવી જાય છે, એટલે કે પાતાલકલશોમાં ભરાઈ જાય છે. તેથી સમુદ્રમાં ધીમે ધીમે પાણીની હાનિ થાય છે.

અહોરાત્રમાં બે વાર ચોક્કસ સમયે અને ચૌદસ વગેરે તિથિઓના દિવસે તે વાયુ ખળભળતા હોવાથી અહોરાત્રમાં બે વાર અને ચૌદસ વગેરે તિથિઓના દિવસે સમુદ્રની વૃદ્ધિ-હાનિ (ભરતી-ઓટ) થાય છે.

પાતાલકલશો લવણસમુદ્રમાં જ હોય છે, અન્ય સમુદ્રોમાં નહીં.

●●●

— વિશુદ્ધ એવા ઊહ (તર્ક) અને અપોહ (સમાધાન)નો યોગ એ શુદ્ધ અનુષ્ઠાનનું અવંધ્ય (સફળ) કારણ છે.

# દ્વાર ૨૭૩મું - આહારકશરીરનું સ્વરૂપ

આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વધર મુનિભગવંતો તીર્થંકરની ઋદ્ધિ જોવા માટે કે નવા નવા અર્થોને ગ્રહણ કરવા માટે કે સંશયના નિરાકરણ માટે આહારકશરીર બનાવીને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપ્રભુ પાસે જાય છે. ત્યાં પોતાનું કાર્ય પૂરુ થાય એટલે પાછા અહીં આવી આહારક શરીર સંહરીને ઔદારિકશરીરમાં પ્રવેશે છે. આ આહારકશરીર અત્યંત શુભ હોય છે, સ્વચ્છ સ્ફટિકની શિલાની જેમ અત્યંત સફેદ પુદ્ગલોનું બનેલું હોય છે અને પર્વત વગેરેથી સ્ખલના પામતું નથી. આહારકશરીર બનાવવાથી માંડીને સંહરવા સુધીનો સંપૂર્ણ કાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

| | **આહારકશરીર** | |
|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| અંતર[1] | ૧ સમય | ૬ માસ[2] |
| સંખ્યા[1] | ૧, ૨, ૩ | ૯,૦૦૦ |
| અવગાહના | દેશોન ૧ હાથ | ૧ હાથ |

૧ જીવ સંસારચક્રમાં ઉત્કૃષ્ટથી ૪ વાર આહારકશરીર બનાવી શકે. ચોથી વાર આહારકશરીર બનાવનાર તે જ ભવે મોક્ષે જાય.

૧ જીવ ૧ ભવમાં ઉત્કૃષ્ટથી ૨ વાર આહારકશરીર બનાવી શકે.

●●●

---

૧. અંતર અને સંખ્યા સર્વલોક અને સર્વજીવોની અપેક્ષાએ જાણવા.

૨. **જીવસમાસ**માં આહારકમિશ્રકાયયોગનું અંતર વર્ષપૃથક્ત્વ કહ્યું છે. તે મતાંતર સમજવો.

# દ્વાર ૨૭૪મું - અનાર્ય દેશો

છોડવા યોગ્ય ધર્મોથી દૂર થયેલા હોય તે આર્ય.

આર્ય ન હોય તે અનાર્ય.

અનાર્ય દેશો નીચે પ્રમાણે છે -

(૧) શક
(૨) યવન
(૩) શબર
(૪) બર્બર
(૫) કાય
(૬) મુરુંડ
(૭) ઉડ્ડ
(૮) ગૌડ્ડ
(૯) પક્કણગ
(૧૦) અરબાગ
(૧૧) હૂણ
(૧૨) રોમક
(૧૩) પારસ
(૧૪) ખસ
(૧૫) ખાસિક
(૧૬) ડુમ્બિલક
(૧૭) લકુશ
(૧૮) બોક્કસ
(૧૯) ભિલ્લ
(૨૦) અંધ્ર
(૨૧) પુલિન્દ્ર
(૨૨) કુંચ
(૨૩) ભ્રમરરુચ
(૨૪) કોર્પક
(૨૫) ચીન
(૨૬) ચંચુક
(૨૭) માલવ
(૨૮) દ્રવિડ
(૨૯) કુલાર્ઘ
(૩૦) કેકય
(૩૧) કિરાત
(૩૨) હયમુખ
(૩૩) ખરમુખ
(૩૪) ગજમુખ
(૩૫) તુરંગમુખ
(૩૬) મિંઢકમુખ
(૩૭) હયકર્ણ
(૩૮) ગજકર્ણ

આ સિવાય પણ **પ્રશ્નવ્યાકરણ** વગેરે ગ્રંથોમાં ઘણા અનાર્ય દેશો

કહ્યા છે. તે ત્યાંથી જાણી લેવા.

અનાર્યદેશના લોકો પાપી, ભયંકર કાર્ય કરનારા, પાપની જુગુપ્સા વિનાના, પશ્ચાત્તાપ વિનાના, જેમણે ધર્મ એવા અક્ષરો સ્વપ્નમાં પણ જાણ્યા નથી એવા, અપેયના પાનમાં તત્પર, અભક્ષ્યના ભોજનમાં તત્પર, અગમ્યના ગમનમાં તત્પર, શાસ્ત્ર વગેરેમાં નહીં જણાવેલ વેષ, ભાષા વગેરેને આચરનારા હોય છે.

●●●

+ મશીનમાં તેલ કેટલું રેડાય ? મશીન ચાલી શકે તેટલું. રેલા ઊતરે તેટલું ન નંખાય. શરીર ઠીક-ઠીક ચાલે, સાધનામાં સહકાર આપે તેવો આહાર તે પણ વિગઈઓ વગેરે વગરનો સાદો લેવાય.

+ છે શું આપણી પાસે ?

ગંદકીથી ભરેલું શરીર,

કચરાપાત્ર જેવું મન અને

લડખડાતી વાણી.

આ સિવાય આપણી પાસે શું છે ?

પ્રભુને આ તન-મન-વચન આપી દઈએ તો પ્રભુ આપણને ન્યાલ કરી દે.

+ સંયમજીવનમાં સ્વાધ્યાય મહત્ત્વનો છે એની તો આપણને જાણકારી છે જ પરંતુ આપણા માટે મહત્ત્વનો સ્વાધ્યાય ક્યો છે એની આપણને જાણકારી છે ખરી ?

+ તમામ દુઃખો, પાપો અને પ્રમાદો એ ભવના રાગને અર્થાત્ સંસારના રાગને જ બંધાયેલા છે. જ્યાં આપણે ભવવિરાગી બન્યા, મુક્તિના અધિકારી બનવાનું આપણું પાકું થઈ જ ગયું.

# દ્વાર ૨૭૫મું - આર્ય દેશો

જ્યાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો અને વાસુદેવોની ઉત્પત્તિ થાય તે આર્યદેશો. તે સિવાયના દેશો તે અનાર્યદેશો.

**આવશ્યકચૂર્ણિ**માં આર્યદેશ-અનાર્યદેશની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે - જ્યાં હક્કાર વગેરે નીતિઓ ચાલતી હોય તે આર્યદેશો. તે સિવાયના દેશો તે અનાર્યદેશો.

આર્યદેશો સાડા પચીસ છે. તે આ પ્રમાણે -

| ક્ર. | દેશ | નગર |
|---|---|---|
| ૧ | મગધ | રાજગૃહ |
| ૨ | અંગ | ચંપા |
| ૩ | વંગ | તામ્રલિપ્તી |
| ૪ | કલિંગદેશ | કાંચનપુર |
| ૫ | કાશી | વાણારસી |
| ૬ | કોશલ | સાકેત |
| ૭ | કુરુ | ગજપુર |
| ૮ | કુશાર્ત | સૌરિક |
| ૯ | પાંચાલ | કાંપિલ્ય |
| ૧૦ | જંગલ | અહિચ્છત્રા |
| ૧૧ | સુરાષ્ટ્ર | દ્વારવતી |
| ૧૨ | વિદેહ | મિથિલા |
| ૧૩ | વત્સ | કૌશાંબી |
| ૧૪ | શાંડિલ્ય | નંદિપુર |

| ક્ર. | દેશ | નગર |
|---|---|---|
| ૧૫ | મલય | ભદ્દિલપુર |
| ૧૬ | વૈરાટ | વત્સા[1] |
| ૧૭ | અચ્છ | વરુણા[2] |
| ૧૮ | દશાર્ણ | મૃત્તિકાવતી |
| ૧૯ | ચેદિ | શુક્તિમતી[3] |
| ૨૦ | સિંધુસૌવીર | વીતભય |
| ૨૧ | સૂરસેન | મથુરા |
| ૨૨ | ભઙ્ગિ | પાપા |
| ૨૩ | વર્ત | માસપુરી |
| ૨૪ | કુણાલ | શ્રાવસ્તી |
| ૨૫ | લાઢ | કોટીવર્ષ |
| ૨૬ | કેકય (અર્ધ) | શ્વેતામ્બિકા. |

આ ભરતક્ષેત્રમાં રહેલા આર્યદેશો કહ્યા. બીજા પણ મહાવિદેહ-ક્ષેત્રની વિજયોના મધ્યખંડોમાં ઘણા આર્યદેશો છે.

●●●

---

૧. મતાંતરે વત્સ દેશ અને વૈરાટ નગર.

૨. મતાંતરે વરુણ દેશ અને અચ્છપુરી નગર.

૩. મતાંતરે ચેદિદેશમાં સૌક્તિકાવતી નગરી, સિન્ધુ દેશમાં વીતભય નગર, સૌવીર દેશમાં મથુરા નગરી, સૂરસેન દેશમાં પાપા નગરી, ભંગીદેશમાં માસપુરીવટ્ટા નગરી.

# દ્વાર ૨૭૬મું - સિદ્ધના ૩૧ ગુણો

સિદ્ધના ૩૧ ગુણો આ પ્રમાણે છે -

૧) **ક્ષીણમતિજ્ઞાનાવરણ** - જેમનું મતિજ્ઞાનાવરણ ક્ષય પામ્યું છે.

૨) **ક્ષીણશ્રુતજ્ઞાનાવરણ** - જેમનું શ્રુતજ્ઞાનાવરણ ક્ષય પામ્યું છે.

૩) **ક્ષીણઅવધિજ્ઞાનાવરણ** - જેમનું અવધિજ્ઞાનાવરણ ક્ષય પામ્યું છે.

૪) **ક્ષીણમનઃપર્યવજ્ઞાનાવરણ** - જેમનું મનઃપર્યવજ્ઞાનાવરણ ક્ષય પામ્યું છે.

૫) **ક્ષીણકેવલજ્ઞાનાવરણ** - જેમનું કેવલજ્ઞાનાવરણ ક્ષય પામ્યું છે.

૬) **ક્ષીણચક્ષુદર્શનાવરણ** - જેમનું ચક્ષુદર્શનાવરણ ક્ષય પામ્યું છે.

૭) **ક્ષીણઅચક્ષુદર્શનાવરણ** - જેમનું અચક્ષુદર્શનાવરણ ક્ષય પામ્યું છે.

૮) **ક્ષીણઅવધિદર્શનાવરણ** - જેમનું અવધિદર્શનાવરણ ક્ષય પામ્યું છે.

૯) **ક્ષીણકેવલદર્શનાવરણ** - જેમનું કેવલદર્શનાવરણ ક્ષય પામ્યું છે.

૧૦) **ક્ષીણનિદ્રા** - જેમની નિદ્રા ક્ષય પામી છે.

૧૧) **ક્ષીણનિદ્રાનિદ્રા** - જેમની નિદ્રાનિદ્રા ક્ષય પામી છે.

૧૨) **ક્ષીણપ્રચલા** - જેમની પ્રચલા ક્ષય પામી છે.

૧૩) **ક્ષીણપ્રચલાપ્રચલા** - જેમની પ્રચલાપ્રચલા ક્ષય પામી છે.

૧૪) **ક્ષીણથીણદ્ધિ** - જેમની થીણદ્ધિ ક્ષય પામી છે.

૧૫) **ક્ષીણસાતાવેદનીય** - જેમનું સાતાવેદનીય ક્ષય પામ્યું છે.

૧૬) **ક્ષીણઅસાતાવેદનીય** - જેમનું અસાતાવેદનીય ક્ષય પામ્યું છે.

૧૭) **ક્ષીણદર્શનમોહનીય** - જેમનું દર્શનમોહનીય ક્ષય પામ્યું છે.

૧૮) **ક્ષીણચારિત્રમોહનીય** - જેમનું ચારિત્રમોહનીય ક્ષય પામ્યું છે.

૧૯) **ક્ષીણનરકાયુષ્ય** - જેમનું નરકાયુષ્ય ક્ષય પામ્યું છે.

૨૦) **ક્ષીણતિર્યંચાયુષ્ય** - જેમનું તિર્યંચાયુષ્ય ક્ષય પામ્યું છે.

૨૧) **ક્ષીણમનુષ્યાયુષ્ય** - જેમનું મનુષ્યાયુષ્ય ક્ષય પામ્યું છે.

૨૨) **ક્ષીણદેવાયુષ્ય** - જેમનું દેવાયુષ્ય ક્ષય પામ્યું છે.

૨૩) **ક્ષીણશુભનામકર્મ** - જેમનું શુભનામકર્મ ક્ષય પામ્યું છે.
૨૪) **ક્ષીણઅશુભનામકર્મ** - જેમનું અશુભનામકર્મ ક્ષય પામ્યું છે.
૨૫) **ક્ષીણઉચ્ચગોત્ર** - જેમનું ઉચ્ચગોત્ર ક્ષય પામ્યું છે.
૨૬) **ક્ષીણનીચગોત્ર** - જેમનું નીચગોત્ર ક્ષય પામ્યું છે.
૨૭) **ક્ષીણદાનાંતરાય** - જેમનું દાનાંતરાય ક્ષય પામ્યું છે.
૨૮) **ક્ષીણલાભાંતરાય** - જેમનું લાભાંતરાય ક્ષય પામ્યું છે.
૨૯) **ક્ષીણભોગાંતરાય** - જેમનું ભોગાંતરાય ક્ષય પામ્યું છે.
૩૦) **ક્ષીણઉપભોગાંતરાય** - જેમનું ઉપભોગાંતરાય ક્ષય પામ્યું છે.
૩૧) **ક્ષીણવીર્યાંતરાય** - જેમનું વીર્યાંતરાય ક્ષય પામ્યું છે.

બીજી રીતે સિદ્ધના ૩૧ ગુણો આ પ્રમાણે છે -

૧) પરિમંડલ સંસ્થાન રહિત. પરિમંડલ સંસ્થાન એટલે બંગડી જેવો આકાર.
૨) વૃત્ત (ગોળ) સંસ્થાન રહિત. વૃત્ત સંસ્થાન એટલે સિક્કા જેવો આકાર.
૩) ત્રિકોણ સંસ્થાન રહિત
૪) ચોરસ સંસ્થાન રહિત
૫) આયત (લાંબુ) સંસ્થાન રહિત. આયત સંસ્થાન એટલે લાકડી જેવો આકાર.
૬) શ્વેતવર્ણ રહિત
૭) પીતવર્ણ રહિત
૮) રક્તવર્ણ રહિત
૯) નીલવર્ણ રહિત
૧૦) કૃષ્ણવર્ણ રહિત
૧૧) સુરભિગંધ રહિત
૧૨) દુરભિગંધ રહિત
૧૩) તિક્તરસ રહિત
૧૪) કટુરસ રહિત
૧૫) કષાયરસ રહિત
૧૬) અમ્લરસ રહિત
૧૭) મધુરરસ રહિત
૧૮) ગુરુસ્પર્શ રહિત
૧૯) લઘુસ્પર્શ રહિત
૨૦) મૃદુસ્પર્શ રહિત
૨૧) કર્કશસ્પર્શ રહિત

૨૨) શીતસ્પર્શ રહિત
૨૩) ઉષ્ણસ્પર્શ રહિત
૨૪) સ્નિગ્ધસ્પર્શ રહિત
૨૫) રૂક્ષસ્પર્શ રહિત
૨૬) સ્ત્રીવેદ રહિત
૨૭) પુરુષવેદ રહિત
૨૮) નપુંસકવેદ રહિત
૨૯) અકાય-કાયા રહિત
૩૦) અસંગ-સંગ રહિત
૩૧) અરુહ - જન્મ રહિત.

આ ૨૭૬મું દ્વાર એ અંતિમમંગલ છે. તેનાથી આ શાસ્ત્રનો શિષ્ય-પ્રશિષ્ય વગેરે પરંપરામાં અવિચ્છેદ થાય છે.

●●●

શ્રી જિનચન્દ્રસૂરિજીના શિષ્ય શ્રીઆમ્રદેવસૂરિજીના શિષ્ય શ્રીવિજયસેનસૂરિજીના શિષ્ય શ્રીયશોદેવસૂરિજીના શિષ્ય શ્રીનેમિ-ચન્દ્રસૂરિજીએ પ્રવચનસારોદ્ધાર નામનો આ ગ્રંથ રચ્યો.

શ્રીચન્દ્રગચ્છમાં શ્રીઅભયદેવસૂરિજી થયા. ત્યાર પછી ધનેશ્વરસૂરિજી થયા. ત્યાર પછી અજિતસિંહસૂરિજી થયા. ત્યાર પછી વર્ધમાનસૂરિજી થયા. ત્યાર પછી દેવચન્દ્રસૂરિજી થયા. ત્યાર પછી ચન્દ્રપ્રભસૂરિજી થયા. ત્યાર પછી ભદ્રેશ્વરસૂરિજી થયા. ત્યાર પછી અજિતસિંહસૂરિજી થયા. ત્યાર પછી દેવપ્રભસૂરિજી થયા. તેમના શિષ્ય શ્રીસિદ્ધસેનસૂરિજીએ પ્રવચન-સારોદ્ધારની તત્ત્વજ્ઞાનવિકાશિની નામની ટીકા રચી. તે વિ.સં. ૧૨૪૮માં ચૈત્ર સુદ આઠમે સમાપ્ત થઈ.

●●●

આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડં દઉં છું.

●●●

**પદાર્થ પ્રકાશ ભાગ ૨૪**

**પ્રવચનસારોદ્ધાર**

**પદાર્થસંગ્રહ, ભાગ-૨**

(૧૩૦મા દ્વારથી ૨૭૬મા દ્વાર સુધી)

**સમાપ્ત**

પદાર્થ પ્રકાશ ભાગ : ૨૪ના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ
શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના
પરમ પૂજ્ય **આચાર્ય વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મ.ની
નિશ્રામાં પાનસર તીર્થે
**શ્રીમતી કસ્તુરબેન શિવલાલ નગીનદાસ શાહ પરિવાર**
**આયોજિત**
**ચૈત્ર માસની ઓળીમાં થયેલ**
**પ્રતિક્રમણસૂત્રોની ઉછામણીની ઉપજમાંથી**
તથા
**શ્રી અર્થપ્રાઈડ જૈન સંઘ**, સિક્કાનગર, મુંબઈ
**તરફથી લેવાયો છે.**

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222